**પરિચય**



★ વૈજ્ઞાનિક પદ્ધતિથી કરિયર કાઉન્સેલિંગ પ્રણેતા.
★ પોલિટિકલ બિઝનેસ એસ્ટ્રો-વાસ્તુ કન્સલ્ટન્ટ.
★ વાસ્તુ : પાવર ઓફ ડાઈરેકશન એક્સપર્ટ.
★ ઉચ્ચ વિદ્યાશાખામાં પ્રવેશનારા સેંકડો બાળકોના પથદર્શક.
★ પ્રસિદ્ધ ફિઝીક્સ એક્સપર્ટ.
★ માઈન્ડ પાવર, મોટિવેશનલ ટ્રેનર.
★ વર્તમાનપત્રો-સામયિકમાં કટાર લેખક.
★ ખ્યાતનામ વક્તા-કેળવણીકાર તરીકે અનેક સંસ્થાઓના માર્ગદર્શક.
★ સૌથી નાની વયે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં તજજ્ઞ તરીકે સેવા આપનાર




સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...
સાંજ સમાચાર

# અઠવાડિક રાશિ ભવિષ્ય

**૧૩/૦૧/૨૦૨૫થી ૧૯/૦૧/૨૦૨૫**


સનતકુમાર વી. પોપટ : (પોલિટિકલ બિઝનેસ એસ્ટ્રો-વાસ્તુ કન્સલ્ટન્ટ,સાયન્ટિફિક કરિયર કાઉન્સેલર) (મો.) ૭૫ ૭૫ ૮ ૩૫ ૩૫ ૦ / ૯

ૐ સોમવાર થી રવિવાર ૐ



## મેષ રાશિ (અ, લ, ઈ)

મેષ રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં ચોથા સ્થાનનો સ્વામી ચંદ્ર પોતાની રાશિમાં સ્વગૃહી બળવાન બનીને પસાર થઇ રહ્યો છે. સ્થાવર મિલ્કતોથી લાભ ઉદ્દભવી શકે.આ સપ્તાહ દરમિયાન પાંચમા સ્થાનનો સ્વામી સૂર્ય તારીખ ૧૪જાન્યુઆરીથી રાશિ પરિવર્તન પામીને દશમા સ્થાનમાં પ્રવેશે છે.કર્મ ક્ષેત્રે કીર્તિ પ્રતિષ્ઠામાં વધારો થાય. જાહેર સંગઠનોમાં નવી જવાબદારી-હોદ્દો મેળવી શકો. રાજકીય માન સન્માન-લાભ મેળવી શકો.ભૂતકાળમાં કરેલા રોકાણો દ્વારા આર્થિક વળતર પ્રાપ્ત કરી શકાય.આત્મવિશ્વાસમાં વધારો રહે. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ પાંચમા સ્થાન પરથી થશે. અહીં સંતાનોને લગતી સમસ્યાઓનું નિરાકરણ પ્રાપ્ત થતાં મનનો ભાર હળવો બને. પ્રિયપાત્ર સાથે આનંદદાયક સમય વિતાવી શકાય. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ છઠ્ઠા સ્થાન પરથી થશે.હરીફાઈ કે કોમ્પિટિશનમાં વધુ પડતા આત્મવિશ્વાસમાં રહેવું નહીં.કર્મક્ષેત્રે પ્રગતિ પામવા માટે નક્કર મહેનત તથા સચોટ આયોજન આવશ્યક બનશે.



## વૃષભ રાશિ (બ, વ, ઉ)

વૃષભ રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં ત્રીજા સ્થાનનો સ્વામી ચંદ્ર સ્વગૃહી બળવાન બનીને ભ્રમણ કરી રહ્યો છે. પરાક્રમ શક્તિમાં વધારો થાય. સ્ટેમિના વધતાથાક્યા વગર લાંબો સમય કાર્ય કરી શકો. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ ચોથા સ્થાન પરથી થશે. માતૃપક્ષ દ્વારા લાભદાયક પરિસ્થિતિનું નિર્માણ થઈ શકે.આ સપ્તાહ દરમિયાન ચોથા સ્થાનનો સ્વામી સૂર્ય તારીખ ૧૪ જાન્યુઆરીથી રાશિ પરિવર્તન પામીને નવમા સ્થાનમાં પ્રવેશે છે. મિલકત દ્વારા અર્થ પ્રાપ્તિનું આયોજન સફળ બનાવી શકો. વતનના અટકેલા પ્રશ્નો અન્યની સહાય દ્વારા ઉકેલી શકાય.નવા વાહનની ખરીદી શક્ય બને.ઈન્સ્ટોલ્મેંટ-ઇન્સ્યોરન્સ વગેરે બાબતોમાં નિયમિત રહેવું ઇચ્છનીય ગણાય. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ પાંચમા સ્થાન પરથી થશે. વિદ્યાર્થીઓને સફળતા પ્રાપ્તિ માટે વિશેષ મહેનતની આવશ્યકતા જણાય. સપ્તાહના અંતભાગમાં ચંદ્ર કેતુ પરથી પસાર થતો હોવાથી વાઈરલ બીમારીઓથી રક્ષણ મેળવવા સાવચેતી રાખવી. શેર રોકાણમાં સાવચેતી રાખવી.



## મિથુન રાશિ (ક, છ, ઘ)

મિથુન રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં બીજા સ્થાનનો સ્વામી ચંદ્ર સ્વગૃહી બળવાન બનીને પસાર થઇ રહ્યો છે. વાકક્ષમતામાં વધારો થાય. આર્થિક ઉન્નતિ પ્રાપ્ત કરી શકો. અટકેલા લાભો કે ઉઘરાણીઓપ્રાપ્ત થતી જણાય. સાઈડ ઇનકમનો નવો સ્ત્રોત ઉત્પન્ન કરવા માટેના પ્રયત્નો સફળ નિવડે. આ સપ્તાહ દરમિયાન ત્રીજા સ્થાનનો સ્વામી સૂર્ય તારીખ ૧૪ જાન્યુઆરીથી રાશિ પરિવર્તન પામીને આઠમા સ્થાનમાં પ્રવેશે છે.ગુરુની સૂર્ય પરની દ્રષ્ટિને લીધે ગૂઢ અનુભવોની અનુભૂતિ થઈ શકે. આકસ્મિક ઘટનાઓથી રક્ષણ સંભવી શકે. વિલ-વારસા તથા મળવાપાત્ર લાભો, ઈન્સેન્ટિવ, કમિશન વગેરે પ્રાપ્ત કરવા માટેના પ્રયત્નો સફળ બનતા જણાય. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ ત્રીજા સ્થાન પરથી થશે. ભાઈભાંડુ દ્વારા સાથ સહકાર પ્રાપ્ત કરી શકો. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ ચોથા સ્થાન પરથી થશે. વતનની મુલાકાત લેવાનું આયોજન ગોઠવી શકાય. બિન જરૂરી મનોભાર લેવાની આદતથી દૂર રહેવું.



## કર્ક રાશિ (ડ, હ)

કર્ક રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં રાશિપતિ ચંદ્ર પોતાની રાશિમાં બળવાન થઈને પરિભ્રમણ કરી રહ્યો છે. વ્યવસાયમાં નવા નિર્ણયો દ્વારા સફળતા તરફ પ્રયાણ કરી શકો. પરંતુ અહીં મંગળ પણ યુતિમાં હોવાથી ઉદાસીન વલણ ત્યાગીને ઉત્સાહપૂર્વક પરિશ્રમ કરવો હિતાવહ રહે. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ બીજા સ્થાન પરથી થશે.શુક્ર સાથે ચંદ્રની પ્રતિયુતિ પરિવારમાં આનંદ ઉલ્લાસનો માહોલ રખાવે. ભોજનમાં ઠંડા પદાર્થોથી પરેજી કેળવવી. ધન સ્થાનનો અધિપતિ સૂર્ય આ સપ્તાહ દરમિયાન તારીખ ૧૪ જાન્યુઆરીથી રાશિ પરિવર્તન પામીને સાતમા સ્થાનમાં પ્રવેશશે. જાહેજીવનમાંસંયમ પૂર્વક વર્તવું. ભાગીદારો સાથેના અટકેલા આર્થિક હિસાબો પૂરા કરી શકાય. વ્યવસાયમાં ઉધારી તથા ક્રેડિટના વ્યવહારોમાં નાણાંની પ્રાપ્તિ થતા લિક્વિડિટીમાં વધારો થઈ શકે. વડીલોના આશીર્વાદ પ્રાપ્ત કરી શકો, તે પ્રકારના કર્મ કરવામાં પ્રવૃત્ત રહેવું. સપ્તાહના અંત ભાગમાં ત્રીજા સ્થાનનો ચંદ્ર નાની મુસાફરી યાત્રા ફળદાયી બનાવી શકે.



## સિંહ રાશિ (મ, ટ)

સિંહ રાશિ જાતકો માટે નવા સપ્તાહની શરૂઆતમાં બારમા સ્થાનનો સ્વામી ચંદ્ર સ્વગૃહી બળવાન બનીને પરિભ્રમણ કરી રહ્યો છે.લોન કર્જના પ્રશ્નો હળવા બનતા જણાય. શુભ માર્ગે ખર્ચ ઉદ્ભવી શકે. પરોપકાર તથા ધાર્મિક કાર્યોમાં રસ રુચિ વધતી જણાય. જુના વિવાદોમાં સમાધાનકારી વલણ અપનાવવાથી માનસિકહળવાશ મળી શકે. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ પ્રથમ સ્થાન પરથી થશે. અહીં કોઈ એક વિચાર તથા નિર્ણય પ્રત્યે એકાગ્ર બનીને મક્કમ રીતે આગળ વધવાનું સૂચવી શકાય. આપનો રાશિપતિ સૂર્ય આ સપ્તાહ દરમિયાન તારીખ ૧૪ જાન્યુઆરીથી રાશિ પરિવર્તન પામીને છઠ્ઠા સ્થાનમાં પ્રવેશેછે. કોમ્પિટીશનમાં વિજય મેળવી શકો. જુના હઠીલા રોગો કે શારીરિક સમસ્યાઓથી મુક્તિ મળતી જણાય. મોસાળ પક્ષ સાથેના વ્યવહારોમાં સ્પષ્ટતા યુક્ત સાવચેતી રાખવી અનિવાર્ય બનશે. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ બીજા સ્થાન પરથી થશે. વાણીમાં સૌમ્યતા લાવીને ધાર્યું કાર્ય પાર પાડી શકાય.



## કન્યા રાશિ (પ, ઠ, ણ)

કન્યા રાશિ જાતકો માટે નવા સપ્તાહની શરૂઆતમાં અગિયારમાં સ્થાનનો સ્વામી ચંદ્ર પોતાના સ્થાન પરથી પરિભ્રમણ કરીને સ્વગ્રહી બળવાન બની રહ્યો છે. બંધુ સખાઓ તરફથી અનન્ય સહયોગ પ્રાપ્ત કરી શકો.અગિયારમા સ્થાનમાં ચંદ્ર બળવાન હોવાથી આર્થિક શુભ ફળ પ્રાપ્ત કરી શકો. આ સપ્તાહ દરમિયાન બારમા સ્થાનનો સ્વામી સૂર્ય તારીખ ૧૪ જાન્યુઆરીથી રાશિ પરિવર્તન પામીનેપાંચમા સ્થાનમાં પ્રવેશી રહ્યો છે.અહીં સૂર્ય પર ગુરુની દ્રષ્ટિ શેરબજાર તથા અન્ય રોકાણો દ્વારા આકસ્મિક લાભ અપાવી શકે. પ્રિયપાત્ર સાથે ગેરસમજ નિવારવી ઈચ્છનીય ગણાય. કર્મક્ષેત્રે પ્રતિષ્ઠા જાળવી રાખવા માટે મહેનતમાં વધારો કરવો જરૂરી બનશે. આપેલા વચનને સમયસર પરિપૂર્ણ કરવાથી પ્રતિષ્ઠામાં વધારો પ્રાપ્ત કરી શકો.સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ બારમા સ્થાન પરથી થશે. મુસાફરી યાત્રામાં અજાણ્યા વસ્તુ, સ્થળોથી સાવચેતી રાખવી ઇચ્છનીય ગણાશે. સપ્તાહના અંત ભાગમાંમાનસિક તણાવ હળવો બનતા મન આનંદ અનુભવી શકે.



## તુલા રાશિ (ર, ત)

તુલા રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં દસમા સ્થાનનો સ્વામી ચંદ્ર સ્વગૃહી બળવાન બનીને પરિભ્રમણ કરી રહ્યો છે.વ્યવસાય તથા સર્વિસમાં પ્રગતિ પામવા માટેના નવી યોજનાઓ અમલમાં મૂકી શકો. જાહેરાત દ્વારા વ્યવસાય વિકાસ શક્ય બનતો જણાય.અગિયારમાં સ્થાનનો સ્વામી સૂર્ય આ સપ્તાહ દરમિયાન તારીખ ૧૪ જાન્યુઆરીથી રાશિ પરિવર્તન પામીને ચોથા સ્થાનમાં પ્રવેશી રહ્યો છે. વિવાદિત મિલકતોના વ્યવહારોથી દૂર રહેવું.માતાની તબિયત તથા સ્વાસ્થ્ય બાબતે ધ્યાન આપવું જરૂરી ગણાય. માનસિક તણાવથી ફાયદો પ્રાપ્ત કરવા ધ્યાન, યોગ, પ્રાણાયામની મદદ મેળવી શકો. સગપણ કે વ્યાવહારિક આયોજનમાં સાવચેતી રાખવી. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ બારમા સ્થાન પર થતા વ્યર્થ વિવાદોથી દૂર રહેવું ઇચ્છનીય ગણાય. ચંદ્ર અહી કેતુ સાથે રહીને ગ્રહણ યોગ રચશે. ખાન-પાન પરેજી દ્વારા સ્વાસ્થ્ય સાચવણી કરવી ઇચ્છનીય ગણાશે. ભાગ્યની ઉન્નતિ માટે મળતી નવી તમામ તકોમાંથી યોગ્ય તકોને ઓળખવી જરૂરી બને.



## વૃશ્ચિક રાશિ (ન, ય)

વૃશ્ચિક રાશિ જાતકો માટે નવા સપ્તાહની શરૂઆતમાં નવમા સ્થાનનો સ્વામી ચંદ્ર સ્વગૃહી બળવાન બનીને પસાર થઇ રહ્યો છે. પુરુષાર્થ ફળતો જણાય. ભાગ્ય ઉન્નતિ માટે નવી તકો મેળવી શકો. ધાર્મિક બાધા-માનતા પૂર્ણ બનાવી શકાય. તીર્થસ્થળની મુલાકાત શક્ય બને. સર્વિસમાં પ્રમોશન પ્રાપ્તિ માટેના પ્રયત્નો સફળતા તરફ આગળ વધતા જણાય.દશમા સ્થાનનો સ્વામી સૂર્ય આ સપ્તાહ દરમિયાન તારીખ ૧૪ જાન્યુઆરીથી રાશિ પરિવર્તન પામીને ત્રીજા સ્થાનમાં પ્રવેશી રહ્યો છે. દિનચર્યામાં આળસ ત્યજવી ઇચ્છનીય ગણાશે. અન્ય લોકો પર વધુ પડતો વિશ્વાસ રાખીને ચાલવું નહીં. જાગૃત રહીને પ્રામાણિકતા પૂર્વક કાર્ય આગળ વધારવા.સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ દશમા સ્થાન પરથી થશે. પિતાના ગૌરવમાં વધારો થઈ શકે તેવા કોઈ કાર્ય માટે નિમિત્ત બની શકો. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ અગિયારમા સ્થાન પરથી થશે. અનિતિ યુક્ત કાર્ય દ્વારા આર્થિક પ્રગતિ પામવાના પ્રયત્નોથી દૂર રહેવું ઇચ્છનીય ગણાશે.



## ધન રાશિ (ભ, ધ, ફ, ઢ)

ધન રાશિ જાતકો માટે નવા સપ્તાહની શરૂઆતમાં આઠમા સ્થાનનો સ્વામી ચંદ્રસ્વગૃહી બળવાન બનીનેપસાર થઇ રહ્યો છે.વ્યવસાયના વિકાસ માટે આયોજન મુજબ ચાલવા માટે વધુ પુરુષાર્થની આવશ્યકતા રહે.વિલ-વારસાના તથા હક્ક-હિસ્સાપ્રાપ્ત કરવા જેવી બાબતોમાં સાનુકૂળ સંજોગો રહે.આકસ્મિક દુર્ઘટનાઓથી બચાવ સંભવે. ભાગ્ય સ્થાનનો સ્વામી સૂર્ય આ સપ્તાહ દરમિયાન રાશિ પરિવર્તન પામીને તારીખ ૧૪ જાન્યુઆરીથીબીજા સ્થાનમાં પ્રવેશશે. સૂર્ય પર અહીં ગુરુની દ્રષ્ટિ વક્તૃત્વ ક્ષમતાના યોગ્ય ઉપયોગ દ્વારા કાર્ય સિદ્ધિ આપી શકે. આર્થિક ઉન્નતિ માટે ભાગ્યનો સહકાર પ્રાપ્ત કરી શકો. આવક-જાવકનું પલ્લું બેલેન્સ રાખવું ઇચ્છનીય ગણાશે. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ નવમા સ્થાન પરથી થશે. સર્વિસ કરતા જાતકોને ઉપરી અધિકારીઓ દ્વારા કાર્યની નોંધ લેવાતા આત્મવિશ્વાસમાં વધારો અનુભવાય. સપ્તાહના અંત ભાગમાં દશમા સ્થાનમાં ભ્રમણ કરતો ચંદ્ર કેતુ સાથે ગ્રહણ યોગ રચે છે. આર્થિક આયોજનમાં આકસ્મિક ખર્ચની સગવડ રાખીને ચાલવું.



## મકર રાશિ (ખ, જ)

મકર રાશિ જાતકો માટે નવા સપ્તાહની શરૂઆતમાં સાતમા સ્થાનનો સ્વામી ચંદ્ર સ્વગૃહી બળવાન બનીને પસાર થઇ રહ્યો છે.જાહેરજીવનમાં સંપર્કોમાં વધારો થઇ શકે.દામ્પત્યજીવનમાં મધુર સમયનો આનંદ પ્રાપ્ત કરી શકો. ભાગીદારો દ્વારા લાભદાયક પરિસ્થિતિનું નિર્માણ થઈ શકે. કોઇ સભા કે મંચ ઉપર અગ્રેસરનું સ્થાન શોભાવી શકો. આઠમા સ્થાનમાં ચંદ્ર સપ્તાહના મધ્યભાગમાં જનાવર,ગેસ-અગ્નિ, ઈલેક્ટ્રીક તથા વાહનોથી તકેદારી રાખવાનું સૂચવે છે. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ નવમા સ્થાન પરથી થશે.ઇનોવેટિવ આઈડિયા કર્મક્ષેત્રે અમલમાં મૂકી શકાય.આઠમા સ્થાનનો સ્વામી સૂર્ય આ સપ્તાહ દરમિયાન રાશિ પરિવર્તન પામીને તારીખ ૧૪ જાન્યુઆરીથી પ્રથમ સ્થાનમાં પ્રવેશશે. અહીં સૂર્ય પર ગુરુની દ્રષ્ટિ હોવાથી આત્મવિશ્વાસ પૂર્વક કર્મ ક્ષેત્રે કાર્યરત રહી શકો. ડાયાબિટીસ-મેદ્સ્વીપણાની સમસ્યા ધરાવતા જાતકોએ સ્વાસ્થ્યની વિશેષ જાળવણી કરવી. કાર્યપૂર્તિ અંગે કરેલા પ્લાનિંગના પાલન માટે આળસ ત્યજવી આવશ્યક બનશે.



## કુંભ રાશિ (ગ, શ, સ)

કુંભ રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં છઠ્ઠા સ્થાનનો સ્વામીસ્વગૃહીબળવાનથઇને પસાર થઇ રહ્યો છે. પ્રતિસ્પર્ધીઓથીવિજય પ્રાપ્ત કરી શકાય.મોસાળ પક્ષ દ્વારા સાથસહકાર મેળવી શકાય.સપ્તાહના મધ્ય ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ સાતમા સ્થાન પરથી થશે. સરકાર, અધિકારીઓ તરફથી સહકાર મેળવી શકો. જાહેરજીવનમાં પ્રતિષ્ઠામાં વધારો થઇ શકે. સાતમા સ્થાનનો સ્વામી સૂર્ય આ સપ્તાહ દરમિયાન તારીખ ૧૪ જાન્યુઆરીથી રાશિ પરિવર્તન પામીને બારમા સ્થાનમાં પ્રવેશે છે.કર્મ ક્ષેત્રે ટુરિંગ કે મુસાફરી ફળદાયી નિવડી શકે. જાહેર જીવનમાં વિનમ્રતા પૂર્વક વર્તવું. દાંપત્ય જીવનમાં જતું કરવાની ભાવના રાખવી.સૂર્ય પર ગુરુની દ્રષ્ટિહોતા પિતા દ્વારા યોગ્ય સાથ સહકાર પ્રાપ્ત કરી શકો. આત્મિક- આધ્યાત્મિક ઉન્નતિ માટેના પ્રયાસો સફળ નિવડતા લાગે.સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ આઠમા સ્થાન પરથી થશે.વિપરીત રાજયોગની રચના થતા લાભદાયક પરિણામ પ્રાપ્ત કરી શકો.



## મીન રાશિ (દ, ચ)

મીન રાશિ જાતકો માટે નવા સપ્તાહની શરૂઆતમાંપાંચમા સ્થાનનો સ્વામી ચંદ્ર સ્વગૃહી બળવાન બનીને પસાર થઇરહ્યો છે. ઉત્તમ આત્મવિશ્વાસ દ્વારા કર્મક્ષેત્ર પ્રવૃત્ત રહી શકો. ભૂતકાળમાં કરેલા ઇન્વેસ્ટમેન્ટનું પુરતું વળતર પ્રાપ્ત કરી શકો. નવા રોકાણો, મ્યુચ્યુઅલ ફંડ, ઈન્સ્યુરન્સ વગેરેની શરૂઆત કરવા માટે શુભ સમય ગણી શકાય.છઠ્ઠા સ્થાનનો સ્વામી સૂર્ય આ સપ્તાહ દરમિયાન તારીખ ૧૪ જાન્યુઆરીથી રાશિ પરિવર્તન પામીને અગિયારમા સ્થાનમાં પ્રવેશે છે.જે અજાણ્યા પર વધુ પડતો વિશ્વાસ રાખવાથી બચવાનું સૂચવે છે. નજીકના મિત્રો સાથે આર્થિક લેવડદેવડ થોડો સમય ટાળવી. વ્યવસાયિક તથા સામાજિક અમુક ગોપનીયતા જાળવવી ઇચ્છનીય ગણાશે. કર્મક્ષેત્રે વધુ પડતી કલ્પના ત્યજીને વાસ્તવિકતા મુજબ પુરુષાર્થ કરવાનું સૂચવે છે. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ છઠ્ઠા સ્થાન પરથી થશે. સ્વાસ્થ્યમાં સુધારો અનુભવી શકો. વાઇરલ સમસ્યાથી પીડાતા જાતકો રાહત અનુભવી શકે.આકસ્મિક બનાવોથી સાવચેતી રાખવી.

* * *

## સુવિચાર

**પાણી મર્યાદા તોડે તો
વિનાશ થાય છે
અને જો વાણી મર્યાદા તોડે ને
તો સર્વનાશ થાય છે..!!**

# વિચારના નવા મહાદ્વિપો તથા સત્યના નવા દ્વિપોની શોધ

**મૂલ્યોની મહેક**

■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

બ્રહ્માબાબાના એવા દિવ્ય સંદેશો પર માત્ર સામાન્ય લોકો જ નહી પરંતુ વિદ્વાન-જન પણ પ્રભાવિત થયા છે. તેમનો પ્રભાવ ઘણો વ્યાપક રહ્યો છે અને તે વિદ્વતાના ક્ષેત્રની પાર વિજ્ઞાન અને લોકકાર્યના ક્ષેત્રમાં પણ પ્રસારિત થયેલ છે. તેમણે જે કાંઈ સમજાવ્યુ હતુ તેમાં આજે ભૌતિકવિદ્, ખગોળશાસ્ત્રી, ભૂ-વિજ્ઞાની, ઈતિહાસકારો, દાર્શનિકો, સૌંદર્યશાસ્ત્રી, ચિકિત્સા-વ્યવસાયીઓ, તંત્રિકા વિજ્ઞાની, મનોચિકિત્સકો, મનોવિજ્ઞાનીઓ, ન્યાયકારો તથા અન્ય ક્ષેત્રોના વિદ્વાનોએ તેમની સરાહના કરી છે. એ દિવ્ય સંદેશાઓએ સભ્યતા અને સંસ્કૃતિની ન માત્ર ઊંડી છાપ અંકિત કરી પરંતુ તેમણે તે માટેના સુધારાની નવી દિશા પણ આપી, જે પરમાત્મ કથિત છે.

જો કોઈપણ જાતના પક્ષપાત વગર પિતાશ્રી બ્રહ્મા દ્વારા ઈશ્વરે આપેલ સંદેશાઓનું અધ્યયન કરવામાં આવે તો આપણે તેવા નિષ્કર્ષ પર પહોંચીશું કે તેમના કાર્યથી નવી શોધો થઈ છે. વિચારોની મહાદ્વીપો(શક્તિઓ)ની નવી શોધ થઈ છે. જે કોઈ ઓછી મહત્વપૂર્ણ બાબત ન લઈ શકાય! બ્રહ્માબાબાની ચિંતન યાત્રાથી તથા આધ્યાત્મિક વિચારમાં તેમના નિવાસથી મનુષ્યને સત્યના અનેક નવા દ્વિપોનું જ્ઞાન મળ્યુ છે. જો એવો પ્રશ્ન પુછાય કે, શું કોઈ એવો મનુષ્ય, કે જે 'જ્ઞાન માટે જ્ઞાન' અને 'વિચારો માટે વિચાર'ના અનુશીલનમાં પોતાનું જીવન અર્પિત કરી દે છે, સામાન્ય મનુષ્યના મન પર કોઈ પ્રભાવ અંકિત કરતા હોય તો પિતાશ્રીનું જીવન એ ઉત્તર આપે છે કે- રાજયોગીના ચિંતન-કક્ષમાંથી વિચાર પુરા વિશ્વમાં સંચરણ કરે છે.

તેનાથી એવું સમજી લેવાઈ જરૂર નથી કે બ્રહ્મા પિતા એકાંતવાસી ચિંતક, દાર્શનિક કે સિધ્ધાંતી હતા. ના! નિસંદેહ તેઓ આમ લોકોની જેવું વ્યવહારિક વ્યક્તિ તરીકે જ જીવન જીવતા હતા. પહેલા તેઓ વ્યવહાર કરીને, અનુભવીને પછી ઉપદેશ દેતા હતા. જે વ્યવહારમાં ન લાવી શકાય તેવા સિધ્ધાંતો પ્રતિ તેઓને આદર ન હતો. તેમણે ધર્મ તથા અધ્યાત્મવાદને નવી ગતિ અને નવીન ઓજસ આપ્યા.

**શક્તિ અને પ્રકાશના સ્તંભ બની સર્વની સેવા કરી**

તેઓ સમયચક્રના એક મહાન 'રાજયોગી' હતા. તેમની સામે બેસનાર વ્યક્તિને શાંતિ અને શરીરથી અનાસક્તિનો અનુભવ થતો હતો. તેમના કાર્યોમાં દિવ્યતા હતી. તેઓ આધ્યાત્મિક શાંતિની તરંગો ફેલાવતા રહેતા હતા. તેઓ તણાવ/ટેન્શનવાળી અને પ્રતિકુળ પરિસ્થિતિઓમાં પણ સ્વયંની માનસિક શાંતિ અને સ્થિરતા જાળવી રાખતા હતા. તેમનું હૃદય ઉદાર અને વિશાળ હતુ અને તે ગહન ચિંતનના અભ્યાસને આધારે એક ઉર્જા અથવા વિદ્યુત-ગૃહ (Might House) બની ગયુ હતુ કે જેમાથી લાખો મહિલા, પુરૂષો તથા બાળકોને શક્તિ મળતી હતી.


### આગામી નાણાકીય બજેટમાં સામાજીક સુરક્ષાને લઈને સરકાર એલાન કરી શકે છે

# પીએફની રકમને પેન્શનમાં બદલવાનો વિકલ્પ મળી શકે છે

## જો આ વિકલ્પ અમલી બને તો સેવાનિવૃતિ બાદ કર્મચારીઓને વધુ પેન્શન મળી શકે છે

નવી દિલ્હી તા.૧૩

કેન્દ્ર સરકાર સેવા નિવૃતિ બાદ વરિષ્ઠોને સામાજીક સુરક્ષા અંતર્ગત વ્યાપક લાભ આપવાના વિકલ્પો પર લાભ આપવાના વિકલ્પો પર વિચાર કરી રહ્યું છે. જે અંતર્ગત કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન સાથે સંલગ્ન કર્મચારીઓને પોતાની પીએફ રકમને પેન્શનમાં બદલવાનો વિકલ્પ આપવામાં આવી શકે છે. આથી સેવા નિવૃત કર્મચારીઓને વધુ પેન્શન મળી શકશે.






સંભવ છે કે આગામી નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ ના બજેટમાં પણ સરકાર સામાજીક સુરક્ષાને લઈને જાહેરાત કરી શકે છે. સુત્રો બતાવે છે કે કેન્દ્ર સરકારના નિર્દેશ પર શ્રમ તેમજ રોજગાર મંત્રાલય અગાઉથી જ સામાજીક સુરક્ષા યોજનાનું ક્ષેત્ર વધારવાનાં વિકલ્પો પર કામ કરી રહ્યું છે.

નવા વિકલ્પો અંતર્ગત કર્મચારીઓને અનેક પ્રકારની સુવિધાઓ આપવામાં આવશે.ઈપીએફઓ સાથે જોડાયેલા સભ્યો પીએફ કોષમાં જમા રકમને સેવા નિવૃતિના સમયે પેન્શન તરીકે પરિવર્તીત કરી શકે છે. આનો મતલબ એ થયો કે સેવા નિવૃતિ સમયે કોઈ કર્મચારીને લાગે કે તેને વૃદ્ધ વયમાં વધુ પેન્શન જોઈએ છે તો તે કોષમાં જમા રકમને પેન્શન કોષમાં નાખી શકે છે.

**પેન્શન તરીકે મળનારી આવી રકમ વધી જશે.**

**સેવા નિવૃતિ બાદ પણ પીએફ પર વ્યાજ મળશેઃ**

જો કોઈ કર્મચારીને સેવા નિવૃતિ સમયે લાગે છે કે તેની પાસે આવકના અન્ય વિકલ્પ છે અને તેને ૪૮ વર્ષે સેવા નિવૃત થવા પર પેન્શન નથી જોઈતુ બલ્કે તે પેન્શનને ૬૦-૬૫ કે અન્ય કોઈ ઉંમરે શરૂ કરવા માગે છે તો આ વિકલ્પ પણ અપાશે. આ સ્થિતિમાં પેન્શન પર વાર્ષિક વ્યાજ જોડાતૂ રહેશે.



## આજનું ચિંતન

### રત્નકણિકાઓ

આપણો ફોટો ગમે તેટલો સુંદર હોય તેની કોઈ કિંમત નથી-જો આપણો એકસ-રે ખરાબ આવ્યો હોય. બાહ્ય સૌંદર્ય ગમે તેટલું સુંદર હોય પરંતુ આંતરસૌંદર્ય (ગુણવૈભવ) ન હોય તો તેની કોઈ કિંમત નથી.
શ્રીમંતો ફસાયા છે ફેશનમાં, ગરીબો ફસાયા છે વ્યસનમાં, મધ્યમવર્ગ ફસાયો છે ટેન્સનમાં.
ત્રણ ખાડા કયારેય ન પુરાય-સાગર, સ્મશાન અને તૃષ્ણા.
બુધ્ધિની સરહદ પૂરી થાય પછી જ શ્રધ્ધાની સરહદ શરૂ થાય છે.
જીભથી શીખવે તે પંડિત, જીવનથી શીખવે તે સંત.
નબળા અને નવરા માણસો પર પરિસ્થિતિ વિજય મેળવે છે અને મજબૂત મનના માણસો પરિસ્થિતિ પર વિજય મેળવે છે.
જેના જીવનમાંથી સત્યનો નાશ થાય છે તેના જીવનનો સત્યાનાશ થાય છે.
શ્રધ્ધાનું શ્રાધ્ધ કરનારો કયારેય શ્રધ્ધેય ન બની શકે.
ભગવાન ન બનો ત્યાં સુધી ભગવાનના બનો.
પ્રેમ કયારેય ભૂલનો દસ્તાવેજ રાખતો નથી.
પગને રાખો ગરમ, પેટને રાખો નરમ, મગજ ના કરો ગરમ, ઘરનો પ્રથમ આ ધરમ. મગજ રહેશે શાંત તો ઘરમાં સૌ ઉપશાંત ને મુખ બનશે પ્રશાંત.
ડાહ્યા અને મૂર્ખ માણસમાં ફેર શો ? ડાહ્યો માણસ પોતાના મનનો માલિક હોય છે અને મૂર્ખ માણસ પોતાના મનનો ગુલામ હોય છે.

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧ : વીર સંવત- ૨૫૫૧, શાલિવાહન સંવત-૧૯૪૬
પોષ વદ-૧, તા.૧૪/૧/૨૫, મંગળવાર

સૂર્યોદય : ૭-૩૦, સૂર્યાસ્ત : ૬-૨૧, જૈન નવકારશી : ૮.૧૮
રાશિ : કર્ક (ડ.હ.)

**ગૌચરના ગ્રહો**
સૂર્ય-ધન, મંગળ-કર્ક, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-ધન, ગુરૂ-વૃષભ, હર્ષલ-વૃષભ, પ્લુટો-મકર, શુક્ર-કુંભ, શનિ-કુંભ, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-કુંભ

**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## રાશીફળ


**મેષ :** નોકરીમાં બદલી પ્રમોશનના ચાન્સ, વ્યવસાયમાં, સીઝનલ ધંધાની ઈચ્છા ફળે, યાત્રા પ્રવાસમાં લાભ મળવાનો.
**વૃષભ :** સંતાનોની પ્રગતિ રહેવાની, વિદેશ જવાની તક મળે, સામાજિક પ્રતિષ્ઠા વધવાની, રોમાન્સમાં સફળતા.
**મિથુન :** જુના મિત્રોની મુલાકાત લાભદાયક રહેવાની, નવી યોજનામાં સફળતા, લગ્ન જીવનમાં ગેરસમજો ટાળવી.
**કર્ક :** વધુ પડતો કાર્યભાર રહેવાનો, માનસિક તનાવ રહે, નોકરીમાં સ્થિરતા રાખવી, ઉધારી ધંધાથી જાળવવું.
**સિંહ :** તમારા પ્રયત્નો ફળવાના, ન ધારેલી વ્યકિતનો સહકાર રહે, સંતાનોની પ્રગતિ રહે, કર્જમાં રાહત.
**કન્યા :** આવક વધારવાના પ્રયત્નો ફળવાના, વિદેશથી લાભ, નોકરીમાં સંતોષજનક કામગીરી રહે, મિલકતથી લાભ રહે.
**તુલા :** મોસાળ પક્ષેથી લાભ રહે, સ્થળાંતરની ઈચ્છા ફળવાની લકઝરી ચીજ વસ્તુની ખરીદી પાછળ ખર્ચ રહેવાનો.
**વૃશ્ચિક :** વિજાતીય સંબંધોને લઈને માનસિક ટેન્સન રહે, જેથી નકારાત્મક વિચારો ટાળવા, સફળતા માટે થોડી ધીરજ કેળવો.
**ધન :** આવક વધારવાના પ્રયત્નો ફળવાના અધિકારી વર્ગ સાથે મહત્વની ચર્ચા વિચારણા થાય, નવું આયોજન થાય.
**મકર :** પરિવારના સભ્યોની જરૂરીયાતો વધવાની, મિલ્કતની લે-વેચ માટે ઉતાવળ ન કરવી, પ્રતિષ્ઠા જાળવવા વધુ મહેનત જરૂરી.
**કુંભ :** કાર્યશકિત વધવાની, રોજિંદા કાર્યોમાં અનુકુળતા, ઉધારી ધંધાથી દુર રહેજો, અભ્યાસમાં સફળતા મળવાની.
**મીન :** વિદેશથી શુભ સમાચાર આવે, સરકારી કાર્યોમાં અનુકુળતા રહેવાની , વાણી ઉપર કાબુ રાખવો, રાજકીય લાભ.

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત





■ માધવી નરેશ શાહ



### આડી ચાવી

૧. મોરારીબાપુનું વતન (૬)
૫. કાયદા-વ્યવસ્થા સંભાળનાર (૩)
૭. ફિલ્મ : ... પતિ મુંજ (૩)
૮. એસઆઇઆર (૨)
૯. બાલમંદિર અને ... પેન (૨)
૧૦. હાલારનું એક બંદર (૫)
૧૨. સ્થળ વિશેષનું વાતાવરણ (૪)
૧૫. મેડિસીન (૨)
૧૬. નિસ્તેજ (૨)
૧૮. શરીરનું લચકદાર અંગ (૩)
૧૯. શાહરૂખ ખાનની એક ફિલ્મ (૩)
૨૧. સુંદર (૩)
૨૩. ઇન્સાન (૩)
૨૫. કાગડો (૨)
૨૬. જુની ફિલ્મોનો મિસ્ટર ભારત (૬)
૨૯. એક વતા એક (૧)
૩૦. સિંહ (૩)
૩૧. પ્રેમી અંગ્રેજી (૩)
૩૩. પ્રતિબંધ (૩)
૩૪. ડરપોક (૩)
૩૫. મેજીક (૨)

### ઉભી ચાવી

૧. આતુર (૫)
૨. ...પહેલવાન (૨)
૩. પાણી (૨)
૪. અવાજ (૨)
૫. કીર્તિમંદિર ધરાવતું શહેર (૫)
૬. મોર્નિંગ (૩)
૮. મહિલા સખી તો પુરૂષ ? (૨)
૧૦. આશિર્વાદ આપવા, દુઆ કરવી (૪)
૧૧. દવા-હિન્દી (૩)
૧૩. ખોખુ (૩)
૧૪. અમે હિન્દી (૨)
૧૭. ગંધ મારે પણ ગુણકારી (૩)
૨૦. ગુનેગારને થાય (૨)
૨૨. એક બંગાળી મિઠાઇ (૫)
૨૩. બગીચાના 'કેરટેકર' (૨)
૨૪. અજાણ્યો હિન્દી (૪)
૨૫. પાંચ પાંડવ અને સો ? (૩)
૩૨. છુટ્ટી (૨)

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બે | ન્ક | ઓ | ફ | બ | રો | ડા | | સ્ટે | શ | ન | રી | | ર | જા |
| ન | | વ | | ના | | ક | પ | ટ | | | ત | સ | વી | ર |
| ઝી | | ર | જે | ર | જ | | | બે | રે | ક | | | વા | |
| ર | વ | | | સી | મ | | ઇ | ન્ડ | | બા | | મા | ર | ણ |
| ભુ | તા | ન | | બા | | સ | ન | ઓ | ફ | ઇ | ન્ડી | યા | | |
| ટ્રો | | | આ | બુ | | ફ | ફ | ફ | | | | ળુ | | તં |
| | ચાં | દ | લા | | બા | ર | | ઇ | દ | | મા | | બા | બા |
| સા | દ | | પ | ગ | | | ઇ | ન્ડિ | યા | ના | જો | ન્સ | | કુ |
| પ | ની | ર | | | અ | ડ | દી | યા | | ગ | | | પ | |
| | બા | | પ્ર | સ | ન્ન | | અ | | ચો | ર | સ | | કા | મ |
| ચો | ર | | સ | | | સ | મી | ર | | વે | ર | હા | ઉ | સ |
| પ | | અ | ન્ન | દા | તા | | ન | | વા | લ | | ઉ | | ળ |
| ર | દ | | કુ | | કા | કા | | પા | ર | | જે | સ | લ | |
| | | ક | મા | ણી | | પ | હે | રે | દા | ર | | ફૂ | વ | ડ |
| સ | મં | ધ | ર | | ત્રા | ડ | | ખ | ત | | લા | લ | | લ |

# સાંજ સમાચાર

## દેશ - વિદેશના સચોટ સમાચાર ઝડપથી વાંચવા માટે આજે જ ડાઉનલોડ કરો સાંજ સમાચાર મોબાઈલ એપ

GET IT ON Google Play

Download on the App Store

( એપ ડાઉનલોડ કરવા માટે ગુગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરના આઇકોન પર ક્લિક કરો )

TWITTER
@sanj_news

FACEBOOK
@Sanj Samachar

YOUTUBE
SanjSamachar Video News

INSTAGRAM
@sanjsamachar

WEBSITE
www.sanjsamachar.net

TELEGRAM
Sanj Samachar

( સોશિયલ મીડિયા પર 'સાંજ સમાચાર' ફોલો કરવા આઇકોન પર ક્લિક કરો )

96622 96699

( વોટસએપ પર સમાચાર વાંચવા માટે ઉપર આપેલ નંબર પર અત્યારે જ "Hi" મેસેજ કરો )

# કાલથી તાપમાન ક્રમશઃ વધશે; વિક એન્ડમાં ઠંડી ગાયબ થવાનો ઘાટ સર્જાશે


### જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઇ પટેલની આગાહીઃ તા.૧૪ થી ૧૭ જાન્યુઆરીમાં ન્યુનતમ તાપમાન ૧ થી ૨ ડીગ્રી અને ૧૮થી ૨૦માં તે વધુ ૨ થી ૪ ડીગ્રી વધવાની સંભાવના

રાજકોટ, તા.૧૩

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ઠંડીની તીવ્રતા અને રાહતના વારાફરતી દોર વચ્ચે હવે એક સપ્તાહ સુધી તાપમાનમાં ક્રમશઃ વધારો થશે. આગામી વિક એન્ડમાં ઠંડી ગાયબ થઇ ગયા જેવો ઘાટ ઘડાવાની આગાહી જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઇ પટેલે કરી છે.

તેઓએ વાતચીતમાં જણાવ્યું હતું કે અગાઉની આગાહી મુજબ આજ સુધી તાપમાન-ઠંડીમાં વધઘટ જોવા મળી હતી. આજે મોટાભાગના સેન્ટરોમાં તાપમાન નોર્મલ અથવા એકાદ-બે ડીગ્રી નીચુ રહ્યું હતું. રાજકોટનું તાપમાન ૧૧ ડીગ્રી હતું તે નોર્મલ કરતાં બે ડીગ્રી નીચુ હતું. અમરેલીનું ૧૩ ડીગ્રી તાપમાન નોર્મ કરતાં એક ડીગ્રી હતું. અમદાવાદમાં ન્યુનતમ તાપમાન ૧૨.૪ ડીગ્રી, વડોદરામાં ૧૩.૨, ડીસામાં ૯.૯ તથા ભુજમાં ૧૧.૪ ડીગ્રી નોંધાયું હતું જે મોટાભાગે નોર્મલ જ હતું.

તા.૧૪ થી ૨૦ જાન્યુઆરીની આગાહી કરતા તેઓએ જણાવ્યું હતું કે આ સમગ્ર સમયગાળા દરમ્યાન પવનની ઝડપ ૧૨ થી ૨૦ કિ.મી. રહેશે અને ઝાટકાના પવનની ગતિ પાંચ કિમી વધુ રહેવાની સંભાવના છે. પવન મોટા ભાગે ઉત્તરપૂર્વના રહેશે છતાં જુદા-જુદા સ્થળે અને અલગ-અલગ સમયે ક્યારેક પવન ઉત્તર અથવા પૂર્વ દિશાના પણ ફુંકાઇ શકે છે. તા.૧૫મીએ આકાશમાં અંશતઃ વાદળો જોવા મળી શકે છે. બાકીના દિવસોમાં વાતાવરણ સ્વચ્છ અને ચોખ્ખુ રહેવાની સંભાવના છે.



તેઓએ કહ્યું કે ગુજરાતમાં હાલ મોટાભાગના સેન્ટરોમાં નોર્મલ ન્યુનત્તમ તાપમાન ૧૧ થી ૧૩ ડીગ્રી ગણાય છે. આગાહીના સમયગાળા દરમ્યાન તા.૧૪ થી ૧૭ સુધીમાં ન્યુનત્તમ તાપમાનમાં ૧ થી ૨ ડીગ્રીનો વધારો થશે અને તે ૧૧ થી ૧૫ ડીગ્રીની રેન્જમાં પહોંચવાની સંભાવના છે. તા.૧૮ થી ૨૦ જાન્યુઆરીમાં લઘુત્તમ તાપમાનમાં વધુ ૨ થી ૪ ડીગ્રીનો વધારો થશે અને ૧૪ થી ૧૮ ડીગ્રીની રેન્જમાં પહોંચવા સાથે ઠંડી અદ્રશ્ય થઇ ગયાનું ચિત્ર સર્જાવાની સંભાવના છે.

## કાલે ૧૨ થી ૨૦ કિમીની ઝડપે પવન ફુંકાશેઃ પતંગરસિયાઓને મોજ પડશે

### એક જ આંચકાથી પતંગ ચગી જાય તે પ્રકારનો પવન ફુંકાતો રહેશે

ગુજરાતમાં પતંગ પર્વ એવા ઉત્તરાયણના ઉત્સવનું અદકેરૂ મહત્વ છે. રાજ્યભરમાં પતંગોત્સવ થશે અને આકાશ પતંગોથી ઢંકાઇ જવાનો ઘાટ ઘડાશે. ત્યારે પતંગરસિયાઓ માટે જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઇ પટેલે રાહતપૂર્ણ અને ઉત્સાહજનક આગાહી કરી છે.

તેઓએ જણાવ્યું હતું કે આવતીકાલે મોટાભાગે આખો દિવસ પવનની ગતિ ૧૨ થી ૨૦ કિલોમીટર રહેવાની સંભાવના છે. આ દરમ્યાન ઝાટકાના પવનની ઝડપ પાંચ કિ.મી. વધુ રહેશે. પવનની ગતિ પતંગ ચગાવવા માટે યોગ્ય અને અનુકુળ ગણાશે. પવન મોટાભાગે ઉત્તર પૂર્વના ફુંકાશે. વાતાવરણ પણ સ્વચ્છ રહેશે.

મકર સંક્રાંતિ પતંગ ચગાવવાનો ઉત્સવ છે. રાજ્યભરમાં બાળકોથી માંડીને મહિલાઓ વૃધ્ધો પણ અગાસી-ધાબા પર ચડીને પતંગ ઉડાડતા હોય છે. પતંગ પર્વના ઉલ્લાસનો સમગ્ર આધાર પવનની ગતિ પર રહેતો હોય છે. પવન ન હોય તો પતંગરસિયાઓ માટે પર્વ બગડ્યાનો ઘાટ ઘડાતો હોય છે. કાલે પવન યોગ્ય રહેવાની આગાહીથી પતંગરસિયાઓનો ઉત્સાહ બેવડાશે.

### રાજકોટનું માળખું હાઈકમાંડના હાથમાં : પવન કંઈ બાજુ ફૂંકાઈ રહ્યો છે !

# શહેર ભાજપમાં કોની પતંગ ચગશે ? સંક્રાતિ પછી જાહેરાત

### ભાજપમાં હાલ અનેક તર્કવિતર્કો ચાલી રહ્યા છે અને એક જ પ્રશ્ન – કોણ હશે ભાજપ પ્રમુખ


રાજકોટ :

હાલ ભાજપમાં સંગઠન પર્વ ચાલી રહ્યુ છે ત્યારે હવે પ્રદેશ થી લઇ શહેર જિલ્લા સ્તરે પ્રમુખ અને ટીમ નક્કી કરાશે. આવતીકાલે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહ ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે ત્યારબાદ એક બાદ એક જાહેરાતો થશે. રાજકોટ શહેર તથા જિલ્લા ભાજપની વાત કરીએ તો ૧૫ જાન્યુઆરી બાદ હવે પ્રમુખના નામોની જાહેરાત થશે.

**શહેર ભાજપ :**

શહેર ભાજપમાં પ્રમુખ તરીકે હાલ મુકેશ દોશી છે જેને દોઢ વર્ષ થયો છે. પ્રમુખ તરીકે તેમના કાર્યકાળ તરીકે તેમની કામગીરી પ્રશંસનીય રહી છે પરંતુ પ્રમુખની જાહેરાત બાદ અનેક વોર્ડમાં અસંતોષની જ્વાળા જોવા મળી છે. આ પેહલા પણ લોકસભા ચૂંટણી વખતે સર્જાયેલ પ્રશ્નોને હેન્ડલ કરવા, મનપામાં સંકલનની બેઠકમાં ભાજપના જ કોર્પોરેટરનો આક્રોશ, વેગેરે જેવા પ્રશ્નો પણ સામે આવ્યા હતાં. ઉલ્લેખનીય છે કે એક વર્ષની અંદર મનપાની ચૂંટણી આવશે ત્યારે ભાજપ ટીઆરપી અગ્નિકાંડ થી લઈને તમામ મુદ્દાઓ થી બહાર આવવા માંગે છે અને હવે ચૂંટણી માટે તૈયારી કરશે.

હાલ શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, પ્રદેશ ભાજપ ઉપપ્રમુખ ડો.ભરત બોઘરા થી નજીક છે. મુકેશ દોશીને ૧૬ વર્ષ બાદ ફરીથી સક્રિય રાજકારણમાં લાવવા પાછળ પણ ડો.બોઘરાનો ફાળો છે. મુકેશ દોશી ૨૦૦૭-૦૮ માં શિક્ષણ સમિતિના ચેરમેન હતા અને ત્યારબાદ એકંદરે શહેરના રાજકારણમાં જોવા મળતા ન હતા. તે સમયે તેમની દોઢ વર્ષ પેહલા ભાજપ પ્રમુખ તરીકે ધમાકેદાર એન્ટ્રી થઈ હતી જે એક સરપ્રાઇઝ પણ કહી શકાય. કમલેશ મીરાણીએ જે રીતે ભાજપના સંગઠનને બે ટર્મ સુધી સંભાળ્યું હતુ તે કાબિલેદાદ હતું અને તેથી હવે તેમના જ પથ પર ચાલવું તે પણ એક રીતે પડકાર હતો. હવે મુકેશ દોશી યથાવત રહે તે માટે ડો. બોઘરા એન્ડ ટીમ ઘણી મહેનત કરી રહી છે.



**સામાકાંઠેથી પવનનું જોર વધારે હોય તો અશ્વિન મોલિયાનો પ્રમુખ તરીકે ઉદય થઈ શકશે ? કે પછી આ બધા વચ્ચે સંઘ અને દિલ્હી હાઈકમાંડથી નજીક એવા કશ્યપ શુક્લા તુક્કલ સાથે એન્ટ્રી કરશે**

**જિલ્લા ભાજપમાં પ્રમુખ તરીકે અલ્પેશ ઢોલરિયાને યથાવત રખાશે, તેની પતંગ સૌથી ઉંચી અને સ્થિર ઉડી રહી છે : જોકે ચેતન રામાણી, મનસુખ રામાણીના પવન ફૂંકવાના પ્રયાસો ચાલુ**

### ડો.ઉપાધ્યાયનું સક્રિય રાજકારણમાં સરપ્રાઇઝ કમબેક થશે કે પછી, ડો. બોઘરા વર્તમાન પ્રમુખ મુકેશ દોશીને યથાવત રખાવી શકશે ?

હાલમાં સંગઠન પર્વ દરમ્યાન ભાજપ પ્રમુખના ફોર્મ ભરવા માટે નેતાઓની લાઈન લાગી હતી તેમાં કહેવામાં આવે છે જે જૂનું જૂથ જે પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી થી નજીકનું છે તે પણ સક્રિય થયું છે ફોર્મ ભર્યું હતું. ૨૦૧૨-૧૩ માં સ્ટેન્ડિંગ ચેરમેન અને ત્યારબાદ ૨૦૧૫ માં મેયર બનેલા ડો. જેમન ઉપાધ્યાયનું નામ ચર્ચામાં છે. તેઓ ૧૦ વર્ષ બાદ ફરી સંગઠનમાં મહત્વની જવાબદારી માટે લોબિંગ કરી રહ્યા છે. જો મુકેશ દોશી રિપિટ ન થાય તો બ્રાહ્મણ સમાજમાંથી આમનું નામ મહત્વનું બની રહેશે. આ જ રીતે અન્ય એક બ્રાહ્મણ નેતાનું નામ છે કશ્યપ શુક્લા. ભાજપ હાઈકમાંડ અને સંઘ સાથે નજીક હો સીધું દિલ્હીથી સ્ટ્રોંગ લોબિંગ કરી રહ્યા છે. રાજકોટ મહાપાલિકામાં બે હજારથી વધુ કર્મચારીઓ અને અધિકારીઓનું પ્રતિનિધિત્વ કરતા મહાનગરપાલિકા કર્મચારી પરિષદમાં પ્રમુખ છે. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન રહી ચૂક્યા છે અને ૨૦૧૨ માં રાજકોટ પૂર્વ થી વિધાનસભા ચૂંટણી લડ્યા હતા. આ ઉપરાંત સામાકાંઠે થી ભાજપના ધારાસભ્ય તેમના વિશ્વાસુ અને હાલ શહેર ભાજપના મહામંત્રી અશ્વિન મોલીયાનું નામ આગળ રાખી રહ્યા છે, તેઓ લેઉવા પાટીદાર નેતા છે અને પૂર્વ ડેપ્યુટી મેયર છે. આ તમામ દાવાઓ વચ્ચે કોની પતંગ કેટલી આકાશમાં ચાગશે અને કેની કપાશે તે જોવાનું રહ્યું.












શહેરના ધર્મેન્દ્રસિંહજી કોલેજના મેદાનમાં ગઇકાલે રવિવારે યોજાયેલા પતંગ મહોત્સવે લોકોને સંક્રાંતિનું ટ્રેલર દેખાડી દીધુ હતું. સારા પવનના કારણે પતંગો સવારથી ખુબ ચગતા બાળકોને મોજ પડી ગઇ હતી. રંગબેરંગી અને આકર્ષક પતંગો અને ડી.જે. સંગ સંગીતે જમાવટ કરી હતી. સાંસદથી માંડી મેયર અને ચેરમેને પતંગ ઉડાવવાનો લ્હાવો લીધો હતો. તો વિદેશથી આવેલા પતંગવીરોને પણ રાજકોટનો પ્રેમ ગમી ગયો હતો. (તસ્વીર : દેવેન અમરેલીયા)

# દેશ-વિદેશના પતંગોએ સંક્રાંતિનો માહોલ બાંધી દીધો : ડીએચ કોલેજમાં મહાકાય પતંગો લહેરાઇ

### જુદા જુદા દેશના પતંગબાજોને સારા પવનના કારણે મજા પડી : ગરબા, નૃત્ય, સંગીતના તાલે લોકો ઝુમ્યા : રવિવારની રજાના કારણે મોટો જલ્સો પડી ગયો..

રાજકોટ, તા. ૧૩

પ્રવાસન નિગમ અને મહાપાલિકા દ્વારા ગઇકાલે ધર્મેન્દ્રસિંહજી કોલેજ (ડી.એચ. કોલેજ)ના ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ગ્રીસ, ઈટલી, લેબનોન, લીથુઅનિયા, પોલેન્ડ, નેધરલેન્ડ, પોર્ટુગલ, રિયુનિયન, રશિયન ફેડરેશન, સાઉથ આફ્રિકા, સ્પેન, સ્વિત્ઝરલેન્ડ, યુનાઈટેડ કિંગડમ, યુનાઈટેડ સ્ટેટ્સ, વિયેતનામ સહિત વિવિધ દેશોના તથા ભારતના પંજાબ અને રાજસ્થાન સહિત વિવિધ રાજયોના પતંગવીરો આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં જોડાયા હતા. રવિવારની રજાના કારણે બાળકો સહિત પરિવારોએ મોજ કરી હતી. બપોરે ૪ વાગ્યા સુધી મહાકાય પતંગોનું આકર્ષણ રહ્યુ હતું.

આ મહોત્સવનું ઉદઘાટન કરતા સાંસદ પરસોતમભાઇ રૂપાલાએ જણાવ્યું હતું કે, પતંગોત્સવ આપણા તળપદા ઉત્સવો પૈકી એક ઉત્સવ છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે મુખ્યમંત્રી હતાં ત્યારે તેમણે આંતરરાષ્ટ્રીય પતંગોત્સવનું આયોજન કર્યું હતું, પરંતુ એ વખતે કેટલાક લોકોએ તેની ટીકાઓ કરેલી પરંતુ ત્યારપછીથી જે પ્રકારે આ આયોજનને સફળતા મળી રહી છે એ જોઇને સૌ તેની પ્રશંસા કરે છે. રોજગારીની તકો પણ પતંગોથી વધી છે. કાઈટ ફેસ્ટિવલ આપણી સંસ્કૃતિ છે. આપણા તહેવારો ભારતીય સંસ્કૃતિને જીવંત રાખે છે.

મેયર નયનાબેન પેઢડીયાએ જણાવ્યું હતું કે, રંગીલું રાજકોટ વિવિધતામાં એકતાનું પ્રતિક છે. જેમાં તમામ વર્ગના લોકો આનંદથી અલગ અલગ પર્વોની ઉજવણી કરે છે. રાજકોટનું આકાશ ઇન્દ્રધનુષ બન્યું હતું. તેમણે દયા, સહકારના પતંગ ચગાવવા, મોજ, ખુશી, હાસ્ય લુંટવા અને મોહ, અહંકાર, લોભના પતંગ કાપવા લોકોને અપીલ કરી તહેવારની શુભેચ્છા આપી હતી.

નેધરલેન્ડઝના પતંગબાજોએ નમસ્તે બોલીને શરૂ કરેલા પોતાના ટૂંકા વકતવ્યમાં આ આયોજન બદલ ગુજરાત સરકાર, મહાનગરપાલિકા અને પ્રવાસન વિભાગનો આભાર માન્યો હતો.

આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં રાજ્ય સભાના સાંસદ રામભાઈ મોકરીયા, ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, ડો.દર્શિતાબેન શાહ, ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા, દંડક મનિષભાઈ રાડીયા, સમાજ કલ્યાણ સમિતી ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા, શિક્ષણ સમિતિ ચેરમેન વિક્રમભાઈ પુજારા, પ્લાનીંગ સમિતિ ચેરમેન ચેતનભાઈ સુરેજા, અગ્નિ શામક દળ સમિતિના ચેરમેન દિલીપભાઈ લુણાગરીયા, દક્ષાબેન વાઘેલા, અલ્પાબેન દવે, કુસુમબેન ટેકવાણી, અશ્વિનભાઈ પાંભર, મગનભાઈ સોરઠીયા, વિનુભાઈ સોરઠીયા, ડો.પ્રીતિબેન દોશી, ડો.હાર્દિક ગોહેલ, જયશ્રીબેન ચાવડા, નિલેશભાઈ જલુ, અલ્પાબેન દવે, ડો.અલ્પેશભાઈ મોરજરીયા, કંચનબેન સિધ્ધપુરા, મહાનગરપાલિકાના અધિકારી, કર્મચારીઓ, પ્રવાસન નિગમના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

## ધારણા મુજબ મેદાન ટુંકુ પડતા ગેટ પર ઘસારો : લોકો વચ્ચે સુધી ઘુસ્યા

રાજકોટ, તા. ૧૩


શહેરની ડીએચ કોલેજના મેદાનમાં ગઇકાલે યોજાયેલા પતંગ મહોત્સવમાં ધારણા મુજબ જ જગ્યા ટુંકી પડી હતી અને મહેમાનોના પ્રવેશદ્વાર પર લોકો ધસી જતા થોડો સમય ધકકામુકકી જેવો માહોલ પણ સર્જાયો હતો.



આવતા વર્ષથી હવે મોટા કાર્યક્રમો સમયે રેસકોર્સ મેદાન અનામત રાખવા નિર્ણય લેવાઇ ગયો છે. પરંતુ ગઇકાલે પતંગ મહોત્સવમાં રવિવારના કારણે બાળકો સાથે પરિવારો ઉમટી પડયા હતા. લોકો ખુબ ઉમટતા મેદાન ફરતે હાઉસફુલ થઇ ગયું હતું. આ બાદ લોકો મહેમાનોના પ્રવેશદ્વાર પાસે ટોળારૂપે એકઠા થઇ ગયા હતા. અંદર જગ્યા ન હતી આથી પોલીસે બહારથી પણ ગેટ બંધ કરવા પડયા હતા. માંડ માંડ અમુક લોકો અવરજવર કરતા હતા. ધકકામુકકી વચ્ચે પોલીસે વ્યવસ્થા જાળવી હતી. છતાં અમુક લોકો મેદાનમાં પતંગવીરો વચ્ચે પહોંચી જતા હોય, એકાદ બે વખત કાર્યક્રમ રોકીને પણ લોકોને બહાર નીકળવા પોલીસે સમજાવટ કરવી પડી હતી.

# નીડર અને સત્યના આગ્રહી વરિષ્ઠ પત્રકાર નાથાભાઈ ઓડેદરાનું પોરબંદરમાં જૈફ વયે નિધનઃ પત્રકાર જગતમાં શોક





### તે સમયે વડાપ્રધાન ઈન્દિરા ગાંધીથી લઈ દલાઈ લામા સહિત અનેક રાજકીય – ધાર્મિક મહાનુભાવો સાથે ઈન્ટરવ્યુ કર્યા અને બેધડક સવાલો પુછતા

### સમાજના અનેક પ્રશ્નોને ઉજાગર કરવામાં તથા તંત્રને આઈનો દેખાડવામાં નાથાભાઈ ઓડેદરાની કલમ કામયાબ બની હતીઃ તેમણે જીવનના અંતિમ વર્ષો પોરબંદરમાં વીતાવ્યાઃ નાથાભાઈના ચાર પુસ્તકો અત્યંત લોકપ્રિય થયા

રાજકોટ તા.૧૩

જેમની કલમમાં સત્ય અને નીડરતાના દર્શન થતા હતા તેવા વરિષ્ઠ પત્રકાર નાથાભાઈ હરદાસ ઓડેદરાનું ગઈકાલે પોરબંદરમાં નિધન થતા પત્રકાર જગતમાં ઘેરો શોક છવાઈ જવા પામ્યો છે. તેમણે 'જયહિન્દ' દૈનિકમાં ૩૭ વર્ષ અને 'સાંજ સમાચાર'માં સંયુકત રીતે ૧૭ વર્ષ સુધી પત્રકાર તરીકે 'સાંજ સમાચાર'ના તંત્રીશ્રી પ્રદિપભાઈ શાહ સાથે કામ કર્યુ; જે તેમના જીવનનો સુવર્ણકાળ હતો. શ્રી પ્રદિપભાઈની પ્રેરણાથી બી.એ. એલ.એલ.બી. થયા હતા. તેઓ પત્રકાર તરીકે જયહિન્દ-સાંજ સમાચારમાં જોડાયા બાદ નિવૃત્તિ પછી પોરબંદર જતા રહ્યા હતા. તેમના વિવિધ ચાર પુસ્તકો પ્રકાશિત થયા છે જે લોકપ્રિય બન્યા હતા. તેઓએ તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીથી માંડીને દલાઈ લામા સુધીના મહાનુભાવોની મુલાકાત લીધી.

તેમની કલમ કોઈની શેહમાં આવે તેવી નહોતી. સમાજના અનેક પ્રશ્નોને ઉજાગર કરવામાં તથા તંત્રને આઈનો દેખાડવામાં કામિયાબ નીવડયા હતા.

સ્વ.નાથાભાઈ ઓડેદરાનો જન્મ પોરબંદરમાં થયો હતો. તેમણે પોરબંદરની ભાવસિંહજી હાઈસ્કૂલમાં મેટ્રિક સુધીનો અભ્યાસ કર્યો હતો. બી.એ. એલ.એલ.બી. ડિગ્રી રાજકોટની ધર્મેન્દ્ર કોલેજમાં રહીને મેળવી હતી. તેમણે બે વર્ષનો એગ્રિકલ્ચર ડિપ્લોમા કોર્ષ જુનાગઢ અને માણાવદરમાં કર્યો હતો. હિન્દી 'કોવિદ'ની પરીક્ષા ચોટીલામાં પાસ કરી હતી.

માત્ર સાત વર્ષની વયે પિતા ગુમાવી ચુકેલા નાથાભાઈ ઓડેદરાએ બે દાયકા ગરીબીમાં જ વીતાવ્યા હતા. તેમને એ વાતનું દુઃખ કાયમ રહ્યું કે તેઓ પોતાની માતા સ્વ. લાખીબેન હાદાને સુખ આપી ન શકયા. નાથાભાઈ આજીવન અપરિણિત રહ્યા હતા.

નાથાભાઈ ઓડેદરાએ પંચાયત રાજય આવ્યું તે પહેલા ચોટીલા તાલુકામાં ગ્રામસેવક તરીકે બ્લોક ડેવલોપમેન્ટ ઓફિસર જીતુભાઈ ભટ્ટ, જેઓ પાછળથી સાંસદ બન્યા હતા. તેમની નીચે કામ કર્યુ હતું. તેમણે પોરબંદરના ગાંધીજીના આદર્શોને વરેલા સ્વ. દ્વારકાદાસ વિઠલાણીની નીચે કામ કર્યુ હતું.

ચોટીલા ગ્રામ પંચાયતની લાયબ્રેરીના પુસ્તકો વાંચીને નાથાભાઈને લેખનની પ્રેરણા મળી હતી અને ૧૯૬૬માં રાજકોટમાં તે સમયના લોકપ્રિય અખબાર 'જયહિન્દ'ના માલિક તથા તંત્રી બાબુભાઈ શાહ તથા શ્રી પ્રદિપભાઈ શાહના માર્ગદર્શન નીચે પત્રકાર તરીકે ઘડાયા હતા અને સૌરાષ્ટ્રમાં નામના મેળવી હતી.

### 'જયહિન્દ' 'સાંજ સમાચાર'માં સ્વ.શ્રી બાબુભાઈ શાહ, શ્રી પ્રદિપભાઈ શાહ સાથે ૪૦ વર્ષ સુધી પરિવારનાં સભ્ય બની કામ કર્યુ, જે સમય તેમના જીવનનો 'સુવર્ણકાળ' તરીકે તેમના પુસ્તકમાં ઉલ્લેખ કર્યો હતો

## સાંજ સમાચાર પરિવારે આજે તેમને શ્રદ્ધાંજલિ પાઠવી









### પીઢ પત્રકાર નાથાલાલ ઓડેદરાનું નિધન થતાં 'સાંજ સમાચાર' શોકમગ્નઃ બે મીનીટનું મૌન પાળી શ્રધ્ધાંજલી પાઠવી

પીઢ પત્રકાર નાથાલાલ ઓડેદરાનું નિધન થતાં 'સાંજ સમાચાર' પરિવાર શોકમગ્ન બની ગયેલ હતો. 'સાંજ સમાચાર' ખાતે યોજાયેલ શ્રધ્ધાંજલી સભામાં 'સાંજ સમાચાર'ના મેનેજીંગ તંત્રી શ્રી પ્રદિપભાઇ શાહ, યુવા એક્ઝીક્યુટીવ શ્રી કરણભાઇ શાહ તેમજ તંત્રી વિભાગ અને કોમ્પ્યુટર વિભાગના કર્મચારીઓએ બે મીનીટનું મૌન પાળી સ્વ. નાથાલાલ ઓડેદરાને શ્રધ્ધાંજલિ અર્પીત કરી હતી. શ્રધ્ધાંજલિ સભામાં 'સાંજ સમાચાર'ના મેનેજીંગ તંત્રી શ્રી પ્રદિપભાઇ શાહ અને યુવા એક્ઝીક્યુટીવ શ્રી કરણભાઇ શાહે સ્વ. નાથાભાઇ ઓડેદરા સાથેના જુના સંસ્મરણો વાગોળ્યા હતા. (તસ્વીરઃ પંકજ શીશાંગીયા)

---

ગળાકાપતી ચાઈનીઝ દોરી કોઈપણ ભોગે ન વેંચાઈ માટે પોલીસ સતર્ક...

# શહેરભરમાં પોલીસના દરોડાઃ ૪૦ થી વધુ વેપારી સામે કાર્યવાહી

## પ્રતિબંધિત ચાઈનીઝ દોરીની ફિરકી, કાચથી માંજો ચડાવેલ ફિરકીનો જથ્થો ઝડપી પોલીસે ગુનો નોંધ્યાઃ સામાન્ય દોરીમાંથી કાચ જેવી દોરી બનાવતો પદાર્થ કબ્જે કર્યો

રાજકોટ. તા.૧૩

ઉત્તરાયણ પર્વને ગણતરીની કલાકો જ બાકી છે ત્યારે લોકો પહેલાંથી જ પેચ લગાવવાનું શરૂ કરી દેતાં હોય છે. ત્યારે કેટલાક વેપારીઓ કમાઈ લેવાની લ્હાઈમાં લોકો અને પક્ષીઓના ગળા કાપતી ચાઈનીઝ દોરીનું વેંચાણ કરતાં શખ્સો સામે પોલીસ મેદાને પડી છે. શહેર પોલીસની અલગ અલગ ટીમોએ અનેક સ્થળોએ દરોડા પાડી ચાઈનીઝ અને કાચનો મંઝો પાયેલ અનેક ફિરકીઓ કબ્જે કરી ૪૦ થી વધુ વેપારીઓ સામે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગરીયા, ડીસીપી જગદિશ બાંગરવાના માર્ગદર્શન હેઠળ ચાઇનીઝ દોરીના વેચાણ તથા ઉપયોગ કરવા, કોઈપણ પ્રકારના પ્લાસ્ટીક, પાકા સિન્થેટીક મટીરીયલ, ટોકસ્ટીક મટીરીયલ, લોખંડ પાઉડર, કાચ તથા અન્ય હાનિકારક પદાર્થનો ઉપયોગ કરી તૈયાર કરેલ તથા નોન-બાયોડીગ્રેબલ હોય તેવી દોરી/નાયલોન/ચાઈનીઝ માંઝાના પાકા દોરાના ઉપયોગ કરી પતંગો ઉડાડવા ઉપર પ્રતિબંધિત પોલીસ કમિશ્નરના જાહેરનામાનો ભંગ કરતાં શખ્સ સામે કાર્યવાહી કરવાની સૂચનાથી તાલુકા પીઆઈ ડી.એમ.હરિપરા અને ટીમે ભીમનગર શેરી નં.૧૨ પાસેથી પ્રકાશ દાના લોલાડીયા (ઉ.વ.૨૪),( રહે.ભીમનગર શેરી નં.૧૨ નાનામવા મેઈન રોડ) ને પકડી ચાઈનીઝ માંઝાના પાકા દોરાની ૫ ફીરકી પકડી પાડી હતી.

જયારે તાલુકા પોલીસની ટીમે અલગ અલગ વિસ્તારમાંથી પ્રતિબંધિત કાચથી રંગ ચડાવેલ ફિરકીઓ સાથે અમદાવાદના સુરેશ મફા પટણી, મવડીમાં મુરલીધર સોસાયટીમાં રહેતો ભુપત જેઠા ગોરસવા અને પુનીતનગર પાસે ભવાનીનગરમાં રહેતાં મનોજ અરજણ જોગણિયાને પકડી પાડ્યા હતાં. તેમજ મવડી ચોકડીથી બાપા સીતારામ ચોક તરફ જતાં રસ્તાપરથી ચાઈનીઝ કાચની ભૂકી ભરેલ બાચકા સાથે વીરચંદ લલુ પટનીને પકડી ૨૫ કિલો કાચની ભૂકી અને ચાઈનીઝ કાચનો રંગ ચડાવેલ ૮ ફિરકી પકડી પાડી હતી.









### સદર બજારમાં પોલીસનું સઘન ચેકીંગ

રાજકોટ,તા.૧૩

ઉત્તરાયણ પુર્વે ચાઈનીઝ દોરીઓ કે કાચનો માંઝો ચડાવેલ દોરીઓનું વેંચાણ ન થાય તે માટે પોલીસ સતર્ક બની છે અને પ્ર.નગર પોલીસે ચેકીંગ હાથ ધરી હતી.જેમાં પોલીસે દુકાને- દુકાને જઈ તપાસ કરતાં પ્રતિબંધીત ચાઈનીઝ દોરીનું વેંચાણ કરતો વેપારીઓનાં ફફડાટ ફેલાવ્યો હતો.

ઉપરાંત એ. ડિવિઝન પોલીસે દાતાર બાપુના તકિયા પાસેથી એઝાંઝ હુસેન બ્લોચને ચાઈનીઝ કાચનો રંગ ચડાવેલ ૫ ફિરકી સાથે, તેમજ ત્યાંથી જ ભગવતીપરાના ટીપું સુલતાન રફીક શેખને ચાઈનીઝ કાચનો રંગ ચડાવેલ ૫ ફિરકી સાથે ઝડપી પાડ્યા હતાં. તેમજ કુવાડવા રોડ પોલીસે માલિયાસણ ચોકડી પાસેથી રણજીત રૂખડ મેરને ચાઈનીઝ દોરીની ૨ ફિરકી સાથે પકડયો હતો. થોરાળા પોલીસે ગંજીવાડાના ઉમેશ શામજી સરવૈયાને ચાઈનીઝ દોરીની ૫ ફિરકી, પ્ર. નગર પોલીસે સદર બજારમાં રહેતાં જલાલુદિન નશીબઅલિને સદર બજારમાંથી સિન્થેટિક મટીરીયલ કાચના મંઝા સાથે પકડી પાડ્યો હતો.

ક્રાઇમ બ્રાન્ચની ટીમે રેલનગર પેટ્રોલપંપની સામે આવેલ રિયા ટોયઝમાંથી ચાઈનીઝ દોરીની ૩ ફિરકી પકડી દુકાન બહાર દોરીનું વેંચાણ કરતાં રાહુલ બિપિન બાટવીયાને પકડી પાડ્યો હતો. જયારે શહેરના અલગ અલગ વિસ્તારોમાં પોલીસે દરોડા પાડી અનેક વેપારીઓને ચાઈનીઝ દોરી વેંચતા પકડી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

## પતંગ સાથે સાયબર અવરનેસ






રાજકોટ. તા.૧૩

શહેરમાં સાયબર ફ્રોડના બનાવો પ્રતિદિન વધી રહ્યાં છે, જેમાં એજ્યુકેટેડ લોકો પણ ગઠિયાઓની ઝાળમાં ફસાતા હોય છે. ત્યારે પોલીસે ખાસ અવરનેસના ભાગરૂપે ઉત્તરાયણ પૂર્વે રાહદારી અને વાહનચાલકોને સાયબર અવરનેસ દર્શાવતી પતંગનું વિતરણ કર્યું હતું અને ઓનલાઈન છેતરપિંડીથી સચેત રહેવાની અપીલ કરી હતી.

---

## સમાધાનની વાત વચ્ચે પતિ અને તેના પરીવારનો વેવાઈ પર હુમલો, વાહનમાં તોડફોડ

### રૈયાધાર મચ્છુનગર ટાઉનસશીપ સામેનો બનાવઃ ઈજાગ્રસ્તને સારવારમાં ખસેડાયાઃ યુની. પોલીસે ત્રણ શખ્સો સામે ગુનો નોંધી પકડવા ચક્રો ગતિમાન કર્યા

રાજકોટ. તા.૧૩

રૈયાધાર મચ્છુનગર ટાઉનસશીપ સામે સમાધાનની વાત વચ્ચે પતિ અને તેના પરીવારે વેવાઈ પર ધોકા પાઈપથી હુમલો કરી વાહનમાં તોડફોડ કરતાં યુની. પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે ધોરાજીમાં આનંદનગર સોસાયટી રેલ્વે સ્ટેસનની બાજુમાં રહેતાં તેજલબેન આકાશભાઈ વાઘેલા (ઉ.વ.૨૨) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે સાગર રાજુ સુરેલા, રાજુ મફા સુરેલા, કિશોર રાજુ સુરેલા (રહે. તમામ રૈયાધાર મચ્છુનગર ટાઉનસશીપ સામે રાધે શ્યામ ગૌશાળાની બાજુમાં) નું નામ આપતા યુની. પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેણીને સંતાનમાં એક પુત્ર છે. તેમના માતા-પીતા હનુમાનમઢી પાસે છોટુનગર સૌચાલયની બાજુમા રહે છે અને કાકા વિરમભાઈ સમેચા તેના પિતાના ઘરની બાજુમા રહે છે, કાકાની દીકરી સોનલબેનના લગ્ન સાગર સુરેલા સાથે દસેક વર્ષ પહેલા થયેલ અને સોનલબેન છેલ્લા એકાદ વર્ષથી રીસામણે હતા. સોનલબેનના પતિ છુટાછેડા લેવાનુ કહેતા હોય પરંતુ તેણીને સંતાનમાં એક દીકરો હોય જેથી છુટાછેડા નહી પરંતુ સમાધાન કરવાનુ કહેતા હતાં.

જેથી ફરિયાદી તેણીના પતિ સાથે ધોરાજીથી માવતરના ઘરે સોનલબેનનું સમાધાન કરવા આવેલ હતા. ગઈ તા.૧૨ ના બપોરના સમયે તેના પિતા, પતિ આકાશભાઈ વાઘેલા, કાકાની દીકરી સોનલબેન સાથે રૈયાધાર મચ્છુનગર ટાઉનસશીપ સામે રાધે શ્યામ ગૌશાળાની બાજુમાં સમાધાન માટે કરવાં ગયેલ અને સોનલબેનના સસરા રાજુ અને તેના દીકરા સાગરને સોનલબેનને તમારા ઘરે રહેવુ છે જેથી તમ એ લોકો સમાધાન કરી નાખો તેમ વાત કરતા સાગર ઉગ્ર અવાજે કહેવા લાગેલ કે, મારે સોનલને આજેય નથી જોતી અને કાલે પણ નથી જોતી તેમ કહી ગાળો આપી લોખંડનો પાઇપથી તેણીના પિતાના માથાના ભાગે ઘા ઝીંકી દિધેલ હતો.

તેમજ રાજુ સુરેલા તથા તેનો દીકરાઓ પણ લાકડાના ધોકા લઈને તેણીના પિતાને આડેધડ માર મારવા લાગેલા હતા. જેથી તેઓ છોડાવવા જતાં તેમને પણ આડેધડ માર મારેલ હતો. તેમજ આરોપીઓ કહેતા હતા કે, હવે તમો બધાને જવા દઈ છિયે હવે બીજી વાર તમે સમાધાન માટે આવસો તો જાનથી મારી નાખીશું તેવી ધમકી આપેલ હતી. ફરિયાદીના પિતાને ગંભીર ઈજા પહોંચતા બેભાન થઈ ઢળી પડ્યા હતાં. તે દરમિયાન આરોપીઓએ ફરિયાદીની ગાડીમાં આડેધડ ધોકા વડે ફટકારી નુકશાન કરેલ હતું. બાદમાં લોકો એકઠાં થઈ જતાં આરોપીઓ નાસી છૂટચા હતાં અને ઇજાગ્રસ્તને ૧૦૮ મારફ્ત સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડેલ હતાં. બનાવ અંગેની ફરીયાદ પરથી યુની. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

## પ્રખર જયોતિષાચાર્ય બિપીનદાદાનું નિધનઃ ગુરૂવારે બેસણું



રાજકોટઃ મૂળ બ્રાન્દ્રા (ગોંડલ) નિવાસી હાલ રાજકોટ જયોતિષાચાર્ય નરેન્દ્રભાઈ (બીપીનદાદા) કાશીનાથ પંડયા તે સ્વ. કાશીનાથભાઈ ગોકળદાસ પંડયા, ગં.સ્વ.અનસુયાબેન કાશીનાથભાઈ પંડ્યાના સુપુત્ર, સ્વ. અરૂણાબેન પંડયાના પતિ, દર્શનભાઈ પંડયા તથા ધૈવતભાઈ પંડયાના પિતાશ્રી, હેમેન્દ્રભાઈ પંડયા (લંડન), કિરીટભાઈ પંડયા (લંડન), અજયભાઈ પંડયા, દિપકભાઈ પંડયા અને અરૂણાબેન અશોકભાઈ કાલાવડીયાના ભાઈનું તા.૧૨ના રોજ અવસાન થયું છે. સદગતનું બેસણું તા.૧૬ને ગુરૂવારે સાંજે ૪.૦૦ થી ૬.૦૦ ''ભાવના સ્મૃતિ'', ૨/૮ સિલ્વર સ્ટોન કોર્નર, ઓસ્કાર ટાવર મેઈન રોડ, ૧૫૦ ફુટ રીંગરોડ રાજકોટ ખાતે તેઓના નિવાસ સ્થાને રાખેલ છે. દર્શનભાઈ પંડયા મો.નં.૯૦૯૯૯ ૭૩૭૩૧, ધૈવતભાઈ પંડયા મો.નં.૯૫૭૪૨ ૧૧૯૧૧

# શેરબજારમાં ૭૧૩ શેરોમાં ઉંધી સર્કિટ : ૪૮૬ શેરોના ભાવ વર્ષના નીચલા સ્તરે

### શેરબજાર

(પહેલા પાનાનું ચાલું)

આર્થિક મોરચે નવો પડકાર સર્જાઈ શકે છે અને રૂપિયાની નબળાઈથી તેના આયાત વધુ મોંઘી થઈ શકે છે. આ સિવાય ખાતર સહીત આયાત થતી તમામ ચીજવસ્તુઓનું ભાવમાં વધારાનું જોખમ રહેશે.

કરન્સી માર્કેટની સાથોસાથ શેરબજારમાં પણ મંદીનો વોલસ્ટ્રીટમાં કડાકા, વિશ્વબજારની મંદી, વિદેશી નાણા સંસ્થાઓની સતત વેચવાલી, વિકાસદરમાં ઘટાડાનુ અનુમાન જેવા પ્રતિકુળ કારણોની સામે નવા સારા પરિબળોની ગેરહાજરીથી માનસ નબળુ હતું. જાણીતા શેરબ્રોકરોનાં કહેવા પ્રમાણે આગામી બે સપ્તાહ હવે એકશન પેક રહેવાની શકયતા છે. કોર્પોરેટ કંપનીઓનાં પરિણામો બાદ અમેરીકામાં ટ્રમ્પની તાજપોશી બાદ નવી સરકારની નીતિ વિષયક જાહેરાતો તથા ૧લી ફેબ્રુઆરીઅહે ભારતમાં સામાન્ય બજેટ નવો ટ્રેન્ડ નકકી કરશે.

શેરબજારમાં આજે લગભગ તમામ ક્ષેત્રોના શેરો દબાણ હેઠળ રહ્યા હતા. અદાણી પોર્ટ, એશીયન પેઈન્ટસ, બજાજ ફાઈનાન્સ, ભારતી એરટેલ, એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, કોટક બેંક, લાર્સન, મહિન્દ્રા, મારૂતી, પાવરગ્રીડ, રીલાયન્સ, સ્ટેટ બેન્ક, ટાટા મોટર્સ, ટાટા સ્ટીલ, જેવા શેરોમાં ગાબડા હતા. ઈન્ડુસઈન્ડ બેંક, બ્રિટાનીયા, એકસીસ બેંક, ટીસીએસ જેવા શેરો ઉંચકાયા હતા.

મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેકસ ૧૧૦૦ પોઈન્ટના કડાકાથી ૭૬૨૭૦ સાંપડયો હતો. જે ઉંચામાં ૭૭૧૨૮ તથા નીચામાં ૭૬૨૪૯ થયો હતો. નેશનલ સ્ટોક એકસચેંજનો નીફટી ૩૪૪ પોઈન્ટના કડાકાથી ૨૩૦૨૭ હતો તે ઉંચામાં ૨૩૩૪૦ તથા નીચામાં ૨૩૦૪૭ સાંપડયો હતો. શેરબજારમાં પ્રચંડ કડાકાથી ઇન્વેસ્ટરોના ૧૨ લાખ કરોડ રૂપિયાનું ધોવાણ થઇ ગયું હતું. બીએસઇનું માર્કેટ કેપીટલાઇઝેશન ૪૧૭.૨૮ લાખ કરોડ થયું હતું. બીએસઇમાં કુલ ૪૨૨૬ શેરોમાં કામકાજ થયા હતા જેમાંથી માત્ર ૫૨૭માં જ સુધારો હતો. ૩૫૭૪ શેરોમાં ઘટાડો નોંધાયો હતો. ૧૧૬ શેરો વર્ષની ઉંચાઇએ પહોંચ્યા હતા જયારે ૪૮૬ વર્ષની નીચી સપાટીએ ધસી ગયા હતા. ૧૯૮ શેરોમાં તેજીની સર્કિટ હતી જયારે ૭૧૩માં મંદીની સર્કિટ લાગી હતી.

### કમુરતા

(છેલ્લા પાનાનું ચાલું)

બેઠક યોજશે. જેમાં પ્રદેશ પ્રમુખના નામ પર ચર્ચા કરીને તે દિલ્હી જશે અને અન્ય રાજયોના પ્રદેશ પ્રમુખના નામો સાથે ગુજરાતને નવા પ્રદેશ પ્રમુખ આવી જશે.

રાજકોટ સહિતના જીલ્લા તથા મહાનગરોમાં નામ ફાઈનલ થઈ ગયા છે અને તેઓ ૭૦%થી વધુ જીલ્લા-મહાનગર પ્રમુખો બદલાઈ રહ્યા છે.

ઝી-૨૪ કક્ષાના રિપોર્ટ મુજબ રાજકોટમાં કશ્યપ શુકલ અને જૈમનભાઈ ઉપાધ્યાય વચ્ચે બે માંથી કોઈ એક નામ પર મહાનગર પ્રમુખની મહોર લાગી શકે છે. આ અંગે બુધવારે ચિત્ર સ્પષ્ટ થઈ જશે.

### રેશનકાર્ડ

(છેલ્લા પાનાનું ચાલું)

રાશન મળવાનું બંધ થઈ જશે.

ફૂડ એન્ડ પબ્લિક ડિસ્ટ્રિબ્યુશન ડિપાર્ટમેન્ટ તરફથી પ્રાપ્ત માહિતી અનુસાર, તમામ રેશનકાર્ડ ધારકોને e-KYC કરાવવા માટે ૩૧ ડિસેમ્બરની સમયમર્યાદા આપવામાં આવી હતી. પરંતુ તેમ છતાં ઘણા લોકોએ e-KYC કરાવ્યું ન હતું. આવી સ્થિતિમાં, આ સમયમર્યાદા ફરીથી ૩૧ માર્ચ સુધી લંબાવવામાં આવી છે.

### શ્રદ્ધા

(પહેલા પાનાનું ચાલું)

પ્રારંભ સાથે જ શ્રદ્ધા-ભકિતનો મહાસાગર છલકાયો હોય તેમ આજે સવારમાં જ ૪૦ લાખથી વધુ શ્રદ્ધાળુઓએ સંગમ સ્થળે પવિત્ર ડુબકી લગાવી દીધી હતી. ૩૫ લાખથી વધુ ભાવિકો ગઈકાલે જ પ્રયાગરાજ પહોંચી ગયા હતા.

૨૬ ફેબ્રૂઆરી-૪૫ દિવસ-સુધી ચાલનારા આ મહાકૂંભ માટે ૧૦૦૦૦ એકર જમીનની કાયાપલટ કરીને ૪૦,૦૦૦ એકરમાં યોજવામાં આવ્યો છે. મહાકુંભમાં આવનારા ભાવિકોને કોઈ તકલીફ ન થાય તે માટે અભુતપુર્વ વ્યવસ્થા કરવામાં આવી છે. સુરક્ષા બંદોબસ્ત ઉપરાંત લોકોનાં ભુલા પડવા કે ખોવાઈ જવાથી માંડીને તમામ પ્રકારની ગોઠવણ છે.

ભકિત-આધ્યાત્મિક શ્રદ્ધાનાં સંગમ સ્થળે આજે પૌષ પૂર્ણિમા તથા કાલે મકર સંક્રાતિનું સ્થાન થશે. અક માસના કલ્પવાસનો પણ આજથી પ્રારંભ થયો હતો ત્યારબાદ ૨૯ જાન્યુઆરીએ મૌની અમાવસ્યા ૩ ફેબ્રુઆરીએ વસંત પંચમીનું સ્નાન થશે. માઘી પૂર્ણિમાએ ૧૨ ફેબ્રુઆરીએ કલ્પવાસ પૂર્ણ થશે.

### મહાપાલિકા

(છેલ્લા પાનાનું ચાલું)

અને ઘરવિહોણા લોકોને મદદરૂપ થાય તેવો સૌને કમિશ્નરે અનુરોધ કર્યો છે.

તા.૧૮-૧૨ના રોજ સાંજે કમિશનર તુષાર સુમેરાએ શાળા નં.૧૦ પાસે અને મરચા પીઠ ખાતે આવેલ આશ્રયસ્થાન (રેનબસેરા)ની મુલાકાત લીધી હતી. ઘરવિહોણાં લોકોને રહેવાની, આરોગ્ય, આંગણવાડી, શિક્ષણની નિ:શુલ્ક પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. તેમજ સંચાલક સંસ્થાઓ દ્વારા અન્ય એનજીઓનાં સહયોગથી ભોજનની વ્યવસ્થા કરવામાં આવે છે. તમામ આશ્રયસ્થાનોમાં સ્ત્રી અને પુરૂષ વિભાગની અલાયદી વ્યવસ્થા કરવામાં આવેલ છે.

### મહાકુંભ

(છેલ્લા પાનાનું ચાલું)

સ્લિપર કલાસમાં આગામી ૨૬મી ફેબ્રુઆરી સુધી 'રિગ્રેટ'ની જાહેરાત કરી દેવાઈ છે એટલે કે આ ટ્રેનમાં તો ટિકિટ જ મળવાની બંધ થઈ ગઈ છે.

ટ્રેનોમાં બુકિંગ નહીં મળતાં કેટલાક ખાનગી ટૂર ઓપરેટર્સે અમદાવાદથી પ્રયાગરાજ વચ્ચે બસ શરૂ કરી છે. અમદાવાદથી પાંચ જેટલી ખાનગી બસમાં ૩૫ કલાકની મુસાફરી માટે ભાડું રૂપિયા બે હજારથી લઈને રૂપિયા પાંચ હજાર સુધીનું છે. ફ્લાઇટની વાત કરવામાં આવે તો અમદાવાદથી આ ફ્લાઈટ સવારે ૮:૧૦ના ઉપડીને સવારે ૯:૫૫ના પ્રયાગરાજ પહોંચાડશે. આ ફ્લાઈટ માટે રૂપિયા ૬ હજારથી લઇને રૂપિયા ૧૪ હજાર સુધીનું ભાડું જોવા મળે છે. જાણકારોના મતે, ગુજરાતમાંથી કેટલા લોકો પ્રયાગરાજ પહોંચશે તેનો ચોક્કસ આંકડો કહેવો હજુ સુધી મુશ્કેલ છે. પરંતુ આ વખતે ૩થી ૫ લાખ લોકો ગુજરાતથી મહાકુંભમાં ભાગ લેશે તેમ માનવામાં આવે છે.

# યાર્ડના કમીશન એજન્ટોને રૂ.૪ કરોડ સુધીની ઈન્કમટેક્સ નોટીસોઃ આક્રોશ ભભૂક્યો

## બેડી યાર્ડના અંદાજીત ૩૦૦ વેપારીઓ આવકવેરા કચેરીએ ધસી ગયા; નોટીસ 'ખોટી' હોવાની દલીલ સાથે લેખિત રજુઆતઃ યોગ્ય નિવેડો ન આવે તો તીવ્ર પ્રત્યાઘાતો પડવાની આશંકા






રાજકોટ, તા.૧૩

નાણાંકીય વર્ષની વસુલાતનો ટાગરેટ હાંસલ કરવા માટે આવકવેરા, વિભાગે નોટીસોનો મારો શરૂ થયો છે. જ્યારે માર્કેટ યાર્ડના કમીશન એજન્ટ-વેપારીઓને ચાર કરોડ રૂપિયા સુધીની નોટીસો ફટકારવામાં આવતા વેપારી વર્ગમાં ખળભળાટ સર્જાયો હતો. ઈન્કમટેક્સ નોટીસથી ફફડેલા યાર્ડના ૩૦૦ જેટલા વેપારીઓ આવકવેરા કચેરીએ દોડ્યા હતા અને ક્યાંક કાચુ કપાયાની દલીલ સાથે લેખિત રજુઆત કરી હતી. આવકવેરા વિભાગ દ્વારા યોગ્ય રીતે ફેર તપાસ કરવાની બાંહેધરી આપવામાં આવી હતી.

રાજકોટ માર્કેટ યાર્ડના ચેરમેન જયેશ બોઘરાની આગેવાનીમાં ૩૦૦ જેટલા વેપારીઓ આજે બપોરે ઈન્કમટેક્સ કચેરીએ ધસી ગયા હતા અને ખોટી રીતે નોટીસો આપવામાં આવી હોવાની રજુઆત કરી હતી. આ અંગે ચેરમેન બોઘરાએ વાતચીતમાં જણાવ્યું હતું કે ગત સપ્તાહના અંતમાં ડઝનથી વધુ વેપારીઓને રૂા.૯૦ લાખથી માંડીને ૪ કરોડની નોટીસો મળી હતી જેને પગલે કમીશન એજન્ટો સ્તબ્ધ થઇ ગયા હતા. વાસ્તવમાં કમીશન એજન્ટોનું વાર્ષિક કમિશન પણ આ રકમ જેટલું થતું હોતું નથી તેને પગલે વેપારીઓ દ્વારા સત્તાવાળાઓનું ધ્યાન દોરવામાં આવ્યું હતું. કરવેરા નિષ્ણાંતોના અભિપ્રાય મેળવીને નોટીસો મામલે ઈન્કમટેક્સને રજુઆત કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત બેડી યાર્ડના અંદાજીત ૩૦૦થી વધુ વેપારીઓએ આવકવેરા કચેરીએ પહોંચીને રૂબરૂ રજુઆત કરી હતી. ચીફ કમીશ્નર મળી શક્યા નહતા એટલે ડેપ્યુટી કમીશ્નરને લેખિત રજુઆત કરવામાં આવી હતી. તેમના દ્વારા ચકાસણીની બાહેંધરી આપવામાં આવી હતી. ઉપરાંત ચીફ કમીશ્નર સાથે ફરી મુલાકાત કરવાનું કહેવામાં આવ્યું હતું. બે-ચાર દિવસ બાદ ફરી વખત વેપારીઓ ચીફ કમીશ્નરને રજુઆત કરવા જશે તેવું નક્કી કરવામાં આવ્યું હતું.

તેમણે કહ્યું કે માર્કેટ યાર્ડમાં ઠલવાતી જણસીઓ ખેડૂતોની હોય છે. કમીશન એજન્ટો કમીશનના આધારે હરરાજીમાં તેનું વેચાણ કરતાં હોય છે. કમીશનની ટકાવારી યાર્ડ સતાવાળાઓએ જ નક્કી કરેલી હોય છે અને જુદી-જુદી જણસીની અલગ હોય છે. મહતમ બે ટકાથી વધુ હોતી નથી તેવા સમયે ચાર કરોડની નોટીસો મળતા વેપારીઓમાં સોંપો પડી ગયો હતો. ગત સપ્તાહમાં અંદાજીત ૧૪ થી ૧૫ કમીશન એજન્ટોને ૪ કરોડ રુપિયા સુધીની નોટીસો મળી છે. હજુ વધુ નોટીસો મળવાની આશંકાથી તમામ વર્ગ ધ્રુજી ગયા હતા. આ નોટીસો રદ કરવાની માંગ કરવામાં આવી છે. ઈન્કમટેક્સ યોગ્ય કાર્યવાહી નહીં કરે તો વધુ તીવ્ર પ્રત્યાઘાતો પડવાની આશંકા છે.

### ઈન્કમટેક્સે કાચુ કાપ્યું? કમીશનની રકમના બદલે સમગ્ર 'બીલીંગ રકમ' પર નોટીસ કાઢી

યાર્ડના કમીશન એજન્ટ વેપારીઓએ એવો આરોપ લગાવ્યો હતો કે રીટર્નના ઇ-વેરીફીકિશનમાં કાચુ કપાયાની શંકા છે. વેપારીઓની કમીશનની રકમને બદલે સમગ્ર બીલીંગ રકમની ગણતરી કરીને આ નોટીસ ફટકારવામાં આવી છે. વાસ્તવમાં કમીશન એજન્ટોને બીલીંગની રકમ પર જુદી-જુદી જણસીઓમાં એક થી બે ટકા સુધીનું જ કમીશન મળતું હોય છે અને ટેક્સની ગણતરી કરવાની થતી હોય છે. વર્ષોથી આવકવેરા કાયદાની ટીડીએસ સહિતની પ્રક્રિયાનું પાલન કરવામાં આવે છે. પ્રથમ વખત આ પ્રકારની નોટીસ મળી છે તેનાથી વેપારીઓ ધ્રુજી ગયા છે.

### નિયત કરતા ૪૯૦૦ ટકા વધુ રકમની ગણતરીઃ નોટીસ જેટલી રકમનું વાર્ષિક કમીશન પણ થતું નથી

માર્કેટ યાર્ડ કમીશન એજન્ટ એસો.ના પ્રમુખ અતુલ કમાણીએ વાતચીતમાં જણાવ્યું હતું કે કમીશન એજન્ટોને એકથી બે ટકા કમીશન મળે છે તેઓનું વાર્ષિક ટર્નઓવર ૧૫ થી ૫૦ કરોડનું હોય છે અને તેના પર કમીશનની ગણતરી થાય છે. આવકવેરા વિભાગ દ્વારા જેટલી રકમની નોટીસ મોકલવામાં આવી છે તેટલું વાર્ષિક કમીશન પણ હોતું નથી.

નોટીસમાં આવકવેરા ખાતાની ભૂલ હોવાની શંકા છે. કરદાતા વેપારીઓએ રીટર્નમાં જેટલી આવક દર્શાવી છે તેના કરતાં ૪૯૦૦ ટકા વધુ આવકની ગણતરી કરી લેવામાં આવી છે અને તેના આધારે જંગી રકમની નોટીસો ફટકારવામાં આવ્યાનું મનાય છે.

---

આગામી પખવાડિયું ખૂબ મહત્વનું : સરકાર અને ભાજપ સંગઠનમાં મોટાપાયે ફેરફારો આવી રહ્યા છે

# સાંસદ મયંક નાયક પાટિલના અનુગામી બનવા પર ફાઈનલ, પ્રમુખ તરીકે નિશ્ચિત

## એપ્રિલ ૨૦૨૪ થી રાજ્યસભાના સાસદ છે, ગાંધીનગર લોકસભા બેઠકના ઈન્ચાર્જ, સંઘ પરિવાર, ઓબીસી મોરચાના પ્રદેશ પ્રમુખ રહી ચૂકેલ એવા ૫૩ વર્ષીય મયંક નાયકના નામ પર મહોર લાગી ગયા હોવાના સમાચાર પ્રાપ્ત થાય છે

### પ્રદેશ ભાજપ પ્રમુખ હવે ઓબીસી નેતા હોવાની સંભાવના હોય ત્યારે વડાપ્રધાન મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી શાહની ગુડ-બુકમાં જે સ્થાન ધરાવે છે તે મયંક નાયકને કમાન સોંપાશે

રાજકોટ : ભાજપના પ્રદેશ પ્રમુખ તરીકે સી.આર.પાટીલ છેલ્લા અઢી વર્ષથી જે કામગીરી કરી છે તેમાં સંગઠનના પરફોર્મન્સનું સ્તર ખૂબ જ ઊંચું ગયું છે, અને અનેક નવા સફળતાના આયામ સર કર્યા છે. ભાજપે ૨૦૨૨ વિધાનસભાની ચટણીમાં ૧૫૬ બેઠકો જીતી માધવસિંહ સોલંકીનો રેકોર્ડ પણ તેમના કાર્યકાળ દરમ્યાન જ તૂટ્યો છે. હવે ભાજપ ગુજરાતમાં એવા પ્રદેશ પ્રમુખ લાવે જે પાટીલ બાદ આ સંગઠનને મજબૂતીથી જાળવી શકે. સી.આર.પાટીલ પાસે કાર્યકરો સાથે સ્પષ્ટ વાત કરી, પાર્ટી માટે કામ કઢાવવાની વિશેષ આવડત હતી અને તેમના માટે પાર્ટીના દરેક કાર્યકર સમાન હતા અને તેમના માટે સમય ફાળવી વાત સાંભળી સોલ્યુશન લાવી શકતા હતા. હવે તેમના અનુગામી તરીકે આ જ રીતે જેની પાસે સૂઝબૂઝ હોય, દિલ્હી હાઈકમાંડમાં વિશ્વાસુ, તેવા નેતાની પસંદગી કરાશે. આ ઉપરાંત આ વખત પ્રદેશ પ્રમુખ તરીકે ઓબીસી નેતાની પસંદગી થાય તેવું માનવામાં આવે છે. તે સમયે રાજ્યસભામાં સાંસદ મયંક નાયકનું પ્રદેશ પ્રમુખ તરીકે નામ ફાઈનલ થયું હોય તેવું સૂત્રો તરફથી



જાણવા મળે છે. આવતીકાલથી કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહ ગુજરાતના પ્રવાસ પર આવશે અને ત્યારબાદ ભાજપ તરફથી નવા પ્રદેશ અધ્યક્ષની જાહેરાત થશે. મયંક નાયક ૩ એપ્રિલ ૨૦૨૪ ના રાજ્યસભાના સાંસદ બન્યા હતા. તેઓ અમિતભાઈ શાહના અત્યંત વિશ્વાસુ માનવામાં આવે છે અને ગાંધીનગર લોકસભા બેઠક જ્યાં અમિતભાઈ ચૂંટણી લડ્યા હતા તેના નાયક ઇન્ચાર્જ રહ્યા હતા.

**ભાજપ પ્રદેશ પ્રમુખ કોઈ ધારાસભ્ય કે સાંસદ જ હોય છે:**

ભાજપના પ્રદેશ પ્રમુખ કોઈ ધારાસભ્ય કે સાંસદ જ હોય છે કારણ કે કોઈ પણ સરકારી કાર્યક્રમ હોય ત્યારે ભાજપના પ્રદેશ વડા તરીકે હાજરી હોય તો લોકપ્રતિનિધિ હોય તો પ્રોટકોલ જળવાય શકે. અને ભૂતકાળમાં પણ આ પ્રમાણે જ જવાબદારીઓ સોંપાઈ છે. તે સમયે એપ્રિલ ૨૦૨૪ માં અચાનક રાજ્યસભામાં મયંક નાયકની એન્ટ્રી અને ત્યારબાદ એક વર્ષ થી અનેક અન્ય સંગઠનની જવાબદારી સોંપવી તે સૂચક છે.

---

# કલેક્ટર પ્રભવ જોશી અઠવાડિયાની રજા પર

## ચાર્જ સોંપણી અંગે સરકાર દ્વારા સાંજ સુધીમાં જાહેરાત

રાજકોટ, તા.૧૩

રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશી આજથી અઠવાડિયાની રજા પર ઉતરી ગયા છે. તેમના ચાર્જની સોંપણી અંગે રાજ્ય સરકાર દ્વારા સાંજ સુધીમાં જાહેરાત કરવામાં આવનાર છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે આવતીકાલે તા.૧૪ને મંગળવારે મકરસંક્રાંતિની જાહેર રજા હોય કલેક્ટર પ્રભવ જોશી અઠવાડિયાની રજા પર ઉતરી ગયા હોય, હવે તેઓ સોમવારે ફરજ પર હાજર થનાર હોવાનું જાણવા મળ્યું છે.



જિલ્લા વિકાસ અધિકારી નવનાથ ગવ્હાએની સુરેન્દ્રનગર નગરપાલિકાના કમિશ્નર તરીકે બદલી કરાયા બાદ જિલ્લા વિકાસ અધિકારીની જગ્યા પણ વણપુરાયેલી રહી છે. દરમિયાન જિલ્લા કલેક્ટર પ્રભવ જોશી આઠ દિવસની રજા પર ઉતરી ગયા છે.

જેથી તેમના ચાર્જની સોંપણી અંગે સાંજ સુધીમાં સરકાર દ્વારા જાહેરાત થશે તેમ કલેક્ટર કચેરીના સુત્રોએ જણાવ્યું છે.

# પ્રતિબંધિત પ્લાસ્ટિક પકડવા પતંગ બજારમાં પણ દરોડા

રાજકોટ, તા. ૧૩

બજારોમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઉપયોગ અંગેની તપાસ પતંગ બજારમાં પણ પહોંચતા આવો માલ જપ્ત કરવામાં આવ્યો છે.

બે દિવસમાં ત્રણે ઝોનમાં ૧૧૯ ધંધાર્થી પાસેથી ૧૧.૫૫ કિલો પ્રતિબંધિત ઝબલા સહિતનું પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવ્યું હતું. સદર સહિતની પતંગ બજારમાં પણ સોલીડ વેસ્ટ શાખાનો રાઉન્ડ હતો. તો જુદા જુદા રસ્તે જાહેરમાં ગંદકી કરતા આસામીઓ પાસેથી રૂા. ૩૧ હજારનો દંડ વસુલ કરવામાં આવ્યો હતો.



---

# મંત્રીમંડળ પુનઃરચનાઃ મૂળ કોંગ્રેસીઓનો 'કવોટા' જળવાશે કે વધારાશે! ભાજપના ધારાસભ્યોની નજર

### હાલ કોંગ્રેસમાંથી આવેલા ત્રણ મંત્રીઓ છેઃ હજુ ત્રણ-ચાર કેબીનેટ માટે લાઈનમાં છે! રીશફલનું ગણિત અઘરૂ બની જશે

રાજકોટ: ગુજરાતમાં ભાજપની સંગઠન નવરચનામાં હવે પ્રદેશ પ્રમુખની નિયુક્તિની તૈયારીઓ ચાલી રહી છે અને તે સમયે મંત્રીમંડળની પુનરચના પણ થશે તેવા સંકેત છે તે સમયે ભાજપમાં આવેલા મૂળ કોંગ્રેસના ધારાસભ્યો હવે મંત્રીમંડળ મુદ્દે સામસામા આવી ગયાના સંકેત છે.

સૂત્રોના જણાવ્યા મુજબ પક્ષમાં બહુ અસંતોષ વ્યાપે નહી તે હેતુથી ભાજપે મંત્રીમંડળમાં મૂળ કોંગ્રેસી માટે એક કવોટા નિશ્ચિત કર્યા છે અને તે મુજબ હાલ કુવરજીભાઈ બાવળીયા, બળવંતસિંહ રાજપૂત, રાઘવજીભાઈ પટેલ મંત્રીમંડળમાં છે અને જે નવા મૂળ કોંગ્રેસી ભાજપમાં જોડાયા છે તેમાં અર્જુન મોઢવાડીયા, સી.જે.ચાવડા અને અન્ય મંત્રી બનવા લાઈનમાં છે. હવે ભાજપ નવા મંત્રીમંડળમાં જૂના ચહેરાના સ્થાને નવા લેશે તો તેઓ મૂળ કોંગ્રેસી ધારાસભ્યોમાંથી પસંદગી કરવી પડશે.

મંત્રીમંડળમાં ભાજપના ૧૬૨ ધારાસભ્યોમાં પક્ષના વફાદાર ભાજપ સાથે જ જોડાયેલા રહેલા અને લાં...બા સમયથી રાહ જોતા ધારાસભ્યોમાં અસંતોષ સર્જાય નહી તે જોવાનું છે. આથી હવે મંત્રીમંડળની પુનરચનામાં કોણ કોને રીપ્લેસ કરે છે તે જોવાનું રસપ્રદ બની રહેશે.

હાલના 'મૂળ-કોંગ્રેસી' મંત્રીઓને યથાવત રખાય અને નવા પણ 'પંજા'માંથી 'કમળ' પકડનારને ચાન્સ અપાય તો ભાજપ સરકારમાં ભાજપના જ મંત્રીઓ 'લઘુમતી'માં આવી જવાનો ડર પક્ષના એક સીનીયર નેતાએ દર્શાવ્યો હતો.

આમ અભિગમની પુનરચનામાં પેચીદો પ્રશ્ન છે. હાલની અનેક ઘટનાઓ બાદ કેબીનેટને નવો ચહેરો આપવો પણ જરૂરી છે અને તેની સમગ્ર કવાયતને ખૂબ સંભાળપૂર્વક હાથ ધરાશે તેવા સંકેત છે.

## ઝેડ-મોર ટનલને નવું નામ 'સોનમર્ગ' મળ્યું

કાશ્મીર,તા.૧૩

પીએમ મોદીએ ટનલનું નિરીક્ષણ કર્યું અને તેનાં નિર્માણમાં ભૂમિકા ભજવનારા કામદારો સાથે વાતચીત કરી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોનમર્ગ ખાતે ઝેડ-મોર ટનલનું ઉદ્દઘાટન કર્યું જે લદ્દાખ સાથે તમામ કનેક્ટિવિટી માટે ચાવીરૂપ છે.

આ ટનલનું નામ બદલીને સોનમર્ગ ટનલ રાખવામાં આવ્યું છે, જે કાશ્મીરમાં આવેલું પ્રખ્યાત પ્રવાસી રિસોર્ટ છે જે આ પ્રોજેક્ટને કારણે વર્ષમાં ગમે ત્યારે જવામાં લોકોને મદદરૂપ થશે.

આ ટનલ, મધ્ય કાશ્મીરના ગાંદરબલ જિલ્લાના કંગન શહેર સાથે સોનમર્ગને જોડે છે. શ્રીનગર-લેહ હાઇવે પર એક પ્રખ્યાત પર્યટન સ્થળ સોનમર્ગ નજીકનાં ગગનગીર ગામમાં આવેલું છે તેના નામ પર આ ટનલનું નામ સોનમર્ગ રાખવામાં આવ્યું છે.

# સવા વર્ષમાં સીંગખોળના ભાવ અડધાઃ નિકાસમાંઃડ્યુટી ડ્રો-બેકના લાભ આપવા માંગ

## ગુજરાત એડીબલ ઓઈલ-ઓઈલસીડઝ એસોસીએશનની કેન્દ્ર સરકારને રજુઆત

રાજકોટ, તા.૧૩

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ચોમાસાના સારા વરસાદથી મગફળીનો જંગી પાક થયો છે. સીંગતેલના ભાવો પ્રમાણમાં નીચાસ્તરે જ છે અને સીંગખોળ પણ તળીયાની સપાટીએ છે ત્યારે સીંગખોળની નિકાસમાં ડ્યુટી ડ્રોબેક જેવા લાભ આપવાની માગણી ઉઠી છે.



ગુજરાત સ્ટેટ એડિબલ ઓઇલ્સ એન્ડ ઓઇલ્સ એન્ડ ઓઇલ સિડ્ઝ એસો.ના પ્રમુખ સમીર શાહે કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પિયુષ ગોયલને કરેલી લેખિત રજુઆતમાં સીંગખોળની નિકાસ પર ન્યુનતમ ૧૦ ટકા ડ્યુટી ડ્રો બેકનો લાભ આપવા માંગ કરી છે.

મગફળીનું ચિક્કાર ઉત્પાદન હોવા છતાં આયાતી તેલો પર અવલંબન યથાવત છે. મગફળીનું ઉત્પાદન વધારવા અને ખેડૂતોને પ્રોત્સાહન આપવા કેન્દ્ર સરકારે ટેકાના ભાવમાં વધારો કર્યો છે. આયાતી તેલનો પ્રવાહ અટકતો ન હોવાના કારણોસર ખેડૂતોને મગફળીના યોગ્ય ભાવ મળતા નથી. ૬૭૮૨ના ટેકાના ભાવની સામે માર્કેટ કિંમત ૫૭૫૦ આસપાસ જ છે. સીંગખોળનો ભાવ સવા વર્ષ પૂર્વે ૪૫ થી ૫૦ હજાર હતો તે હાલ ૨૧ થી ૨૫ હજાર છે. ઇથોનોલમાંથી સસ્તો પદાર્થ મળતો હોવાથી આ સ્થિતિ છે.

ખેડૂતો તથા તેલ ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે નિકાસ રાહત અનિવાર્ય છે. સીંગખોળની નિકાસ ૫૦,૦૦૦ ટનથી વધે તેમ નથી જેની રકમ ૧૨૫ કરોડ થવા જાય છે. ૧૦ ટકા ડ્યુટી ડ્રો બેકના સંજોગોમાં ૧૨.૫૦ કરોડનો લાભ મળી શકે છે. આ સંજોગોમાં મગફળીના ભાવ વધતા ખેડૂતોને લાભ મળી શકે. ટેકાના ભાવે મગફળી ખરીદીનું ભારણ પણ હળવું થઇ શકશે.

---





તસ્વીર: પંકજ શિશાંગીયા

# લાતી પ્લોટમાં દિવાલ ધરાશાઈ થતાં ત્રણને ઈજાઃ બે વાહનો દટાયા

## ત્રણેય ઈજાગ્રસ્ત સારવારમાંઃ લાકડાના ગોડાઉનની દિવાલ પડતાં છોટાહાથી અને બાઈક ચાલક દબાયાઃ અન્ય વાહનોને પણ નુકશાનઃ ઈજાગ્રસ્તમાં એકની હાલત ગંભીર

રાજકોટ તા.૧૩

શહેરનાં લાતી પ્લોટ-૪ માં આજે સવારે અચાનક દિવાલ ધરાશાઈ થતાં ત્રણ લોકોને ગંભીર ઇજાઓ પહોંચી હતી. જેની તાકિદે બચાવ કામગિરી કરી સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા હતા. દિવાલ ધરાશાઈ થતાં છોટાહાથી ગાડી અને બાઈક સહિત અન્ય વહનો પણ દટાયા હતા.હાલ ત્રણેય ઇજાગ્રસ્ત સારવાર હેઠળ છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ મોરબી રોડ પર આવેલ લાતી પ્લોટ શેરી નં-૪ માં આજે સવારે અગિયાર વાગ્યાની આસપાસ જર્જરિત લાકડાના ગોડાઉનની દિવાલ ધરાશાઈ થઈ હતી. દરમિયાન ત્યાંથી પસાર થઈ રહેલા છોટાહાથી ગાડી અને બાઈક ચાલકની માથે દિવાલ પડતાં ત્રણ લોકોને ઇજા પહોંચી હતી. અને બંને વાહનો દટાયા હતાં.આ બનાવ બનતા ત્યા લોકોનું ટોળુ એકઠુ થઈ ગયુ હતું. અને બચાવ કામગીરી હાથ ધરી ઈજાગ્રસ્તોને તાકિદે ૧૦૮ મારફત રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. એક ની હાલત ગંભીર હોવાનું જાણવાં મળ્યુ છે. ઈજાગ્રસ્તના પરિવારેજને જણાવ્યું હતું કે આજે સવારે જયરાજભાઈ મહેશભાઈ ચૌહાણ (ઉ. વ.૨૨, રહે. લાતી પ્લોટ શેરી નં-૧૦ મોરબી રોડ) અને અહેઝાદભાઈ આરબ (ઉ.વ.૨૩, રહે.ભગવતીપરા) આ બંને છોટા હાથી ગાડી લઈને જતાં હતાં ત્યારે લાતી પ્લોટ ૪ માં પહોચતા દિવાલ માથે પડી હતી. દરમિયાન ત્યાં બાઈકમાં સવાર વસંતભાઈ આત્મારામભાઈ ઠક્કર (ઉ.વ.૫૫) નામના પ્રૌઢ પણ ત્યાં નીકળતા હોય તેના માથે પણ દિવાલ પડી હતી. આ ત્રણેય લોકો દિવાલ નિચે દબાઇ ગયા હતા. ત્યાં આજુબાજુના લોકો એકઠા થઈ જતાં તાકિદે જયરાજભાઈ અને વસંતભાઈને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયારે અન્ય એકને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે બી ડિવિઝન પોલીસને કરતાં તુરંત પોલીશ દોડી ગઈ હતી. અને બનાવ અંગે તપાસ હાથ ધરી છે.

# માર્કેટ યાર્ડમાં નવા ઘઉંની આવકઃ રૂા.૧૧૧૧ના ભાવે મુર્હુતમાં વેચાણ

શિયાળુ કૃષિ સિઝનના પગરણ સંભળાવા લાગ્યા હોય તેમ એક પછી એક ખેત પેદાસોની નવી આવકના શ્રી ગણેશ થવા લાગ્યા છે. રાજકોટ યાર્ડમાં આજે નવા ઉંઘની આવક થઇ હતી. નવા રણગઢના ખેડૂત મુકેશ ઘુસાભાઇ નવા ઘઉં લઇને વેચાણ માટે આવ્યા હતા. ૧૧૧૧ના ભાવે હરરાજીમાં માલ વેચાયો હતો. આવતા માસમાં નવા ઘઉંની આવકોમાં વધારો થવાનો સંકેત વેપારીઓએ આપ્યો છે.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૪૩૦-૨૪૮૦ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૨૧૮૦-૨૨૩૦ |
| પામોલીયન તેલ | ૨૨૦૫-૨૨૧૦ |
| મસ્ટર્ડ તેલ | ૨૧૭૦-૨૧૯૦ |
| સનફલાવર તેલ | ૨૧૦૦-૨૧૩૦ |
| મકાઇ તેલ | ૧૯૭૦-૧૯૯૦ |
| વનસ્પતિ ઘી | ૨૧૯૦-૨૨૨૦ |
| કોપરેલ | ૩૩૯૦-૩૪૫૦ |
| દિવેલ | ૨૨૦૦-૨૨૧૦ |



## સોનુ-ચાંદી

| સોનુ (૧૦ ગ્રામ) |
|---|
| ૮૦,૯૦૦(+૨૭૦) |

| ચાંદી |
|---|
| ૯૩,૬૦૦(+૧૦૦) |

### લઘુ ઉદ્યોગ ભારતીના પ્રયાસોના પરિણામે

# સૌરાષ્ટ્રના ઉદ્યોગો માટે ભારતીય રેલવે સાથે ધંધો વિકસાવવાની ઘર આંગણે સુનેરી તક

## ઈન્ડીયા ઈન્ડસ્ટ્રીયલ ફેર-૨૦૨૫માં ભારતીય રેલવે માટે ૩૦૦૦ ચોરસ મીટરનો અલગ ડોમઃ ગુજરાતના ઔદ્યોગિક એકિઝબિશનના ઈતિહાસમાં પ્રથમ વખત રેલવેના તમામ વિભાગ ભાગ લેશે

## રેલવેના વિવિધ વિભાગો જેવા કે ઉત્તર રેલવે, દક્ષીણ રેલવે, પૂર્વ રેલવે, પશ્ચિમ રેલવે, મધ્ય રેલવે, કોંકણ રેલવે, મેટ્રો રેલવે વગેરે એકિઝબિશનમાં ઉપસ્થિત રહી પોતાની જરૂરીયાતની પ્રોડક્ટનું પ્રદર્શન કરશે

**રાજકોટ તા. ૧૩:** લઘુ ઉદ્યોગ ભારતી-સૌરાષ્ટ્ર સંભાગ આયોજીત ઈન્ડીયા ઈન્ડસ્ટ્રીલ ફેર-૨૦૨૫ના કારણે સૌરાષ્ટ્રના ઉદ્યોગ જગતને ભારતીય રેલવે સાથે ધંધો કરવાની અને વધારવાની ઉજળી તક ઘર આંગણે ઉપલબ્ધ બનશે. ફેરમાં ભારતીય રેલવે માટે ત્રણ હજાર ચોરસ મીટરના અલાયદા ડોમની વ્યવસ્થા કરવામાં આવી છે જેમાં રેલવેના તમામ વિભાગ ભાગ લેશે. ગુજરાતના એક્ઝીબીશનના ઈતિહાસમાં પ્રથમ વખત રાજકોટમાં ભારતીય રેલવેના તમામ વિભાગ ભાગ લઈ રહ્યા છે અહીં તેમના દ્વારા વેન્ડર રજીસ્ટ્રેશન સહિતની કામગીરી માટે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવશે એમ લઘુ ઉદ્યોગ ભારતીના માર્ગદર્શક હંસરાજભાઈ ગજેરા અને એકસ્પોના ચેરમેન ગણેશભાઈ ઠુંમરની એક યાદીમાં જણાવાયું છે.

એક્ઝીબીશનના મુખ્ય આયોજક હંસરાજભાઈ ગજેરા, ચેરમેન ગણેશભાઈ ઠુંમરની આગેવાનીમાં તાજેતરમાં લઘુ ઉદ્યોગ ભારતીના પ્રતિનિધિઓએ ભારત સરકારના રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવની રૂબરૂ મુલાકાત કરી ભારતીય રેલવે માટે જરૂરી વિવિધ વસ્તુનું ઉત્પાદન રાજકોટ સહિત સૌરાષ્ટ્રના ઉદ્યોગપતિઓ સારી રીતે કરી શકે છે અને સારી કવોલીટી સાથે સમયસર અને વ્યાજબી ભાવે માલ સપ્લાય કરવા સૌરાષ્ટ્રના ઉદ્યોગપતિઓ સક્ષમ છે એ વાત મંત્રીશ્રીને સમજાવવામાં તેઓ સફળ થયા હતાં અને પરીણામ સ્વરૂપે ગુજરાતના એક્ઝીબીશનના ઈતિહાસમાં પ્રથમ વખત રાજકોટમાં ભારતીય રેલવેના તમામ વિભાગ એક સાથે ભાગ લઈ રહ્યા છે. રેલવેના વિવિધ વિભાગો જેવા કે ઉત્તર રેલવે, દક્ષીણ રેલવે, પૂર્વ રેલવે, પશ્ચીમ રેલવે, મધ્ય રેલવે, કોંકણ રેલવે, મેટ્રો રેલવે વગેરે એક્ઝીબીશનમાં ઉપસ્થિત રહી પોતાની જરૂરીયાતની પ્રોડક્ટનું પ્રદર્શન કરશે. ભારતીય રેલવેને દરેક પ્રકારના કાસ્ટીંગ્સ અને ફોર્જીંગ્સ, ઈન્વેસ્ટમેન્ટ કાસ્ટીંગ, ટુલીંગ, હાર્ડવેર, કીચન વેર-કટલેરી, ફેબ્રીકિશન, બેરીંગ, ઈલેક્ટ્રીક મોટર પંપ અને વાલ્વસ, મશીનીંગ પાર્ટસ, ઈલેક્ટ્રીકલ્સમાં કેબલ, સ્વીચીસ, પેનલ બોર્ડ વગેરે, અલહોલ્ટ્રી, ફૂડ રીલેટેડ આઈટમ્સ, પ્લાસ્ટીક પ્રોડકટસ, પાઈપ્સ અને ફીટીંગ્સ, બાથરૂમ ફીટીંગ્સ, લેમીનેટસ, ટ્રાન્સફોર્મર, બ્રાસપાર્ટસ, સીરામીક્સ, સેનેટરીવેર, એલીવેટર મશીન્સ સહિત અનેક નાની મોટી પ્રોડક્ટની જરૂરીયાત હોય છે. સૌરાષ્ટ્રના ઉદ્યોગ ગૃહો મોટા ભાગની પ્રોડકટ સારી કવોલીટીમાં સપ્લાય કરવા સક્ષમ છે.

લઘુ ઉદ્યોગ ભારતી-સૌરાષ્ટ્ર સંભાગના મેન્ટર હંસરાજભાઈ ગજેરાએ જણાવ્યું હતું કે, લઘુ ઉદ્યોગ ભારતી દ્વારા આગામી તા. ૨ થી ૫ ફેબ્રુઆરી એમ ચાર દિવસ માટે રાજકોટના એન.એસ.આઈ.સી. ગ્રાઉન્ડ ખાતે ઈન્ડીયા ઈન્ડસ્ટ્રીયલ ફેર-૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યુ છે તેમાં ભારતીય રેલવેના તમામ વિભાગો ભાગ લેવાના છે. રેલવે માટે ત્રણ હજાર ચોરસ મીટરના અલાયદા ડોમની વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં રેલવેના તમામ



લઘુ ઉદ્યોગ ભારતી-સૌરાષ્ટ્ર સંભાગના માર્ગદર્શક હંસરાજભાઈ ગજેરા અને ઈન્ડીયા ઈન્ડસ્ટ્રીયલ ફેર-૨૦૨૫ના ચેરમેન ગણેશભાઈ ઠુંમર તાજેતરમાં ભારત સરકારના રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવની રૂબરૂ મુલાકાત કરી સૌરાષ્ટ્રના ઉદ્યોગગૃહો રેલવેની વિવિધ જરૂરીયાતની પ્રોડક્ટસ પૂરી પાડવા સક્ષમ હોવા વિશે ચર્ચા કરી તે પ્રસંગની તસવીર.

વિભાગો દ્વારા પોતાની પ્રોડકટ રજુ કરવામાં આવશે અને જે તે પ્રોડક્ટ માટે વેન્ડર રજીસ્ટ્રેશન માટે માર્ગદર્શન આપવામાં આવશે આમ સૌરાષ્ટ્રના ઉદ્યોગપતિઓને રાજકોટમાં ઘર આંગણે રેલવે સાથે ધંધો કરવાની અને ધંધો કરતા હોય તો વધારવાની ઉજળી તક ઉપલબ્ધ બનશે. ત્રણ હજાર ચોરસ મીટરના આ ડોમમાં રેલવેના વિવિધ વિભાગો જેવા કે સેન્ટ્રલ ઓગેનાઈઝેશન ફોર મોર્ડનાઈઝેશન ઓફ વર્કશોપ (COFMOW), સેન્ટ્રલ ઓર્ગેનાઈઝેશન ફોર રેલવે ઈલેક્ટ્રીફીકિશન (CORE), રીસર્ચ ડિઝાઈન એન્ડ સ્ટાન્ડર્ડ ઓર્ગેનાઈઝેશન (RDSO), રેઈલ ઈન્ડીયા ટેકનીકલ એન્ડ ઈકોનોમીક સર્વિસ (RITES), ઈન્ડીયન રેલવે કન્સક્ટ્રશન ઈન્ટરનેશનલ લીમીટેડ (IRCON), કન્ટેઈનર કોર્પોરેશન ઓફ ઈન્ડીયા લી. (CONCOR), કોંકણ રેલવે કોર્પોરેશન લી. (KRCL), રેલવે વિકાસ નિગમ લી. (RVNL), ઈન્ડીયન રેલવે કેટરીંગ એન્ડ ટુરીઝમ કોર્પોરેશન (IRCTC), ડેડીકેટેડ ફ્રેઈટ કોરીડોર કોર્પોરેશન ઓફ ઈન્ડીયા લી. (DFCCIL), રેલટેલ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા લી. (RCIL), મુંબઈરેલવે વિકાસ કોર્પોરેશન લી. (MRVC), ઈન્ડીયન રેલવે ફાઈનાન્સ કોર્પોરેશન લી. (IRFC), સેન્ટર ફોર રેલવે ઈન્ફોર્મેશન સીસ્ટમ્સ (CRIS), રેલ લેન્ડ ડેવલપમેન્ટ ઓથોરીટીસ (RLDA), બ્રેથવેટ એન્ડ કંપની લીમીટેડ (BCL), નેશનલ હાઈસ્પીડ રેલ કોર્પોરેશન લી. (NHSRCL) સહિત રેલવેના વિવિધ વિભાગોના સ્ટોલ રાખવામાં આવ્યા છે જેમાં જવાબદાર અધીકારીઓ દ્વારા તેમની જરૂરીયાત પ્રમાણેની પ્રોડકટનું પ્રદર્શન કરવામાં આવશે અને સૌરાષ્ટ્રના ઉદ્યોગપતિઓ આ પ્રોડકટ ડેલવપ કરીને રેલવેને સપ્લાય કરી શકે એ માટે માર્ગદર્શન આપવામાં આવશે. આ ઉપરાંત ડાયરેક્ટર જનરલ રેલવે બોર્ડ, જોઈન્ટ ડિરેક્ટર નેશનલ રેલ મ્યુઝીયમ ખાસ ઉપસ્થિત રહેશે.

આઈ.આઈ.એફ. ૨૦૨૫ના ચેરમેન ગણેશભાઈ ઠુંમરે એક્સપોના ફાયદા ગણાવતા જણાવ્યું હતું કે, અમો અથાક પ્રયાસો બાદ પહેલી વાર ભારતીય રેલવેના તમામ વિભાગો અહી ઘર આંગણે લાવી રહ્યા છીએ ત્યારે આ તક ઝડપવાનો અને રેલવેને સારા સપ્લાયર મળી રહે એ પડકાર ઉપાડવાની જવાબદારી હવે આપણે ઉદ્યોગ ગૃહોની છે. આપના ઔદ્યોગીક એકમની ક્ષમતા અને પ્રોડક્ટની ગુણવત્તા રેલવેના સીનીયર અધીકારીઓ સમક્ષ રજુ કરી શકો એ માટે ઈન્ડીયા ઈન્ડસ્ટ્રીયલ ફેર-૨૦૨૫માં આપના સ્ટોલ બુક કરાવો અને રેલવે સહિતના વિવિધ વિભાગોના જવાબદાર અધીકારીઓ સાથે સીધા સંપર્ક કરી ધંધાના વિકાસની તક ઝડપી શકો છો. રેલવેના અનુસંધાને જરૂર પડશે તો વધારાના સ્ટોલ ઉભા કરવાની આયોજકોની તૈયારી છે. અંતમાં તેમણે સૌરાષ્ટ્રના ઉદ્યોગ જગતને ધંધો વિકસાવવાના મોકાનો લાભ લેવા અનુરોધ કર્યો છે.આઈ.આઈ.એફ.-૨૦૨૫ના આયોજન માટે લઘુ ઉદ્યોગ ભારતીના માર્ગદર્શક હંસરાજભાઈ ગજેરા, ચેરમેન ગણેશભાઈ ઠુંમર, લઘુ ઉદ્યોગ ભારતી સૌરાષ્ટ્ર સંભાગના મહામંત્રી જયભાઈ માવાણીની આગેવાનીમાં ટીમ કાર્યરત છે.

**આગામી ૨ થી ૫ ફેબ્રુઆરી એમ ચાર દિવસ માટે રાજકોટના એન.એસ.આઈ.સી. ગ્રાઉન્ડ ખાતે ઈન્ડીયા ઈન્ડસ્ટ્રીયલ ફેર-૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યુ છે**

---

### શ્રી માંધાતા પ્રાગટય મહોત્સવ નિમિતે

# જય માંધાતા સુર્યવંશી ગ્રુપ દ્વારા કાલે માંધાતા રથયાત્રાનું ભવ્ય આયોજન




રાજકોટ, તા.૧૩

રાજકોટ શહેરમાં ૧૪ જાન્યુઆરી મકરસંક્રાતિના દિવસે મંગળવારે તા. ૧૪/૦૧/૨૦૨૫ ના રોજ તળપદા કોળીની સંસ્થા, જય માંધાતા સુર્યવંશી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કોળી સમાજના ઇષ્ટદેવ શ્રી માંધાતા પ્રાગટય મહોત્સવ નિમિતે ભવ્ય-દિવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. આ શોભાયાત્રામાં રાજકોટ શહેરના તમામ વિસ્તારના, રાજકોટ તાલુકા જીલ્લાના તમામ ગામના સમસ્ત કોળી જ્ઞાતિજનોને જોડાવા જણાવ્યું છે. આ શોભાયાત્રાનું પ્રસ્થાન સવારે ૮.૩૦ કલાકે આજીડેમ ચોકડી પહેલા રવિવારીનું ગ્રાઉન્ડ સમાજના સંતો-મહંતો અને રાજકીય મહાનુભાવોના હસ્તે પ્રસ્થાન થશે. ત્યારપછી આજીડેમ ચોકડી, અમુલ સર્કલ, ચુનારાવાડ ચોક, સિતારામનગર, જલગંગા કે.ડી. ચોક, બાલક હનુમાન ચોક, પેડક રોડ, રણછોડદાસબાપુ આશ્રમ, કુવાડવા રોડ, પારેવડી ચોક, પટેલવાડી, બેડીપરા ફાયર બ્રિગેડ આ વિસ્તારમાં શોભાયાત્રા નિકળશે. આ શોભાયાત્રામાં કેબીનેટ મંત્રી કુંવરજી બાવળિયા સહિત કોળી સમાજની વિવિધ સંસ્થાના આગેવાનો ઉપસ્થિત રહેશે. ૧૦૦૦૦ થી લોકો આ રથયાત્રામા જોડાશે.

આ શોભાયાત્રાને સફળ બનાવવા માટે જય માંધાતા સુર્યવંશી ગ્રુપના પ્રમુખ મહેશભાઈ રાજપરા, ઉપપ્રમુખ રણછોડભાઈ કોબિયા, ઉપપ્રમુખ રમેશભાઇ રાઠોડ, સંગઠન મંત્રી દીનેશભાઈ સાબળીયા, મંત્રી હકાભાઇ સોરાણી, ખજાનચી સુરેશભાઈ ગણદીયા, સહ મંત્રી સંજયભાઈ સાકરીયા તેમજ કારોબારી સમિતિ, જુના ટ્રસ્ટી ઓ અનેક કાર્યકરો આ શોભાયાત્રાના પ્રચાર માટે જહમત ઉઠાવેલ છે.

### કાલે માંધાતા રાજાનો ઉત્સવ યોજાશેઃ સૌરાષ્ટ્રમાં અનેક સ્થળોએ શોભાયાત્રાનું આયોજન

રાજકોટ, તા.૧૩

માંધાતા કોઈ એક પેટા જ્ઞાતિના નથી સમસ્ત કોળી સમાજના ઇષ્ટદેવ છે કોઈપણ આગેવાને ક્યારેય માંધાતા રાજાને પેટા જ્ઞાતિ સાથે સરખામણી કરવી નહિ. મકરસંક્રાતિના દિવસે ૧૪ જાન્યુઆરીએ શ્રી માંધાતા પ્રાગટય મહોત્સવ નિમિતે સૌરાષ્ટ્રના તમામ જીલ્લામાં વિવિધ સંસ્થાઓ દ્વારા અલગ અલગ સ્થળે ભવ્ય દિવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. માંધાતા રથયાત્રામાં તળપદા કોળી, ચુંવાળીયા કોળી, ઘેડીયા કોળી સમસ્ત કોળી જ્ઞાતિજનો જોડાશે.

મકરસંક્રાતિના દિવસે સમગ્ર ગુજરાત રાજયભરના સમસ્ત કોળી સમાજના સર્વે ભાઇઓ, બહેનો, યુવાનોએ સવારે વહેલા પોતાની રીતે પોતાના ઘરે સુર્યનારાયણ ભગવાનને એક જલ લોટી ચડાવીને સુર્યનમસ્કાર કરવા સૌને ખાસ અપીલ કરવામાં આવે છે. વિશેષમાં રાજકોટમાં આવેલ માધાપર ચોકડીનું કોળી ઠાકોર ચોક નામાકરણ રાજકોટ મહાનગર પાલિકા માન્ય થાય તેના માટે શ્રી માંધાતા ગ્રુપ ગુજરાત સમર્થન જાહેર કરે છે. તેમ કંગન કલબના અગ્રણી દેવાંગભાઈ કુકાવા અને શૈલેષભાઈ માલમની સંયુકત અખબાર યાદીમાં જણાવે છે.

---

# રામકૃષ્ણ આશ્રમાં રાષ્ટ્રીય યુવા દિને સંમેલન યોજાયું

## મ્યુ.કમિશ્નર તુષાર સુમેરા, ડો.જયેન્દ્રસિંહ જાદવ ઉપસ્થિત રહ્યા

રાજકોટ,તા.૧૩

સ્વામી વિવેકાનંદજી યુવાનો માટે નિત્ય પ્રેરણા સ્તોત્ર છે. આ માટે જ સ્વામી વિવેકાનંદજીના જન્મદિન ૧૨ જાન્યુઆરીને રાષ્ટ્રીય યુવા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. સ્વામી વિવેકાનંદ દ્વારા સ્થાપિત રામકૃષ્ણ મઠ અને રામકૃષ્ણ મિશનના શાખાકેન્દ્ર એવા શ્રીરામકૃષ્ણ આશ્રમ, રાજકોટમાં આ દિવસે યુવા શિબિરનું આયોજન સવારના ૮:૩૦ થી બપોરના ૧:૩૦ વાગ્યા સુધી કરવામાં આવ્યું. શિબિરમાં યુવાનોને માર્ગદર્શન માટે રાજકોટના માનનીય મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા (આઈ.એ.એસ.), ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર ડો. જયેન્દ્રસિંહ જાદવ તથા વી.એચ.પી. ઑફ અમેરિકાના ભૂતપૂર્વ નેશનલ વાઇસ પ્રેસિડેન્ટ ફોર યુથ, યુ. એસ. એ. ડો. વીણાબહેન ગાંધી પધાર્યાં. ઉપસ્થિત મહાનુભવોના વરદ હસ્તે કાર્યક્રમના ઉદ્‌ઘાટન બાદ શ્રી તુષાર સુમેરાએ જણાવ્યું વિવેકાનંદજીની દરેક છબીમાં શક્તિ પ્રતિબિંબિત થાય છે, આથી સહુ યુવાનો આશ્રમની પવિત્ર ભૂમિમાં સંકલ્પ લે કે તેઓ નબળાઈનો ત્યાગ કરશે.

ડો. જયેન્દ્રસિંહજી એ જણાવ્યું કે તેઓને સ્વામી વિવેકાનંદના સાહિત્યમાં બાળપણથી રુચિ છે અને તેનો અભ્યાસ કર્યો છે. તેઓશ્રીએ યુવાનોને એકાગ્રતાનો વિકાસ કરવા સૂચન કર્યું તથા નવી શિક્ષણ નીતિમાં સ્વામી વિવેકાનંદજીના શિક્ષણના સમાવેશની વાત કરી. ડો. વીણાબહેને યુવાનોને મનની શાંતિ અને એકાગ્રતા કેળવવા માટે સૂચનો આપ્યા. આશ્રમના અધ્યક્ષ સ્વામી નિખિલેશ્વરાનંદજીએ





જણાવ્યું કે વિવેકાનંદજીને તેમના જન્મ દિવસ પર જો કોઈ શ્રેષ્ઠ ભેટ આપી શકાય તો એ છે કે યુવાનો ભારતને પ્રેમ કરે. દેશભક્તિ વિકસાવવા તેમણે યુવાનોને સ્વામી વિવેકાનંદના પુસ્તકો વાંચવાનું સૂચન આપ્યું, કેમકે આપણા દેશના મહાન દેશભક્તો - ગાંધીજી, નેતાજી, ડો. રાધાકૃષ્ણન વગેરે સ્વામી વિવેકાનંદના પુસ્તકોથી પ્રભાવિત થયા હતા.

આ ઉપરાંત સંમેલનમાં યુવાનોના પ્રશ્નોનું સમાધાન આપવામાં આવ્યું. સંમેલનમાં કુલ ૫૦૦ જેટલા યુવાનો જોડાયા. અંતમાં સહુને ભોજન પીરસવામાં આવ્યું અને પુસ્તકોના સેટ ભેટ આપવામાં આવ્યો હતો.

---

# વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમાર મસ્કત-ઓમાન દુબઈની ધર્મપ્રચાર યાત્રા માટે પ્રસ્થાન

રાજકોટ,તા.૧૩

વિશ્વભરમાં સનાતન ધર્મના સંસ્કારોને જીવંત રાખવા તથા યુવા પેઢીને સકારાત્મકતાથી ભરપૂર આનંદમય જીવનશૈલી તરફ અગ્રેસર રાખવાના અભિગમ સાથે છેલ્લા લગભગ બે દાયકાથી વિશ્વના અનેક દેશોમાં વૈષ્ણવાચાર્ય પૂજ્ય વ્રજરાજકુમારજી મહારાજશ્રીના સાનિધ્યમાં ધાર્મિક - સાંસ્કૃતિક અનુષ્ઠાનો સમયાંતરે સંપન્ન થતાં આવ્યા છે.

ત્યારે ગત રોજ વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમારજીએ મસ્કત - ઓમાન તથા દુબઈના ધર્મ પ્રચાર યાત્રા અર્થે રાજકોટથી પ્રસ્થાન કર્યું હતું. તા.૧૧ થી



૧૯ જાન્યુઆરી દરમ્યાન મસ્કત,દુબઇ,શારજાહ તથા બર દુબઇ ખાતે સત્સંગ - વચનામૃત - શ્રીકૃષ્ણ ધ્યાન જેવા આધ્યાત્મિક આયોજનો પૂજ્ય મહારાજના સાનિધ્યમાં સંપન્ન થશે. ગલ્ફ દેશોમાં વસતા ભારતીય સમુદાયના ધર્મપ્રેમીજનો મોટી સંખ્યામાં આ અલૌકિક આયોજનોથી લાભાન્વિત બનશે.

---

# દેશ અને વિદેશના કરોડો માઈ ભક્તોની ઉંડી આસ્થાને અખંડ શ્રધ્ધાના પ્રતિકસમા આરાસુરી દયાની માઁ દેવી- માઁ અંબાનો પ્રાગટય દિવસ પોષી પુનમ

**અર્બદ(આબુ) પર્વતના એક ભાગ સ્વરૂપે આરાસુર પર્વત વિસ્તારમાં અંબાજીનું પીઠસ્થાન ઈ.સ. ના ત્રીજા, ચોથા દાયકાનું હશે એવી એક માન્યતા છે. જૈનોના તિર્થંકર ભગવાન નેમીનાથના માઁ અંબા કુળદેવી છે**

**માઁ અંબા વિશ્વંભરી દયાની મહાદેવી જનેતા છે, માતા સ્વરૂપ છે તેથી અંબાજી સૌથી પહેલા પ્રગટેલી માતૃશકિત છે**


**પોષી પૂર્ણિમાં દેવીઓની દેવી આદિશકિત માઁ શક્તિ અંબાજીનો પ્રાગટય દિન ગણાય છે, દેવોનો શકિતપુંજ દેવી શકિત અંબાજી રૂપે પ્રગટેલ એવી પૌરાણિક કથા છે**

રાજકોટ,તા.૧૩

જનજાગૃતિ અભિયાન મંચના પ્રમુખ શ્રી તખુભા રાઠોડ દયાની મહાદેવી અને દેશ વિદેશના કરોડો હિન્દુ માઈ ભક્તો ને ધર્મ અનુરાગી લોકોને માડી અંબાના પ્રાગટય દિવસ પોષી પુનમની સંકલન માહિતી આપતા જણાવે છે.

આપણો દેશ વિશ્વના અતિ પૂરાણા સનાતન હિન્દુ ધર્મના અતિ ઊંડી અને અખંડ શ્રધ્ધા ધરાવતો દેશ છે જેથી આપણા દેશની પ્રજા અનેક દેવ-દેવીઓમાં અતૂટ શ્રધ્ધા સાથે નિયમીત પૂજાપાઠ કરે છે. આ પૈકી એક દેવી માં અંબા વિશ્વંભરી જનેતા છે. પૂરાણા ધાર્મિક ગ્રંથોના આધારે જગત માતા અંબાજીનો પ્રાગટય દિન પોષી પૂર્ણિમાં મનાય છે. માં અંબા વિશ્વંભરી જનેતા છે અને માતા સ્વરૂપ છે જેથી માં અંબાજી સૌથી પહેલા પ્રગટેલા માતૃશક્તિ છે. જેનો આપણા અનેક પૂરાણા ધર્મશાસ્ત્રોમાં ઉલ્લેખ છે.

આદિ અખિલેશ્વરી જગત જનની માં અંબાજીના પ્રાગટય દિન પોષી પૂર્ણિમાએ માતાજીના ચાર્ચર ચોકમાં માશક્તિ યજ્ઞ, ચંડીપાઠ અને ગરબા વિગેરેનું અતિભવ્ય આયોજન થાય છે. માં અંબાજીનું મૂળ પ્રાગટય સ્થળ ગબ્બર પર્વતની ટોચ છે. ત્યાથી માતાજીની અખંડ જ્યોત, માતાજીના મુખ્ય મંદિરે ધામ ધુમથી લાવવામાં આવે છે. આ દિવ્ય પ્રસંગે દેશ વિદેશના લાખો માઈ ભક્તો આ ધાર્મિક ભવ્ય ઉત્સવામાં ભાગ લેવા આવે છે.



પર્વતના એક ભાગ સ્વરૂપ આરાસુર પર્વત વિસ્તારમાં અંબાજીનું પીઠસ્થાન ઈ.સ. ના ત્રીજા-ચોથા સૈકાનું હશે. એવો એક મત મળે છે. અંબાજી મંદિર પાસેના કુંભારિયાના જૈન મંદિરોમાંથી મળેલા શિલાલેખોમાંથી સ્પષ્ટ થાય છે કે અહીં અગિયારમી સદીમાં આરાસણનગર હતું.

જૈનોના તીર્થંકર ભગવાન નેમિનાથના માઁ અંબા કુળદેવી હતા.ચાંવતીના પરમાર રાજાઓનું રાજ્ય જ્યારે આરાસુરના ગબ્બરમાં હતું ત્યારે પરમારવંશી રાજવી જશપાલે બારમી સદીમાં અંબાજી માતાનું અતિ ભવ્ય અને દિવ્ય મંદિર બંધાવેલ. જશપાલ પછીના તેજપાલે અંબાજી પાસેના દાતામાં ગાદી સ્થાપેલ. એ વંશના છેલ્લા રાજવી શ્રી ભવાનીસિંહ માઁ અંબાના પ્રખર ભક્ત અને ઉપાસક હતા.

**માઁ અંબાનું મૂળ પ્રાગટય સ્થળ ગબ્બર પર્વતની ટોચ છે ત્યાથી માતાજીની અખંડ જ્યોત માતાજીના મુખ્ય દ્વારે લાખો માઈ ભક્તો હર્ષ ઉલ્લાસથી મંદિરે લઈ આવે છે. પુનમના દિવસે માઁ ના ચાર્ચર ચોકમાં માઁ શક્તિ યજ્ઞ, ચંડીપાઠ અને ગરબાનું આયોજન થાય છે.**

**આદિશકિત મહાશકિત અંબાજીની પૌરાણિક કથાને માન્યતાનું સંકલન**

અંબાજીની શક્તિપીઠ છે. જાણીતી કથા પ્રમાણે, પિતા દક્ષના યજ્ઞમાં પતિ શિવનું ભારે અપમાન થયું. તેથી સતી પાર્વતી યજ્ઞ કુંડમાં કુદી પડેલ. દેવાધિદેવ અત્યંત ક્રોધિત થઇ સતીનો અર્ધ દગ્ધ દેહ ખંભે લઈ ત્રાંડવ નૃત્ય કરવા લાગેલ જેથી ત્રણેય લોક ધ્રુજી ઉઠેલ. આ સમયે સતીના અંગો પૃથ્વી લોક ઉપર ૫૧ સ્થળ પર પડેલ જેથી આ ૫૧ સ્થળ શક્તિપીઠ ગણાય છે જ્યા દિવસ રાત માં ના ભક્તો માં ના ભજન ક્રિર્તન કરે છે.

**આરાસુર પર્વત ઉપર દેવી સતીના હૃદયનો ભાગ પડેલ અને ત્યા અંબાજી શક્તિપીઠ રચાયેલ છે.**

અંબાજી માતાના હાલના અતિ ભવ્ય અને દિવ્ય મંદિરથી અંદાજે ત્રણ કિલોમીટરના અંતરે માં ભગવતીનું મૂળ પ્રાગટય સ્થાન ગબ્બર આવેલ છે. આ ગબ્બર પર્વત ઉપર રહેલો ત્રાસો ખડક માતાજીના દુર્ગનું ૧૨ ગણાય છે. લોક કથા પ્રમાણે મા અંબા દુર્ગમાં ઝુલા ઉપર ઝુલે છે. અને આજે પણ અનેક માઈ ભક્તો આ હિંડોળાનો અવાજ સાંભળે છે એવી દંતકથા છે. ગબ્બરના ગોખમાં જગત માતા અંબાની અખંડ જ્યોત સતત પ્રજ્જવલિત રહે છે જે મંદિરમાંથી પણ જોઈ શકાય છે.



તખ્તસિંહ (તખુભા) રાઠોડ
મો.૯૮૨૪૨ ૧૬૧૩૦

લોક કથા મુજબ પરમાર રાજવી શ્રી જશરાજે પોતાની કુળદેવી અંબિકાનું પહેલુ વહેલુ મંદિર બંધાવેલ છે અને બીજી માન્યતા મુજબ માં અંબાની પ્રખર ભક્ત એક ગોવાળ દરરોજ ગબ્બરની આજુબાજુ ગાયોનુ ધણ લઈ ચરાવવા જતો. એ ધણમાંથી રોજ એક ગાય સાંજે એક ગુફામાં જતી. જેથી આ ગોવાળે એક દિવસ એ ગાય પાછળ જઈ ગુફામાં પ્રવેશેલ તો માતા અંબા હિરા મોતીના ઝુલે ઝુલતા હતા. ગોવાળે માતાજીના દર્શન કરેલ જેથી માતાજીએ ગાયની ચરાઈ રૂપે એને જવના દાણા આપેલ. જે જવના દાણા હિરામોતીમાં ફેરવાઈ ગયેલ એવી પણ એક લોક વાયકા છે.

સ્કંધપુરાણના અર્બુદખંડ વગેરેને આધારે સમજાય છે કે અર્બદ (આબુ)

અંબાજીના મુખ્ય મંદિરમાં માતાજીની મૂર્તિ નથી પણ વિસાયંત્ર છે. એ યંત્ર ઉપર સોના ચાંદીના પતરાની આંગી રચીને છત્ર, વાહન અને મુગટથી શણગારેલ છે. માતાજીને સવારે બાલા, બપોરે યુવા અને સાંજે વૃધ્ધા એ પ્રકારનો પોષાક પહેરાવી પુજા થાય છે. સાતેય દિવસે જુદા જુદા વાહનો ઉપર માતાજીની સવારી હોય છે. અંબાજી તંત્ર સંપ્રદાયની પણ સિધ્ધ શક્તિપીઠ મનાય છે. તેથી પુજા વિધીમાં તાંત્રિક પ્રભાવ વર્તાય છે.

શ્રીયંત્ર માં કુલ નવ ચક્રો હોય છે. શ્રીયંત્ર એટલે શ્રીનું ઘર-નિકેતન. શ્રીયંત્રમાં માં જગદંબાનું વાસના શરીર છે. શ્રીયંત્ર સમસ્ત વિશ્વનું સંપૂર્ણ સત્ય છે.

**દેવી સતીનું હૃદય આરાસુર પર્વત ઉપર પડેલ જેથી ત્યા માઁ અંબાજીની શકિતપીઠની રચના થઈ માતાજીને સવારે બાલા બપોરે યુવા અને સાંજે વૃધ્ધાનો પોષાક ધારણ કરાવી પુજન વિધી થાય છે**

---

# દિવ્યાંગો માટે યુનિક પતંગ મહોત્સવ ઉજવાયોઃ ૨૦૦થી વધુ દિવ્યાંગોએ ભાગ લીધો

યુનિક વિકલાંગ ચેરીટેબલ દ્વારા ગઇકાલ તા.૧૨ ને રવિવારના રોજ નાગર બોર્ડિંગ ખાતે "દિવ્યાંગ મહાપતંગમહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજકોટ અને નજીકના વિસ્તારના ૨૦૦થી શારીરીક ક્ષતિગ્રસ્ત, દિવ્યાંગોએ ભાગ લીધો હતો.આ કાર્યક્રમમાં આવેલ તમામ દિવ્યાંગ ભાઇ- બહેનોને સવારે ચા- નાસ્તો, ચિકી, સંગીત, પતંગ-ફિરકી અને બપોરે ભોજન આપવામાં આવેલ હતું. આ કાર્યક્રમનું ઉદઘાટન ડો. હેમાંગ વસાવડા, વિમલ પંખાણીયા, ડો. મિલન સોલંકી, કાનાબારસર,વિપુલભાઇ પરમાર ચિરાગભાઇ ધામેચા સહિતના મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું.

# બાપુનગર મુકિતધામનું ઈલેકટ્રીક સ્મશાન ગૃહ એક મહિના સુધી બંધ રહેશે

રાજકોટ મહાનગર પાલિકાનું મુકિતધામ સ્મશાન ગૃહ જય સરદાર યુવા ગ્રુપ સંચાલિતના મેનેજીંગ ટ્રસ્ટી રમેશભાઈ વેકરીયાએ જણાવ્યું છે કે, આજે તા.૧૩ને સોમવારથી તા.૧૫ ફેબ્રુઆરીને શનિવાર સુધી મીકેનીકલ રીપેરીંગ કામ કરવાનું હોય જેથી એક મહિના માટે ઈલેકટ્રીક સ્મશાનગૃહ બંધ રહેશે. લાકડા વિભાગ સ્માશન ગૃહ રાબેતા મુજબ ૨૪ કલાક ચાલુ રહેશે.

## ધુન ભજન ગરબા-કિર્તન

મહાકાળી ધુન મંડળના ધુન ભજન ગરબા કિર્તન અને મહાકાળી મંત્ર જાપ આજે રાત્રે ૧૦ કલાકે મહાકાળી મંદિર ૧, વિવેકાનંદનગર, કોઠારીયા મેઈન રોડ ખાતે રાખેલ છે.

# અમરેલીનાં લેટરકાંડમાં આખરે ત્રણ પોલીસકર્મી સસ્પેન્ડ : હજુ વધુ ભોગ લેવાશે ?

## પાટીદાર યુવતીને પોલીસ સ્ટેશનમાં પટ્ટા મારવાના આક્ષેપ સામે સીટની ટીમનું ઈન્વેસ્ટીગેશન શરૂ : મહિલા સહિત ત્રણ કોન્સ. સસ્પેન્ડ થતા જિલ્લાના પોલીસ દળમાં ખળભળાટ : રાજકારણમાં પણ ગરમી

રાજકોટ, તા. ૧૩

અમરેલી સહિત સમગ્ર ગુજરાતમાં ભારે ચકચાર મચાવનાર લેટરકાંડમાં આખરે ત્રણ પોલીસ કર્મચારીનો ભોગ લેવાયો છે. જેમાં એક મહિલા પોલીસ કર્મચારી સહિત ત્રણ પોલીસ કર્મચારીને ફરજમાંથી સસ્પેન્ડ કરતાં પોલીસબેડામાં સનસનાટી મચી જવા પામી છે. ત્યારે આ અમરેલીનો ચકચારી લેટર કાંડમાં વધુ કેટલાંકનો પણ ભોગ લેવાશે તેવું પણ ચર્ચાય રહ્યું છે.

અમરેલીમાં ભાજપના ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના મુખ્ય નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયા વિરૂધ્ધ થોડા દિવસ પહેલાં ગંભીર પ્રકારના આક્ષેપવાળો પત્ર સોશિયલ મીડિયામાં વાયરલ થયેલ હોય, જેમાં અમરેલી તાલુકા પંચાયતના પ્રમુખના નકલી લેટરહેડનો ઉપયોગ થતાં આ બનાવમાં અમરેલી તાલુકા પંચાયતના પ્રમુખે પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે એક યુવતિ સહિત ચાર ઈસમોની અટકાયત કરી હતી.

આ બનાવમાં કોંગ્રેસ તથા ખોડલધામના ટ્રસ્ટી દ્વારા યુવતીને રી-કન્ટ્રકશનના નામે સરઘસ કાઢ્યાનો આક્ષેપ કરવામાં આવતાં જિલ્લા પોલીસ વડા દ્વારા ડી.વાય. એસ.પી. સહિતના ત્રણ પોલીસ અધિકારીની સ્પે. ઈન્વેસ્ટિગેશન ટીમ બનાવી તપાસ હાથ ધરી હતી.તો બીજી તરફ નારી સ્વાભિમાન આંદોલનના નેજા હેઠળ ધારણા જેવા કાર્યક્રમ યોજાયા હતા.

આ બનાવ બાદ ગઈકાલે અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાત દ્વારા અમરેલી જિલ્લામાં લેટરકાંડ પ્રકરણ અન્વયે લોકલ ક્રાઈમ બ્રાન્ચમાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ. કિશન આંસોદરીયા, પોલીસ કોન્સ. વરજાંગભાઈ મૂળયાસીયા તથા મહિલા પોલીસ કોન્સ. હિનાબેન મેવાડા સહિત ત્રણ પોલીસ કર્મચારીઓને ફરજમાં બેદરકારી અને નિષ્કાળજી બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આ બનાવથી પોલીસબેડામાં સનસનાટી મચી જવા પામી છે.

ગુજરાતના અમરેલીમાં તાલુકા પંચાયત પ્રમુખ કિશોર કાનપરિયાના નામવાળો નકલી લેટરપેડ સોશિયલ મીડિયામાં વાઈરલ કરવાના મામલે કાનપરિયાએ પોલીસમાં ફરિયાદ કરી હતી. જે કેસમાં પોલીસે ભાજપના પૂર્વ હોદ્દેદાર અને એક યુવતી સહિત ૪ કાર્યકરોની ધરપકડ કરી હતી. પરંતુ વિવાદ ત્યારે વકર્યો જ્યારે પોલીસે કથિત લેટરકાંડમાં ધરપકડ કરાયેલી અને ટાઈપિસ્ટનું કામ કરતી પાટીદારની યુવતીનું સરઘસ કાઢ્યું. જેમાં રાજ્યના નેતાઓથી લઈને પાટીદાર સમાજના અગ્રણીઓએ પાયલ ગોટીના સમર્થનમાં આવી ધરણાથી માંડી વિરોધ પ્રદર્શન દ્વારા ન્યાયની માગ કરી હતી.

અમરેલીના લેટરકાંડ મામલે પોલીસ પર સવાલો ઉઠી રહ્યા છે. જ્યારે પાયલ ગોટી જેલથી બહાર આવી ત્યારે તેણે પોલીસ પર ગંભીર આક્ષેપો કર્યા હતા. જેમાં પાયલે કહ્યું હતું કે, તેને પોલીસ દ્વારા પટ્ટા મારવામાં આવ્યા હતા. ત્યારે પાયલ ગોટીના પોલીસ સામેના આક્ષેપોને લઈને SIT(સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમ)ની રચના કરવામાં આવી હતી. જેમાં ઉતા એ.જી.ગોહિલ, મહિલા ડ.ઈ. આઇ.જે. ગીડા, મહિલા PSI એચ.જે.બરવાડીયાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. અમરેલી લેટરકાંડના મુદે અમરેલી બાદ સુરતમાં કોંગ્રેસ દ્વારા ધરણા કાર્યક્રમ યોજાયો છે. જેમાં ભારે વિરોધ સાથે પાયલ ગોટીને ન્યાય અપાવવા સુરતની ૨૦૦ જેટલી મહિલાઓએ વડાપ્રધાન મોદીને પત્ર લખી પાયલ ગોટી પર લાગેલા આરોપ પર જાહેરમાં ખુલાસો કરવા માગ કરી હતી. આ સિવાય પત્રમાં પાયલ ગોટીના આરોપોની તપાસ માટેની માગ કરી હતી. તેમજ પોલીસે દીકરીનું સરઘસ કેમ કાઢવા અને અડધી રાત્રે તેની ધરપકડ કેમ કરાય તેને લઈને ખુલાસો માગવામાં આવ્યો. તમામ ૨૦૦ જેટલી મહિલાઓએ પત્રમાં લખેલી માગ પૂરી ન થાય તો સ્વાભિમાન મિશનની ચિમકી પણ ઉચ્ચારી હતી.


## કોંગ્રેસનાં પૂર્વ ધારાસભ્ય પરેશ ધાનાણીના અમરેલી બાદ સુરતમાં ધરણા : ૨૦૦ મહિલાઓએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો : પાટીદાર દીકરીને ન્યાય નહી મળે ત્યાં સુધી લડત ચાલુ રહેશે

### અમરેલીથી ગાંધીનગર સુધી ભાજપના તમામ નેતાઓ સતત મૌન

# અમરેલી કાંડમાં રૂપાલા બોલ્યા તે પણ જોખી-જોખીને!

**પોલીસે ખોટુ કર્યું છે તેવુ નહી યોગ્ય કર્યું નથી ઉતાવળ કરી છે તેવા શબ્દોનો ઉપયોગઃ પાટીદાર સમાજની નારાજગી દૂર કરવા હળવુ 'ડેમેજ કંટ્રોલ'**

**નનામી પત્રીકાઓ એક મોટો 'રોગ'! આંતરિક ગજગ્રાહ સ્વીકાર્યાઃ સમગ્ર ઘટનાને એક તરફ લઈ જવા પ્રયાસ કરી 'લેટરકાંડ'ની તપાસ જરૂરી ગણાવી**



રાજકોટઃ ગુજરાતમાં ભાજપ સંગઠન નવરચના સમયે અમરેલીમાં સર્જાયેલા લેટરકાંડના પગલે જે રીતે પાટીદાર સમાજની દિકરીની જે ફકત ભાજપના એક આ લેટર કાંડ સર્જનાર ભાજપના જ નેતાને ત્યાં ટાઈપીસ્ટ તરીકે નોકરી કરતા હતા તેને પણ આરોપી બનાવીને મધરાતે ધરપકડ તથા સવારે તપાસના બહાને તેનો જે રીતે અન્ય આરોપીઓ સાથે વરઘોડો કઢાયો તેના ઘેરા પડઘા પછી ભાજપના તમામ નેતાઓ તથા સ્થાનિક ધારાસભ્યના ઈશારે પોલીસે આ પ્રકારની કાર્યવાહી કરી હતી. તેઓનું પણ ભેદી મૌન ભાજપ માટે આફત બની ગયુ હતુ તે સમયે ગઈકાલે અમરેલી પંથકના જ સૌથી સીનીયર નેતા અને રાજકોટના સાંસદ પરસોતમ રૂપાલાએ પત્રકારો સમક્ષ કબુલ્યુ કે પોલીસે 'ઉતાવળ' કરી છે અને દિકરી સાથે તેમનો વ્યવહાર યોગ્ય ન હતો તેવુ જણાવીને આ પ્રકરણથી ભાજપને જે રીતે ખાસ કરીને પાટીદાર સમાજમાં ડેમેજ થઈ રહ્યું છે તેમાં 'કંટ્રોલ' કરવાના પ્રયાસ સિવાય કશુ નહી હોવાની ચર્ચા રાજકીય વર્તુળોમાં તેઓએ નનામી પત્રિકાને એક મોટો 'રોગ' બની ગયો હોવાનું સ્વીકારીને ભાજપમાં આ 'રોગ' ઘુસી ગયો છે તે પણ આડકતરી રીતે સ્વીકારી લીધુ હતુ. વિપક્ષ

તેનું કામ કરે છે તે અલગ વિષય છે પણ તેઓએ ઉમેર્યું કે આ ખાસ પ્રકરણને અલગ દ્રષ્ટીથી જોવાની જરૂર હતી તેની જગ્યાએ એક તરફ લઈ જવાની કોશિશ થઈ છે તેનું વિધાન કરી તપાસ પત્રકાંડની કરવાના બદલે પાટીદાર દિકરીની મધરાતે ધરપકડ, વરઘોડો, વિવાદ વિ. કોંગ્રેસ કરી રહી હોવાનું જણાવ્યું હતું અને આ મામલે 'સીટ'ની રચના થઈ છે અને પોલીસ તેમાં કાર્યવાહી કરશે તેવું સાંસદ પરસોતમ રૂપાલાએ કુલડીમાં ગોળ ભાંગી લીધાની ચર્ચા છે. તેઓ ખુલ્લેઆમ ભાજપના જૂથવાદ અંગે પત્રકાંડ અંગે બોલ્યા નહી કે પોલીસે 'ખોટુ' કર્યુ છે તેવું પણ કહ્યુ નહી. ઉતાવળ શબ્દનો ઉપયોગ કર્યા છે. કોંગ્રેસે પાટીદાર દિકરીનો મુદો ઉઠાવ્યો છે તે જાણતા હતા પણ પોતે પણ આ મુદો ઉઠાવી રહ્યા નથી તે પણ નિશ્ચિત કરી લીધું.

આમ અમરેલી કાંડ પર ભાજપના સીનીયર ગણી શકાય તેવા પ્રથમ નેતા બોલ્યા હજુ ઘટનાના કેન્દ્રમાં રહેલા ધારાસભ્ય અમરેલીની જનતા સામે આવ્યા નથી તે પણ સૂચક છે. આમ વાત ત્યાંને ત્યાં જ રહી છે.

### સમાજે સૌપ્રથમ સંસ્કારી થવાની જરૂર : પૂર્વ નાણામંત્રી વજુભાઈ વાળા

# યુવાનો વ્યસન છોડે, યુવતીઓ ફેશન છોડે : રાજપૂત સમાજના મહાસંમેલનમાં આગેવાનોનું આહ્વાન

## સુરેન્દ્રનગરના વસ્તડીમાં ૧૨૦ કરોડના ખર્ચે બનનાર માઁ ભવાની મંદિર મુદ્દે વેરાવળના ખંઢેરી ગામે રાજપૂત સમાજનું મહાસંમેલન યોજાયું



રાજકોટ, તા. ૧૩

ગીર સોમનાથમાં સમસ્ત રાજપૂત સમાજનું મહાસંમેલન યોજવામાં આવ્યું હતું, જેમાં સુરેન્દ્રનગરનાં વસ્તડી ખાતે ૧૨૦ કરોડના ખર્ચે નિર્માણ પામનાર ભવ્ય ભવાનીધામ મંદિર મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી. આ તકે 'રાજપૂત સમાજમાં યુવાનો વ્યસન અને યુવતીઓ ફેશન છોડે.' એવી ટકોર કરવા સાથે રાજપૂત સમાજને સંગઠિત થવા આહવાન પણ કરાયું હતું.

ગિર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના ખંઢેરી ગામે રાજપૂત સમાજનાં મહા સંમેલનનું આયોજન માજી નાણામંત્રી વજુભાઈ વાળાનાં અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યું હતું. જેમાં ગીર-સોમનાથ અને જૂનાગઢ જિલ્લાનાં રાજપૂત સમાજના સાત હજારથી વધુ લોકોની ઉપસ્થિતિમાં નાના મોટા આગેવાનો દ્વારા સમસ્ત રાજપૂત સમાજ આયોજિત સુરેન્દ્રનગર જિલ્લાના વસ્તડી ગામે શ્રી ભવાનીધામનું મંદિર ૧૨૦ કરોડના ખર્ચે નિર્માણ થઈ રહ્યું છે, તે મુદ્દે ચર્ચાઓ કરવામાં આવી હતી. સાથે મંદિરના નિર્માણ કાર્ય દ્વારા રાજપૂત સમાજને વધુ સંગઠીત કરવા અને સમાજની અમુલ્ય ધરોહર તથા સંસ્કારોનુ સુદ્રઢ સિંચનની કલ્પના કરવામાં આવી હતી તથા રાજપૂત સમાજના યુવાનોને વ્યસન મુકત થઈ સમાજના કાર્યોમાં જોડાય તેવી હાકલ અગ્રણીઓએ કરી હતી.

મહાસંમેલનમાં માજી નાણામંત્રી વજુભાઈ વાળાએ સંબોધન કરતા જણાવ્યું કે, રાજપૂત સમાજના યુવાઓ વ્યસન છોડે અને યુવતીઓ ફેશન છોડે એ જરૂરી છે. માં ભવાની ધામ માત્ર મંદિર નહિ, પરંતુ સંસ્કાર આપવાનું પણ કામ કરશે. સમાજને સૌ પ્રથમ સંસ્કારી થવાની જરૂર છે.' આ તકે જશા બારડે જનમેદનીને સંબોધનમાં જણાવ્યું હતું કે સુરેન્દ્રનગરના વસ્તડી ખાતે માં ભવાનીનું ૧૨૦ કરોડના ખર્ચે મંદિર બનાવવાની સાથે સાથે શૈક્ષણિક સંકુલ, હોસ્પિટલ અને ગેસ્ટ હાઉસ પણ તૈયાર થશે. જેના ફાળાના ભાગરૂપે સૌ પ્રથમ વખત ગીર સોમનાથ જિલ્લામાં રાજપૂત સમાજનું મહાસંમેલન યોજાયું છે.

આ સાથે કોડીનાર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ યુવા અગ્રણી શિવાભાઈ સોલંકીએ યુવાનોને નશામુકત બનવા માટે આહવાન કરીને એવી પણ ટકોર કરી હતી કે, આપણે સૌ વાતો કરીએ છીએ કે, આ ભાજપમાં છે, આ કોંગ્રેસમાં છે, આપણે આપમાં છીએ, પણ ખરેખર ગમે તે પક્ષમાં હોય તે આપણી જ્ઞાતિ-સમાજના છે એ જ વિચાર કાયમ રાખવો પડશે, જેના થકી જ સંગઠન વધુ મજબૂત બનશે.

### માંધાતા ગ્રુપ દ્વારા સતત ૧૭ વર્ષથી ભવ્ય આયોજન

# કાલે ગોંડલ ખાતે કોળી સમાજના ઈષ્ટદેવ માંધાતા દેવના પ્રાગટય દિવસ નિમિતે શોભાયાત્રા અને જ્ઞાતિ ભોજન યોજાશે

**શોભાયાત્રામાં ૧૫ હજારથી વધુ લોકો જોડાશેઃ માંધાતા, વેલનાથ, જલકારી બાઈ, વિર તાનાજી વગેરેના જીવનચરિત્રો રજૂ કરાશે**





ગોંડલ, તા.૧૩

આવતીકાલ તા.૧૪ જાન્યુઆરીને મકરસંક્રાંતિના પાવન પર્વ નિમિતે કોળી સમાજના ઈષ્ટદેવ માંધાતા મહારાજની જન્મજયંતિ નિમિતે કોળી સેના તથા માંધાતા ગ્રુપ ગુજરાતના સયુંકત ઉપક્રમે ભવ્ય શોભાયાત્રાનું તેમજ શોભાયાત્રા પૂર્ણ થયા બાદ જ્ઞાતિ ભોજનનું માંધાતા પાર્ટી પ્લોટ, ભગવતપરા મેઈન રોડ, ગોંડલ ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

માંધાતા ગ્રુપ ગુજરાતના સ્થાપક ભુપતભાઈ ડાભીના માર્ગદર્શનથી સતત ૧૭ માં વર્ષે શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. શોભાયાત્રા કાલે સવારે ૭ કલાકે શ્રી માંધાતા પાર્ટી પ્લોટ ગોંડલ થી શરૂ થઇ ધોધાવદર ચોક, પટેલ વાડી, હોસ્પિટલ ચોક, માંધાતા સર્કલ, માંડવી ચોક, આંબેડકર ચોક, જેલ ચોક, પાંજરાપોળ થી શ્રી માંધાતા પાર્ટી પ્લોટ ખાતે પૂર્ણ થશે. તેમજ જ્ઞાતિ ભોજન બપોરે ૧૧:૩૦ કલાકે યોજાશે. આ શોભાયાત્રામાં ગોંડલ શહેર તથા તાલુકાના તમામ પર દિઠ સવા મુઠી ખીચડી એકત્ર કરી મહાપ્રસાદ બનાવવામાં આવે છે અને જ્ઞાતી ભોજનમાં પીરસવામાં આવે છે. આ શોભાયાત્રામાં ૧૫ હજારથી વધુ ભાઇઓ, બહેનો જોડાશે. શોભાયાત્રામાં માંધાતા, વેલનાથ, જલકારી બાઈ, વિર તાનાજી વગેરેના જીવન ચરિત્રો રજુ કરવામાં આવશે. આ શોભાયાત્રામાં ગોંડલ સહિત સમગ્ર ગુજરાતભરમાંથી જ્ઞાતિજનો ઉપસ્થિત રહેશે.

કાર્યક્રમમાં પુ. રૂષીભારતીબાપુ- સરખેજ અમદાવાદ, દિવ્યપુરૂષ સ્વામી- અક્ષર મંદિર, હરીબાપુ- સતરંથ જગ્યા, સીતારામબાપુ, રામદાસબાપુ, શ્રી વાલજી ભગત સહિતના સંતો-મહંતો ઉપસ્થિત રહેશે. કાર્યક્રમના અધ્યક્ષ તરીકે કેબીનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણીયા, મંત્રી પરસોતમભાઈ સોલંકી, દિવ્યેશભાઈ સોલંકી, ભારતીબેન શીયાળ, આર.સી. મકવાણા તથા ધારાસભ્યો હિરાભાઈ સોલંકી-રાજુલા, કાળુભાઈ ડાભી-ધોળકા, દેવાભાઈ માલમ- કેશોદ, કાળુભાઈ રાઠોડ-ઉના, શ્રી ભગવાનજીભાઈ કરગટીયા-માંગરોળ, શિવાભાઇ ગોહેલ-મહુવા તથા રમાબેન મકવાણા, વિનોદભાઈ નાગાણી, આનંદભાઈ ડાભી, ચંદુભાઈ ડાભી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે. 'સાંજ સમાચાર' ની મુલાકાતે ઉત્સવ સમિતિના પ્રમુખ હિરેન ડાભી, મહેશ કોલી, વિજય ગોહેલ, પરેશ મકવાણા, રમેશભાઈ મકવાણા, રઘુભાઈ પાટડીયા, પુનાભાઈ સાકરીયા, રેખાબેન સગાકરા, વિનોદભાઈ નાગાણી, રવિભાઈ પરમાર, રઘુભાઈ ડાભી, અજયભાઈ ડાભી અને વિજયભાઈ વાવડીયા આવ્યા હતા.

# એકટીવાની ડુપ્લીકેટ એસેસરીઝ વેચનાર વેપારી સામે ગુનો નોંધાયો





રાજકોટ, તા.૧૩

એકટીવાની ડુપ્લીકેટ એસેસરીઝ વેચનાર વેપારી સામે ગુનો નોંધાયો હતો. જેમાં ફરિયાદમાં નીતીનકુમાર ભીખાભાઈ પટેલએ જણાવ્યું કે, હું સ્પીડ સર્ચ એન્ડ સિક્યુરીટી નેટવર્ક પ્રાઇવેટ લીમીટેડ કંપની તરફથી કંપનીના કોપીરાઇટ/ટ્રેડમાર્કના હક્કોના ભંગ કરતા શખ્સો વિરુધ્ધ પોલીસ ફરીયાદ આપી કાયદેસરની કાર્યવાહી કરવાનું કામ કરું છું.

અમારી ફરજ કંપની વતી કંપનીની અસલ પ્રોડકટનું ડુપ્લીકિટ વેચાણ ન થાય તે જોવાની હોય છે. તાજેતરમાં અમારા ખાનગી માણસ મારફતે હકિકત મળેલ કે, અમદાવાદ ન્યુ મીરઝાપુર કોર્ટ પાસે કામા કોમર્શિયલ સેન્ટરમાં ગ્રાઉન્ડ ફ્લોરમાં આવેલ દુકાન નંબર -૫૭માં શેઠ એન્ટરપ્રાઈઝ નામની દુકાનમાં હોન્ડા હોંડા મોટર સાયકલ એન્ડ ઇન્ડીયા પ્રાઈવેટ લીમીટેડ કંપનીનો એકટીવા સ્કૂટર પર લગાવવાની એસેસરીઝનો ડુપ્લીકિટ માલ વેચાણ થાય છે. પોલીસને સાથે રાખી રેડ કરાતા વેપારી પરાગભાઈ ઘનશ્યામભાઈ શેઠ હાજર હતા. બધું ચેક કરતા દુકાનમાંથી ફૂટરેસ, મજગાર્ડ, કેસમાર્ડ, એકટીવાના સીટ કવર, મેટીંગ કવર, ગ્રીપસેટ(મુઠીયા), જુદી-જુદી એસેસરીઝનો ડુપ્લીકિટ માલ જેની કુલ કિંમત રૂ.૯૩,૨૦૦ ગણી પોલીસે કબ્જે કરેલ. અને કોપીરાઇટ એકટ ભંગ હેઠળ ગુનો દાખલ કર્યો હતો.

# કાલાવાડ રોડ પર પતંગની દોરીથી મહિલાનું ગળું કપાયું



રાજકોટ, તા.૧૩

કાલે ઉત્તરાયણ છે, ત્યારે પતંગ ચગાવવાનો માહોલ બની રહ્યો છે. ગુજરાતમાં ચાઇનીઝ દોરી પર પ્રતિબંધ છે પરંતુ ગેરકાયદેસર રીતે આ ઘાતક દોરીનું વેચાણ થઈ રહ્યું છે અને લોકો તેનાથી પતંગ પણ ચગાવે છે. પરંતુ તેનું વેચાણ હજુ અટક્યું નથી. ત્યારે રાજકોટમાં જીવલેણ દોરીને કારણે એક મહિલાનું ગળું કપાયુ હોવાનું સામે આવ્યું છે.

ગઈ કાલ સમી સાંજે અંજલીબેન ગૌસ્વામી નામની મહિલા તેના બે પુત્ર સાથે કાલાવાડ રોડ પર ટુ વ્હીલરમાં જતી હોય ત્યારે અચાનક પતંગની દોરી ગળાના ભાગે આવી જતા ગળામાં ગંભીર ઈજા પહોંચી હતી. બાદ તાકિદે કોઈ રાહદારીએ ૧૦૮ ને જાણ કરતાં ૧૦૮ તુરંત બનાવ સ્થળે દોડી ગઈ હતી. અને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. હાલ સારવારમાં છે. ઉત્તરાયણ પહેલા ચાઇનીઝ દોરીથી પતંગ ચગાવીને અન્ય લોકોના જીવ જોખમમાં નાખનાર લોકોએ ધ્યાન રાખવાની જરૂર છે. તમારી એક ભૂલ બીજા લોકોને ભારે પડી શકે છે.

### સાયબર ક્રાઈમે ગણતરીની કલાકોમાં આરોપીને દબોચ્યો

# રૂા.૪૦ હજારના પગારમાં નોકરી કરી ગઠીયો હરિસ ભાનુશાળી ફ્રોડના રૂપિયાનું ટ્રાન્જેકશન કરતો 'તો

**ઓનલાઈન સ્ટોક માર્કેટમાં રોકાણ કરી ઊંચા પ્રોફિટના નામે મહિલા સાથે રૂ.૧૭.૪૪ લાખનું ફ્રોડ થયું 'તુંઃ વલસાડના શખ્સને દબોચી મુખ્ય સૂત્રધાર સુધી પહોંચવા કવાયતઃ પીઆઈ આર.જી.પઢીયાર અને ટીમની કાર્યવાહી**



રાજકોટ. તા.૧૩

ઓનલાઈન સ્ટોક માર્કેટમાં રોકાણ કરી ઊંચા પ્રોફિટના નામે મહિલા સાથે રૂ.૧૭.૪૪ લાખનું ફ્રોડ આચરવાના ગુનામાં વલસાડના શખ્સને દબોચી મુખ્ય સૂત્રધાર સુધી પહોંચવા કવાયત હાથ ધરી હતી. આરોપી રૂ.૪૦ હજારના પગારમાં નોકરી કરતો ગઠિયો હરિસ ભાનુશાળી ફ્રોડના રૂપીયાનું ટ્રાન્જેકસન કરતો હોવાનું ખુલ્યું હતું.

બનાવ અંગે ૧૫૦ ફૂટ રીંગરોડ પર બાલાજી હોલની પાછળ રૂક્ષ્મણી હાઈટ્સમાં રહેતાં નિશાબેન વાઓ યસંવતભાઈ પેઢડીયા (ઉ.વ.૩૯) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે અલગ અલગ બેંક ખાતા ધારકોના નામ આપી જણાવ્યું હતું કે, તેણી હાઉસ છે. ગઇ તા.૨૬/૦૨/૨૦૨૪ ના ઈન્સ્ટાગ્રામમાં એક જાહેરાત જોયેલ, જે સ્ટોક માર્કેટમા રોકાણ કરવા બાબતની હતી. જાહેરાતમા એક વોટ્સએપ ગ્રુપની લીંક આપેલ હતી જે લીંકમાં ઓનલાઈન સ્ટોક માર્કેટ શીખવા માટેનુ ગ્રુપ હતુ જે ગ્રુપમાં તેણી જોઈન થયેલ હતી. જેમા અલગ અલગ શેરની ટીપ્સી આવતી હતી.

તે વોટસએપ ગ્રુપમાં એક બીજી લીંક આવેલ જે લિંક મારફત ગ્રુપમા થયેલ હતી. જે ગ્રુપમાં ગઈ તારીખ ૨૬/૦૨/૨૦૨૪ ના શેર લેવા માટે ટીપ્સ આવેલ હતી અને શેરના ભાવ વધશે જેથી તેણીએ અંદાજે પાંચ શેર લીધેલ હતા જે વેચાણ બાદ નજીવો રૂપિયાનો પ્રોફીટ થયેલ હતો. જે શેરની ખરીદી-વેચાણ એપ્લીકિશન ઝેરોધા કાઈટમાં કરેલ હતી. જેથી સામેવાળાની શેર લેવા માટેની ટીપ્સો જે આવતી તેની વિશ્વાસ આવી ગયેલ અને તે સાચુ છે તેમ માની તે ગ્રુપમાં રેગ્યુલર શેર લેવા માટેની ટિપ્સો આવતી અને થોડા દિવસો બાદ તે અજાણ્યા વોટસએપ ગ્રુપમાં સામાવાળાએ મેસેજમાં જણાવેલ કે, અમારી પોતાની એપ્લીકેશનમાં ઓન લાઈન સ્ટોક માર્કેટમાં રોકાણ કરી સારો પ્રોફીટ મેળવી શકશો જેથી તે વોટસએપ ગ્રુપમાં એક લીંક આવેલ જે લીંકની એપ્લીકિશન ડાઉનલોડ થયેલ હતી. જેમાં તેણીએ આધાર કાર્ડ નંબર, મોબાઈલ નંબર, બેંકની માહિતી નાખેલ હતી.


જે બાદ ગઈ તા. ૦૬/૦૫/૨૦૨૪ ના રૂ.૫૦ હજારના શેર લીધેલ હતા. જેની સામે સારો પ્રોફીટ એપ્લીકિશનમાં દેખાડેલ હતો. જેથી મને તે સામાવાળા સાથે વિશ્વાસમાં આવી ગયેલ હતો, જે બાદ ગઈ તા. ૧૪/૦૫/૨૦૨૪ ના રૂ.૫૦ હજાર અને બાદમાં રૂ.૩૯ હજાર ટ્રાન્સફર કરેલ હતાં.ગઈ તા. ૧૭/૦૫/૨૦૨૪ ના શેર ખરીદવા વધું રૂ.૪.૫૫ લાખ ટ્રાન્સફર કરેલ હતાં. ગઈ તા.૨૨/૦૫/૨૦૨૪ ના વધું રૂ.૧ લાખ ટ્રાન્સફર કરેલ હતાં.

જે બાદ ગઈ તા. ૨૯/૦૫/૨૦૨૪ ના અજાણ્યાં મોબાઈલ નંબર પરથી મેસેજ આવેલ કે, તેમને આઇપીઓ લાગેલ છે અને જેના રૂપિયા તમારે ઓનલાઈન ભરવા પડશે નહિતર તમારા વિરુધ્ધ લીગલ પ્રોસેસ થશે અને તમને પૈસા પરત મળશે નહિ, જેથી તેણીએ રૂ.૧૦.૫૦ લાખ ટ્રાન્સફર કરેલ હતા. તેણી સાથે શેરબજારમાં ઈન્વેસ્ટના નામે ઉંચા પ્રોફિટ આ પવાની લાલચ આપી અજાણ્યા શખ્સોએ કુલ રૂ.૧૭.૪૪ લાખનું ફ્રોડ આચરતા સાયબર ક્રાઇમમાં ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી સાયબર ક્રાઈમ પીઆઈ આર.જી.પઢીયાર અને ટીમે તપાસ હાથ ધરી ફ્રોડના રૂપીયા જે એકાઉન્ટમાં ગયેલ તે એકાઉન્ટ ધારકની ટેક્નિકલ સોર્સીસ અને અંગત બાતમીના આધારે ગણતરીની કલાકોમાં આરોપી હરીશ વેલજી ભાનુશાળી (ઉ.વ.૫૩),(રહે. સન રેસિડેન્સી, કીકરાલા, ઉદવાડા, વલસાડ) ને દબોચી લઈ મુખ્ય આરોપી સુધી પહોંચવા કવાયત હાથ ધરી હતી.

વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, આરોપી હરીશને ફ્રોડ આચરતા મુખ્ય સૂત્રધારે રોજગારી ના નામે ફર્નિચર વાળી ઓફીસ ભાડે કરી આપી રૂ.૪૦ હજારના મહિને પગાર પર કામે રાખી તેના એકાઉન્ટમાં આવતાં ફ્રોડના રૂપીયા અન્યના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવાનું કામ કરતો હતો. આરોપી અગાઉ પણ છેતરપીંડીના ગુનામાં સંડોવાયેલ હોવાનું સામે આવ્યું છે.

# વોર્ડ નં.૪માં કોંગ્રેસ સમિતિ દ્વારા ઈ-કેવાયસી કેમ્પ યોજાયોઃ ૮૦૦ પરિવારોએ લાભ લીધો

### હવે બુધવારે ગણેશ સોસાયટી ખાતે કેમ્પનું આયોજન



રાજકોટ,તા.૧૩

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ વોર્ડ નંબર ચાર દ્વારા વોર્ડમાં E - KYC કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ગઈકાલે રવિવાર હોય લોકોએ પોતાના ઘર આંગણે લાભ લીધો હતો સવારે ૮:૦૦ થી ૨:૦૦ સુધી ભગવતી પરા, રાધે કૃષ્ણ મંદિર ખાતે ૮૦૦ થી વધુ પરિવારો એ E - KYC કેમ્પનો લાભ લઇ કામગીરી પૂર્ણ કરી હતી. આ પ્રસંગે રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી, પૂર્વ સ્ટેન્ડિંગ ચેરમેન મેઘજીભાઈ રાઠોડ, શહેર કોંગ્રેસના પૂર્વ પ્રમુખ જશવંતસિંહ ભટ્ટી, રાજકોટ શહેર મહિલા કોંગ્રેસ દીપ્તિબેન સોલંકી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને માર્ગદર્શન આપ્યું હતું. વધુમાં આ વિસ્તારના અથવા કોઈપણ વિસ્તારના વધુ લોકો જે બાકી રહી ગયા છે તે માટે તારીખ ૧૫/૧/૨૦૨૫ ને બુધવારે સવારે ૮:૩૦ થી ૨: ૦૦ સુધી ગણેશ સોસાયટી, સાર્વજનિક પ્લોટ, ગ્રીનલેન્ડ ચોકડી પાસે ઉપસ્થિત રહેવા વોર્ડ નંબર ચારના કોંગ્રેસ સમિતિ દ્વારા અપીલ કરવામાં આવી છે.

રાધે ક્રિષ્ના મંદિર ખાતેના E - KYC કેમ્પમાં વિસ્તારના કોંગ્રેસના આગેવાનોને ઠાકરશીભાઈ ગજેરા, ધવલભાઇ રાઠોડ, નંદાભાઇ ડાંગર, ભરતભાઈ રાજપુત, કેતનભાઇ વાઘેલા, હરેશભાઈ પરમાર, સંદીપભાઈ મહેતા, સંજયભાઈ ગઢવી, હાર્દિકભાઈ રાજપુત, હસુભાઈ, નીપાબેન, રાજુભાઈ ચાવડા સહિતના કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

# પ્રેમલગ્ન કર્યાં બાદ ત્રાસથી કંટાળીને પત્નીએ આપઘાત કર્યાંના ગુનામાં પતિના આગોતરા મંજુર



કલ્પેશ સાકરીયા
એડવોકેટ

રાજકોટ, તા.૧૩

ચોટીલાના પિયાવામાં રહેતા જીઆરડી જવાન વિશાલ હીરાભાઈ જોગરાજીયાએ ગામની જ ૧૯ વર્ષીય યુવતી રસીલા સાથે પ્રેમ લગ્ન કર્યાં હતા. લગ્નને ત્રણ માસ જેટલો જ સમય થયો હશે અને રસીલા પોતાના માતા પિતાના ઘરે જ રહેતી હતી. ત્યારે તા. ૪/૧૧/૨૦૨૪ ના રોજ રસીલાએ પોતાના માતા પિતાના ઘરે જ ઝેરી દવા પી લીધી હતી. જે પછી રસીલાની માતાએ એવા આક્ષેપ સાથે ફરિયાદ નોંધાવેલ કે, રસીલાએ વિશાલના ત્રાસથી ઝેરી દવા પી લીધી હતી.

તા.૨૬/૧૧/૨૦૨૪ના રોજ સારવારમાં રસીલાનું મોત થયું હતું. જેથી પોલીસે મરવા મજબુર કર્યાની કલમ ફરિયાદમાં ઉમેરી હતી. ધરપકડથી બચવા વિશાલે આગોતરા જામીન અરજી કરી હતી. જે ચાલી જતા બચવા પક્ષે દલીલ કરેલી કે, પ્રેમલગ્નની જાણ થઈ ત્યારે રસીલાના પરિવારે વિશાલને ઢોર માર માર્યો હતો. પ્રેમલગ્ન થઈ ગયા છે તેવું જાણવા છતાં મૃતકના પરિવારજનો મૃતકને બીજે લગ્ન કરી લેવા દબાણ કરતા હતા. જેથી પરીવારજનોના ત્રાસથી આપઘાત કરેલ છે. દલીલો ધ્યાને લઈ સુરેન્દ્રનગર કોર્ટે વિશાલ જોગરાજીયાની આગોતરા જામીન અરજી મંજુર કરી હતી. આ કેસમાં આરોપી વતી એડવોકેટ કલ્પેશ એલ. સાકરીયા, મિલન પી. થોરીયામેર, રવિન એન. સોલંકી, ભરત બી. ડાકી, લલીત કે. તોલાણી, કાનજી સી. શેખ, કુલદીપ એન. મકવાણા, તરંગ એમ. બાલધા, એકતાબેન જે. સુદાણી રોકાયેલ હતા.

# અકસ્માત મૃત્યુ કેસમાં માત્ર ૧૧ માસમાં રૂા.૫૯,૦૦,૦૦૦નું જંગી વળતર મંજુર



રવિન્દ્ર ગોહેલ
એડવોકેટ

રાજકોટ, તા.૧૩

મૂળ પશ્ચિમ બંગાળના યુવાન સુબ્રતા દાસ મોરબી ખાતે લાફાન્સ ગ્રેનીટો પ્રાઈવેટ લી.માં ઈન્ચાર્જ તરીકે નોકરી કરતા હતા તેઓ પોતાનું બાઈક લઈ જતા હતા ત્યારે પાછળથી ટ્રક ટ્રેઈલર નં. જીજે- ૩૭-ટી-૪૦૭૧નાં ચાલકે પાછળથી યુવાનને બાઈક સહીત હડફેટે લેતા આ અકસ્માતનો બનાવ બનવા પામેલ હતો.

આ અકસ્માતનાં કારણે ગુજરનારનાં પરિવારનાં એકમાત્ર કમાવાવાળી વ્યકિતનું કરૂણ મોત નીપજેલ હતુ. ગુજરનારનાં વારસદારોએ સુબ્રતા દાસના મૃત્યુ બદલ વળતર મેળવવા માટે રાજકોટ કોર્ટમાં ટ્રકની વીમા કંપની સામે કલેઈમ કેસ દાખલ કરેલ. જે કેસ ચલાતા વારસદારોના વકીલે દલીલો કરેલી કે, ગુજરનાર સુબ્રતા દાસ સુભાષ રંગપર ગામે આવેલ કંપનીમાં નોકરી કરતા હતા. માસીક રૂ.૩૫,૦૦૦ પગારની આવક હતી. કુટુંબના આધારરૂપ વ્યકિત હતા. ગુજરનારની આવક તથા આવક ઉપર પ્રોસ્પેકટીવ આવકની ગણતરી કરી મોંઘવારી મુજબ મહત્તમ વળતરની ગણતરી કરી વળતર ચુકવવા રજૂઆત કરેલી. જે ધ્યાને લઈ કોર્ટે રૂા.૫૯ લાખનું જંગી વળતર માત્ર ૧૧ માસના ટુંકા ગાળામાં મંજુર કરવામાં આવેલ. કેસ અંતે લોક અદાલતમાં પુરો કરવામાં આવેલ હતો. આ કેસમાં અરજદારો વતી રાજકોટના એડવોકેટ રવીન્દ્ર ડી. ગોહેલ, સંદિપ એમ. રાઠોડ, વિવેક વી. ભાંસળીયા (ગઢવી) એડવોકેટ તરીકે રોકાયેલા હતા તથા આસીસટન્ટ તરીકે જતીન પી. ગોહેલ, દિનેશ ડી. ગોહેલ તથા જયેશભાઈ મકવાણા રોકાયેલા હતા.

### વધુ હજારો ઘરો ખાલી કરાવવા માટે તૈયારીઃ મૃત્યુઆંક ૨૪ થયો

# લોસ એન્જલીસ આગ વધુ વિકરાળઃ બાઈડને કહ્યું 'યુદ્ધ' જેવી સ્થિતિ

**તેજ હવાથી આગ ૧૨૦ કી.મી.ની ઝડપે આગળ વધે છેઃ લોસ એન્જલીસની મુખ્ય કાઉન્ટી સુધી પહોંચે તો અત્યંત ભયાનક સ્થિતિનો ભય**

**અમેરિકાભરના તમામ સાધનો આગ કાબૂમાં લેવા કામે લગાડયાઃ પાડોશી મેકસીકો-કેનેડામાંથી પણ સહાય પહોંચી**




લોસ એન્જલીસઃ અમેરિકાના કેલિફોર્નિયાના જંગલોમાં લાગેલી આગમાં અત્યાર સુધીમાં ૨૪ લોકોના મૃત્યુ થયા છે. તે સમયે અમેરિકાના પ્રમુખ શ્રી જો બાઈડને આ આગની સ્થિતિને 'યુદ્ધ' જેવી ગણાવી છે અને હવે આગ વધુ રહેણાંક વિસ્તારો ભણી ફેલાઈ રહી છે. ગત તા.૭ના રોજ લાગેલી આગમાં હવે તેજ હવા, સુકા વાતાવરણ અને પાણીની અછતના કારણે આગની જવાળાઓનું જોર વધીને તે હવે મૂળ શહેર લોસ એન્જલીસના દ્વાર આગળ પહોંચી જતા જ સૌથી મોટી સમસ્યા સર્જાઈ છે. લાખો મકાનો, હોટેલો, કેસીના તથા ભવ્યતા ધરાવતા આ મહાનગરમાં આગના ધુમાડાના કારણે વાતાવરણમાં ગજબનો પલટો આવ્યો છે અને અમેરિકાભરનું તંત્ર આગ સામે લાચાર બની ગયુ છે. પ્રમુખ જો બાઈડને દેશના તમામ સ્ત્રોતોનો ઉપયોગ કરી આગને કાબુમાં લેવા આદેશ આપતા સમયે 'યુદ્ધ' જેવી સ્થિતિ ગણાવી છે અને હવે પ્રથમ વખત આગ બુઝાવવા કેનેડા અને મેકસીકોની સહાયતા લેવામાં આવી છે. છેલ્લા ૨૪ કલાકમાં આગ પેલેસાઈડના ૧ હજાર એકરમાં પહોંચી ગઈ છે અને નેચરલ વેધર સચીવે ચેતવણી આપી છે કે હવામાન આગ માટે ખૂબ જ સાનુકુળ છે તેમ વધુ ગંભીર સ્થિતિ સર્જાઈ શકે છે. આગ લોસ એન્જલીસના પૈચુરા કાઉન્ટી સુધી પહોંચી રહી છે. પ્રતિ કલાક ૧૨૦ કી.મી.ની ઝડપે પવન સાથે આગ આગળ વધી રહી છે.

કેલિફોર્નિયામાં આ વર્ષે ઓછા વરસાદે પાણીની સમસ્યા પણ આગને કાબુમાં લેવામાં મોટું વિધાન બની રહી છે. લોકોને પોતાના ઘરોમાંજ રહેવા અને હવા ફીલ્ટર કરતા સાધનોને સતત ચાલુ રાખવા સલાહ આપવામાં આવી છે. બીજા એરીયા, હજારો ઘરોને ખાલી કરવા તૈયાર રહેવા માટે જણાવાયુ છે અને હવે આગની તપાસ એફબીઆઈને સુપ્રત થઈ છે જેમાં વેધર નિષ્ણાંતો જોડાશે.

### ૫૦ અબજ ડોલરની મિલ્કતો આગમાં સ્વાહા

## લોસ એન્જલીસમાં ફાયર મોક ડ્રીલ શરૂઃ ખોટા એલાર્મથી અફડાતફડી

### પાલતુ પ્રાણીઓની સુરક્ષા માટે દોડધામ



લોસ એન્જલીસઃ અમેરિકાના કેલિફોર્નિયાના સૌથી સમૃદ્ધ શહેર લોસ એન્જલીસના જંગલોમાં લાગેલી આગ બેકાબુ બની આગળ વધી રહી છે તે વચ્ચે અંદાજે ૫૦ અબજ ડોલરનું નુકસાન થઈ ગયુ છે અને તેમાં હવે ૧ કરોડ લોકોની વસતિ ધરાવતા મુખ્ય શહેરમાં પણ આગની મોકડ્રીલ શરૂ કરીને લોકોને ગમે તે સમયે તેમના ઘર છોડવા પડે તે માટે તૈયાર રહેવા જણાવાયુ છે. શુક્રવારે આગોતરી જાણ વગર ૧ કરોડ લોકોને ફાયર એલાર્મ મોકલી અપાતા જબ્બરી અફડાતફડી સર્જાઈ હતી. સૂત્રોના જણાવ્યા મુજબ મોબાઈલ ફોન ટાવરમાં આગની ગરમીના કારણે એલાર્મ વાગ્યા હતા. કુલ છ સ્થાનોએ આગ ચાલુ છે અને દરેકને અલગ અલગ કોડનેમ અપાયા છે. હજુ સુધી ૮% આગ પર જ કાબૂ મેળવી શકાય છે અને તે ઘરોમાં જે પાલતુ પ્રાણી, કુતરા, બિલાડા તથા ઘોડા વિ. છે. તેને પણ સલામત કરવા માટે તૈયારી થઈ છે. જો આ આગ આગળ વધે તો ૧ લાખ લોકોને તાત્કાલીક જે તે વિસ્તાર છોડવો પડશે.

## દેવજીત સૈકિયા નવાં બીસીસીઆઈનાં સેક્રેટરી

### બીસીસીઆઈ બેઠકમાં નિર્ણય : પ્રભતેજ ભાટિયા ટ્રેઝરર



નવી દિલ્હી : રવિવારે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડની વિશેષ સામાન્ય સભામાં દેવજીત સૈકિયાને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના નવાં સચિવ તરીકે ચૂંટવામાં આવ્યાં હતાં. તેઓ જય શાહનું સ્થાન લેશે. જ્યારે પ્રભતેજસિંહ ભાટિયા ખજાનચી તરીકે ચૂંટાયા છે. જય શાહ અને આશિષ શેલાર દ્વારા ખાલી પડેલી જગ્યાઓ માટે સૈકિયા અને પ્રભતેજ એકમાત્ર ઉમેદવારો હતાં અને બંને પોતપોતાનાં હોદ્દા પર બિનહરીફ ચૂંટાયા હતાં.

જય શાહ ૧ ડિસેમ્બરે ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલના અધ્યક્ષ બન્યાં ત્યારથી સૈકિયા બીસીસીઆઈના વચગાળાનાં સચિવ તરીકે કામ કરી રહ્યાં છે. શાહનાં રાજીનામાં બાદ, દેવજીત સૈકિયાને બીસીસીઆઈ પ્રમુખ રોજર બિન્નીએ વચગાળાના સચિવ તરીકે નિયુક્ત કર્યા હતાં, જયારે ખજાનચીની ભૂમિકા માટે કોઈ વચગાળાની નિમણૂક કરવામાં આવી ન હતી. બીસીસીઆઈના બંધારણ મુજબ, કોઈપણ ખાલી જગ્યા ૪૫ દિવસની અંદર એસજીએમ બોલાવીને ભરવામાં આવે છે. રવિવાર આ સમયગાળાનો ૪૩મો દિવસ હતો.

અગાઉ આશિષ શેલાર બીસીસીઆઈના ખજાનચી હતા પરંતુ મહારાષ્ટ્ર સરકારમાં કેબિનેટ મંત્રી તરીકે શપથ લીધા બાદ તેમણે પદ છોડી દીધું હતું. આ પછી જ ભાટિયાએ ખજાનચી પદ માટે ઉમેદવારી નોંધાવી હતી. શાહની ગયાં મહિને ગ્રેગ બાર્કલેના સ્થાને આઈસીસી ચીફ તરીકે નિમણૂક કરી હતી.

### દેવજીત સૈકિયા કોણ છે ?

દેવજીત સૈકિયા આસામના રહેવાસી છે. ૫૫ વર્ષીય દેવજીત વ્યવસાયે વકીલ છે. જો કે તે પહેલાં ક્રિકેટર પણ રહી ચૂક્યાં છે. તે આસામ તરફથી રમતાં હતાં. વિકેટકીપર બેટ્સમેન સૈકિયાએ આસામ માટે ૪ ફર્સ્ટ ક્લાસ મેચ રમી છે. આ મેચોમાં તેનો સર્વશ્રેષ્ઠ સ્કોર ૫૪ હતો. દેવજીત સૈકિયા ક્રિકેટ ઉપરાંત વહીવટી અનુભવ પણ ધરાવે છે. સૈકિયા આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાના નેતૃત્વમાં ક્રિકેટ ક્લબના જનરલ સેક્રેટરી પણ રહી ચૂક્યાં છે. આ પછી સૈકિયા અને હિમંતાએ આસામ સ્ટેટ ક્રિકેટ એસોસિએશનમાં સાથે કામ કર્યું હતું. ૨૦૧૬ માં, સૈકિયા એસીએના ઉપપ્રમુખ તરીકે ચૂંટાયા હતાં ૨૦૧૯ માં એસીએના પ્રમુખ બન્યાં હતાં.

### પર્વતીય રાજ્યોમાં સતત હિમવર્ષાઃ

## કેદારનાથમાં તાપમાન માઈનસ ૧૯ ડીગ્રી

### દિલ્હી, પંજાબ, હરિયાણા, યુપીમાં હળવા વરસાદ વચ્ચે શીતલહેર



નવી દિલ્હી, તા.૧૩

પર્વતીય રાજ્યોમાં સતત હિમવર્ષાને પગલે પાટનગર દિલ્હી સહિતના ઉત્તર ભારતના રાજ્યો ફરી વખત કાતિલ ઠંડીની લપેટમાં સપડાયા છે. જોકે આજે ધુમ્મસમાં આંશિક રાહત હતી. સામાન્ય ધુમ્મસ વચ્ચે ત્રણ દિવસનું ઓરેન્જ એલર્ટ યથાવત રાખવામાં આવ્યું છે.

હવામાન વિભાગના રીપોર્ટ મુજબ હળવા વરસાદને કારણે ઠંડી વધી ગઇ છે અને તેમાંથી તાત્કાલીક રાહત મળવાની સંભાવના નથી. પાટનગરમાં ધુમ્મસનું પ્રમાણ સામાન્ય જ હોવા છતાં ટ્રેનોના સમયપત્રક વેરવિખેર જ હતા. અમુક ટ્રેનો અગાઉથી જ રદ કરવામાં આવી હતી. કેટલીક ટ્રેનો કલાકો મોડી હતી.

દિલ્હીમાં રવિવારે સૂર્યનારાયણના દર્શન થયા ન હતા. બુધવાર સુધી વેસ્ટર્ન ડીસ્ટર્બન્સની અસર રહેવાની શક્યતા વચ્ચે હળવો વરસાદ થવાની પણ આગાહી કરવામાં આવી છે. બીજી તરફ ઉત્તરાખંડ સહિતના પર્વતીય રાજ્યોમાં સતત હિમવર્ષા રહી હતી. સિમલા-ચૌપાલ હાઇવે બંધ કરી દેવામાં આવ્યો હતો. ચારધામ, હેમકુંડ, ઔલીમાં સતત બરફ વરસતો રહ્યો હતો. કેદારનાથ ધામમાં ૩ ફૂટ બરફ જામવા સાથે તાપમાન માઇનસ ૧૯ ડીગ્રી રહ્યું હતું. ઉત્તર પ્રદેશ, પંજાબ, હરિયાણામાં હળવા વરસાદ વચ્ચે શીતલહેરની સ્થિતિ હતી.

## નાસિકમાં ટ્રક અને ટેમ્પો વચ્ચે ભીષણ અકસ્માત, ૮ લોકોના મોત



નાસિક,તા.૧૩

મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના દ્વારકા સર્કિલમાં રવિવારે એક ટેમ્પો અને ટ્રકની ટક્કરમાં આઠ લોકોના મોત થઈ ગયા અને ઘણાં લોકો ઘાયલ થયા છે. એક પોલીસ અધિકારીએ આ અંગે જાણકારી આપી છે. તેમણે જણાવ્યું કે, આ ઘટના સાંજે સાડા સાત વાગ્યે અયપ્પા મંદિર નજીક સર્જાઈ હતી. તેમણે જણાવ્યું કે, ટેમ્પોમાં ૧૬ મુસાફરો સવાર હતા, જે સિડકો વિસ્તારમાં જઈ રહ્યાં હતા. તે નિફાડમાં એક ધાર્મિક કાર્યક્રમમાંથી પરત ફરી રહ્યાં હતા.

પોલીસે જણાવ્યું કે, ટેમ્પો ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા આ લોખંડના સળિયા ભરી જતા ટ્રક પાછળ ઘૂસી ગઈ હતી. દુર્ઘટનામાં કેટલાક લોકોના ઘટના સ્થળે જ મોત થયા હતા. જ્યારે કેટલાકની હાલત ગંભીર છે. તેમણે જણાવ્યું કે, પોલીસ અને ફાયર વિભાગના કર્મચારીઓએ ગીચતા વાળા વિસ્તારમાં લોકો સાથે મળીને તરત બચાવ કામગીરી શરૂ કરી હતી.

અધિકારીએ જણાવ્યું કે, ઘાયલોને જિલ્લા હોસ્પિટલે અને કેટલાકને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં છે. પોલીસ અને આરોગ્ય અધિકારીઓએ જણાવ્યું કે, મૃતકોની સંખ્યા વધી શકે છે. કેમ કે હજુ કેટલાક લોકો ગંભીર રીતે ઘાયલ છે.

## ઉત્તરાખંડમાં બસ ૧૦૦ મીટર ઊંડી ખીણમાં ખાબકી : ૬ ના મોત : ૨૨ ઘાયલ



ઉત્તરાખંડ : ઉત્તરાખંડના પૌડી ગઢવાલ જિલ્લાનાં દેહલચૌરી વિસ્તાર પાસે એક બસ બેકાબૂ થતાં ૧૦૦ મીટર ઊંડી ખીણમાં પડી હતી. આ ભયાનક અકસ્માતમાં ૬ લોકોનાં કરૂણ મોત થયાં હતાં અને ૨૨ લોકો ગંભીર રીતે ઘાયલ થયાં હતાં. પીડિતોને નજીકની હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. સૂત્રોનું માનીએ તો મૃત્યુઆંક વધી શકે છે.

એક સ્થાનિક અધિકારીએ દુર્ઘટના અંગે માહિતી આપી કે બસ પૌડીથી દેહલચૌરી જઈ રહી હતી, ત્યારે બસે અચાનક કાબૂ ગુમાવ્યો અને ૧૦૦ મીટર ઊંડી ખીણમાં પડી હતી. આ દરમિયાન એસડીઆરએફની ટીમ ઘટનાસ્થળે પહોંચી છે અને બચાવ કામગીરી હાથ ધરી છે. માહિતી મળતાની સાથે જ ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ આ દુ:ખદ ઘટના પર શોક વ્યક્ત કર્યો સીએમ ધામીએ ટ્વિટર પર લખ્યું કે પૌરીમાં કેન્દ્રીય વિદ્યાલય તરફનાં રૂટ પર બસને અકસ્માત નડતાં ૬ મુસાફરોના મૃત્યુનાં અત્યંત દુ:ખદ સમાચાર મળ્યાં છે. ભગવાન મૃતકોની આત્માને શાંતિ આપે અને શોકગ્રસ્ત પરિવારનાં સભ્યોને આ દુ:ખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના. તેમણે આગળ લખ્યું કે સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા રાહત અને બચાવ કાર્ય ચાલું છે અને ઘાયલોને નજીકની હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. હું બાબા કેદારને ઈજાગ્રસ્તોના ઝડપથી સાજા થવા માટે પ્રાર્થના કરું છું.''

## ચેમ્પિયન ટ્રોફી માટે ઓસ્ટ્રેલિયન ટીમની જાહેરાત : કેપ્ટન કમિન્સના રમવા પર સસ્પેન્સ




સિડની : ઓસ્ટ્રેલિયાએ ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ માટે ૧૫ સભ્યોની ટીમની જાહેરાત કરી છે. આ ટીમની કેપ્ટનશીપ પેટ કમિન્સને સોંપવામાં આવી છે, પરંતુ તે ટુર્નામેન્ટ રમી શકશે કે નહીં તે હાલ કહેવું મુશ્કેલ છે. જેક ફ્રેઝરને ઓસ્ટ્રેલિયન ટીમમાં સ્થાન મળ્યું નથી. જ્યારે પસંદગીકારોએ એરોન હાર્ડી અને મેથ્યુ શોર્ટને ટીમમાં સામેલ કર્યા છે. ઉપરાંત નાથન એલિસ પણ ચેમ્પિયન્સ ટ્રોફી ટીમમાં સ્થાન મેળવવામાં સફળ રહ્યો છે. ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫નું આયોજન ૧૯ ફેબ્રુઆરીથી પાકિસ્તાન અને યુએઈમાં થઈ રહ્યું છે. ઓસ્ટ્રેલિયા આ આઇસીસી ટુર્નામેન્ટનું બે વાર વિજેતા રહ્યું છે.

**કમિન્સ કેપ્ટન છે, પણ તે રમશે કે નહીં તે ઈજા પર નિર્ભર :**

આઠ વર્ષ પછી યોજાનારી ચેમ્પિયન્સ ટ્રોફીમાં પસંદગીકારોએ ઓસ્ટ્રેલિયાની કેપ્ટનશીપ પેટ કમિન્સને સોંપી છે. પરંતુ ટીમમાં પસંદગી મળી છતાં બોર્ડર-ગાવસ્કર ટ્રોફી દરમિયાન પગની ઘૂંટીમાં થયેલી ઈજાને કારણે કમિન્સ ટુર્નામેન્ટમાં રમશે કે નહીં તે હજુ સ્પષ્ટ નથી. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાનાં મુખ્ય પસંદગીકાર જ્યોર્જ બેઈલીએ પણ ઈજાનો ઉલ્લેખ કરતી વખતે આ આશંકા વ્યક્ત કરી હતી.

### ચેમ્પિયન્સ ટ્રોફી માટે ઓસ્ટ્રેલિયાની ટીમ

પેટ કમિન્સ (કેપ્ટન), એલેક્સ કેરી, નાથન એલિસ, એરોન હાર્ડી, જોશ હેઝલવૂડ, ટ્રેવિસ હેડ, જોશ ઇંગ્લિસ, માર્નસ લાબુશેન, મિશેલ માર્શ, ગ્લેન મેક્સવેલ, મેથ્યુ શોર્ટ, સ્ટીવ સ્મિથ, મિશેલ સ્ટાર્ક, માર્કસ સ્ટોઇનિસ, એડમ ઝમ્પા.

# આઈપીએલ ૨૧ માર્ચથી શરૂ થશે : ૨૫ મેના રોજ ફાઈનલ

### રવિવારે યોજાયેલી બેઠકમાં બીસીસીઆઈ ઉપાધ્યક્ષ રાજીવ શુક્લાએ જાહેરાત કરી : મિટીંગમાં વુમન્સ પ્રિમિયર લીગના સ્થળ અંગે



નવી દિલ્હી : ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના ઉપાધ્યક્ષ રાજીવ શુક્લાએ પુષ્ટિ કરી કે ઇન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૫, ૨૧ માર્ચથી શરૂ થવાની છે. શુક્લાએ આઈપીએલનું ઉદ્‌ઘાટન તેમજ ફાઈનલની તારીખની પુષ્ટિ કરી હતી, જે ૨૫ મેના રોજ યોજાશે. રવિવારે યોજાયેલી બીસીસીઆઈની સ્પેશિયલ મિટીંગમાં, મુખ્ય નિર્ણયો લેવામાં આવ્યાં હતાં જેમાં નવાં ખજાનચી અને સચિવની આગળની જવાબદારીઓ પર ધ્યાન કેન્દ્રિત કરતી ચર્ચાઓ કરવામાં આવી હતી સાથે સાથે વિમેન્સ પ્રીમિયર લીગના સ્થળ અંગેની ચર્ચા પણ કરવામાં આવી હતી.

આઈપીએલ ૨૦૨૪ ની શરૂઆત ૨૨ માર્ચે કરવામાં આવી હતી અને આરબીસી અને સીએસકે સામસામે હતાં અને ૨૬ મેના રોજ ફાઇનલ યોજાઈ હતી. અગાઉ રાજીવ શુક્લાએ ભૂલથી તારીખ ૨૩ માર્ચ જાહેર કરી હતી, જે બાદમાં તેમણે સુધારીને ૨૧ માર્ચ કરી હતી.વધુમાં, આઈપીએલએ એક વર્ષની મુદત માટે નવાં કમિશનરની નિમણૂકની જાહેરાત કરી છે. ૧૮-૧૯ જાન્યુઆરીના રોજ યોજાનારી આગામી બેઠકમાં આગામી ચેમ્પિયન્સ ટ્રોફી માટે ટીમને અંતિમ સ્વરૂપ આપવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

### આઈપીએલ ૨૦૨૫ મેગા ઓક્શન

સાઉદી અરેબિયાના જેદ્દાહમાં બે દિવસ સુધી યોજાયેલી આઈપીએલ ૨૦૨૫ની મેગા હરાજી દરમિયાન કુલ ૧૮૨ ખેલાડીઓ રૂ. ૬૩૯.૧૫ કરોડમાં વેચાયાં હતાં. ૧૦ માંથી મોટાભાગની ટીમોએ તેમનાં મુખ્ય ખેલાડીઓને જાળવી રાખ્યાં પછી તેમની ટીમને વધુ મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. હરાજીની આગેવાનીમાં, ટીમોએ બીસીસીઆઈ સાથે ઘણાં નિયમો અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. કેટલીક ટીમોએ મેગા હરાજી અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

ભારતનાં વિકેટકીપર-બેટર ઋષભ પંત આઈપીએલના ઈતિહાસમાં સૌથી મોંઘા ખેલાડી બન્યાં જે ૨૭ કરોડમાં વેચાયાં હતાં, ત્યારબાદ શ્રેયસ ઐયર ૨૬.૭૫ કરોડ, અને વેંકટેશ ઐયર ૨૩.૭૫ કરોડમાં વેચાયાં હતાં. આ દરમિયાન, ડેવિડ વોર્નર, પૃથ્વી શો અને શાર્દુલ ઠાકુર જેવાં ખેલાડીઓ વેચાયાં વગરનાં રહ્યાં હતાં.

# ઈજાગ્રસ્ત બુમરાહ ચેમ્પિયન્સ ટ્રોફીમાં નહી રમી શકે ?

### જસપ્રિત એનસીએમાં ઈજામાંથી રિકવર થઈ રહ્યો છેઃ બુમરાહની લાંબાગાળાનાં ટેસ્ટ કેપ્ટનની નિમણૂક પર પણ શંકા

નવી દિલ્હી,તા.૧૩

આવતાં મહિને યોજાનારી ચેમ્પિયન્સ ટ્રોફી પહેલાં ભારતીય ક્રિકેટ ટીમને મોટો ઝટકો લાગ્યો છે. બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહને પીઠના સ્નાયુમાં ખેંચાણની સમસ્યાને કારણે આ ટૂર્નામેન્ટમાં રમવું શંકાસ્પદ છે.

**હજુ પણ આશા :-**

અગાઉ એવું કહેવામાં આવી રહ્યું હતું કે શરૂઆતની ગ્રુપ મેચોમાં જ તેનાં રમવા પર શંકા હતી. પરંતુ હવે આખી ટૂર્નામેન્ટમાં તેની રમત પર સંકટના વાદળો છવાયેલાં છે. જો કે, ભારતીય પસંદગીકારો હજુ પણ આશાવાદી છે કે તે ચેમ્પિયન્સ ટ્રોફીમાં કેટલીક ભૂમિકા ભજવી શકે છે કારણ કે તે માત્ર સોજો છે. હવે તે બેંગલુરુમાં નેશનલ ક્રિકેટ એકેડમીમાં પુનર્વસનમાંથી પસાર થવા માટે તૈયાર છે.

**ઈજાએ પ્રશ્નો ઉભાં કર્યા :-**

ઓસ્ટ્રેલિયા સામેની છેલ્લી ટેસ્ટમાં તેની પીઠના સ્નાયુઓમાં તણાવ તેનાં માટે સારો સાબિત થયો ન હતો કારણ કે તે બીજા દાવમાં બોલિંગ કરી શક્યો ન હતો. આ ઈજાએ એવાં પ્રશ્નો ઉભાં કર્યા છે કે શું બુમરાહ ટેસ્ટ ફાસ્ટ બોલર તરીકે તેનાં વર્કલોડને જોતાં લાંબા સમય સુધી ફિટ રહી શકે છે, જે આઇસીસી વ્હાઇટ-બોલ ટુર્નામેન્ટ માટે પણ જરૂરી છે.

**વિકલ્પો પર પણ નજર :-**

જૂન ૨૦૨૫ થી જૂન ૨૦૨૭ સુધીનાં આગામી ડબલ્યુટીસી ચક્ર દરમિયાન બુમરાહને વધુ ઈજાઓ નહીં થાય તેની કોઈ ગેરેંટી નથી. તેથી પસંદગીકારો બીજા વિકલ્પ પર પણ યોજના બનાવી શકે છે જેમાં સુકાનીપદ માટે અન્ય સમાન મજબૂત ઉમેદવાર હોય જેને વાઇસ-કેપ્ટન તરીકે તૈયાર કરી શકાય. હાલમાં ટેસ્ટમાં માત્ર બે નામ ઋષભ પંત અને જયસ્વાલ ચર્ચામાં છે. તેમાંથી પંત આ રોલ માટે સૌથી યોગ્ય લાગે છે.

**પંતને ગાંધીનું સમર્થન :-**

ભૂતપૂર્વ રાષ્ટ્રીય પસંદગીકાર દેવાંગ ગાંધીએ કહ્યું કે, મારાં માટે આ ખૂબ જ સરળ વાત છે. તમે ડેટા જુઓ અને જાણો કે ટેસ્ટ ક્રિકેટમાં ચોક્કસપણે કોને પસંદ કરી શકાય છે. બુમરાહે ૪૫ ટેસ્ટ અને પંતે ૪૩ ટેસ્ટ રમી છે. પંત અત્યારે ૨૭ વર્ષનો છે અને જ્યારે તે માત્ર ૨૩ વર્ષનો હતો ત્યારે તેણે ગાબામાં ભારતને તેની સર્વશ્રેષ્ઠ ટેસ્ટ જીત અપાવી હતી. તે મેચ વિનર છે અને તે વાઈસ કેપ્ટન હોવો જોઈએ. દીપ દાસગુપ્તા, ભારતનાં અન્ય ભૂતપૂર્વ વિકેટકીપર, પણ સંમત થયાં કે બુમરાહ તેનાં બોલિંગ વર્કલોડને જોતાં ટેસ્ટ કેપ્ટન તરીકે લાંબા ગાળાનો ઉકેલ હોઈ શકે નહીં.




**સુકાનીપદની રેસમાં બુમરાહ :-**

ભવિષ્યમાં રોહિત શર્માની જગ્યાએ ભારતનો ટેસ્ટ કેપ્ટન બનવાની રેસમાં બુમરાહ સૌથી આગળ છે. જો કે, તેની ફિટનેસની ચિંતાઓને જોતાં, તે લાંબા ગાળાનાં વિકલ્પ તરીકે દેખાતો નથી. સવાલ એ ઊભો થાય છે કે હવે ટેસ્ટ મેચોમાં રોહિતનું ભવિષ્ય લગભગ નિશ્ચિત છે, તો શું તેને ટેસ્ટમાં કાયમી કેપ્ટન ગણી શકાય ? તેણે પર્થ અને સિડનીમાં અગાઉની શ્રેણીમાં ભારતનું નેતૃત્વ કર્યું હતું. આમાંથી એક મેચ જીતી હતી અને એક હારી હતી. એકંદરે, તેણે ત્રણ ટેસ્ટમાં કેપ્ટનશિપ કરી છે, જેમાંથી તેણે એક મેચ જીતી છે. જો બુમરાહ ફિટ છે અને ઇંગ્લેન્ડમાં ટેસ્ટ ટીમનું નેતૃત્વ કરવા માટે તૈયાર છે, તો મુખ્ય પસંદગીકાર અજીત અગરકર અને તેનાં ચાર સાથી ખેલાડીઓને વાઇસ-કેપ્ટન તરીકે મજબૂત નામની જરૂર છે જેથી ઉપ-કેપ્ટન કોઈપણ પરિસ્થિતિમાં જવાબદારી સંભાળી શકે.

**જસપ્રિતને ઈંગ્લેન્ડ સામે કમાન્ડ મળશે :-**

એ સમજી શકાય છે કે બુમરાહની પીઠની સમસ્યા શનિવારે અગરકર, મુખ્ય કોચ ગૌતમ ગંભીર અને રોહિત સાથે બીસીસીઆઈની સમીક્ષા બેઠક દરમિયાન પ્રકાશમાં આવી હતી. સમીક્ષા બેઠક બાદ એવું નિષ્કર્ષ પર આવી શકે છે કે રોહિત પાંચ ટેસ્ટ મેચ માટે ઈંગ્લેન્ડ જવાની શક્યતા ઘણી ઓછી છે. જો બધું બરાબર રહ્યું તો બુમરાહ જૂનમાં ઈંગ્લેંડ ખાતે રમાનારી પ્રથમ ટેસ્ટમાં ચોક્કસપણે ટીમનું નેતૃત્વ કરશે. તે જ સમયે, રોહિતની કેપ્ટન્સીમાં ઘણાં યાદગાર ઉતાર-ચઢાવ આવ્યાં છે. પછી તે ૨૦૨૩ વર્લ્ડ કપમાં સતત ૧૦ જીત હોય કે ૨૦૨૪ માં ટી-૨૦ વર્લ્ડ કપ જીતીને ભારતનું કમબેક હોય. તેમનાં નેતૃત્વમાં ટીમ ૨૦૨૩માં વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઇનલમાં પણ પહોંચી હતી. ભલે આ વખતે એવું ન થઈ શક્યું.

## ન્યુઝીલેન્ડ, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાને ચેમ્પિયન્સ ટ્રોફી માટે ટીમોની જાહેરાત કરી

### બીસીસીઆઈ આગામી ૧૮-૧૯ જાન્યુઆરીએ ભારતીય ટીમ જાહેર કરશે

નવી દિલ્હી : ચેમ્પિયન્સ ટ્રોફી ક્રિકેટને લઈને ઉત્તેજના શરૂ થઈ ગઈ છે. ત્રણેય દેશોએ રવિવારે પોતાની ટીમની જાહેરાત કરી હતી. જેમાં ન્યુઝીલેન્ડ, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનનો સમાવેશ થાય છે. બીસીસીઆઈએ સંકેત આપ્યો છે કે ભારતીય ટીમની જાહેરાત આગામી ૧૮ કે ૧૯ જાન્યુઆરીએ થઈ શકે છે. ન્યૂઝીલેન્ડની ટીમની કમાન મિશેલ સેન્ટનરને સોંપવામાં આવી છે જ્યારે બાંગ્લાદેશનાં કેપ્ટન નઝમુલ હુસૈન શાંટો હશે. અફઘાનિસ્તાનનું નેતૃત્વ હશાન્તુલ્લાહ શાહિદી કરશે. મુજીબ ઉર રહેમાનને ટીમમાં સ્થાન મળ્યું નથી. તેનાં જેવાં 'મિસ્ટ્રી સ્પિનર' એએમ ગઝનફરને ચેમ્પિયન્સ ટ્રોફી માટે પસંદ કરવામાં આવ્યો છે.

**ફર્ગ્યુસન, સીયર્સનું કમબેક :-**

અનુભવી ઝડપી બોલરો લોકી ફર્ગ્યુસન અને બેન સીયર્સ આવતાં મહિને પાકિસ્તાન અને સંયુક્ત આરબ અમીરાતમાં યોજાનારી ચેમ્પિયન્સ ટ્રોફી માટે ન્યૂઝીલેન્ડની ૧૫-સભ્યની ટીમમાં પરત ફર્યા છે. ફર્ગ્યુસનનો હવે ન્યૂઝીલેન્ડ ક્રિકેટ સાથે કરાર નથી અને તે ઓસ્ટ્રેલિયાની બિગ બેશ લીગમાં રમવાને કારણે રવિવારે સમાપ્ત થયેલી શ્રીલંકા સામેની શ્રેણીમાં રમી શક્યો ન હતો. ગયાં વર્ષે ટી-૨૦ વર્લ્ડ કપમાં સીયર્સ રિઝર્વ હતો. ઘૂંટણની ઈજાને કારણે તે નવેમ્બરમાં ભારત સામેની ટેસ્ટ શ્રેણી રમી શક્યો ન હતો. તેણે ગુરુવારે વેલિંગ્ટન સ્ટેટ માટે ટી-૨૦ મેચમાં પુનરાગમન કર્યું. સીયર્સ ઉપરાંત વિલ અરુક અને નાથન સ્મિથને પણ ટીમમાં સામેલ કરવામાં આવ્યાં છે. આ તેની પ્રથમ આઇસીસી ટૂર્નામેન્ટ હશે. સેન્ટનર પ્રથમ વખત કોઈ મોટી ટુર્નામેન્ટમાં ન્યુઝીલેન્ડની કેપ્ટનશીપ કરશે.




**શાકિબ, લિટન આઉટ :-**

બાંગ્લાદેશે પૂર્વ બોલર શાકિબ અલ હસનને ટીમમાંથી બહાર કર્યો છે. ચેમ્પિયન્સ ટ્રોફીની ટીમમાંથી બહાર રહેવાનાં કારણે ૩૭ વર્ષીય શાકિબની વનડે ઈન્ટરનેશનલ કરિયર પણ ખતમ થઈ શકે છે. ટેસ્ટ અને ટી-૨૦ ઇન્ટરનેશનલમાંથી નિવૃત્ત થયેલાં શાકિબને ગયાં સપ્ટેમ્બરમાં કાઉન્ટી ચેમ્પિયનશિપમાં એક મેચ દરમિયાન શંકાસ્પદ બોલિંગ એક્શન માટે રિપોર્ટ કરવામાં આવ્યો હતો.

ચેમ્પિયન્સ ટ્રોફી માટે જાહેર કરાયેલી ટીમો :-

**ન્યુઝીલેન્ડ :-**

મિચેલ સેન્ટનર (કેપ્ટન), ડેવોન કોન્વે, ટોમ લૈથમ (વિકેટકીપર), કેન વિલિયમસન, વિલ યંગ, માર્ક ચૈપમૈન, માઈકલ બ્રેસવેલ, ડેરીલ મિચેલ, ગ્લેન ફિલિપ્સ, રચિન રવિન્દ્ર, નાથન સ્મિથ, લોકી ફર્ગ્યુસન, મેટ હેનરી, વિલ ઓ'રોર્ક, બેન સીઅર્સ.

**બાંગ્લાદેશ :-**

નઝમુલ હુસૈન શાંટો (કેપ્ટન), મુશ્ફિકુર રહીમ (વિકેટકીપર), તૌહીદ હૃદય, સૌમ્ય સરકાર, તન્જીદ હસન, મહમુદુલ્લાહ, જાકિર અલી, મેહદી હસન મિરાજ, રિશાદ હુસૈન, તસ્કીન અહેમદ, મુસ્તફિઝુર રહેમાન, પરવેઝ હુસૈન, નસુમ અહેમદ, તંજીમ હસન, નાહીદ રાણા.

**અફઘાનિસ્તાન :-**

હશમતુલ્લાહ શાહિદી (કેપ્ટન), રહમત શાહ (વાઈસ-કેપ્ટન), રહેમાનુલ્લા ગુરબાઝ (વિકેટકીપર), ઈકરામ અલીખિલ (વિકેટકીપર), ઈબ્રાહીમ. ઝદરાન સેદીકુલ્લાહ અટલ, મોહ, નબી, અઝમતુલ્લા ઓમરઝાઈ, ગુલબદીન નઈબ, રાશીદ ખાન, એએમ ગઝનફર, નૂર અહેમદ, ફઝલહક ફારૂકી નાવેદ ઝદરાન, ફરીદ અહેમદ.










### કુંભમેળામાં વિદેશી મહેમાનોના આતિથ્ય માટે સરકારની મોટી તૈયારી

# મહાકુંભઃ ૧૮૩ દેશોના લોકો સંગમમાં આસ્થાની ડૂબકી લગાવશે

## પ્રથમ દિવસે ગાઢ ધુમ્મસ, કડકડતી ઠંડી શ્રદ્ધાળુઓની આસ્થા સામે હારીઃ કુંભમેળા સ્થાને પ્રથમ વાર ૧૦ લાખ વર્ગ ફૂટની દીવાલો રંગવામાં આવીઃ વીઆઈપી ગેટ પર ૭૨ દેશોના રાષ્ટ્રધ્વજ લાગ્યા

પ્રયાગરાજ તા.૧૩

મહાકુંભ ૨૦૨૫નો આજથી આરંભ થઈ ગયો છે. પ્રથમ દિવસે ભાવિકોની ભારે ભીડ કુંભ સ્નાન સ્થળે થઈ હતી. શ્રદ્ધાળુઓની શ્રદ્ધા સામે સંગમ સ્થળે ગાઢ ધુમ્મસ અને કડકડતી ઠંડીની જાણે કોઈ અસર ન થઈ હોય તેમ લાખો શ્રદ્ધાળુઓએ શ્રદ્ધાની ડૂબકી લગાવી હતી. કુંભમેળામાં ૧૮૩ દેશોના વિદેશી શ્રદ્ધાળુઓ પણ ડૂબકી લગાવી હતી.

**ગાઢ ધુમ્મસ અને કાતિલ ઠંડી શ્રદ્ધા સામે ઝુકીઃ** કુંભમેળાના પ્રથમ દિવસે જ લાખો શ્રદ્ધાળુઓ ઉમટી પડયા હતા. કયાય તલ રાખવાની પણ જગ્યા નહોતી. મધરાતથી જ પોષી પૂર્ણિમાની પ્રથમ ડૂબકીનો શુભારંભ થઈ ગયો હતો. આ સાથે જ સંગમનીરેતી પર જપ, તપ અને ધ્યાનની વેદીઓની સજાવટ કરી માસ પર્યંત યજ્ઞ-અનુષ્ઠાનોની સાથે સાથે કલ્પવાસનો પણ આરંભ થઈ ગયો હતો.

**૧૮૩ દેશોના લોકો આવવાની આશાઃ** કુંભમેળાનો આજથી આરંભ થઈ ગયો છે ત્યારે દેશ-વિદેશમાં લોકપ્રિય મહાકુંભમાં આ વખતે ૧૮૩ દેશોના લોકો કુંભ સ્નાનમાં ડૂબકી લગાવે તેવી આશા છે. આ વિદેશી મહેમાનોના આતિથ્ય અને સ્વાગત માટે યોગી આદિત્યનાથની સરકારે ભવ્ય તૈયારીઓ કરી છે.

**પહેલીવાર ૧૦ લાખ વર્ગ ફીટમાં દીવાલો પેઈન્ટ કરાઈઃ** યુનેસ્કોની વિશ્વ ધરોહર યાદીમાં નોંધાયેલ મહાકુંભને કેન્દ્ર અને રાજયની સરકારો વિશ્વ સમુદાય સમક્ષ અદભૂત રૂપે રજુ કરવા ઈચ્છી રહી છે. મેળા ક્ષેત્રમા રોજના ૮૦૦થી વધુ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. પહેલીવાર ૧૦ લાખ વર્ગ ફીટમાં દીવાલો પેઈન્ટ કરવામાં આવી છે. કુંભનગરીમાં સૌથી વધુ ફોકસ સેકટર-૧૮ પર રાખવામાં આવ્યું છે. અહીં વીઆઈપી ગેટ પણ બનાવવામાં આવ્યો છે. આ પોઈન્ટ પર ૭૨ દેશોના ધ્વજ લાગ્યા છે. જેમના પ્રતિનિધિઓ પણ સામેલ થવા માટે આવી રહ્યા છે. જયારે ખુદ મુખ્યમંત્રી યોગી તેની આગેવાનીની તૈયારી કરી રાખી છે.

**દરેક સેકટરમાં પોલીસ સ્ટેશનઃ** સુરક્ષા વ્યવસ્થાના સજજડ બંદોબસ્ત માટે કુંભનગરીના દરેક સ્ટેશન પર પોલીસ સ્ટેશન બનાવવામાં આવ્યા છે. સાથે જ ફાયરબ્રિગેડની ટીમો પણ તૈનાત કરવામાં આવી છે. કુંભનગરીમાં ૫૬ અસ્થાયી પોલીસ સ્ટેશન બનાવાયા છે અને ૩૭ હજાર પોલીસકર્મી તૈનાત કરવામાં આવ્યા છે. તેમને દરેક પ્રકારની ઈમરજન્સી સ્થિતિનો સામનો કરવાની તાલીમ આપવામાં આવી છે. કુંભમેળામાં ભારે ભીડમાં કોઈના ખોવાઈ જવાની બાબત સામાન્ય છે. આ સમસ્યાના સામના માટે પણ ખાસ તૈયારી કરાઈ છે. આ વખતે શ્રદ્ધાળુઓની મદદ માટે ૧૫ લોસ્ટ એન્ડ ફાઉન્ડ સેન્ટર બનાવવામાં આવ્યા છે.

**૨૦૧૩માં હતી આટલી વ્યવસ્થાઃ** ઉલ્લેખનીય છે કે ૧૨ વર્ષ બાદ પ્રયાગરાજમાં મહાકુંભ યોજાયો છે. ૨૦૧૩માં કુંભમેળા માટે ૧૨૧૪ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યુ હતુ અને ૧૬૦ કિલોમીટર લાંબી સડકોનું નિર્માણ કરવામાં આવ્યુ હતું. સ્વચ્છતા માટે ૩૫ હજાર શૌચાલયોનુંનિર્માણ કરાયુહતુ. આંકડા મુજબ ૨૦૧૩ના કુંભમેળામાં ૭૦ લાખ શ્રદ્ધાળુઓ આવ્યા હતા પણ આ વખતે ૪૫ કરોડ શ્રદ્ધાળુઓ આવવાનું અનુમાન છે.

## મહાકુંભ દરેકના જીવનમાં નવી ઉર્જા-ઉત્સાહનો સંચાર કરશેઃ મોદી



વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ સોશ્યલ મિડીયા એકસ પર પોષ્ટ મુકીને આજથી પ્રારંભ થયેલા મહાકુંભ અંગે જણાવ્યું કે પોષ પુર્ણીમાના દિને પવિત્ર સ્નાનની સાથે આજથી પ્રયાગરાજની પુણ્યભૂમિ પર મહાકુંભનો શુભારંભ થઈ ગયો છે. આપણી સંસ્થા અને સંસ્કૃતિ સાથે જોડાયેલા આ દિવ્ય અવસર પર હું સૌ શ્રદ્ધાળુઓને હૃદયથી વંદન અને અભિનંદન કરૂ છું. ભારતની આધ્યાત્મિક પરંપરાનો આ વિરાટ ઉત્સવ આપ સર્વેના જીવનમાં નવી ઉર્જા અને ઉત્સાહનો સંચાર કરશે તેજ કામના છે.

## કુંભમેળાનું પૌરાણિક મહત્વ

### અમૃતના ટીપા જે-જે સ્થળે પડયા તે સ્થળે કુંભમેળો યોજાય છે

પ્રયાગરાજ: જયોતિષિઓનું માનીએ તો જયારે જયારે ગુરુ કુંભ રાશિ અને મેષ રાશિમાં પ્રવેશ કરે છે ત્યારે કુંભ લાગે છે. ત્રિવેણી સંગમના કારણે પ્રયાગનો મહાકુંભ બધા મેળામાં વધુ મહત્વ રાખે છે. કહેવામાં આવે છે કે દેવતાઓ અને રાક્ષસો વચ્ચે સમુદ્ર મંથન દરમિયાન ૧૪માં રત્ન તરીકે અમૃત કળશ મળ્યો હતો. જેને મેળવવા માટે દેવ-દાનવો વચ્ચે સંઘર્ષ થયો હતો. અસુરોથી અમૃત બચાવવા માટે ભગવાન વિષ્ણુએ વિશ્વ મોહિનીનું રૂપ ધારણ કરીને અમૃત કળશ પોતાના વાહન ગરુડને આપી દીધો હતો. અસુરોએ ગરુડ પાસેથી તે અમૃત કળશ છીનવવાનો પ્રયાસ કર્યો હતો. તે દરમિયાન અમૃતના કેટલાક ટીપાં પ્રયાગરાજ, નાસીક, હરિદ્વાર અને ઉજજૈનમાં પડયા હતા. કહેવાય છે કે ત્યારથી દર ૧૨ વર્ષે આ સ્થળોએ કુંભ મેળો યોજવામાં આવે છે.

## સંગમ પર કુંભમેળો સદીઓની પરંપરા, લેખિત પ્રમાણ નહીં

### ઈ.સ.પૂર્વે ૪૦૦ પહેલા સમ્રાટ ચંદ્રગુપ્તના દરબારમાં આવેલ યુનાની દૂતે વર્ણન કર્યુ છે

પ્રયાગરાજ: મહાકુંભ કયારે શરૂ થયો તેનું લેખિત પ્રમાણ નથી. આ કુંભ મેળાનું સૌથી પ્રથમ લેખિત પ્રમાણ બૌધ્ધ તીર્થયાત્રી હયુઅન સાંગના લેખમાંથી મળે છે. તેમણે ૬ઠી સદીમાં સમ્રાટ હર્ષવર્ધનના શાસનકાળમાં યોજાતા કુંભમેળાનું વર્ણન કર્યુ છે. જયારે ઈસવીસન પૂર્વે ૪૦૦ વર્ષમાં સમ્રાટ ચંદ્રગુપ્તના દરબારમાં આવેલ એક યુનાની દૂતે પણ આવા જ એક મેળાનો ઉલ્લેખ કર્યો છે.

## અયોધ્યામાં રામલલ્લા બનીને આવી હતી ૯ વર્ષની કિશોરી

### રામલલ્લા જેવાં કપડાં અને ઘરેણાં પહેરીને પહોંચી રામમંદિરમાં, વિડીયો વાયરલ



અયોધ્યા તા.૧૩

અયોધ્યામાં રામમંદિરની પ્રાણપ્રતિષ્ઠાને ગઈકાલે એક વર્ષ પુરું થયું એ સમયે ૯ વર્ષની વેદિકા રામલલા જેવા પરિધાન સાથે અયોધ્યાના રામમંદિરમાં પહોંચી ત્યારે લોકોના આશ્ચર્યનો પાર રહ્યો નહોતો. વેદિકા પોતાને રામલલાની હમશકલ માને છે. તે બિલકુલ રામલલા જેવી દેખાય છે.

ગઈકાલે તેણે પોતાની કવિતા રજુ કરી હતી... રામ નામ કા ગૌરવ જીતા, સત્ય સનાતન સૌરવ જીતા જીત ગઈ ઘનઘોર પ્રતીક્ષા, જીત ગઈ ગીતા કી શિક્ષા કયા જીત હૈ અબકી બારી, કાશી મથુરા કી તૈયારી.

વેદિકાની મમ્મી દીક્ષા જાયસવાલે અપીલ કરી હતી કે મમ્મી-પપ્પા તેમનાં બાળકોને કાર્ટુનના કેરેકટર બનાવીને તેમને હાસ્યનો વિષય ન બનાવે, તેમને રામ કે કૃષ્ણ બનાવીને જીવનનું ગૌરવ શીખવો.

### મહાકુંભ પહેલા જુના અખાડાનો નિર્ણયઃ બાળકીનો સન્યાસ નિયમ વિરૂધ્ધ હતો

## મહાકુંભઃ ૧૩ વર્ષની બાળકીને સન્યાસ આપનાર મહંતની જુના અખાડામાંથી હકાલપટ્ટી : સગીરાને ઘેર મોકલી દેવાઈ



પ્રયાગરાજ તા.૧૩

જુના અખાડામાં હાલમાં જ સન્યાસ માટે સામેલ થયેલ ૧૩ વર્ષની છોકરીને તેના ઘેર મોકલી દેવામાં આવી છે. છોકરીને સન્યાસ અપાવનાર મહંત કૌશલગિરીને ૭ વર્ષ માટે અખાડામાંથી બહાર કાઢવાની સજા સંભળાવવામાં આવી છે. જુના અખાડાનાં આંતર રાષ્ટ્રીય પ્રવકતા શ્રીહંત નારાયણગિરીએ જણાવ્યું હતું કે છોકરી સગીર હતી જુના અખાડામાં તેના પ્રવેશ નિયમની વિરૂદ્ધ હતો આ કારણે એક મિટિંગમાં સર્વ સંમતીથી બાળકીને અખાડામાં અસ્વીકાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.શ્રીમહંત નારાયણગિરીએ જણાવ્યું હતું કે બાળકીને તેના માતા-પિતાને સન્માન સાથે મોકલી દેવામાં આવી છે.અખાડાનાં નિયમ મુજબ ૨૫ વર્ષની વય પુરી કરી ચુકેલી યુવતીઓને જ અખાડામાં પ્રવેશ આપવામાં આવે છે. જો કોઈ માતા-પિતા નાની વયના બાળકને જુના અખાડામાં પ્રવેશ આપે છે તો તેને અખાડામાં પ્રવેશ આપવામાં આવે છે. તેમણે જણાવ્યું હતું કે શુક્રવારે જુના અખાડામાં સામાન્ય સભામાં આ મુદ્દે ચર્ચા થઈ હતી. આ બેઠકમાં સંરક્ષક મહંત હરિગીરી સભાપતિ શ્રીમહંત પ્રેમગિરી સહિત અખાડાના પ્રમુખ શ્રીમહંત પ્રેમગિરી સહીત સામેલ થયા હતા.

**ગુરૂની સેવા માટે આવી હતી છોકરીઃ**

મહાકુંભમાં ગુરૂની સેવામાં પોતાના માતા-પિતા સાથે આવેલી ૧૩ વર્ષની છોકરીના મનમાં અચાનક વૈરાગ્ય જાગ્યો હતો અને તેણે માતા-પિતાને સાધ્વી બનવાની ઈચ્છા વ્યકત કરી હતી. માતા-પિતાએ દીકરીની ઈચ્છાને પ્રભુની ઈચ્છા માનીને તેને જુના અખાડાને સોંપી દીધી મહંત કૌશલીગિરિએ તેને નવુ નામ ગૌરીગિરી આપ્યું હતું.છોકરીની માએ જણાવ્યું હતું કે મહંત કૌશલગિરી તેમના ગામમાં ભાગવત કથા સંભળાવવા આવે છે તેમણે દીકરીને દીક્ષા આપી હતી.

## પ્રયાગરાજ મહાકુંભમાં ‘બ્રાન્ડસ’નો પણ મેળો

### રિલાયન્સ, ડાબર, પેપ્સીકો, ખાનગી બેંકો, કોકાકોલા સહિતની કંપનીઓ મેદાનમાં : વિજ્ઞાપન-માર્કેટીંગ પાછળ કંપનીઓ ૩૬૦૦ કરોડ વાપરશે




પ્રયાગરાજ

પ્રયાગરાજ ખાતેનાં મહાકુંભ મેળાની મુલાકાત લેવા માટે કરોડો લોકો આવવાના હોવાથી, બ્રાન્ડ્સ ગ્રાહકોનાં મનમાં જગ્યા મેળવવા માટે મહાકુંભમાં જાહેરાતો અને માર્કેટિંગ કરવા પર આગળ વધી રહી છે.

હાલમાં જ્યારે મંદી છે અને ભારતીય મધ્યમ વર્ગ ખર્ચ કરી રહેલાં દરેક પૈસોની ગણતરી કરી રહ્યો છે, ત્યારે ૪૦ કરોડ લોકો મહાકુંભમાં આવવાના હોવાથી બ્રાન્ડ્સ માટે આ એક શ્રેષ્ઠ તક છે. મહાકુંભ દર ૧૨ વર્ષમાં એકવાર યોજાતો હોવાથી આ ધાર્મિક ઉત્સવમાં વધારે લોકો આવવાની અપેક્ષા છે અને બ્રાન્ડ્સ માટે સંભવિત ગ્રાહકોનો તેમનાં ઉત્પાદનો સાથે પરિચય કરાવવા માટે આ એક મોટી તક છે જે બ્રાન્ડ્સ અવગણી શકે તેમ નથી. એફએમસીજી કંપનીઓથી માંડીને બેંકો અને સ્ટાર્ટઅપ્સ સુધી, કંપનીઓએ તેમની બ્રાન્ડનું માર્કેટિંગ કરવા અને નવાં લોન્ચનું પ્રદર્શન કરવા માટે મહાકુંભમાં પ્રમોશનલ એક્ટિવિટીઝ કરવાનું આયોજન કર્યું છે.

બિઝનેસ અને બ્રાન્ડ વ્યૂહરચના નિષ્ણાત હરીશ બિજુરે જણાવ્યું હતું કે બ્રાન્ડ્સ મહાકુંભની આસપાસ જાહેરાત અને માર્કેટિંગ પર આશરે રૂ. ૩૬૦૦ કરોડ ખર્ચવાનો અંદાજ છે, જેમાંથી લગભગ ૨૫ ટકા આઉટડોર એડવર્ટાઇઝિંગ પર ખર્ચ કરવામાં આવશે. મહાકુંભ જેવા ઉત્સવમાં બ્રાન્ડ્સની આઉટડોર એડવર્ટાઇઝિંગની દશ્યતા અનેક ગણી બને છે અને મોટાભાગની બ્રાન્ડ્સ તેનો ઉપયોગ કરે છે. તેમણે જણાવ્યું કે ઉપરાંત, મહાકુંભ બ્રાન્ડ્સ માટે એક સારા સર્વે તરીકે કામ કરી શકે છે, તેઓ નવાં ઉત્પાદનો માટે ગ્રાહક પ્રતિસાદનું મૂલ્યાંકન કરી શકે છે અને તે મુજબ વ્યૂહરચના બનાવી શકે છે.

ડાબર, રિલાયન્સ કન્ઝયુમર પ્રોડક્ટ્સ, પેપ્સીકો, કોકા-કોલા અને આઇટીસી જેવી કંપનીઓ વ્યાપક ઉદ્યોગનાં વેચાણમાં મંદી વચ્ચે તેમનાં ઉત્પાદનો માટે વધુ લોકો મેળવવા માટે મહાકુંભ પર મોટો દાવ લગાવી રહી છે. કેટલાકે તેમની બ્રાન્ડના મોટા હોર્ડિંગ્સ લગાવ્યાં છે, તો કેટલાકે ઉત્પાદનોના પૂરતાં પુરવઠાને સુનિશ્ચિત કરવા માટે સૌથી વધુ ઉત્પાદન વધારવા સાથે ઉત્પાદન બૂથ સ્થાપિત કર્યા છે.

ડાબરે શહેરમાં અને હાઈવે પરનાં ઢાબાઓ અને ખાણીપીણીની દુકાનો સાથે જોડાણ કર્યું છે જેથી ગ્રાહકો તેની હજમોલા જેવી બ્રાન્ડના નમૂના લઈ શકે. કંપની બ્રાન્ડ એક્ટિવેશન પર ખર્ચ કરી રહી છે, દાખલા તરીકે, તે ઘાટ પર મહિલા ભક્તો માટે ચેન્જિંગ રૂમ, બેબી કેર રૂમની સ્થાપના કરવામાં આવી છે ત્યાં તેઓ તેની હેર કેર અને બેબી કેર બ્રાન્ડ્સની જાહેરાત કરે છે.

રિલાયન્સ કન્ઝયુમર પ્રોડક્ટ્સ, જે બેવરેજ પોર્ટફોલિયો પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે, તે તેની બ્રાન્ડ કેમ્પાની ભારે જાહેરાત કરી રહી છે. તેણે મેળામાં તીર્થયાત્રીઓ માટે વિશ્રામ ઝોન બનાવ્યો છે અને તેને કેમ્પા આશ્રમ તરીકે ઓળખાવ્યો છે. કંપની તેની બ્રાન્ડ ઈન્ડિપેન્ડન્સ દ્વારા ઓફર કરવામાં આવતાં સ્ટેપલ્સ અને નાસ્તાના માર્કેટમાં કુંભની પહોંચનો પણ લાભ લેશે. આઇટીસી સ્થાનિક ગ્રાહકોને પ્રાદેશિક ખોરાક પીરસે છે જે તેની બ્રાન્ડ બિન્ગોના ઉત્પાદનો સાથે જોડવામાં આવશે ! કોકા-કોલાએ પણ કંઈક આવી જ વ્યૂહરચના અપનાવી છે.

કોકા-કોલા ઈન્ડિયા અને દક્ષિણપશ્ચિમ એશિયાનાં માર્કેટિંગના વીપી, ગ્રીશ્મા સિંઘે જણાવ્યું હતું કે, ‘‘અમે પીણાંના અમારાં વિવિધ પોર્ટફોલિયોને સ્થાનિક ખાદ્યપદાર્થો અને ફ્લેવર્સ સાથે જોડીશું જે જીવનનાં અનુભવોને જીવંત કરશે.‘‘ પેપ્સિકોના એનર્જી ડ્રિંક સ્ટિંગે ઓટો રિક્ષાના બ્રાન્ડિંગ ઉપરાંત ભકતો માટે મોબાઈલ ચાર્જિંગ ટાવર પણ લગાવ્યાં છે. તેમણે જણાવ્યું હતું કે ‘‘બ્રાન્ડ્સ હંમેશાં લોકો જ્યાં હોય ત્યાં રહેવા માંગે છે તે સામાન્ય છે. જે બ્રાન્ડ્સ આવી જગ્યાઓ પર પ્રથમ તક લીધી છે તેને એકંદરે ઘણો ફાયદો થાય છે.

દરેક બ્રાન્ડ મહાકુંભમાંથી મોટી મૂડી બનાવવા માંગે છે. બેંક ઓફ બરોડા તેની નવી યુપીઆઇ પેમેન્ટ પીએસપી એપ બોબ ઈપેનું માર્કેટિંગ કરવા માટે પણ મહાકુંભનો ઉપયોગ કરી રહી છે.

## મહાકુંભમાં રશિયન મહિલાએ લગાવ્યા ‘મેરા ભારત મહાન’ના નારા




મહાકુંભ શરૂ થઈ ગયો છે. આ પ્રસંગે લાખો લોકોએ સંગમમાં સ્નાન કર્યું છે અને આ સિલસિલો ચાલુ છે. મહાકુંભમાં વિદેશી ભક્તોની પણ મોટી ભીડ જોવા મળે છે. એક રશિયન ભક્ત પહેલીવાર મહાકુંભમાં આવ્યો હતો.મહાકુંભ વિશે રશિયન ભક્તોએ શું કહ્યું?

રશિયન ભક્તે કહ્યું મારું ભારત મહાન છે, ભારત મહાન દેશ છે. અમે પહેલીવાર કુંભ મેળામાં આવ્યા છીએ. અહીં આપણે વાસ્તવિક ભારત જોઈ શકીએ છીએ. વાસ્તવિક શક્તિ ભારતના લોકોમાં રહેલી છે. આ પવિત્ર સ્થળના લોકોના ઉત્સાહથી હું ધ્રૂજી રહ્યો છું. હું ભારતને પ્રેમ કરું છું.

ઉલ્લેખનીય છે કે પ્રયાગરાજમાં પોષ પૂર્ણિમાના શુભ અવસર પર મહાકુંભનો પ્રારંભ થયો છે. આજે ત્રિવેણી સંગમમાં લાખો શ્રદ્ધાળુઓ સ્નાન કરશે. હિન્દુ ધર્મના સૌથી મોટા ધાર્મિક તહેવારને લઈને ભક્તોના મનમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ૧૩ જાન્યુઆરીથી શરૂ થયેલો મહાકુંભનો પવિત્ર તહેવાર ૨૬ ફેબ્રુઆરી સુધી ચાલશે. આ મહાકુંભ ૧૪૪ વર્ષ પછી આવ્યો છે અને તેથી તેને ખૂબ જ ખાસ માનવામાં આવે છે. મહાકુંભનું પ્રથમ અમૃત સ્નાન (શાહી સ્નાન) ૧૪ જાન્યુઆરીએ યોજાશે. હિન્દુ પૌરાણિક કથાઓ અનુસાર, મહાકુંભમાં ડૂબકી લગાવવાથી વ્યક્તિના તમામ પાપો ધોવાઇ જાય છે અને તેને આધ્યાત્મિક જ્ઞાન મળે છે.

## પ્રયાગરાજમાં મહાકુંભ વખતે બે મહિના સુધી માત્ર કન્યા અને મહિલાઓ કરશે ગંગા-આરતી

### નારી સશક્તીકરણ તથા પુરુષ અને સ્ત્રી વચ્ચે સમન્વય સ્થાપવાના ઉદ્દેશ સાથે લેવામાં આવ્યો નિર્ણય



પ્રયાગરાજ: આજથી શરૂ થયેલા મહાકુંભમાં પ્રયાગરાજમાં સંગમકિનારે રોજ થતી ગંગા-આરતી બે મહિના સુધી માત્ર કન્યાઓ કરશે અને તેઓ જ શંખ અને ડમરુ વગાડશે. જય ત્રિવેણી જય પ્રયાગરાજ આરતી સમિતિ દ્વારા બે મહિના કન્યાઓ જ આરતી કરશે એવો નિર્ણય લેવાયો છે અને આ મહિલા સશક્તિકરણનો સૌથી મોટો દાખલો બની રહેશે.

ગંગા-આરતી માટે પ્લેટફોર્મ પર ચડીને પુરુષો મા ગંગાની જે આરતી ઉતારે છે એ હવે મહિલાઓ ઉતારશે. સાડીમાં સજજ મહિલાઓ આરતીનું પાત્ર હાથમાં લઇને એટલી જ તન્મયતાથી આરતી ઉતારશે.

આખી દુનિયામાં આ પહેલીવાર હશે કે નિયમિત રીતે થતી આરતી પુરુષોને બદલે મહિલાઓ ઉતારશે, આ ઘટના દુનિયાને એક સંદેશ આપવાનું પણ કામ કરશે.


આ વિશે સમિતિના કૃષ્ણ દત્ત તિવારીએ કહ્યું હતું કે ૧૪૪ વર્ષ બાદ આવો મોકો આવ્યો છે કે મહિલાઓ આરતી ઉતારશે. અત્યાર સુધી બટુક બ્રાહ્મણો દ્વારા આ કામ કરવામાં આવતું હતું. નારી સશક્તિકરણ અને પુરુષ અને નારી વચ્ચે સમન્વય સ્થાપવાના ઉદ્દેશ્યને લઇને અમે સંદેશ આપવા માગીએ છીએ. બટુક બ્રાહ્મણોની સાથે સાથે કન્યાઓ દ્વારા ગંગા, યમુના અને સરસ્વતીની મહાઆરતી સંપન્ન કરવામાં આવી રહી છે. સનાતન સંસ્કૃતિમાં મહિલાઓનું વિશેષ યોગદાન છે.



### વિશ્વના આ સૌથી મોટા ધાર્મિક ઈવેન્ટ અનેક રીતે અજોડ બની રહ્યું છે

# મહાકુંભ : આયોજન અને અર્થતંત્ર





**૭મી સદીમાં ચાઈનીઝ ઈતિહાસકાર હેનસાંગે કુંભ નિહાળ્યા પછી અદભુત તેવો ઉદગાર કાઢયો, પરંતુ આજે જો તમે કુંભને ડ્રોનની નજરે જોવો તો પણ આંખો પહોંચી ન શકે તેવું આયોજન છે, ૪૦૦૦ હેકટર જમીન ઉપર રૂા. ૭૦૦૦ કરોડના ખર્ચે ૫૪૯ પ્રોજેકટ સહિત ૪૧ ઘાટ, ૧.૬૦ લાખ ટેન્ટ, ફુડ કોર્ટ, હોસ્પિટલ સહિતના આયોજનો અભુતપૂર્વ છે, દેશભરમાંથી ૧૩ હજારથી વધુ ટ્રેનો, ૭૦૦૦થી વધુ બસો કુંભ પહોંચશે જેની પાર્કિંગ સહિતની વ્યવસ્થા પણ કદાચ વિશ્વમાં અજોડ હશે**

**સ્પોટ-લાઈટ**
કે.આર.
krisht555@gmail.com

**ટેમ્પલ ઈકોનોમી, મોદી સરકારે એક નવો ખ્યાલ આપ્યો અને તેનું વિરાટ સ્વરૂપ હવે મહાકુંભમાં જોવા મળી રહ્યું છે, રોજ સરેરાશ ૯૦ લાખ લોકો અને ૪૫ દિવસમાં ૪૦ કરોડથી વધુ શ્રધ્ધાળુઓ જેમાં વિશ્વના ધનપતિથી લઈ દેશના સૌથી ગરીબ વ્યકિત પણ પહોંચશે તેનું આયોજન હાર્વર્ડથી લઈ આઈઆઈએમ અને આઈટીઆઈ માટે કેસ સ્ટડી બની રહ્યો છે તો મહાકુંભનું અર્થતંત્ર જયાં મલ્ટીનેશનલ કંપનીઓથી લઈ સામાન્ય ફુલવાળા માટે પણ રોજગારી અને કમાણીનો અવસર બની રહેશે**

**કુંભની ઈકોનોમી પણ ૪૫ દિવસ બાદ ૨ લાખ કરોડનું ટર્નઓવર કરશે અને ૨૫ હજાર કરોડથી વધુની આવક પણ ઉભી કરશે, અહીં રૂા. ૧.૬૦ લાખ પ્રતિ દિનના ભાડાના ટેન્ટથી લઈ રૂા. ૧૫૦૦ ડોરમેટરી અને ૨૦ રૂપિયામાં સુવિધા આપતી ધર્મશાળાઓ પણ મૌજુદ છે, સ્ટારબકસથી લઈ કોકાકોલા અને ડોમીનોઝથી લઈ ભુજીયાવાલા તમામ નેશનલ અને મલ્ટીનેશનલ કંપની મૌજુદ છે અને પુજા સામગ્રી ૫૦૦૦ કરોડ, દુધ અને ડેરી ઉત્પાદનોનો રૂા. ૪૦૦૦ કરોડ અને ફુલનો રૂા. ૮૦૦ કરોડનો બિઝનેસ થશે, હોટલ અને ફુડ કોર્ટનો બિઝનેસ પણ ૮ થી ૧૦ હજાર કરોડનો થઈ જશે**

પોષ પૂર્ણિમા ૧૩ જાન્યુઆરી, ૨૦૨૫ આજથી મહાકુંભ મેળાનો થયેલો પ્રારંભ અને બીજી તરફ દેશભરમાંથી લાખો શ્રધ્ધાળુઓ રોજ મહાકુંભ ભણી પ્રયાણ કરશે અને ૪૫ દિવસ ચાલનારા આ કુંભમાં ૧૨ કુંભ એક સાથે મળે છે અને તે ૧૪૪ વર્ષ પછીનો સૌથી મોટો શુભ ગણાય છે. એટલું જ નહીં આ મહાકુંભમાં ૫૨ ફુટ ઉંચા અને ૫૨ ફુટ લાંબા તેમજ ૫૨ ફુટ પહોળા દુનિયાના સૌથી મોટા મહામૃત્યુંજય યંત્રના થ્રીડી જાપ સતત ગુંજતા રહેશે આમ મહાકુંભ એ વિશ્વનો સૌથી મોટો આસ્થા સાથે જોડાયેલો એક પ્રસંગ બની રહ્યો છે અને તેની સાથે કુંભ ઈકોનોમીની પણ જબરી ચર્ચા છે. અગાઉ તેને પૂર્ણ કુંભ તરીકે સંબોધવામાં આવતો હતો કારણ કે તે ૧૨ વર્ષે એક વખત પ્રયાગરાજમાં યોજાઇ છે. પણ ૨૦૧૮થી ઉત્તરપ્રદેશ સરકારે તેને પૂર્ણ કુંભ નહીં મહાકુંભનું નામ આપ્યું. અને અલ્હાબાદનું નામ પણ પ્રયાગરાજ કર્યુ અને આજથી ૪૦૦૦ હેકટર જમીન પર ગંગા, યમુના અને સરસ્વતીનું જયાં સંગમ થાય છે તે દુનિયાનું સૌથી મોટુ આસ્થાનું સ્થાન બની જશે અને મહાકુંભના સમગ્ર વિસ્તારને ઉત્તરપ્રદેશના ૭૬માં જિલ્લાને જાહેર કરવામાં આવે છે. ટેન્ટ સીટી નદી કિનારે જે વિશાળ ઉભુ કરાયું છે તે દુનિયાનું સૌથી મોટુ ટેન્ટ સીટી બની રહેશે અને રૂા. ૧૨૬૭૦ કરોડના બજેટનું આ મહાકુંભ એ જયારે પૂર્ણ થશે તો તે સમયે તે રૂા. બે લાખ કરોડ કે તેથી વધુની આર્થિક ઉપાર્જનનું કેન્દ્ર બની જશે. ઉત્તરપ્રદેશની યોગી સરકારે કુંભ મેળાની સાથે જોડાયેલા ૫૪૯ પ્રોજેકટ જેમાં ઈન્ફ્રાસ્ટ્રકચરથી લઇ સેનીટેશનનો સમાવેશ થાય છે. તે અમલમાં મુકયો છે અને કુંભ ઈકોનોમી કે કુંભ કરન્સી એ ભારતમાં જે વિશાળ રીલીજીયસ ઈકોનોમી છે તેમાં સૌથી મોટી ઈકોનોમી બની જશે.

વાસ્તવમાં કુંભને જગન્નાથની ઈકોનોમી તરીકે પણ ગણવામાં આવે છે. તમામ દેવોના દેવ જગન્નાથ ઈકોનોમી વાસ્તવમાં સાતમી શબ્દમાં ચાઈનીઝ ઈતિહાસકાર જેને ૧૬ વર્ષ રહીને ભારતમાં ધર્મસ્થાનોનો અભ્યાસ કર્યો તે હેન સાંગના ડોકયુમેન્ટમાંથી પણ કુંભમેળાનો ઉલ્લેખ જોવા મળે છે તેમાં એ પણ નોંધાયું છે કે ભારતના ધનપતિઓથી લઇ રાજા-મહારાજા પણ કુંભમેળામાં પવિત્ર સ્નાન કરવા આવે છે. આજે એ જ કુંભમેળાએ અતિ આધુનિક સ્વરૂપ ધારણ કર્યુ છે અને ભારત જ નહીં દુનિયાભરમાં જેઓ હિન્દુત્વના આધ્યાત્મકવાદને સ્વીકારવા લાગ્યા છે તેઓ પણ પવિત્ર કુંભમાં દર્શન અને પવિત્ર સ્નાન માટે પહોંચે છે. કુંભ ઈકોનોમી એટલે કહી શકાય કે અહીં રૂા. એક લાખ પ્રતિ રાત્રીના ભાડા સાથે વિશાળ લકઝરી ટેન્ટ પણ છે. તો ૧૦×૧૦ની બોટમાં ગંગામાં તમે કુંભ સમયે નિવાસ કરી શકો તેવી પણ વ્યવસ્થા છે. પ્રયાગરાજે અનેક કુંભ જોયા છે. ઉત્તરપ્રદેશ સરકારે સમગ્ર મેળાને સંગમના તટ ઉપર ૪૦૦૦ એકરમાં જે રીતે ઉભો કર્યો છે તે કદાચ આપણા ઈન્ફ્રાસ્ટ્રકચર નિષ્ણાંતો માટે એક પડકાર છે. મહત્વનું એ છે કે રોજના ૯૦ લાખ લોકો અને પવિત્ર સમયે તો તે સંખ્યા લગભગ ૧.૫ કરોડ સુધી પહોંચી જાય આમ ૪૦ થી ૪૫ કરોડ લોકોના ૪૫ દિવસ સુધી આવાગમન અને તેમની સુવિધા એ આઇઆઇએમ અને આઇટીઆઇ જ નહીં પરંતુ હાવર્ડ યુનિવર્સિટીના નિષ્ણાંતો માટે પણ એક કેસ સ્ટડી બની ગયો છે અને જે મેનેજમેન્ટમાં કુંભમાં થઇ રહ્યું છે તે ભારતમાં આઇએએસ અને આઇપીએસ અભ્યાસક્રમમાં પણ એક ચેપ્ટર તરીકે સામેલ છે.

આ એક ઓર્ગેનાઇઝ ઇકોનોમીનું પણ પ્રતિબિંબ પાડે છે. કુંભમેળામાં અંદાજે કેટલા શ્રધ્ધાળુ આવશે તેનો અભ્યાસ અગાઉ જ પ્રયાગરાજ યુનિ. દ્વારા કરવામાં આવ્યો હતો અને કુંભના દરેક માર્ગ પર ૧૦ થી ૨૦ હજાર લોકો મોજુદ હશે એટલું જ નહીં તરતા પુલ સહિતની જોગવાઇ કરવામાં આવી છે. એટલું જ નહીં સમગ્ર મેળાનો સામાજીક અને આર્થિક અસરનો પણ અભ્યાસ કરીને તેને વધુને વધુ શ્રધ્ધાળુ માટે કેમ સુવિધા બની રહી તે જોવામાં આવી રહ્યું છે. સમગ્ર કુંભમાં ૭૦૦૦ જેટલા નાના વેપારીઓને શ્રધ્ધાળુ સાથે કેમ વ્યાપાર કરવો ખાસ વર્કશોપો યોજવામાં આવ્યા હતા. ૧૦૦૦ જેટલા ગાઇડ પણ તૈયાર કરવામા આવ્યા છે અને અહીં કુંભમાં આવનાર દરેક વ્યકિત મહેમાનગતિ જેવો અહેસાસ કરીને જાય તે જોવામાં આવ્યો છે.

ભારતની ટોચની હોસ્પિટાલીટી કંપની પણ કુંભમાં મોજુદ છે. આર.આર.હોસ્પિટાલીટીએ ફુડ કોર્ટ અને આઉટલેટની શ્રૃંખલા ઉભી કરી છે. ૨૫માંથી ૧૪ સેકટરમાં તેમના ફુડ કોર્ટ જોવા મળશે આ માટે ૧૩ કરોડ રૂપિયાનું રોકાણ કર્યુ છે, ૫૦૦ લોકોને ૪૫થી ૬૦ દિવસ સુધી સતત રોજગાર મળશે અને આ માટે રૂા. ૭ કરોડનું ટેન્ડર રૂા. ૧૧ કરોડમાં તેઓએ ઓપન લીલામી દ્વારા મેળવ્યું છે.

કુંભમાં તમને આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ જોવા મળશે. ટાટા ગ્રુપની સ્ટારબક કે જે મોંઘી કોફી અને ચા માટે દુનિયાભરમાં જાણીતી છે. તેના આઉટલેટ માટે જાણીતી છે તેની પણ મૌજુદગી છે. કોકાકોલા અને ડોમીનોઝ એ પણ અહીં રૂા. ૧૦૦ થી ૨૦૦ કરોડનો બિઝનેસની આશા સાથે જંગી રોકાણ કર્યુ છે. ખાસ કરીને એરીયલ ઘાટ જે સંગમ નજીક આવેલા છે તેની આસપાસના ડોમ સીટી અને તેની સાથે જોડાયેલા ફુડ કોર્ટએ પ્રથમ વખત આટલી સુવિધાજનક બન્યા છે. ઉત્તરપ્રદેશ સરકારે ૨૨૦૦ લકઝરી ટેન્ટ સાથે કુલ ૧.૬ લાખ ટેન્ટ ઉભા કર્યા છે જોકે આ તમામ ખાનગી કંપનીઓને ટેન્ડર મારફત કામ કરાવાયું છે. આ ઉપરાંત ૨૧૮ હોટલ, ૨૦૪ ગેસ્ટ હાઉસ અને ૯૦ ધર્મશાળામાં શ્રધ્ધાળુઓ માટે વ્યવસ્થા છે. અહીં સુપર ડિલક્ષ ટેન્ટના એક દિવસના ભાડા રૂા. ૧૮ થી ૨૦ હજાર છે. જેમાં પ્રાઇવેટ બાથરૂમ, વાઇફાઇ અને બટલર સર્વિસ પણ છે. તો ફાઇવ સ્ટાર સુવિધા ધરાવતા સંગમ નિવાસ ટેન્ટ જે જયાં પ્રતિ રાત્રીનું એક લાખ રૂપિયા ભાડુ છે અને વિદેશના અનેક મલ્ટીનેશનલ કંપનીઓના માંધાતાઓએ અગાઉથી જ આ ટેન્ટ બુક કરાવી લીધા છે. ઉત્તરપ્રદેશ ટુરીઝમ દ્વારા વીલા, મહારાજા અને સ્વીસ કોટેજથી લઇ ડોર મેટરી સુધીની સૂવિધા ઉભી કરવામાં આવી છે.

લગભગ દોઢ વર્ષ પહેલા આ મહાકુંભની તૈયારી શરૂ કરી દેવામાં આવી હતી. અહીં અનેક ખાનગી હોટલો પણ બે અઢી વર્ષ પહેલા પહોંચી ગઇ હતી. અને સમગ્ર આયોજનમાં એ પણ નિશ્ચિત કરાયું છે સામાન્ય શ્રધ્ધાળુઓ પોતાની આસ્થા સાથે મહાકુંભમાં આવી રહ્યા હોય તેમના બજેટમાં પણ તેઓ મહાકુંભની પવિત્રતાને મેળવી શકે. બીજી તરફ કુંભમાં શ્રધ્ધાળુઓ માટે પુજા અને અન્ય યજ્ઞ સામગ્રી વગેરેનું પણ રૂા. ૫૦૦૦ કરોડનો બિઝનેસ થશે. રૂા. ૪૦૦૦ કરોડના દુધ અને મીઠાઇ અને ડેરી ઉત્પાદનો અને રૂા. ૮૦૦ કરોડના ફુલોનું વેચાણ થશે. આમ કુંભ એ સામાન્ય વ્યાપારથી લઇ ફાઇવ સ્ટાર કલ્ચરના ઔદ્યોગિક ગૃહો માટે પણ એક અવસર બની રહ્યો છે પુરા એક વર્ષની કમાણી બે મહિનામાં કરી શકાય અને આ મહાકુંભ કેટલી રોજગારી સર્જશે તે અંગે આંકડો કદાચ ૬ થી ૭ લાખમાં ચાલ્યો જશે.

ઉત્તરપ્રદેશ સરકારે સમગ્ર કુંભમેળામાં યાત્રાળુઓના સ્વાસ્થ્યથી લઇ તમામ સુવિધા માટે પણ જબરી વ્યવસ્થા કરી છે. ૨૪ કલાક વીજળી, પાણી અને મેડીકલ સેવાઓની જે વ્યવસ્થા છે તે ભાગ્યે જ વિશ્વમાં એક સમયે થઇ હશે. દેશભરમાંથી ૧૩ હજાર જેટલી ટ્રેનો પ્રયાગરાજ સાથે જોડાશે, ૨૫૦થી વધુ વિમાની સેવા પણ ઉડશે, ૧૦૦ જેટલા પાર્કિંગ લોટ તૈયાર કરાયા છે તેમાં સમગ્ર મેળા દરમ્યાન ૫ થી૬ લાખ કાર પાર્ક કરી શકાશે. આ ઉપરાંત કુંભની અંદર ૧૦૦ બેડની એક મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ ઉભી કરાઇ છે અને અલગ અલગ સ્થળોએ ૨૦ બેડની ૨૫ મીની કલીનીક કે જયાં શ્રધ્ધાળુઓની તાત્કાલીક સારવાર મળી રહે તે જોવા છે. આ ઉપરાંત ૧૨૫ એમ્બ્યુલન્સ માટે સમગ્ર મેળામાં એકથી બીજે સ્થળે પહોંચી શકાય તેવી ખાસ કોરીડોર ઉભી કરાઇ છે. ૫૦ હજારથી વધુ કર્મચારીઓ અહીં સતત કોઇ પણ સમયે તૈનાત હશે. એટલું જ નહીં ૧૦૦૦ એઆઇ સજજ કેમેરા અને ૩૦ હજારથી વધુ સીસીટીવી કેમેરાની મારફત દરેક સેકન્ડનો રીપોર્ટ પહોંચશે. આમ કુંભ મેળો એ આયોજનની દ્રષ્ટિએ પણ વિશ્વનું અજોડ મેનેજમેન્ટ બની ગયું છે.

# ચેમ્પિયન ટ્રોફી સુધી રોહિત શર્મા કેપ્ટન રહેશેઃ ક્રિકેટ બોર્ડની બેઠકમાં ચર્ચા

### પોતાનો વિકલ્પ પસંદ કરી લેવા રોહિતે વલણ સ્પષ્ટ કરી દીધુ

મુંબઈ,તા.૧૩

ટેસ્ટ અને વનડે ફોર્મેટમાં ભારતીય ટીમનો કેપ્ટન રોહિત શર્મા છેલ્લા કેટલાક સમયથી ચર્ચામાં છે. પરંતુ તેનું ખરાબ ફોર્મ, ટીમમાંથી ડ્રોપ લેવો અને પોતાની કેપ્ટનશીપ ગુમાવવાની વાતો છે. આ દરમિયાન રોહિતે BCCI સમક્ષ કેપ્ટનશીપ અંગે પોતાનું વલણ સ્પષ્ટ કરી દીધું છે.



થોડા સમય પહેલા સુધી રોહિત શર્માને ભારતનો શ્રેષ્ઠ કેપ્ટન માનવામાં આવતો હતો. પરંતુ હવે લોકો તેના સ્થાને બીજા કોઈ ખેલાડી વિશે વાત કરી રહ્યા છે. આનું મુખ્ય કારણ ઘરઆંગણે ન્યુઝીલેન્ડ સામે ટીમનું કલીન સ્વીપ થવું અને પછી ઓસ્ટ્રેલિયામાં ટેસ્ટ સીરિઝ હારવી છે. આ સિવાય રોહિત બેટથી પણ કંઈ ખાસ કરી શકયો નથી. જેથી કરીને તે ઓસ્ટ્રેલિયા સામેની છેલ્લી ટેસ્ટ મેચમાંથી બહાર રહ્યો હતો.

મળતી માહિતી અનુસાર, શનિવારે BCCIની મીટિંગ યોજાઈ હતી. BCCIની આ રિવ્યુ મીટિંગ ઓસ્ટ્રેલિયામાં ભારતીયના ખરાબ પ્રદર્શન અંગે ચર્ચા કરવામાં આવી હતી. હવે આ બેઠકની વિગતો લીક થઈ ગઈ છે. એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે, આ રિવ્યુ મીટિંગમાં કેપ્ટન રોહિત શર્માની સાથે મુખ્ય પસંદગીકાર અજિત અગરકર અને મુખ્ય કોચ ગૌતમ ગંભીર પણ હાજર રહ્યા હતા. જેમાં રોહિત શર્માએ બોર્ડને કહ્યું છે કે, 'હું થોડા વધુ મહિનાઓ માટે ટીમનો કેપ્ટન રહેવા માંગું છું અને આ દરમિયાન BCCI નવા કેપ્ટનની શોધ કરી શકે છે.'

રોહિત શર્મા પછી જસપ્રીત બુમરાહને કેપ્ટન બનાવવા અંગે પણ આ મીટિંગમાં ચર્ચા થઈ હતી. પરંતુ હજુ સુધી આ અંગે કોઈ સર્વસંમતિ બની નથી. આનું સૌથી મોટું કારણ જસપ્રીત બુમરાહનું વારંવાર ઈજાગ્રસ્ત થવું છે. રોહિતે BCCIના આગામી કેપ્ટનની પસંદગીમાં સંપૂર્ણ સમર્થન આપવાનું વચન પણ આપ્યું હતું.

આ સિવાય અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે, વર્ષ ૨૦૨૫ની ચેમ્પિયન્સ ટ્રોફીમાં રોહિત શર્મા ટીમનું નેતૃત્વ કરશે. જો કે, ઇંગ્લેન્ડ સામેની પાંચ મેચની ટેસ્ટ સીરિઝમાં તે કેપ્ટન નહીં રહે તે લગભગ નક્કી છે. એ પણ શક્ય છે કે રોહિત શર્માને ઇંગ્લેન્ડ સામેની ટેસ્ટ સીરિઝમાં પસંદ ન કરવામાં આવે.

# ડોનાલ્ડ ટ્રમ્પના ચાર વર્ષના શાસનમાં સોનું-ચાંદી કેટલી કમાણી કરાવશે ?

### ટ્રમ્પના ઊંબાડિયા, ચીનનું શીર્ષાસન અને ચારે તરફ ચાલતા યુદ્ધથી સોના-ચાંદીમાં તેજી-મંદીની ઉથલ-પાથલ આગળ વધશે

**કીંગએસેટ સોનું-ચાંદી**



**મયૂર મહેતા**
(Email-mmeht editor@gmail.com)

જગતજમાદાર અમેરિકાના બળુકા પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ કમુરતા ઉતર્યા પછી તા.૨૦મી જાન્યુઆરીએ સત્તાગ્રહણ કરશે ત્યારથી સમગ્ર વિશ્વમાં કેટલાંયના શ્વાસ અધ્ધર ચડવાના શરૂ થશે. ૨૦૧૬ થી ૨૦૨૦ સુધીના ચાર વર્ષના અગાઉના ટ્રમ્પના શાસનમાં સોનામાં ૧૨ ટકાથી વધુનો ઉછાળો નોંધાયો હતો કારણ કે દરરોજ સવાર પડે ત્યારે ટ્રમ્પ કંઇને કંઇ નવું ગતકડું લઇ આવતાં અને આખા વિશ્વને ગોટે ચડાવતાં આવ્યા હતા. અગાઉના ચાર વર્ષના પ્રેસિડન્ટ ટ્રમ્પ અને હવે ફરી ચૂંટાઇને આવેલા ટ્રમ્પમાં બહુ જ ફરક છે કારણ કે અગાઉ ટ્રમ્પ જ્યારે પ્રેસિડન્ટ બન્યા ત્યારે તરોતાજા હતા પણ આ વખતે આવેલા ટ્રમ્પ ઘવાયેલા હોઇ ચૂંટણી અગાઉથી માંડીને હજુ પ્રેસિડન્ટ નથી બન્યા ત્યાં સુધી ટ્રમ્પ બધાને નહોર ભરાવી રહ્યા છે અને દરેકને રાતઉજાગરા કરાવી રહ્યા છે. હજુ તો પ્રેસિડન્ટની ખુરશીમાં બેઠા નથી ત્યાં જ ટ્રમ્પે ઇઝરાયલ સાથે ૧૩ વર્ષથી લડતાં હમાસને નેસ્તનાબુદ કરવાની ધમકી આપી દીધી છે. ચીનને રગદોળી નાખવાના પેંતરા અત્યારથી ચાલુ કરી દીધા છે. પડોશી કેનેડા અને મેક્સિકોથી ગેરકાયદે ઘુસણખોરીને રોકવા સહિતના પગલાં ઉપરાંત કેનેડાને તો અમેરિકાના નકશામાં દેખાડીને ટ્રમ્પે કેનેડાના ભારતથી જખ્મી થયેલા પ્રેસિડન્ટ ટ્રૂડોને રાજીનામું આપવા મજબૂર કરી દીધા છે. ખેર, ટ્રમ્પના ઊંબાડિયા હજુ તો ચાલુ થયા છે સત્તાગ્રહણ પછી આ ઊંબાડિયાનો પાવર વધશે ત્યારે સોનું-ચાંદીમાં ઉથલ-પાથલની નવી રમત શરૂ થશે.

**ભારત-ચીન સોનાની તેજીના મુખ્ય ચાલક બનશે**

વર્લ્ડ માર્કેટમાં સોનું ૨૦૨૪માં ૨૭ ટકા વધીને ઓલટાઇમ હાઇ ૨૮૦૦ ડોલરની સપાટી નજીક પહોંચી ગયું હતું. ભારતીય માર્કેટમાં સોનાનો ભાવ ૨૦૨૩ના અંતે ૧૦ ગ્રામનો ૬૩,૨૪૬ રૂપિયા હતો તે વધીને ૨૦૨૪ના અંતે ૭૬,૧૬૨ રૂપિયા થયા બાદ હાલ ૭૮,૦૧૮ રૂપિયાની સપાટીએ પહોંચ્યો છે. આખા વર્ષમાં સોનામાં અંદાજે ૧૩ હજાર રૂપિયાની તેજી જોવા મળી હતી. સોનાનું ચરિત્ર એવું છે કે દુનિયાની શાંતિ, સમૃધ્ધિ અને સલામતીને અસર કરતી કોઇપણ ઘટના બને ત્યારે સોનું હંમેશા વધે છે. યુદ્ધ, આર્થિક કટોકટી, રાજકીય ઉથલપાથલ જેવી ઘટનાઓ કોરોના પછી સતત વધતી રહી હોઇ સોનું પાંચ વર્ષથી સતત વધી રહ્યું છે. હવે ટ્રમ્પના શાસનમાં આવી ઘટનાઓ સતત વધતી રહેવાની છે. ડોનાલ્ડ ટ્રમ્પના અગાઉના શાસનમાં ટ્રમ્પે ચીન સાથે શીંગડા ભરાવ્યા હતા અને આ વખતે ટ્રમ્પ ચીનને ભરી પીવા તલપાપડ છે. ચીન વિશ્વનું સોનું સૌથી મોટું વપરાશકાર અને આયાતકાર હોઇ ટ્રમ્પને દરેક હુમલાની ઢાલ બનવા ચીને સોનાનો જ સહારો લીધો છે. ટ્રમ્પ જીતશે તેવા સંકેતો મળવા લાગતાં જ ચીનની સેન્ટ્રલ બેન્કે નવેમ્બરથી જ સોનાની ખરીદી ચાલુ કરી દીધી છે જે અગાઉના છ મહિના રોકી દીધી હતી. ચીનની સેન્ટ્રલ બેન્કે નવેમ્બર બાદ ડિસેમ્બરમાં પણ સોનાની ખરીદી કરી છે. ચીનની આર્થિક સ્થિતિ કોરાના બાદ એકધારી ગગડી રહી છે ત્યારે ટ્રમ્પની જીત થતાં ચીનનું હાલ શીર્ષાસન ચાલી રહ્યું છે. ટ્રમ્પના નિશાન પર માત્ર ચીન નહીં પણ ભારત સહિતના અનેક દેશો છે આથી ટ્રમ્પના હુમલાને ખાળવા ભારત સહિત અનેક દેશોની સેન્ટ્રલ બેન્કોએ સોનાની ખરીદી ચાલુ કરી દીધી છે. ભારતીય રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાએ પણ ૨૦૨૪ના આરંભથી સોનાની આક્રમક ખરીદી ચાલુ કરી છે. વિશ્વમાં હાલ સોનાનો જે વપરાશ થાય છે તેમાંથી અડધોઅડધ વપરાશ ભારત-ચીન જ કરે છે. આથી ટ્રમ્પના હુમલાને ખાળવા ભારત-ચીનની પબ્લિક ઉપરાંત સેન્ટ્રલે બેન્ક પણ જો ખરીદી ચાલુ કરે તો સોનાની ડિમાન્ડ કયાં પહોંચે ? આમ, ચીન અને ભારતની ડિમાન્ડ સોનાની તેજીને આગળ વધારશે.

**યુદ્ધ અને ટ્રેડવોરથી સોનાની ખરીદી વધશે**

રશિયા અને યુક્રેન વચ્ચે છેલ્લા ૪૭ મહિના અને ઇઝરાયલ અને હમાસ વચ્ચે છેલ્લા ૧૩ મહિનાથી યુદ્ધ ચાલી રહ્યું છે આ ઉપરાંત ઇઝરાયલ-હિઝબુલ્લા, ઇઝરાયલ -ઇરાન વિગેરે અનેક યુદ્ધો ચાલી રહ્યા છે. આ ઉપરાંત ચીન-તાઇવાન, પાકિસ્તાન અફઘાનિસ્તાન, ઇરાન-અમેરિકા વચ્ચે ગમે ત્યારે યુદ્ધ ફાટી નીકળવાની સંભાવના છે. યુદ્ધગ્રસ્ત કોઇપણ દેશના નાગરિકને દેશ છોડીને ભાગવાનો વખત આવે અને કોઇપણ દેશમાં આશ્રય મેળવવાનો હોય ત્યારે આ નાગરિક પાસે જો સોનું હોય તો જ તે જીવનો ગુજારો કરી શકે છે. સોના સિવાય કોઇપણ ચલણ કે વસ્તુ હોઇ તો તેનો ગુજારો થતો નથી. આથી યુદ્ધના સમયમાં હંમેશા સોનાની ખરીદી વધતી હોય છે. હાલ ચાલી રહેલા યુદ્ધ ટ્રમ્પના શાસનમાં પુરા થાય તેવા ચાન્સ ઓછા દેખાય છે તેમજ ટ્રમ્પના ઊંબાડિયાથી બીજા યુદ્ધો ચાલુ થવાની શક્યતા વધુ છે. આથી યુદ્ધો સોનાની તેજીને ભડકાવશે. ટ્રમ્પના અગાઉના શાસનમાં ચીન અને અમેરિકા વચ્ચે ભયંકર ટ્રેડવોર ફાટી નીકળ્યું હતું. અમેરિકા અને ચીન બંને વિશ્વના સૌથી મોટો ટ્રેડ પાર્ટનર છે. ટ્રમ્પે સત્તા સંભાળ્યા પહેલા જ અમેરિકામાં ચીનથી આયાત થતી ચીજો પર ૧૦ ટકાથી ૬૦ ટકા વધારાની ડ્યુટી લાદી દીધી છે. હવે વળતા પ્રહાર તરીકે ચીન પણ અમેરિકાથી આયાત થતી ચીજો પર ડ્યુટી લાદશે. આથી બંને દેશો વચ્ચેના ટ્રેડમાં મોટો ઘટાડો થશે જેને કારણે અનેક દેશોના ટ્રેડ વધશે પણ ટ્રેડવોરને કારણે અમેરિકાના થનારા નુકશાનથી ફુગાવો બેફામ વધશે. અમેરિકા ઓલરેડી તોતીંગ નાણાકીય દેવા હેઠળ દબાયેલું છે. ચીનનો ટ્રેડ ઘટતાં ચીનની નબળી આર્થિક સ્થિતિ વધુ નબળી પડશે. આ રીતે દેશમાં ફરી આર્થિક સંકટના વાદળો ઘેરાવા લાગશે. આર્થિક સંકટના સમયમાં પણ સોનાની ખરીદી સલામતી માટે હંમેશા વધે છે. આમ, યુદ્ધની સ્થિતિ અને ટ્રેડવોરથી ઉભા થનારા આર્થિક સંકટના સમયમાં પણ સોનું હંમેશા વધતું રહેશે.

**ચાંદીમાં બમણા કારણોથી મોટી તેજીના ચાન્સ**

ચીનમાં હાલ ઇલેક્ટ્રિક વાહનોનો ક્રેઝ કુદકેને ભુસકે વધી રહ્યો છે અને ચીનની સરકાર પણ ઇલક્ટ્રિક વાહનોને જબ્બર ઉત્તેજન આપી રહી છે. આ જ રીતે ભારતમાં સોલાર પાવરનો ક્રેઝ વધી રહ્યો છે. ઇલેક્ટ્રિક વાહનોના એન્જિન અને સોલાર પેનલમાં ચાંદીનો વપરાશ સૌથી વધુ થતો હોઇ ચાંદીનો ઓદ્યોગિક વપરાશ હાલ કૂદકેને ભુસકે વધી રહ્યો છે. ચાંદીનો સોનાની તેજીને પણ લાભ મળી રહ્યો છે. ચીન વિશ્વમાં ચાંદીનો સૌથી મોટું વપરાશકાર અને આયાતકાર છે તેની સાથે ચાંદી સોના જેવી કિંમતી ધાતુ છે અને ઔદ્યોગિક ધાતું છે બંનેમાં ચાંદીની માગ વધી રહી છે. ચાંદીનો ભાવ ભારતીય માર્કેટમાં ૨૦૨૩ના અંતે કિલોનો ૭૩,૩૯૫ રૂપિયા હતો જે વધીને ૨૦૨૪ના અં

તે ૮૭,૧૭૫ રૂપિયા થયા બાદ હાલ ૯૦,૨૬૮ રૂપિયા છે. ચાંદીમાં સોનાની જેમ ૨૦૨૪માં ભરપૂર તેજી જોવા મળી છે. ચાંદીનો ભાવ ભારતમાં એક લાખની તદ્દન નજીક પહોંચી ગયો હતો.

**સોના-ચાંદીમાં તેજીની આશા ફળશે કે સુરસુરિયું થશે ?**

૨૦૨૪માં સોના-ચાંદીમાં ભરપૂર તેજી જોવા મળી છે આથી જે કારણોથી ૨૦૨૪માં સોના-ચાંદીના તેજી થઇ તેની અસર ૨૦૨૫માં ચાલુ રહેવાના તાર્કિક કારણો પણ છે આથી જ બધા એવું માની રહ્યા છે કે ૨૦૨૫માં સોનું એક લાખ રૂપિયા અને ચાંદી સવા લાખ રૂપિયાને પાર કરી જશે. ટ્રમ્પ જેટલાં ઊંબાડિયા કરવા માટે જાણીતા છે તેટલાં જ જાણીતા કોઇએ ન ધાર્યું હોય તેવું કરવા માટે પણ છે. ટ્રમ્પની ગળથૂંથીમાં ઊંબાડિયા કરવાનું હોઇ આગામી દિવસોમાં સોના-ચાંદીમાં ઉથલપાથલ સો ટકા થશે પણ તેની સાથે તેજીની આશાનું સુરસુરિયું થવાના ચાન્સને અવગણી શકાય નહીં આથી ટ્રમ્પના શાસનમાં સોના-ચાંદીમાં કમાયેલું જોતાં રહેશે અને ઘરભેગું નહીં કરે તો પસ્તાવાનો વખત પણ આવી શકે છે. આજે સોના-ચાંદીમાં બે-ત્રણ લાખ રૂપિયા મળે છે પણ પાંચ-સાત લાખ થશે ત્યારે વેચીશું તેવી રાહ જોનારાને કદાચ રોવાનો વારો આવશે પણ આજે કમાણા તે ઘરભેગું કરીને આગળ વેપાર કરનારાઓ ફાવી જશે. દરેક ઘટાડે લઇને ઉછાળે વેચીને ઘરભેગું કરનારાઓ હંમેશા કમાશે.

# ગુજરાતમાંથી ૩ લાખ લોકો મહાકુંભમાં ભાગ લેશેઃ ૨૦ ખાસ ટ્રેન, તમામમાં વેઈટીંગ



## ટ્રાવેલ્સોએ બસ સેવા પણ શરૂ કરીઃ વિમાનનું ભાડુ વધી ગયુ

અમદાવાદ,તા.૧૩

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં મહાકુંભ શરૂ થઈ રહ્યો છે. આ મહાકુંભ મેળો ૨૬મી ફેબ્રુઆરી સુધી ચાલશે. મહાકુંભમાં આ વખતે ગુજરાતમાંથી ત્રણ લાખ કરતાં વધુ શ્રદ્ધાળુઓ પ્રયાગરાજ પહોંચે તેવી શક્યતા છે. મહાકુંભમાં શ્રદ્ધાળુઓના ધસારાને જોતાં રાજ્યમાંથી ૨૦થી વધુ સ્પેશિયલ ટ્રેન તેમજ અમદાવાદથી પ્રયાગરાજની વિશેષ ફ્લાઈટની પણ જાહેરાત કરવામાં આવી છે.

દર ૧૨ વર્ષે યોજાતા મહાકુંભમાં ભાગ લેવાનો લહાવો લેવા માટે ગુજરાતથી અનેક લોકોએ ખાનગી બસ, કાર સહિતના ખાનગી વાહનો દ્વારા પ્રયાગરાજ પહોંચવાનું આયોજન કર્યું છે. આ ઉપરાંત ટ્રેનોમાં વેઈટિંગ સતત વધી રહ્યું છે. અમદાવાદથી પ્રયાગરાજ માટે જે નિયમિત ટ્રેન ચાલે છે તેમાં આગામી ૨૬મી ફેબ્રુઆરી સુધી ૧૦૦થી વધુનું વેઈટિંગ છે. આ સિવાય અમદાવાદ-બરાઉની એક્સપ્રેસમાં

(અનુસંધાન છઠ્ઠા પાને)

# રેશનકાર્ડ e-KYC કરાવવાની મુદ્દત વધારીને હવે ૩૧ માર્ચ કરાઈ




નવી દિલ્હી,તા.૧૩

ભારત સરકાર દેશના નાગરિકો માટે ઘણી યોજનાઓ ચલાવે છે. દેશના કરોડો લોકોને આ સરકારી યોજનાઓનો લાભ મળે છે. અલગ-અલગ લોકોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સરકાર તેમના અનુસાર યોજનાઓ લાવે છે.

ભારત સરકાર રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળ આ લોકોને ઓછા ભાવે રાશન અને મફત રાશનની સુવિધા પૂરી પાડે છે. રેશન કાર્ડ બતાવીને આ લોકો સરકારની આ યોજનાનો લાભ મેળવી શકે છે.

ભારતમાં હાજર તમામ રેશનકાર્ડ ધારકો. ખાદ્ય વિભાગ દ્વારા તે બધાને સૂચના જારી કરવામાં આવી છે કે તેઓએ તેમના રેશનકાર્ડનું e-KYC ફરીથી કરાવવું પડશે. પરંતુ આ હોવા છતાં, ઘણા રેશનકાર્ડ ધારકોએ હજુ પણ e-KYC પ્રક્રિયા પૂર્ણ કરી નથી. એટલું જ નહીં, વારંવાર સમયમર્યાદા લંબાવવા છતાં પણ લાખો રેશનકાર્ડ ધારકોના e-KYC બાકી છે. જો આ રેશનકાર્ડ ધારકોએ e-KYC પ્રક્રિયા પૂર્ણ કરી નથી. તેથી ટૂંક સમયમાં તેમને

(અનુસંધાન છઠ્ઠા પાને)

# અકસ્માત સમયે ઈજાગ્રસ્તનો જીવ બચાવવામાં મદદ કરનારને રૂા.૨૫૦૦૦ અપાશે

## ગુડ સમરીટન્સની વ્યાખ્યામાં જીવતા વ્યક્તિને પ્રોત્સાહીત કરવા તૈયારી



નવી દિલ્હીઃ દેશમાં માર્ગ અકસ્માતોમાં સતત વધી રહેલ મૃતકોની સંખ્યા પર હવે એક બાદ એક આયોજનોની માર્ગોને સલામત બનાવવાના આયોજન કરી રહેલા કેન્દ્રના જાહેર ટ્રાન્સપોર્ટ મંત્રી શ્રી નીતીન ગડકરીએ હવે અકસ્માતગ્રસ્તોને મદદરૂપ થનારને ઈનામી રકમ પાંચ ગણી વધારવાની જાહેરાત કરી છે. ગુડ સમૈરીટન તરીકે ઓળખાતા આ પ્રકારના વ્યક્તિ જે અકસ્માત સમયે ઈજાગ્રસ્ત જીવન બચાવવા માટે મદદ કરે છે તેને રૂા.૫૦૦૦ના ઈનામના બદલે રૂા.૨૫૦૦૦ આપવાની જાહેરાત કરી છે.

માર્ગ સલામતી અંગે એક ટીવી ડીબેટમાં ગડકરીએ એ માર્ગ વ્યવહાર વિભાગને આ પ્રકારના ગુડ સમૈરીટનને જે રૂા.૫૦૦૦ અપાવે છે તે રકમ વધારી રૂા.૨૫૦૦૦ કરવા કાનુની સુધારાની સૂચના આપી છે. જે વ્યક્તિ અકસ્માત સ્થળે ઘાયલને હોસ્પીટલ સુધી લઈ જઈને પ્રથમ એક-બે કલાક જે મહત્વના હોય છે તે સમયે સહાય ખૂબજ મહત્વની બની જાય છે જે જીવન બચાવવામાં ખૂબજ મહત્વપૂર્ણ પુરવાર થાય છે. જો કે આ પુર્વે ખાસ એક લીસ્ટ પણ છે જેથી ખોટા વ્યક્તિ તે સહાય મેળવી જાય નહી.

# ઘરવિહોણા લોકોને આશ્રય આપવા મહાપાલિકા લોકભાગીદારી કરશે : કોલ સેન્ટર પર મદદ તૈયાર

## રેનબસેરામાં આશરો લેવા ઈચ્છુકોને આશરો આપવા નાગરિકો ૧૫૫૩૦૪ પર સંપર્ક કરે : ૨૪ કલાકમાં તમામ સુવિધા સાથે સહારો મળી જશે : કમિશ્નરની રાજકોટની જનતાને માનવીય અભિગમ સાથેની અપીલ

**ઉપલબ્ધ સુવિધાઓ**

પૂરતા હવા ઉજાસ વાળા ખંડ, તથા લાઈટીંગ તથા પંખા, વિનામૂલ્યે ભોજનની વ્યવસ્થા, પીવાના પાણીની વ્યવસ્થા, સ્નાન તથા શૌચાલયની પુરતી વ્યવસ્થા, ભાઈઓ તથા બહેનો માટે અલગ રહેવાની વ્યવસ્થા, ચાદરો તથા ઓછાડની નિયમિત સફાઈ, પ્રાથમિક સારવાર કીટ તથા વખતોવખત હેલ્થ ચેકઅપ કેમ્પ, અન્ય મળવાપાત્ર વિવિધ સરકારની યોજનાઓનો લાભ

રાજકોટ, તા. ૧૩

શિયાળામાં ઘરવિહોણા લોકોને મદદ માટે કોર્પોરેશન દ્વારા જુદા જુદા વિસ્તારમાં આશ્રયસ્થાનો બનાવીને વૃધ્ધો, સગીર બાળકો, નિરાધારોને રહેવા, ભોજન, દવા સહિતની તમામ સુવિધા આપવામાં આવે છે ત્યારે મનપાની ટીમ તો જાહેર સ્થળોએ અને રસ્તા પર ફરતી રહે છે. હવે શહેરના નાગરિકો પોતાના રહેઠાણ કે વ્યવસાય સ્થળની આસપાસ, શહેરમાં જાહેર માર્ગો પરની ફૂટપાથ ઉપર કે અન્ય કોઈ પણ જગ્યાએ ઘરવિહોણા લોકો જોવા મળે તો નાગરિકો તેમને ઉપલબ્ધ નિ:શુલ્ક આશ્રયસ્થાનની સુવિધાઓ વિષે સમજાવે અને જો આવા લોકો આશ્રયસ્થાન ખાતે આવવા ઇરછા ધરાવતા હોય તો મહાનગરપાલિકાને કોલ સેન્ટરના ફોન નં. ૧૫૫૩૦૪ ઉપર



માહિતી આપે તેવો જાહેર અનુરોધ કમિશ્નર તુષાર સુમેરા દ્વારા કરવામાં આવ્યો છે. આ નંબર પર જનતા પાસેથી આશ્રયસ્થાનમાં આવવા ઈચ્છુક લોકોની માહિતી મળ્યે રાજકોટ મહાનગરપાલિકાની ટીમ સવારે ૬ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી ઘર વિહોણા લોકોને રૂબરૂ મળી તેઓને ૨૪ કલાકમાં આશ્રયસ્થાનો ખાતે સ્થળાંતરિત કરશે.

આ માહિતીના આધારે મનપાની ટીમ ઘરવિહોણા લોકો સુધી પહોંચી તેઓને રહેવા, જમવા, આવશ્યક સહાયતા આપવા પ્રયાસ કરશે. આ સંવેદનાસભર અભિયાનમાં નાગરિકો પણ માનવીય અભિગમ સાથે મહાનગરપાલિકાનાં તંત્ર

(અનુસંધાન છઠ્ઠા પાને)

**ઘર વિહોણા લોકો માટે નિઃશુલ્ક આશ્રયસ્થાનો**

| ક્રમ | નામ | વોર્ડ નં. | બેડ ક્ષમતા | સરનામું |
|---|---|---|---|---|
| ૧ | ભોમેશ્વર આશ્રયસ્થાન | ૦૨ | ૪૪૮ | ભોમેશ્વર ડોરમીટરી, ભોમેશ્વર પ્લોટ, શેરી નં.૨,જામનગર રોડ, |
| ૨ | રામનગર આશ્રયસ્થાન | ૧૫ | ૪૦ | રામનગર આશ્રયસ્થાન, શેરી નં.૪, આજી વસાહતની બાજુમાં, ૮૦ ફુટનો રોડ |
| ૩ | આજીડેમ આશ્રયસ્થાન | ૧૫ | ૧૦૦ | આજીડેમ આશ્રયસ્થાન, આજી ચોક, જુના જકાત નાકા પાસે, ભાવનગર રોડ |
| ૪ | મરચાપીઠ આશ્રયસ્થાન | ૦૩ | ૬૦ | મરચાપીઠ આશ્રયસ્થાન, જુના ઢોર ડબ્બા મરચા પીઠ ( સ્ત્રી વિભાગ) |
| ૫ | શાળાનં.૧૦ આશ્રયસ્થાન | ૦૩ | ૪૦૦ | શાળા નં.૧૦, હોસ્પિટલ ચોક |
| | કુલ બેડ ક્ષમતા | | ૧૦૪૮ | |

### એક પાનાના પત્રએ સમગ્ર રાજય સરકાર–ભાજપને ખળભળાવી દીધો

# અમરેલી લેટરકાંડની તપાસ હવે નિર્લીપ્તરાયને સોંપાઈ

રાજકોટ: ગુજરાતમાં ભાજપની આંતરિક લડાઈથી સર્જાયેલા અમરેલીના લેટરકાંડમાં હવે સરકારે સ્ટેટ મોનેટરીંગ સેલના વડા નિલિપ્તરાયને તપાસ સોંપી છે. આમ એક લેટરકાંડ હવે ત્રીજી તપાસના હાથમાં ગયો છે. આ લેટરકાંડમાં પાટીદાર દિકરીની મધરાતે ધરપકડ અને વરઘોડો કાઢવાની પોલીસની ચેષ્ટા આ વિસ્તારના વગદાર ધારાસભ્યના ઈશારે થઈ હતી અને



## સ્ટેટ મોનેટરીંગ સેલ નવેસરથી તપાસ કરશેઃ પાયલ ગોટી મુદે ત્રણ પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કરાયા બાદ બીજો આદેશ આપ્યો

તેમાં પોલીસે સુપ્રીમકોર્ટના આદેશને પણ ઘોળીને પી ગઈ તે પછી જીલ્લા પોલીસવડાએ ખાસ તપાસ ટીમ બનાવીને તપાસ કરતા ત્રણ પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કરાયા છે. રાજયભરમાં જે રીતે પાટીદાર સહિતના સમુદાયમાં પાયલ ગોટી માટે સમર્થન મળ્યુ તે પછી સરકાર ડેમેજ કંટ્રોલ મોડમાં આવી ગઈ હતી પણ મૂળ લેટરકાંડની તપાસ એકબાજુ નહી ગઈ હોવાનું ચિત્ર બન્યુ છે અને તેઓ અમરેલીના પુર્વ ધારાસભ્ય પરેશ ધાનાણીએ પહેલા અમરેલી અને આજે સુરતમાં ધરણા કર્યા હતા અને હવે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણી આવી રહી છે તેથી પાટીદારમાં આ મુદો પકડાઈ જાય તો ભાજપને મુશ્કેલી પડે તેવા સંજોગો વચ્ચે હવે સ્ટેટ મોનેટરીંગ સેલના વડા નિલિપ્ત રાયને તપાસ સુપ્રત થઈ છે. આમ આખો કેસ હવે અમરેલી પોલીસ પાસેથી આંચકી લેવાઈ છે. હવે નિલિપ્તરાય અને તેમની ટીમ આ અંગે ફેર તપાસ કરશે તથા તમામ મુદા ચકાસશે અને સ્થળ તપાસ પણ કરશે જેથી જે વિવાદી લેટર છે તે સાચો કે બનાવટી તે પણ ચડાવે તેવી શકયતા છે. લેટરમાં જે આક્ષેપ થયા છે તેમાં પોલીસની ભૂમિકા સામે પ્રશ્ન છે તેની તપાસ થશે કે કેમ તે અંગે પણ હવે નિલીપ્તરાય તપાસ કરશે કે કેમ તે પણ પ્રશ્ન છે અને તેમની તપાસ આવતા અમરેલી પોલીસમાં ફફડાટ વ્યાપી ગયો છે.

### રાજકોટ માટે બે નામો ફરતા થયા

# બસ હવે કમુરતાનું ચોઘડીયુ બદલે એટલી વાર! મહાનગર પ્રમુખનું નામ જાહેર થશે

## રાજયમાં ૭૦% જીલ્લા–મહાનગર પ્રમુખો બદલાશે

રાજકોટઃ ગુજરાતમાં ભાજપના સંગઠનની પુનરચનામાં જીલ્લા તથા મહાનગરના પ્રમુખની યાદી તૈયાર થઈ છે અને તે હવે આવતીકાલે કમુરતા ઉતરતા જ જાહેર કરાશે. સૂત્રોના જણાવ્યા મુજબ તા.૧૫ પુર્વે આ નામો જાહેર થયા બાદ તા.૧૫ના રાત્રીના કેન્દ્ર દ્વારા નિયુક્ત નિરીક્ષક શ્રી ભુપેન્દ્ર યાદવ ગાંધીનગર પહોંચી રહ્યા છે અને તેઓ તા.૧૬ના રોજ કમલમમાં એક

(અનુસંધાન છઠ્ઠા પાને)


મકરસંક્રાતિ નિમિત્તે
ટેસ્ટફુલ રજવાડી ઉંધીયુ (કિલોના રૂા.૨૪૦)
રાંધેલો ખીચડો કિલોના રૂા.૨૪૦
મગદાળ કચોરી કિલોના રૂા.૨૦૦
જલેબી, કિલોના રૂા. ૨૦૦ સમોસા કિલોના રૂા.૨૪૦
નાયલોન વઘારેલ ખમણ કિલોના રૂા.૧૨૦
રસપાત્રા, ખાંડવી, ઈડલી કિલોના રૂા.૧૬૦
કિલોના રૂા.૨૦૦ ચાપડી ૩ નંગના રૂા.૨૦ લાઈવ પુરી મળશે
પ્રણામી ફરસાણ
રૈયા રોડ, સદ્દગુરૂ તીર્થધામની સામે, M. 99042 27011

**પ્લોટ વેંચવાનો છે**
કાલાવડ રોડ ઉપર, ડ્રાઈવિંગ સિનેમાની સામે, ગ્રીન હિલ પાર્કમાં– રાજકોટ
આશરે ૩૦૦ વાર
ખૂબ જ પ્રાઈમ લોકેશનમાં પ્લોટ આપવાનો છે.
ફકત લેનાર પાર્ટીએ જ સંપર્ક કરવો.
મનોજભાઈ ગાંધી
૯૬૨૪૩ ૭૬૬૮૮

**પ્લોટ વેંચવાનો છે**
અવધ રોડ ઉપર હરિપાર્કમાં– રાજકોટ
આશરે ૩૦૦ વાર
ખૂબ જ પ્રાઈમ લોકેશનમાં પ્લોટ આપવાનો છે
ફકત લેનાર પાર્ટીએજ સંપર્ક કરવો.
મનોજભાઈ ગાંધી
૯૬૨૪૩ ૭૬૬૮૮


### જો, જો તમારી મજા કોઈની જીંદગી ન બગાડી નાખે....

# મવડી ઓવરબ્રીજ પર ચાઈનીઝ દોરીથી બાઈક ચાલક યુવકનું ગળુ કપાયું

## ગંભીર રીતે ઘાયલ થયેલા યુવાનને લોકોએ લોહી લુહાણ હાલતમાં સારવારમાં ખસેડ્યો

રાજકોટ, તા.૧૩

ઉતરાયણ પર્વ પર લોકો પતંગનો પેચ લગાડી મજા માણતા હોય છે, પણ જો જો ચાઈનીઝ દોરી કે કાચનો માંજો ચડાવેલ દોરીની મજા કોઈની જીંદગી પણ બગાડી શકે છે, ત્યારે આજે બપોરે મવડી



ઓવર બ્રીજ પર એક યુવાનનું ગળુ કપાયું હતું. યુવાનને લોહી લુહાણ હાલતમાં સારવારમાં ખસેડવામાં આવ્યો હતો.

પ્રાપ્ત વિગત મુજબ આજે બપોરના સમયે એક યુવાન પોતાનું બાઈક લઈ મવડી ઓવર બ્રીજ પરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે અચાનક જ ચાઈનીઝ દોરી તેમના ગળા પર ફરી વળતા ગળાના ભાગે મોટો ચીરો પડી ગયો હતો.

લોહી લુહાણ થયેલ યુવાન રોડ પર ઢળી પડ્યો હતો, ઘટના સ્થળે લોકોના ટોળા એકઠા થયા હતા અને લોકોએ જ યુવાનને ખાનગી વાહનમાં સારવાર અર્થે ખસેડાયો હતો.

હાલ પોલીસ ચાઈનીઝ દોરા વેંચતા શખ્સો સામે કડક કાર્યવાહી કરી રહી છે છતાં પણ કેટલાક શખ્સો ગળા કાપની દોરી વેંચી તહેવાર લોહીયાળ બનાવી રહ્યા છે.


**પ્રાર્થનાસભા**



સ્વ.વિનોદરાય દ્વારકાદાસ બોસમીયા–જેતપુર
દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પૂજય પિતાશ્રી વિનોદરાય દ્વારકાદાસ બોસમીયા (ઉ.વ.૮૪)
તા. ૧૧-૧-૨૦૨૫ શનીવાર ના રોજ શ્રીજીચરણ પામેલ છે.
પરમકૃપાળુ પરમાત્મા તેઓના આત્મા ને પરમ શાંતિ બક્ષે તેવી પ્રાર્થના.
સ્વર્ગસ્થની પ્રાર્થનાસભા : તા. ૧૩-૧-૨૦૨૫ના સોમવાર ના રોજ સાંજે ૪.૩૦ થી ૬.૦૦ વાગ્યે રાખેલ છે.
સ્થળ :- જય કૃષ્ણ હાઉસીંગ સોસાયટી, નવાગઢ સ્ટેશન રોડ, જેતપુર
લી. બિપિન વિનોદરાય બોસમીયા - જય વિનોદરાય બોસમીયા
ગં.સ્વ. જસુમતીબેન વિનોદરાય બોસમીયા
દિપા-બિપિન : રીયા- જયઃ દક્ષા કેતન પડિયાઃભારતી કેતન માધુ
સીમા પ્રમિત શેઠ : રૂપલ આકાશ શાહ, મોહિન,ધ્વનીલ, પ્રનાયા, પ્રનિકા
સ્વ. ચંદુલાલ દ્વારકાદાસ બોસમીયા : ગં.સ્વ. અનસુયાબેન ચંદુલાલ
સ્વ.વિપુલ ચંદુલાલ : સ્વ. ગાયત્રી વિપુલ
વિરેન ચંદુલાલ–મોનીકા વિરેન : મંદાકીની રાજુ પડિયા– બિનીકા રાજ જોબનપુત્રા
રમેશભાઈ દ્વારકાદાસ બોસમીયા -ઉષાબેન રમેશભાઈ
શ્રેયસ રમેશભાઈ– રચના નેહલ ભટ
સુધિરભાઈ દ્વારકાદાસ બોસમીયા -રીટાબેન સુધિરભાઈ
સૌરભ સુધિરભાઈ–અમી સૌરભ – સાકેત સુધીરભાઈ
નીયતી ઋષભ શાહ
સુરેશભાઈ દ્વારકાદાસ બોસમીયા-વંદનાબેન સુરેશભાઈ : સાહિલ સુરેશભાઈ–દેવાંશી સાહિલ
પ્રિયતા સુરેશભાઈ , તથા બોસમીયા પરિવારના જયશ્રી કૃષ્ણ
ભારતી એક્ષપોર્ટસ - જેતપુર



એક્રેલીક ફોટો
બાળકો, કપલ, ફેમીલી, મોટી સાઈઝમાં કરાવી આપના ડ્રોઈંગ રૂમને સજાવો
રાજુ ડીઝીટલ સ્ટુડીયો
ભુતખાના ચોક, રાજકોટ. M.: 94297 85836





# રાષ્ટ્રીયકક્ષાની વેસ્ટઝોન હેન્ડબોલ ટુર્ના.માં સૌરાષ્ટ્ર યુનિ.નો જોધપુર અને જયપુરની યુનિ. સામે વિજય

## ટુર્નામેન્ટનું સાંસદ મોકરીયાના હસ્તે ઉદઘાટનઃ લોકસભાના સાંસદ રૂપાલાની ઉપસ્થિતિ



રાજકોટ તા.૧૩

સૌરાષ્ટ્ર યુનિ. ખાતે ગઈકાલથી પ્રારંભ થયેલ રાષ્ટ્રીયકક્ષાની ઈન્ટર યુનિ. વેસ્ટઝોન હેન્ડબોલ ટુર્નામેન્ટનુ ઉદઘાટન રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયાના હસ્તે લોકસભાના સંસદ પરસોતમભાઈ રૂપાલાની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ હતું.

સૌરાષ્ટ્ર યુનિ.ના કુલપતિ ડો. ઉત્પલભાઈ જોશીના અધ્યક્ષસ્થાને આ ટુર્નામેન્ટનો ઉદઘાટન સમારોહ યોજાયો હતો. ટુર્નામેન્ટમાં ગુજરાત-રાજસ્થાન-મધ્યપ્રદેશ-મહારાષ્ટ્ર અને ગોવા અને પાંચ રાજયોની ૭૦ યુનિ.ના ૧૨૦૦થી વધુ રમતવીરો ભાગ લઈ રહ્યા છે.

ટુર્નામેન્ટનો ગઈકાલથી પ્રારંભ થયા બાદ સૌરાષ્ટ્ર યુનિ.ની ટીમે જોધપુરની વિવેકાનંદ યુનિ. અને જયપુરની જયનારાયણ યુનિ.ની ટીમ સામે વિજય મેળવેલ છે.

ટુર્નામેન્ટના ઉદઘાટન સમારોહમાં સાંસદ અને પુર્વ કેન્દ્રીય મંત્રી પરસોતમભાઈ રૂપાલાએ જણાવ્યું હતું કે સૌરાષ્ટ્ર યુનિ.ના યજમાનપપદે ૨૦ વર્ષ બાદ રાષ્ટ્રીયકક્ષાની આ હેન્ડબોલ મેન ટુર્નામેન્ટનુ આયોજન થયેલ છે. તેઓએ ખેલાડીઓને ખેલભાવના સાથે આ ટુર્નામેન્ટમાં ભાગ લઈ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવા શુભેચ્છા આપી હતી.

જયારે સાંસદ રામભાઈ મોકરીયાએ સ્વામી વિવકાનંદજીની જન્મજયંતિના સૂત્રોને જીવનમાં ઉતારી હેન્ડબોલ સ્પર્ધામાં વિજયી બનવા શુભેચ્છા આપી હતી.

ઉદઘાટન સમારોહમાં યુનિ.ના કુલપતિ ડો. ઉત્પલભાઈ જોશીએ પ્રાસંગીક પ્રવચન કર્યુ હતું. આ પ્રસંગે બોર્ડ ઓફ મેનેજમેન્ટના સદસ્યો, એકઝીકયુટીવ કાઉન્સીલના સદસ્યો યુનિ. કોલેજોના અધ્યાપકો તેમજ ખેલાડીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# બેંક કામદારોનો ઉદ્યોગપતિઓના ૯૦ અઠવાડીયાના ૯૦ કલાક કામ કરવાના વિચારનો વિરોધ

રાજકોટ, તા.૧૩

ગુજરાત બેન્ક વર્કર યુનિયન ના મહા મંત્રી કે. પી. અંતાણી જણાવે છે.એલ એન્ડ ટી ના સુબ્રમનીયમ, મુર્થી અને અદાણી જેવા ઉદ્યોગપતિઓ આજે જે અઠવાડીયાના ૪૮ કલાક કામદારોએ કામ કરવાનો નિયમ છે તેને બદલે ૭૦, ૮૦ કે ૯૦ કલાક કામદારોએ કામ કરવાનો અભિપ્રાય વ્યકત કરેલ છે.

ભારતના કામદારો સારી કામગીરી કરે તે જરૂરી છે. પરંતુ આ ઉદ્યોગપતિઓ ભારતમાં જે બેરોજગારીનો આંક વર્ષે-વર્ષે ઝડપથી વધતો જાય છે. હાલમાં ભારતના શિક્ષિત અને અર્ધશિક્ષિત તેમજ સ્કીલ યુવાનો રોજગાર વગરના રહે છે. આ ઉદ્યોગપતિઓ પોતાના સંસ્થાનમાં રોજગાર ઉભી કરવાને બદલે બેરોજગાર યુવાવર્ગની ફોજ ઉભી કરવા માંગતા હોય તેવું લાગે છે. કામદાર કર્મચારી વર્ગ લોહીયાળ સંઘર્ષ કરી અને અઠવાડીયાના ૮ કલાક કામનો અધિકાર મેળવેલ છે. અને તે વિશ્વભરમાં ''મે''ડે તરીકે કામદારો ઉજવે છે. આ પ્રકારના ગેરવ્યાજબી અભિપ્રાયોને સખત વખોડી કાઢી છે.

# કાલે સવારે જુના એરપોર્ટની હવામાન કચેરીમાં સ્થાપના દિનની ઉજવણી

## વડાપ્રધાનના સંદેશાનું જીવંત પ્રસારણ નિહાળાશે

રાજકોટ તા.૧૩

ભારતીય હવામાન વિભાગ ઈન્ડિયા મેટ્રોલોજીકલ ડિપાર્ટમેન્ટ સંસ્થાને ૧૫૦ વર્ષ પૂર્ણ થતા કાલે દિલ્હી ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં સેલિબ્રેશન યોજાશે.

આવતીકાલ તા.૧૪ના રોજ આઈએમડીની સ્થાપનાને ૧૫૦ વર્ષ પૂર્ણ થતા જુના એરપોર્ટ ખાતેની હવામાન કચેરીમાં પ્રતિકાત્મક ઉજવણી કરાશે. આ પ્રસંગે સવારે ૯ કલાકે દિલ્હી ખાતેથી પ્રસારિત થનાર સેલિબ્રેશન અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં સંદેશાનું જીવંત પ્રસારણ નિહાળવાનો કાર્યક્રમ યોજાશે. આ પ્રસંગે રાજકોટ હવામાન કચેરીના મૌસમ વૈજ્ઞાનિકો જગતભાઈ ત્રિવેદી, મયુરસિંહ વાળા, એમ.એમ. વોરા, સૌરભ મીના, મનદીપ શર્મા, અરવિંદકુમાર, પુષ્પેન્દ્ર રાઠી, સુબોધ પાલ, હરિન્દ્રાસિંહ તથા દિનેશભાઈ રામાણી, મહેશભાઈ મુલીયાણા વિ. ઉપસ્થિત રહેશે.

# શાળાનું જતન કરજો, વૃક્ષોના વાવેતર કરજો : પરસોતમભાઈ રૂપાલા

## ભગવતીપરામાં મનપાની સૌથી આધુનિક સુવિધાવાળી હાઈસ્કુલનું લોકાર્પણ : કોર્પોરેટ કલ્ચરની શાળા આપી છે-મેયર નયનાબેન પેઢડીયા



રાજકોટ, તા. ૧૩

વોર્ડ નં.૪માં ભગવતીપરા વિસ્તારમાં રૂ.૧૯.૩૮ કરોડના ખર્ચે નવનિર્મિત અત્યાધુનિક અને સુવિધાયુક્ત માધ્યમિક શાળા (હાઈસ્કુલ)ના બિલ્ડીંગનું લોકાર્પણ ગઇકાલે સાંસદ પરસોતમભાઇ રૂપાલાના હસ્તે અને મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા ના અધ્યક્ષસ્થાને કરાયું હતું.

આ પ્રસંગે પરસોતમભાઇ રૂપાલાએ જણાવ્યું હતું કે, આ વિસ્તારના બાળકોને નવી શાળા મળવા બદલ મુબારક પાઠવું છું. હું પણ એક માધ્યમિક શાળાનો શિક્ષણ હતો, મારી શરૂઆત એક શિક્ષક તરીકેની છે. મારા સમયમાં એટલે કે ૧૯૭૭ન સમયમાં માધ્યમિક શાળા એક ઉછીના મકાનમાં શરૂ કરાવેલ અને આજે મારા જ હસ્તે અદ્યતન શાળાનું લોકાર્પણ કરવામાં આવેલ છે આ છે પરિવર્તન. આ મહાનગરપાલિકાના વિકાસની ગતિ છે. આ શાળા માત્ર એક વોર્ડની શાળા છે એ પણ અદ્યતન સુવિધાવાળી શાળા છે. સ્વામી વિવેકાનંદજીના જન્મદિને લોકાર્પણનો અવસર મળ્યો છે. આ આવડી મોટી શાળા બની છે તો તેનું જતન કરશો અને પર્યાવરણ જાળવણી કરી વૃક્ષોનું વાવેતર કરજો. ખાતમુહૂર્ત અને લોકાર્પણ બંને કામો નરેન્દ્રભાઇ મોદીના કાર્યકાળમાં થતા આવ્યા છે.

મેયરએ જણાવ્યું હતું કે, આ વિસ્તાર તથા આસપાસના વિસ્તારના વિદ્યાર્થીઓને પ્રાથમિક શિક્ષણ બાદ ઉચ્ચ અભ્યાસ માટે દુર સુધી ન જવું પડે તે માટે રૂ.૧૯.૩૮ કરોડના ખર્ચે અદ્યતન અને સુવિધાયુક્ત માધ્યમિક શાળાનું નિર્માણ કરવામાં આવેલ છે. શહેરની મસમોટી ફી વસુલતી ખાનગી શાળાઓને પણ ટક્કર મારે તેવી કોર્પોરેટ ઓફીસ કલ્ચરની શાળાનું નિર્માણ કરવામાં આવેલ છે. આ નવનિર્મિત હાઈસ્કુલના બિલ્ડીંગમાં કુલ ૫૦૮૪ ચો.મી.બિલ્ટઅપ એરિયાનું બાંધકામ કરવામાં આવેલ છે. જેમાં, ગ્રાઉન્ડ ફ્લોર પર ૧૪ ક્લાસરૂમ, ૨ એક્ટીવીટી રૂમ, ૨ સ્ટાફ રૂમ, ૧ એકાઉન્ટ રૂમ, ૧ એડમિનિસ્ટ્રેશન ઓફીસ, ૧ પ્રિન્સીપાલ ઓફીસ, ૧ કાઉન્સેલિંગ રૂમ, ૧ ચિલ્ડ્રન ટોય રૂમ, ૨ ટોઈલેટ બ્લોક, ફર્સ્ટ ફ્લોર પર ૧૬ ક્લાસ રૂમ, ૧ ઈ-લાઈબ્રેરી, ૧ કમ્પ્યુટર લેબ, ૩ લેબોરેટરી, ૧ મિટીંગ રૂમ, ૨ ટોઈલેટ બ્લોક વગેરે જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

કાર્યક્રમના પ્રારંભે શાબ્દિક સ્વાગત સ્ટે. કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર દ્વારા, મહાનુભાવોનું ખાદીના રૂમાલ અને પુષ્પ વડે સ્વાગત શિક્ષણ સમિતિ ચેરમેન વિક્રમભાઈ પુજારા અને સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા દ્વારા કરાયું હતું. કાર્યક્રમની રૂપરેખા કમિશનર તુષાર સુમેરા દ્વારા કરાઇ હતી.

આ કાર્યક્રમમાં સાંસદ રામભાઇ મોકરીયા, ભાજપ પ્રમુખ મુકેશભાઇ દોશી,ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, દંડક મનિષભાઈ રાડીયા, મા.શિક્ષણ સમિતિ ચેરમેન રસીલાબેન સાકરીયા, કોર્પોરેટરો કાળુભાઈ કુગશિયા, કંકુબેન ઉધરેજા, પરેશભાઈ ડી. પીપળીયા વગેરે હાજર રહ્યા હતા.

# આહીર સમાજ લીગલ ફોરમનું સ્નેહ મિલન યોજાયું, નવા હોદેદારોની વરણી

## લીગલ ફોરમમાં પ્રમુખ તરીકે વિમલ ડાંગર અને ઉપપ્રમુખ પદે અનીરૂધ્ધભાઇ મિયાત્રા, ઘનશ્યામભાઇ વાંકની નિમણુંક



રાજકોટ, તા.૧૩

શહેરના ન્યુ રીંગ રોડ પર આવેલ મુરલીધર ફાર્મ ખાતે આહીર સમાજ લીગલ ફોરમ રાજકોટનો ત્રિવેણી સંગમ સન્માન કાર્યક્રમ યોજાયેલ હતો. સમાજ શ્રેષ્ઠીઓનું સ્વાગત સંસ્થાના પ્રમુખ દિનેશભાઈ વારોતરીયા દ્વારા પુષ્પગુચ્છ આપી કરેલ હતું.

મુખ્ય મહેમાનોમાં સીનીયર એડવોકેટ આર. એમ. વારોતરીયા, પી.ડી. માલવીયા કોલેજના ટ્રસ્ટી અને એડવોકેટ ઘનશ્યામભાઈ હેરભા, સીનીયર એડવોકેટ સવજીભાઈ મૈયડ, પુર્વ મેયર અને એડવોકેટ પ્રદીપભાઈ ડવ, બાર પ્રમુખ પરેશભાઈ મારુ, નિવૃત પી.આઇ. વાઢિયા, સી.એચ. પટેલ, કેતનભાઈ મંડ, કમલેશભાઈ કોઠીવાળ, મુરલીધર ફાર્મના વીરાભાઈ હુંબલ ઉપસ્થિત રહેલ. આહીર સમાજ લીગલ ફોરમ રાજકોટના વર્ષ ૨૦૨૫ માટે નવા હોદેદારોની વરણી કરવામા આવી હતી જેમા પ્રમુખ પદે વિમલભાઇ ડાંગર, ઉપપ્રમુખ પદે અનીરૂધ્ધભાઇ મિયાત્રા, ઘનશ્યામભાઇ વાંક, સેક્રેટરી પદે રાજેશભાઇ જલુ, જોઇન્ટ સેક્રેટરી પદે તનવીરભાઇ લાવડીયા, કેશવભાઇ મારૂ, સોશિયલ મીડીયા ઇન્ચાર્જ પદે હિતેશભાઇ વીરડા, કારોબારી સભ્યો મહીપાલભાઈ સબાડ, જગદીશભાઈ ડાંગર, શિવમભાઇ મકવાણા, ધર્મેશભાઈ ડાંગર, સાગરભાઈ મેતા, નરેશભાઇ ડાંગર, કલ્પેશભાઈ મેચડ, કેશુભાઈ વારોતરિયા, કુલદીપભાઈ ડાંગર, કરણભાઈ બોરીચા, સંજયભાઈ કવાડની વરણી કરવામા આવેલ હતી. બાર ચૂંટણીમાં આહીર સમાજના બે પ્રતિનિધિ લાયબ્રેરી સેક્રેટરી કેતનભાઇ મંડ અને કારોબારી સભ્યપદ સંજયભાઇ ડાંગર વિજેતા બનેલા તેમજ પ્રમુખ પરેશભાઈ મારૂ, ઉપપ્રમુખ સુમિતભાઈ વોરા, સેક્રેટરી સંદિપભાઈ વેકરીયા, જોઇન્ટ સેક્રેટરી જીતેન્દભાઇ પારેખ, ટ્રેઝરર પંકજભાઇ દોંગા, લાયબ્રેરી સેક્રેટરી કેતનભાઈ મંડ, તેમજ કારોબારી સભ્યો, પ્રગતિબેન માકડિયા, રક્ષાબેન ઉપાધ્યાય, તુષારભાઈ દવે, નિકુંજભાઈ શુકલ, અશ્વિનભાઈ રામાણી, કિશનભાઇ રાજાણી, સંજયભાઈ ડાંગર, હિરેનભાઈ ડોબરીયા, પરેશભાઈ પાદરીયા, મુનીશભાઇ સોનપાલ સહિતનાને શિલ્ડ આપી સન્માનિત કરેલ હતા.

# ખેલ મહાકુંભ 3.0 કરાટે ચેમ્પિયનશિપમાં મન રાવલે ગોલ્ડ મેડલ મેળવ્યો

રાજકોટ, તા.૧૩

તાજેતરમાં ખેલ મહાકુંભ ૩.જ્ઞ નો પ્રાંભ થયો છે. જે અંતર્ગત વિવિધ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યા છે. જેમાં જિલ્લા કક્ષાની કરાટે સ્પર્ધામાં વિઝડમ સ્કૂલમાં અભ્યાસ કરતા મન કૌશલભાઈ રાવલે ભાગ લઈ ગોલ્ડ મેડલ મેળવ્યો છે.

ગત વર્ષ ૨૦૨૪ માં વડોદરા ખાતે આયોજિત વાડકોઈ કરાટે ઇન્ટરનેશનલ ચેમ્પિયનશિપમાં ભાગ લઈ બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો તેમજ સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઇન્ડિયા અને ખેલ મહાકુંભ ૨.જ્ઞ માં પણ જિલ્લા કક્ષાએ ગોલ્ડ મેડલ મેળવ્યો છે. મન રાવલ વાણી આર્ટ કરાટે એકેડમીમાં કોચ જયભાઈ ચૌહાણ પાસેથી તાલીમ લઈ રહ્યો છે. આ સિદ્ધિ બદલ પરિવારજનો દ્વારા શુભેચ્છાઓ પાઠવવા આવી રહી છે.

# પાયલ ગોટી રાજયના પોલીસવડાને મળવા પહોંચ્યા

અમરેલી પત્રકાંડમાં જેમને પોલીસે અન્યાય કર્યો હોવાનું જાહેર થયુ છે તે પાટીદાર મહિલા પાયલ ગોટી આજે રાજયના પોલીસ વડાને મળવા ગાંધીનગર પહોંચ્યા છે તેમની સાથે આ મુદ્દો ઉપાડી લેનાર ધારાશાસ્ત્રી પણ મળવા ગયા છે.

# ભુપેન્દ્ર પટેલ સરકારને ઉથલાવવાનું કાવત્રુ! ધાનાણીનું ટવીટ

## ભાજપ પ્રદેશ પ્રમુખને નિશાન બનાવાયાઃ સાવધ રહેવા કહેવાયુ



રાજકોટ તા.૧૩

અમરેલીના પાયલ ગોટી પ્રકરણમાં પ્રથમથી જ લીડ કરી રહેલા પુર્વ ધારાસભ્ય પરેશ ધાનાણીએ હવે ગુજરાતમાં જે રીતે પાટીદાર મુદ્દો ફરી એક વખત સપાટી પર આવ્યો છે તેને અનુલક્ષીને એવુ ટવીટ કર્યુ કે રાજયમાં ભુપેન્દ્ર પટેલ સરકારને ઉથલાવવાનું ષડયંત્ર રચાયું છે. તેઓએ પોતાના ટવીટમાં લખ્યુ છે કે કરશનકાકાને કહેણ (નિરમાના કરશનભાઈ પટેલ) દાદાને કહેજો કે શ્રી પાટીલના પપેટોએ શ્રી પટેલની સરકારને ઉથલાવવાનું ષડયંત્ર રચ્યું છે. દાદા તમે સાવધ રહેજો અને પાટીલના પપેટોનો સત્વરે નાર્કો ટેસ્ટ કરાવજો. ઘરના ઘાતકીઓને જલ્દીથી હાંકી કાઢજો એમ કહીને તેઓએ નારી સ્વાભિમાન આંદોલન હેશટેગથી આ ટવીટ કર્યુ છે. હાલમાં જ જે રીતે નિરમાના શ્રી કરશનભાઈ પટેલે અગાઉ આનંદીબેન સરકારને પાટીદાર અનામત આંદોલનથી ઉથલાવાયા હતા તેને ટાંકયુ હતું. તે બાદ ધાનાણીએ આ મુદ્દો ઉઠાવી લીધો છે.

## વીર દાદા જશરાજજી શૌર્ય દિન નિમિત્તે

# જાગનાથ મંદિર ચોકમાં રઘુવંશી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા હનુમાન ચાલીસા પાઠ-રામધુનનો કાર્યક્રમ યોજાયો

## આજે સાંજે ૬થી ૮ મહિલા સમિતિ દ્વારા શ્રીનાથજીના પાઠ સાથે સત્સંગનું આયોજન



રાજકોટ તા.૧૩

રઘુવંશી પરીવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા લોહાણા સમાજના કુલદેવતા વીરદાદા જશરાજજીના શૌર્ય દિન નિમિત્તે તા.૧૧ને શનિવારે સાંજે જાગનાથ મંદિર ચોક, યાજ્ઞિક રોડ ખાતે કાલાવડ રોડ પર આવેલા અખંડ સંકીર્તન મંદિરના સહયોગથી રઘુવંશી પરીવાર ચેરીટેબલ દ્વારા હનુમાન ચાલીસાના પાઠ તથા રામધૂનનો કાર્યક્રમ યોજાયો હતો.

જેમાં રઘુવંશી આગેવાનો સહિતના બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. સંકીર્તન મંદિરના મહેશભાઈ બથીયાએ હનુમાન ચાલીસા પાઠ તથા મહેશભાઈ વાગડીયા અને ઉતમભાઈ ધનેશાએ રામધૂન બોલાવી શ્રોતાઓને રામભકિતમાં તરબોળ કર્યા હતા. આ લોકોએ પોતાની આવી છટ્ટા અને શૈલીથી ગાઈને શ્રોતાઓમાં એક નવી શકિતનો સંચાર કર્યો હતો.

આ કાર્યક્રમમાં સંકિર્તન મંદિર (પ્રેમ પરિવાર)ના ટ્રસ્ટીઓ હરૂભાઈ નથવાણી, રાજુભાઈ દાવડા, દિનેશભાઈ રાયચુરા, ચંદુભાઈ પંચાણી અને મંદિરના સભ્યો ઉત્તમભાઈ ધનેશા, નિલેશભાઈ જોબનપુત્રા, મયુરભાઈ સોમૈયા, જયેશભાઈ અનડકટ, હર્ષદભાઈ રૂઘાણી, પ્રફુલભાઈ ગૌસ્વામી, કિશોરભાઈ નથવાણી, હિરેનભાઈ ગોહિલ, ગીરીશભાઈ ટાંક, અશોકભાઈ વાજાણી, લોહાણા મહાજનના પ્રમુખ રાજુભાઈ પોબારૂ, કારોબારી પ્રમુખ નિશાંતભાઈ ચોટાઈ, પૂર્વ મેયર જનકભાઈ કોટક, કમલેશભાઈ ઠકરાર, જીતુભાઈ લાખાણી, વિજયભાઈ નથવાણી, અશ્વિનભાઈ બગડાઈ, કમલેશભાઈ લાલ, અશોકભાઈ સેજપાલ, પારૂલબેન જોબનપુત્રા તથા કોર્પોરેટર વર્ષાબેન પાંધી સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટના સંકિર્તન મંદિરની વાત કરીએ તો ત્યાં ૪૦ વર્ષથી ૩૬૫ દિવસ સતત ૨૪ કલાક અખંડ રામધૂન બોલવામાં આવી રહી છે. આ જ મંદિરના સભ્ય અને ત્યાં હનુમાન ચાલીસા અને રામધૂન બોલાવનાર મહેશભાઈ બથીયા, મહેશભાઈ વાગડીયા અને ઉત્તમભાઈ ધનેશાના અવાજથી વાતાવરણ પવિત્ર થઈ ગયું હતું. સકારાત્મક ઉર્જા ઉત્પન્ન થવાથી સૌ કોઈ ભકતો રામભકિતમાં લીન થઈ જાય છે. આજે તા.૧૩/૦૧/૨૫ના રોજ મહિલા સમિતિ દ્વારા શ્રીનાથજીના પાઠ તથા સત્સંગનું આયોજન કરવામાં આવેલ છે કાર્યક્રમને દિપાવવા અમને સાથ આપી રહ્યા છે આશિષભાઈ કોટક કવિતાબેન કોટક, કાજલબેન કથિરીયા, કિશનભાઈ મીરાણી, રાહુલભાઈ શીંગાળા આ કાર્યક્રમને ભકિતમય બનાવશે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે રઘુવંશી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટની સમિતિની બહેનો જહેમત ઉઠાવી રહી છે બાદ ભોજન વ્યવસ્થા રાખેલ છે.




વીરદાદા જશરાજના શૌર્ય દિન નિમિત્તે આજે રઘુવંશી મહિલા સમિતિનો મનીષાબેન ભગદેવ, શીતલબેન બુધ્ધદેવ, લીનાબેન રાજાણી, પ્રીતીબેન પાઉ, કિરણબેન કેસરીયા, શોભનાબેન બાટવીયા, તૃપ્તિબેન નથવાણી, જાગૃતિબેન ખીમાણી, અનીતાબેન પાઉ, પલ્લવીબેન પોપટ, બીજલબેન ચંદારાણા, પ્રજ્ઞાબેન રાજા, નેહાબેન રાચ્છ, સોનલબેન પુજારા, કરૂણાબેન સોમૈયા વિ.એ 'સાંજ સમાચાર' કાર્યાલયની મુલાકાત લીધી હતી તે પ્રસંગની તસ્વીર.



## સ્વ. શ્રીમતિ ગીતાબેન કનૈયાલાલ સુરૈયા

ગોંડલ નિવાસી હાલ રાજકોટ નવગામ ભાટિયા, ગીતાબેન કનૈયાલાલ સુરૈયા (ઉ.વ. ૮૩ વર્ષ), તે સ્વ. લીલાવંતીબેન હરિદાસ પોપટલાલ સુરૈયાના પુત્રવધુ, તે સ્વ. શ્રી કનૈયાલાલ હરિદાસ સુરૈયા (શરાફ)ના ધર્મપત્ની, તે હેમંત કનૈયાલાલ સુરૈયાના માતુશ્રી, તે સુરૈયા અંકિતા પીયુષ ખેરા ના દાદીમાં, તે સ્વ. મુળજી દુર્લભજી વેદ ના દીકરી, તે સ્વ. ચંદ્રકાન્તભાઈ, સ્વ. ભરતભાઈ, સ્વ. પ્રધુમનભાઈ, સ્વ. દિનેશભાઈ તથા ગં.સ્વ. જ્યોતિબેન સુરેશભાઈ વેદ ના ભાભી, તા. ૧૨/૦૧/૨૦૨૫ ના રોજ શ્રીજીચરણ પામેલ છે.

### સ્વર્ગસ્થની પ્રાર્થના સભા

• તારીખ : ૧૬/૦૧/૨૦૨૫ • સમય : સાંજે ૪ થી ૬ •

• સ્થળ : શ્રી ભાટિયા બોર્ડીંગ, રેલ્વે જંકશન સામે, રાજકોટ. •

પ્રીતિ તથા હેમંત કનૈયાલાલ સુરૈયા (માતુશ્રી)
અંકિતા તથા પીયુષ સુરેશભાઈ ખેરા (દાદીમાં)
અલ્પા તથા પારસ દિનેશભાઈ સુરૈયા (ભાભુ)
બાંસુરી તથા વિશાલ સંપટ (ભાભુ)
સીમા તથા કલ્પેશ સુરેશભાઈ વેદ (મામી)
દિપા તથા રાજ આશર (મામી)

પૂજા તથા ધર્મેશ ચંદ્રકાન્તભાઈ સુરૈયા (ભાભુ)
ગીતા તથા કમલેશ ચંદ્રકાન્તભાઈ સુરૈયા (ભાભુ)
મિતલ તથા તેજસ ચંદ્રકાન્તભાઈ સુરૈયા (ભાભુ)
સોનલ તથા પ્રબોધ ગાંધી (ભાભુ)
નિશા તથા સ્વ. રાજુ ભરતભાઈ સુરૈયા (ભાભુ)
વિભા તથા ચેતન ભરતભાઈ સુરૈયા (ભાભુ)

સુરૈયા પરિવાર તથા વિડીયો સ્પેશ્યાલીટી (ઈન્ડિયા) LLP પરિવાર

### વધુ હજારો ઘરો ખાલી કરાવવા માટે તૈયારીઃ મૃત્યુઆંક ૨૪ થયો

# લોસ એન્જલીસ આગ વધુ વિકરાળઃ બાઈડને કહ્યું 'યુદ્ધ' જેવી સ્થિતિ

### તેજ હવાથી આગ ૧૨૦ કી.મી.ની ઝડપે આગળ વધે છેઃ લોસ એન્જલીસની મુખ્ય કાઉન્ટી સુધી પહોંચે તો અત્યંત ભયાનક સ્થિતિનો ભય

### અમેરિકાભરના તમામ સાધનો આગ કાબૂમાં લેવા કામે લગાડયાઃ પાડોશી મેકસીકો-કેનેડામાંથી પણ સહાય પહોંચી




લોસ એન્જલીસઃ અમેરિકાના કેલિફોર્નિયાના જંગલોમાં લાગેલી આગમાં અત્યાર સુધીમાં ૨૪ લોકોના મૃત્યુ થયા છે. તે સમયે અમેરિકાના પ્રમુખ શ્રી જો બાઈડને આ આગની સ્થિતિને 'યુદ્ધ' જેવી ગણાવી છે અને હવે આગ વધુ રહેણાંક વિસ્તારો ભણી ફેલાઈ રહી છે. ગત તા.૭ના રોજ લાગેલી આગમાં હવે તેજ હવા, સુકા વાતાવરણ અને પાણીની અછતના કારણે આગની જવાળાઓનું જોર વધીને તે હવે મૂળ શહેર લોસ એન્જલીસના દ્વાર આગળ પહોંચી જતા જ સૌથી મોટી સમસ્યા સર્જાઈ છે. લાખો મકાનો, હોટેલો, કેસીના તથા ભવ્યતા ધરાવતા આ મહાનગરમાં આગના ધુમાડાના કારણે વાતાવરણમાં ગજબનો પલટો આવ્યો છે અને અમેરિકાભરનું તંત્ર આગ સામે લાચાર બની ગયુ છે. પ્રમુખ જો બાઈડને દેશના તમામ સ્ત્રોતોનો ઉપયોગ કરી આગને કાબુમાં લેવા આદેશ આપતા સમયે 'યુદ્ધ' જેવી સ્થિતિ ગણાવી છે અને હવે પ્રથમ વખત આગ બુઝાવવા કેનેડા અને મેકસીકોની સહાયતા લેવામાં આવી છે. છેલ્લા ૨૪ કલાકમાં આગ પેલેસાઈડના ૧ હજાર એકરમાં પહોંચી ગઈ છે અને નેચરલ વેધર સચીવે ચેતવણી આપી છે કે હવામાન આગ માટે ખૂબ જ સાનુકુળ છે તેમ વધુ ગંભીર સ્થિતિ સર્જાઈ શકે છે. આગ લોસ એન્જલીસના પૈચુરા કાઉન્ટી સુધી પહોંચી રહી છે. પ્રતિ કલાક ૧૨૦ કી.મી.ની ઝડપે પવન સાથે આગ આગળ વધી રહી છે. કેલિફોર્નિયામાં આ વર્ષે ઓછા વરસાદે પાણીની સમસ્યા પણ આગને કાબુમાં લેવામાં મોટું વિધાન બની રહી છે. લોકોને પોતાના ઘરોમાંજ રહેવા અને હવા ફીલ્ટર કરતા સાધનોને સતત ચાલુ રાખવા સલાહ આપવામાં આવી છે. બીજા એરીયા, હજારો ઘરોને ખાલી કરવા તૈયાર રહેવા માટે જણાવાયુ છે અને હવે આગની તપાસ એફબીઆઈને સુપ્રત થઈ છે જેમાં વેધર નિષ્ણાંતો જોડાશે.

### ૫૦ અબજ ડોલરની મિલ્કતો આગમાં સ્વાહા

## લોસ એન્જલીસમાં ફાયર મોક ડ્રીલ શરૂઃ ખોટા એલાર્મથી અફડાતફડી

### પાલતુ પ્રાણીઓની સુરક્ષા માટે દોડધામ



લોસ એન્જલીસઃ અમેરિકાના કેલિફોર્નિયાના સૌથી સમૃદ્ધ શહેર લોસ એન્જલીસના જંગલોમાં લાગેલી આગ બેકાબુ બની આગળ વધી રહી છે તે વચ્ચે અંદાજે ૫૦ અબજ ડોલરનું નુકસાન થઈ ગયુ છે અને તેમાં હવે ૧ કરોડ લોકોની વસતિ ધરાવતા મુખ્ય શહેરમાં પણ આગની મોકડ્રીલ શરૂ કરીને લોકોને ગમે તે સમયે તેમના ઘર છોડવા પડે તે માટે તૈયાર રહેવા જણાવાયુ છે. શુક્રવારે આગોતરી જાણ વગર ૧ કરોડ લોકોને ફાયર એલાર્મ મોકલી અપાતા જબરી અફડાતફડી સર્જાઈ હતી. સૂત્રોના જણાવ્યા મુજબ મોબાઈલ ફોન ટાવરમાં આગની ગરમીના કારણે એલાર્મ વાગ્યા હતા. કુલ છ સ્થાનોએ આગ ચાલુ છે અને દરેકને અલગ અલગ કોડનેમ અપાયા છે. હજુ સુધી ૮% આગ પર જ કાબૂ મેળવી શકાય છે અને તે ઘરોમાં જે પાલતુ પ્રાણી, કુતરા, બિલાડા તથા ઘોડા વિ. છે. તેને પણ સલામત કરવા માટે તૈયારી થઈ છે. જો આ આગ આગળ વધે તો ૧ લાખ લોકોને તાત્કાલીક જે તે વિસ્તાર છોડવો પડશે.

## દેવજીત સૈકિયા નવાં બીસીસીઆઈનાં સેક્રેટરી

### બીસીસીઆઈ બેઠકમાં નિર્ણય : પ્રભતેજ ભાટિયા ટ્રેઝરર



નવી દિલ્હી : રવિવારે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડની વિશેષ સામાન્ય સભામાં દેવજીત સૈકિયાને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના નવાં સચિવ તરીકે ચૂંટવામાં આવ્યાં હતાં. તેઓ જય શાહનું સ્થાન લેશે. જ્યારે પ્રભતેજસિંહ ભાટિયા ખજાનચી તરીકે ચૂંટાયા છે. જય શાહ અને આશિષ શેલાર દ્વારા ખાલી પડેલી જગ્યાઓ માટે સૈકિયા અને પ્રભતેજ એકમાત્ર ઉમેદવારો હતાં અને બંને પોતપોતાનાં હોદ્દા પર બિનહરીફ ચૂંટાયા હતાં.

જય શાહ ૧ ડિસેમ્બરે ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલના અધ્યક્ષ બન્યાં ત્યારથી સૈકિયા બીસીસીઆઈના વચગાળાનાં સચિવ તરીકે કામ કરી રહ્યાં છે. શાહનાં રાજીનામાં બાદ, દેવજીત સૈકિયાને બીસીસીઆઈ પ્રમુખ રોજર બિન્નીએ વચગાળાના સચિવ તરીકે નિયુક્ત કર્યા હતાં, જ્યારે ખજાનચીની ભૂમિકા માટે કોઈ વચગાળાની નિમણૂક કરવામાં આવી ન હતી. બીસીસીઆઈના બંધારણ મુજબ, કોઈપણ ખાલી જગ્યા ૪૫ દિવસની અંદર એસજીએમ બોલાવીને ભરવામાં આવે છે. રવિવાર આ સમયગાળાનો ૪૩મો દિવસ હતો.

અગાઉ આશિષ શેલાર બીસીસીઆઈના ખજાનચી હતા પરંતુ મહારાષ્ટ્ર સરકારમાં કેબિનેટ મંત્રી તરીકે શપથ લીધા બાદ તેમણે પદ છોડી દીધું હતું. આ પછી જ ભાટિયાએ ખજાનચી પદ માટે ઉમેદવારી નોંધાવી હતી. શાહની ગયાં મહિને ગ્રેગ બાર્કલેના સ્થાને આઇસીસી ચીફ તરીકે નિમણૂક કરી હતી.

### દેવજીત સૈકિયા કોણ છે ?

દેવજીત સૈકિયા આસામના રહેવાસી છે. ૫૫ વર્ષીય દેવજીત વ્યવસાયે વકીલ છે. જો કે તે પહેલાં ક્રિકેટર પણ રહી ચૂક્યાં છે. તે આસામ તરફથી રમતાં હતાં. વિકેટકીપર બેટ્સમેન સૈકિયાએ આસામ માટે ૪ ફર્સ્ટ ક્લાસ મેચ રમી છે. આ મેચોમાં તેનો સર્વશ્રેષ્ઠ સ્કોર ૫૪ હતો. દેવજીત સૈકિયા ક્રિકેટ ઉપરાંત વહીવટી અનુભવ પણ ધરાવે છે. સૈકિયા આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાના નેતૃત્વમાં ક્રિકેટ ક્લબના જનરલ સેક્રેટરી પણ રહી ચૂક્યાં છે. આ પછી સૈકિયા અને હિમંતાએ આસામ સ્ટેટ ક્રિકેટ એસોસિએશનમાં સાથે કામ કર્યું હતું. ૨૦૧૬ માં, સૈકિયા એસીએના ઉપપ્રમુખ તરીકે ચૂંટાયા હતાં ૨૦૧૯ માં એસીએના પ્રમુખ બન્યાં હતાં.

## પત્ની સાથે ફોનમાં વાત કરતાં શખ્સે ધમકી આપતાં પ્રોઢનો ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ

### ગ્રીનપાર્ક એંજલ વાડીમાં રહેતાં ઈમરાનભાઈને આંતરી નદીમ મકવાણાએ ગાળો આપી મારી નાંખવાની ધમકી આપી 'તીઃ પોલીસે ગુનો નોંધ્યો

રાજકોટ. તા.૧૩

ગ્રીનપાર્ક એંજલ વાડીમાં રહેતાં ઈમરાનભાઈને પત્ની સાથે ફોનમાં વાત કરતાં શખ્સે ધમકી આપતાં તેઓએ ફિનાઇલ પી આપઘાતનો પ્રયાસ કરતાં સારવારમાં ખસેડાયા હતાં. બનાવ અંગે ભકિતનગર પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે ગ્રીનપાર્ક એંજલ વાડીમાં રહેતાં ઇમરાનભાઇ યાકુબભાઇ મેતર (ઉ.વ.૪૪) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે નદીમ ગફાર મકવાણા (રહે. દૂધસાગર રોડ) નું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ છેલ્લા એકાદ વર્ષથી પરિવાર સાથે ભાડેથી રહે છે અને મજુરી કામ કરે છે. ગઈ તા.૧૧/૦૧/૨૦૨૫ ના બપોરના સમયે તેમની પત્નીને નદીમ અવાર-નવાર ફોન કરતો હોય જેથી તેઓને પત્નિ સાથે પારીવારીક બોલાચાલી થતા ભકિતનગર પોલીસ સ્ટેશન પર આવેલ હતાં. બાદમા તેઓને અને તેમની પત્નિ વચ્ચે પરીવારના સભ્યોએ મળીને ઘરમેળે સમાધાન કરાવેલ હતું.

બાદમાં તેઓ પરીવારના સભ્યો સાથે ઘરે જઇ રહ્યા હતા ત્યારે નીલકંઠ ટોકીઝ પાસેની શેરીમા પહોંચેલ ત્યારે નદીમ મકવાણાએ તેમને અટકાવી કેમ તારી પત્ની સાથે બોલાચાલી કરી તેણીને હેરાન કરે છે તેમ કહી ગાળાગાળી કરવા લાગેલ અને તને હું જોઈ લઈશ તેમ કહી મારી નાખવાની ધમકી આપી નાસી છૂટયો હતો. બાદમાં તેઓને નદીમે ગાળાગાળી તથા જોઇ લેવાની ધમકી આપતાં મનમાં લાગી આવતા ફીનાઇલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જેમને ૧૦૮ મારફત સિવિલ હોસ્પિટલમાં ખસેડેલ હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી ભક્તિનગર પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

## નાસિકમાં ટ્રક અને ટેમ્પો વચ્ચે ભીષણ અકસ્માત, ૮ લોકોના મોત



નાસિક,તા.૧૩

મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના દ્વારકા સર્કિલમાં રવિવારે એક ટેમ્પો અને ટ્રકની ટક્કરમાં આઠ લોકોના મોત થઈ ગયા અને ઘણાં લોકો ઘાયલ થયા છે. એક પોલીસ અધિકારીએ આ અંગે જાણકારી આપી છે. તેમણે જણાવ્યું કે, આ ઘટના સાંજે સાડા સાત વાગ્યે અયપ્પા મંદિર નજીક સર્જાઈ હતી. તેમણે જણાવ્યું કે, ટેમ્પોમાં ૧૬ મુસાફરો સવાર હતા, જે સિડકો વિસ્તારમાં જઈ રહ્યાં હતા. તે નિફાડમાં એક ધાર્મિક કાર્યક્રમમાંથી પરત ફરી રહ્યાં હતા.

પોલીસે જણાવ્યું કે, ટેમ્પો ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા આ લોખંડના સળિયા ભરી જતા ટ્રક પાછળ ઘૂસી ગઈ હતી. દુર્ઘટનામાં કેટલાક લોકોના ઘટના સ્થળે જ મોત થયા હતા. જ્યારે કેટલાકની હાલત ગંભીર છે. તેમણે જણાવ્યું કે, પોલીસ અને ફાયર વિભાગના કર્મચારીઓએ ગીચતા વાળા વિસ્તારમાં લોકો સાથે મળીને તરત બચાવ કામગીરી શરૂ કરી હતી.

અધિકારીએ જણાવ્યુંકે, ઘાયલોને જિલ્લા હોસ્પિટલે અને કેટલાકને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં છે. પોલીસ અને આરોગ્ય અધિકારીઓએ જણાવ્યું કે, મૃતકોની સંખ્યા વધી શકે છે. કેમ કે હજુ કેટલાક લોકો ગંભીર રીતે ઘાયલ છે.

## ઉત્તરાખંડમાં બસ ૧૦૦ મીટર ઊંડી ખીણમાં ખાબકી : ૬ ના મોત : ૨૨ ઘાયલ



ઉત્તરાખંડ : ઉત્તરાખંડના પૌડી ગઢવાલ જિલ્લાનાં દેહલચૌરી વિસ્તાર પાસે એક બસ બેકાબૂ થતાં ૧૦૦ મીટર ઊંડી ખીણમાં પડી હતી. આ ભયાનક અકસ્માતમાં ૬ લોકોનાં કરૂણ મોત થયાં હતાં અને ૨૨ લોકો ગંભીર રીતે ઘાયલ થયાં હતાં. પીડિતોને નજીકની હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. સૂત્રોનું માનીએ તો મૃત્યુઆંક વધી શકે છે.

એક સ્થાનિક અધિકારીએ દુર્ઘટના અંગે માહિતી આપી કે બસ પૌડીથી દેહલચૌરી જઈ રહી હતી, ત્યારે બસે અચાનક કાબૂ ગુમાવ્યો અને ૧૦૦ મીટર ઊંડી ખીણમાં પડી હતી. આ દરમિયાન એસડીઆરએફની ટીમ ઘટનાસ્થળે પહોંચી છે અને બચાવ કામગીરી હાથ ધરી છે. માહિતી મળતાની સાથે જ ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ આ દુઃખદ ઘટના પર શોક વ્યક્ત કર્યો સીએમ ધામીએ ટ્વિટર પર લખ્યું કે પૌરીમાં કેન્દ્રીય વિદ્યાલય તરફનાં રૂટ પર બસને અકસ્માત નડતાં ૬ મુસાફરોના મૃત્યુનાં અત્યંત દુઃખદ સમાચાર મળ્યાં છે. ભગવાન મૃતકોની આત્માને શાંતિ આપે અને શોકગ્રસ્ત પરિવારનાં સભ્યોને આ દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના. તેમણે આગળ લખ્યું કે સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા રાહત અને બચાવ કાર્ય ચાલું છે અને ઘાયલોને નજીકની હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. હું બાબા કેદારને ઈજાગ્રસ્તોના ઝડપથી સાજા થવા માટે પ્રાર્થના કરું છું."

## ચેમ્પિયન ટ્રોફી માટે ઓસ્ટ્રેલિયન ટીમની જાહેરાત : કેપ્ટન કમિન્સના રમવા પર સસ્પેન્સ



સિડની : ઓસ્ટ્રેલિયાએ ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ માટે ૧૫ સભ્યોની ટીમની જાહેરાત કરી છે. આ ટીમની કેપ્ટનશીપ પેટ કમિન્સને સોંપવામાં આવી છે, પરંતુ તે ટુર્નામેન્ટ રમી શકશે કે નહીં તે હાલ કહેવું મુશ્કેલ છે. જેક ફ્રેઝરને ઓસ્ટ્રેલિયન ટીમમાં સ્થાન મળ્યું નથી. જ્યારે પસંદગીકારોએ એરોન હાર્ડી અને મેથ્યુ શોર્ટને ટીમમાં સામેલ કર્યા છે. ઉપરાંત નાથન એલિસ પણ ચેમ્પિયન્સ ટ્રોફી ટીમમાં સ્થાન મેળવવામાં સફળ રહ્યો છે. ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫નું આયોજન ૧૯ ફેબ્રુઆરીથી પાકિસ્તાન અને યુએઈમાં થઈ રહ્યું છે. ઓસ્ટ્રેલિયા આ આઇસીસી ટુર્નામેન્ટનું બે વાર વિજેતા રહ્યું છે.

### કમિન્સ કેપ્ટન છે, પણ તે રમશે કે નહીં તે ઈજા પર નિર્ભર :

આઠ વર્ષ પછી યોજાનારી ચેમ્પિયન્સ ટ્રોફીમાં પસંદગીકારોએ ઓસ્ટ્રેલિયાની કેપ્ટનશીપ પેટ કમિન્સને સોંપી છે. પરંતુ ટીમમાં પસંદગી મળી છતાં બોર્ડર-ગાવસ્કર ટ્રોફી દરમિયાન પગની ઘૂંટીમાં થયેલી ઈજાને કારણે કમિન્સ ટુર્નામેન્ટમાં રમશે કે નહીં તે હજુ સ્પષ્ટ નથી. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાનાં મુખ્ય પસંદગીકાર જ્યોર્જ બેઈલીએ પણ ઈજાનો ઉલ્લેખ કરતી વખતે આ આશંકા વ્યક્ત કરી હતી.

### ચેમ્પિયન્સ ટ્રોફી માટે ઓસ્ટ્રેલિયાની ટીમ

પેટ કમિન્સ (કેપ્ટન), એલેક્સ કેરી, નાથન એલિસ, એરોન હાર્ડી, જોશ હેઝલવૂડ, ટ્રેવિસ હેડ, જોશ ઇંગ્લિસ, માર્નસ લાબુશેન, મિશેલ માર્શ, ગ્લેન મેક્સવેલ, મેથ્યુ શોર્ટ, સ્ટીવ સ્મિથ, મિશેલ સ્ટાર્ક, માર્કસ સ્ટોઇનિસ, એડમ ઝમ્પા.

# આઈપીએલ ૨૧ માર્ચથી શરૂ થશે : ૨૫ મેના રોજ ફાઈનલ

### રવિવારે યોજાયેલી બેઠકમાં બીસીસીઆઈ ઉપાધ્યક્ષ રાજીવ શુક્લાએ જાહેરાત કરી : મિટીંગમાં વુમન્સ પ્રિમિયર લીગના સ્થળ અંગે ચર્ચા



નવી દિલ્હી : ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના ઉપાધ્યક્ષ રાજીવ શુક્લાએ પુષ્ટિ કરી કે ઇન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૫, ૨૧ માર્ચથી શરૂ થવાની છે. શુક્લાએ આઇપીએલનું ઉદઘાટન તેમજ ફાઈનલની તારીખની પુષ્ટિ કરી હતી, જે ૨૫ મેના રોજ યોજાશે. રવિવારે યોજાયેલી બીસીસીઆઈની સ્પેશિયલ મિટીંગમાં, મુખ્ય નિર્ણયો લેવામાં આવ્યાં હતાં જેમાં નવાં ખજાનચી અને સચિવની આગળની જવાબદારીઓ પર ધ્યાન કેન્દ્રિત કરતી ચર્ચાઓ કરવામાં આવી હતી સાથે સાથે વિમેન્સ પ્રીમિયર લીગના સ્થળ અંગેની ચર્ચા પણ કરવામાં આવી હતી.

આઈપીએલ ૨૦૨૪ ની શરૂઆત ૨૨ માર્ચે કરવામાં આવી હતી અને આરબીસી અને સીએસકે સામસામે હતાં અને ૨૬ મેના રોજ ફાઇનલ યોજાઈ હતી. અગાઉ રાજીવ શુક્લાએ ભૂલથી તારીખ ૨૩ માર્ચ જાહેર કરી હતી, જે બાદમાં તેમણે સુધારીને ૨૧ માર્ચ કરી હતી.વધુમાં, આઈપીએલએ એક વર્ષની મુદત માટે નવાં કમિશનરની નિમણૂકની જાહેરાત કરી છે. ૧૮-૧૯ જાન્યુઆરીના રોજ યોજાનારી આગામી બેઠકમાં આગામી ચેમ્પિયન્સ ટ્રોફી માટે ટીમને અંતિમ સ્વરૂપ આપવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

### આઈપીએલ ૨૦૨૫ મેગા ઓકશન

સાઉદી અરેબિયાના જેદ્દાહમાં બે દિવસ સુધી યોજાયેલી આઈપીએલ ૨૦૨૫ની મેગા હરાજી દરમિયાન કુલ ૧૮૨ ખેલાડીઓ રૂ. ૬૩૯.૧૫ કરોડમાં વેચાયાં હતાં. ૧૦ માંથી મોટાભાગની ટીમોએ તેમનાં મુખ્ય ખેલાડીઓને જાળવી રાખ્યાં પછી તેમની ટીમને વધુ મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. હરાજીની આગેવાનીમાં, ટીમોએ બીસીસીઆઈ સાથે ઘણાં નિયમો અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. કેટલીક ટીમોએ મેગા હરાજી અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

ભારતનાં વિકેટકીપર-બેટર ઋષભ પંત આઈપીએલના ઈતિહાસમાં સૌથી મોંઘા ખેલાડી બન્યાં જે ૨૭ કરોડમાં વેચાયાં હતાં, ત્યારબાદ શ્રેયસ ઐયર ૨૬.૭૫ કરોડ, અને વેંકટેશ ઐયર ૨૩.૭૫ કરોડમાં વેચાયાં હતાં. આ દરમિયાન, ડેવિડ વોર્નર, પૃથ્વી શો અને શાર્દુલ ઠાકુર જેવાં ખેલાડીઓ વેચાયાં વગરનાં રહ્યાં હતાં.

## અમરેલીની પાટીદાર યુવતીની ધરપકડ મામલે સુરતમાં ધરણા કરે તે પહેલા ધાનાણીની અટક

### સુરતનો માનગઢ ચોક પોલીસ છાવણીમાં ફેરવાયોઃ દુધાત સહિતના નેતાઓની અટકાયતઃ ધાનાણીના ગૃહમંત્રી પર પ્રહારો



સુરત,તા.૧૩

અમરેલી લેટરકાંડમાં પાટીદાર દીકરી મુદ્દે સુરતમાં ધરણા કરે તે અગાઉ કોંગ્રેસના નેતાઓની અટકાયત કરવામાં આવી હતી. કોંગ્રેસ નેતા પરેશ ધાનાણી અને પ્રતાપ દૂધાત સહિતના નેતાઓની પોલીસે અટકાયત કરી હતી.

અમરેલીમાં પાટીદાર સમાજની દીકરીની ધરપકડના મામલે સુરતમાં આજે કોંગ્રેસ નેતા પરેશ ધાનાણી પોતાનો વિરોધ રજુ કરવા પહોંચ્યા હતા. નારી સ્વાભિમાન આંદોલન સમિતિના નેજા હેઠળ પરેશ ધાનાણી માનગઢ ચોક ખાતે આજે ધરણાં કરવાના હતા. પરંતુ આ ધરણા માટે મંજૂરીઆપવામાં આવી નહોતી. જેના કારણે પોલીસે ધરણાં પહેલાં જ પરેશ ધાનાણી અને પ્રતાપ દૂધાત સહિત ૪૦થી ૫૦ લોકોની અટકાયત કરી છે. વરાછા પોલીસ સ્ટેશનનો પોલીસ કાફલો માનગઢ ચોક ખાતે ખડકી દેવામાં આવ્યો છે.

અમરેલીમાં પાટીદાર દીકરી પાયલ ગોટીનું પોલીસે સરઘસ કાઢયા બાદ મામલો વધુ ઉગ્ર બન્યો છે. કોંગ્રેસના નેતા પરેશ ધાનાણી અને અન્ય નેતાઓએ અમરેલીમાં ધરણા પર ઉતર્યા બાદ પારણા કર્યા અને ત્યારબાદ વચન આપ્યું હતુ કે સુરતના વરાછામાં પણ ધરણા કરીશું પરંતુ સુરતની વરાછા પોલીસે આ મામલે પરમિશન આપી ન હતી જેથી નેતાઓ ધરણા કરવા બેસે તે પહેલા જ પોલીસે તેમની અટકાયત કરી લીધી હતી અને વરાછા પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા.

પરેશ ધાનાણીએ ગૃહરાજ્યમંત્રીના હોમ ટાઉનમાંથી જ ધરણાં પરદર્શનની શરૂઆત કરી હતી પરંતુ તે પહેલા જ તેમની અટકાયત કરી લેવામા આવી હતી.અટકાયત દરમિયાન પ્રતાપ દુધાતે જણાવ્યુ હતુ કે, અમારી ધરપકડ કરવામા આવશે તો અમે પોલીસ સ્ટેશનમાં ધરણાં પ્રદર્શન કરીશું. જેલમાં લઈ જશે તો જેલમાં ધરણાં કરીશું અમે કોઈની ગુલામી કરવા માટે અહીંયા નથી આવ્યા.

ઉલ્લેખનીય છે કે, અમરેલીમાં ઉપવાસ આંદોલન દરમિયાન પરેશ ધાનાણીએ જણાવ્યુ હતુ કે, હવે આ મુદ્દે અલગ અલગ શહેરમાં ધરણાં પ્રદર્શનના કાર્યક્રમ કરવામા આવશે તેમણે આ લેટર કાંડ મુદ્દે કૌશિક વેકરિયા સહિત ગૃહમંત્રી હર્ષ સંઘવી પર પ્રહાર કર્યા હતા.

## વોર્ડ નં.૩ના પરસાણા પાર્કમાં સ્કુલ સહિત આજે બે મિલ્કતો સીલ કરતી વેરા શાખા

### ગાંધીગ્રામમાં પણ સીલ કરતા ચેક જમા : નીધિ સ્કુલે ચેક આપી દીધો

રાજકોટ, તા. ૧૩

મહાપાલિકાની વેરા વસુલાત શાખા દ્વારા આજે વોર્ડ નં.૩ અને ૧માં સ્કુલ સહિતની મિલ્કતો સીલ કરવામાં આવી હતી.

વોર્ડ નં.૧ના ગાંધીગ્રામ, ભારતીનગર-૨માં નીધિ સ્કુલ સામે સીલની કાર્યવાહી કરતા રૂા. બે લાખની રીકવરી થઇ હતી. રૈયા ચોકડી નજીક એસ.કે. ચોકના ભવન કોમ્પ્લેક્ષમાં રીકવરી થઇ હતી.

વોર્ડ નં.૩ના પરસાણા પાર્કમાં ૧.૬૮ લાખની વસુલાત માટે મહર્ષિ સ્કુલ સીલ કરવામાં આવી હતી. નારાયણનગરમાં ૧.૭૨ લાખના માંગણા બદલ સીલની કાર્યવાહી કરવામાં આવી હતી. વોર્ડ નં.૧૦ના રોયલ પાર્કમાં પણ રીકવરી થઇ હતી.

આજે બપોર સુધીમાં ૨૯.૩૭ લાખની રીકવરી થઇ હતી. આજ સુધીમાં મનપાને ૩૩૬.૫૭ કરોડની આવક થયાનું ટેકસ વિભાગે જણાવ્યું હતું.

## ૨૦૨૪ માં માર્યા ગયેલાં આતંકવાદીઓમાં ૬૦ ટકા પાકિસ્તાની : આર્મી ચીફે ઉપેન્દ્ર દ્વિવેદી

### આર્મી ડે પહેલાં એક પ્રેસ કોન્ફરન્સને સંબોધતાં જનરલે કહ્યું કે કમાન્ડરો ગમે તે પરિસ્થિતિનો સામનો કરવા માટે તૈયાર



નવી દિલ્હી,તા.૧૩

આર્મી ચીફ ઉપેન્દ્ર દ્વિવેદીએ પ્રેસ કોન્ફરન્સ દરમિયાન કહ્યું કે મારું મિશન ભારતીય સેનાને રાષ્ટ્રીય સુરક્ષાનાં મજબૂત સ્તંભ માટે આત્મનિર્ભર ભાવિ તૈયાર દળ તરીકે તૈયાર કરવાનું છે.

આર્મી ચીફે કહ્યું, 'હું ઉત્તરીય સરહદથી વાત શરૂ કરું છું. જેમ લોકો જાણે છે કે પરિસ્થિતિ સંવેદનશીલ છે, પરંતુ સ્થિર છે. પૂર્વી લદ્દાખના ડેપસાંગ અને ડેમચોકમાં સમસ્યા હલ થઈ ગઈ છે. મેં મારાં કમાન્ડરોને જમીની સ્તરે પરિસ્થિતિનો સામનો કરવા માટે અધિકૃત કર્યા છે.

આર્મી ચીફ ઉપેન્દ્ર દ્વિવેદીએ કહ્યું કે ઉત્તર પૂર્વમાં પરિસ્થિતિ સતત સુધરી રહી છે. સુરક્ષા દળોના પ્રયાસો અને સરકારનાં સક્રિય પ્રયાસોને કારણે મણિપુરમાં સ્થિતિ નિયંત્રણમાં છે. જો કે, હિંસાની ચક્રીય ઘટનાઓ ચાલું રહે છે. અમે વિસ્તારમાં શાંતિ સ્થાપવાનો પ્રયાસ કરી રહ્યાં છીએ.

આર્મી ચીફે કહ્યું કે, 'જમ્મુ-કાશ્મીરમાં સ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણમાં છે. ડીજીએમઓની સંમતિથી ફેબ્રુઆરી ૨૦૨૧થી યુદ્ધવિરામ ચાલું છે. પરંતુ પાકિસ્તાન તરફથી સતત ઘૂસણખોરીના પ્રયાસો થઈ રહ્યાં છે

તેમણે કહ્યું કે 'ગત વર્ષે માર્યા ગયેલા ૬૦ ટકા આતંકવાદીઓ પાકિસ્તાની મૂળનાં હતાં. તાજેતરના સમયમાં ઉત્તર કાશ્મીર અને ડોડા-કિશ્તવાડમાં આતંકવાદી ગતિવિધિઓ વધી છે.

## ન્યુઝીલેન્ડ, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાને ચેમ્પિયન્સ ટ્રોફી માટે ટીમોની જાહેરાત કરી

### બીસીસીઆઈ આગામી ૧૮-૧૯ જાન્યુઆરીએ ભારતીય ટીમ જાહેર કરશે



નવી દિલ્હી : ચેમ્પિયન્સ ટ્રોફી ક્રિકેટને લઈને ઉત્તેજના શરૂ થઈ ગઈ છે. ત્રણેય દેશોએ રવિવારે પોતાની ટીમની જાહેરાત કરી હતી. જેમાં ન્યુઝીલેન્ડ, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનનો સમાવેશ થાય છે. બીસીસીઆઈએ સંકેત આપ્યો છે કે ભારતીય ટીમની જાહેરાત આગામી ૧૮ કે ૧૯ જાન્યુઆરીએ થઈ શકે છે. ન્યૂઝીલેન્ડની ટીમની કમાન મિશેલ સેન્ટનરને સોંપવામાં આવી છે જ્યારે બાંગ્લાદેશનાં કેપ્ટન નઝમુલ હુસૈન શાંટો હશે. અફઘાનિસ્તાનનું નેતૃત્વ હશાન્તુલ્લાહ શાહિદી કરશે. મુજીબ ઉર રહેમાનને ટીમમાં સ્થાન મળ્યું નથી. તેનાં જેવાં 'મિસ્ટ્રી સ્પિનર' એએમ ગઝનફરને ચેમ્પિયન્સ ટ્રોફી માટે પસંદ કરવામાં આવ્યો છે.

### ફર્ગ્યુસન, સીયર્સનું કમબેક :-

અનુભવી ઝડપી બોલરો લોકી ફર્ગ્યુસન અને બેન સીયર્સ આવતાં મહિને પાકિસ્તાન અને સંયુક્ત આરબ અમીરાતમાં યોજાનારી ચેમ્પિયન્સ ટ્રોફી માટે ન્યુઝીલેન્ડની ૧૫ -સભ્યની ટીમમાં પરત ફર્યા છે. ફર્ગ્યુસનનો હવે ન્યુઝીલેન્ડ ક્રિકેટ સાથે કરાર નથી અને તે ઓસ્ટ્રેલિયાની બિગ બૈશ લીગમાં રમવાને કારણે રવિવારે સમાપ્ત થયેલી શ્રીલંકા સામેની શ્રેણીમાં રમી શક્યો ન હતો. ગયાં વર્ષે ટી-૨૦ વર્લ્ડ કપમાં સીયર્સ રિઝર્વ હતો. ઘૂંટણની ઈજાને કારણે તે નવેમ્બરમાં ભારત સામેની ટેસ્ટ શ્રેણી રમી શક્યો ન હતો. તેણે ગુરુવારે વેલિંગ્ટન સ્ટેટ માટે ટી-૨૦ મેચમાં પુનરાગમન કર્યું. સીયર્સ ઉપરાંત વિલ અરૂક અને નાથન સ્મિથને પણ ટીમમાં સામેલ કરવામાં આવ્યાં છે. આ તેની પ્રથમ આઇસીસી ટૂર્નામેન્ટ હશે. સેન્ટનર પ્રથમ વખત કોઈ મોટી ટુર્નામેન્ટમાં ન્યુઝીલેન્ડની કેપ્ટનશીપ કરશે.

### શાકિબ, લિટન આઉટ :-

બાંગ્લાદેશે પૂર્વ બોલર શાકિબ અલ હસનને ટીમમાંથી બહાર કર્યો છે. ચેમ્પિયન્સ ટ્રોફીની ટીમમાંથી બહાર રહેવાનાં કારણે ૩૭ વર્ષીય શાકિબની વનડે ઈન્ટરનેશનલ કરિયર પણ ખતમ થઈ શકે છે. ટેસ્ટ અને ટી-૨૦ ઇન્ટરનેશનલમાંથી નિવૃત્ત થયેલાં શાકિબને ગયાં સપ્ટેમ્બરમાં કાઉન્ટી ચેમ્પિયનશિપમાં એક મેચ દરમિયાન શંકાસ્પદ બોલિંગ એક્શન માટે રિપોર્ટ કરવામાં આવ્યો હતો.

ચેમ્પિયન્સ ટ્રોફી માટે જાહેર કરાયેલી ટીમો :-

**ન્યુઝીલેન્ડ :-**

મિચેલ સેન્ટનર (કેપ્ટન), ડેવોન કોન્વે, ટોમ લૈથમ (વિકેટકીપર), કેન વિલિયમસન, વિલ યંગ, માર્ક ચૈપમૈન, માઈકલ બ્રેસવેલ, ડેરીલ મિચેલ, ગ્લેન ફિલિપ્સ, રચિન રવિન્દ્ર, નાથન સ્મિથ, લોકી ફર્ગ્યુસન, મેટ હેનરી, વિલ ઓ'રોર્ક, બેન સીઅર્સ.

**બાંગ્લાદેશ :-**

નઝમુલ હુસૈન શાંટો (કેપ્ટન), મુશ્ફિકુર રહીમ (વિકેટકીપર), તૌહીદ હૃદય, સૌમ્ય સરકાર, તન્જીદ હસન, મહમુદુલ્લાહ, જાકિર અલી, મેહદી હસન મિરાજ, રિશાદ હુસૈન, તસ્કીન અહેમદ, મુસ્તફિઝુર રહેમાન, પરવેઝ હુસૈન, નસુમ અહેમદ, તંજીમ હસન, નાહીદ રાણા.

**અફઘાનિસ્તાન :-**

હશમતુલ્લાહ શાહિદી (કેપ્ટન), રહમત શાહ (વાઈસ-કેપ્ટન), રહેમાનુલ્લા ગુરબાઝ (વિકેટકીપર), ઈકરામ અલીખિલ (વિકેટકીપર), ઈબ્રાહીમ. ઝદરાન સેદીકુલ્લાહ અટલ, મોહ, નબી, અઝમતુલ્લા ઓમરઝાઈ, ગુલબદીન નઈબ, રાશીદ ખાન, એએમ ગઝનફર, નૂર અહેમદ, ફઝલહક ફારૂકી નાવેદ ઝદરાન, ફરીદ અહેમદ.

## વડાપ્રધાન મોદીના હસ્તે સોનમર્ગ પાસે ઝેડ મોડ ટનલનું ઉદ્ઘાટન

# ઝેડ-મોડ ટનલથી કાશ્મીરમાં યાત્રા અને વેપારને મળશે નવી ગતિઃ મોદી

### આ ટનલ માત્ર જમ્મુ-કાશ્મીર નહીં, પૂરા દેશ માટે વિકાસનું પ્રતીકઃ પીએમઃ આજે જમ્મુ-કાશ્મીરની ચર્ચા ટેરરિઝમના કારણે નહીં, ટુરિઝમના કારણેઃ રાજયપાલ મનોજ સિંહાઃ આ ટનલ શાંતિ અને આતંકવાદ વિરોધી તાકાતને સખ્ત સંદેશઃ સીએમ ઉમર અબ્દુલ્લા





શ્રીનગર (જમ્મુ-કાશ્મીર) તા.૧૩

વડાપ્રધાન મોદીએ આજે સોનમર્ગ પહેલા આવતા શુટ કરી નામના સ્થળ પર જેડ મોલ ટનલનું ઉદ્ઘાટન કર્યુ હતું.

આ તકે વડાપ્રધાન મોદીએ ઉદબોધનમાં જણાવ્યું હતું કે આ મૌસમ સોનમર્ગ જેવા પર્યટન સ્થળ માટે નવી તકો પણ લાવે છે. દેશભરથી સહેલાણીઓ અહીં પહોંચી રહ્યા છે. કાશ્મીરની ખીણમાં આવીને લોકો તમારા આતિથ્યનો ભરપૂર આનંદ ઉઠાવી રહ્યા છે. આજે હું એક મોટી ભેટ લઈને આપના સેવક તરીકે આપની વચ્ચે આવ્યો છું. આજે મને સોનમર્ગ ટનલ દેશને અને આપને સોંપવાનો મોકો મળ્યો છે. જમ્મુ કાશ્મીર અને લદાખની આ જુની ડિમાન્ડ આજે પૂરી થઈ છે. વડાપ્રધાન મોદીએ વધુમાં જણાવ્યું હતું કે આ ટનલ ખુલવાથી જમ્મુ કાશ્મીરમાં યાત્રા અને વેપારને નવી દિશા મળશે.

આજે પૂરા દેશમાં ઉત્સવનો માહોલ પીએમ મોદીએ જણાવ્યું હતું કે આજે પૂરા દેશમાં ઉત્સવનો માહોલ છે. આજથી જ પ્રયાગમાં મહાકુંભનો આરંભ થયો છે. કરોડો લોકો ત્યાં પવિત્ર સ્નાન માટે ઉમટયા છે. આજે પંજાબ સહિત પુરૂ ઉત્તરભારત લોહડીના ઉમંગથી ભર્યુ છે. આ સમય મકર સંક્રાંતિ, પોંગલ જેવા તહેવારોનો છે.

**આ ટનલ પૂરા દેશના વિકાસનું પ્રતીક**

વડાપ્રધાને વધુમાં જણાવ્યું હતું કે સોનમર્ગ ટનલ માત્ર જમ્મુ કાશ્મીર માટે જ એક મહત્વપૂર્ણ યોજના નથી બલકે પૂરા દેશ માટે વિકાસનું પ્રતીક છે. આ ટનલ ખુલવાથી હવે જમ્મુ કાશ્મીરમાં યાત્રા અને વેપારને નવી ગતિ મળશે જેથી વિકાસના નવા રસ્તા ખુલશે.

વડાપ્રધાને જણાવ્યું હતું કે હું એ બધા ભાઈઓને ધન્યવાદ આપવા માંગુ છું કે જેમણે પરિસ્થિતિમં પોતાના જીવને જોખમમાં નાખીને દેશ અને જમ્મુ કાશ્મીરની પ્રગતિ માટે કામ કર્યુ હતું.

જમ્મુ કાશ્મીરના રાજયપાલ મનોજસિંહાએ જણાવ્યું હતું કે આજે જમ્મુ કાશ્મીરની ચર્ચા ટેરરિઝમથી નહીં ટુરીઝમના કારણે થાય છે. આ ટનલથી સામાજિક અને આર્થીક વ્યવસ્થામાં વધારો થશે. જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લાહે જણાવ્યું હતું કે જુમ્મુ કાશ્મીરના વિકાસનું આ ટનલ મહત્વનું પગલુ છે. આ ટનલ આતંકવાદ અને શાંતિ વિરોધી તાકાત માટે પણ એક સખ્ત સંદેશ છે. કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે જો વિકસિત ભારત બનાવવું છે તો દેશનું માળખુ બરાબર કરવું પડશે, જલ, વીજળી, પરિવહન, સંચાર જેવા ચાર મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં સુધારો કર્યા વિના ઉદ્યોગ, પર્યટન, વ્યાપારને પ્રોત્સાહન ન મળી શકે.

# સજાના વોરંટમાં ફરાર મનોજ મકવાણા બે વર્ષે ઝડપાયો

### થોરાળા પોલીસે આરોપીને પકડી જેલ હવાલે કર્યો



રાજકોટ. તા.૧૩

સજાના વોરંટમાં બે વર્ષથી ફરાર મનોજ મકવાણાને થોરાળા પોલીસે પકડી જેલ હવાલે કર્યો હતો. પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી સીપી મહેન્દ્ર બગરીયા, ડીસીપી સજ્જનસિંહ પરમારે શહેરમાં નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવાની આપેલ સુચનાથી થોરાળા પોલીસ મથકના પીઆઈ એન.જી.વાઘેલાની રાહબરીમાં પીએસઆઇ એમ.એસ.મહેશ્વરી ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં ત્યારે એ.એસ.આઇ. રાજેશ મેર તથા દેવશીભાઈ ખાંભલાને મળેલ ચોક્કસ બાતમીના આધારે સજાના વોરંટના કામે છેલ્લા બે વર્ષથી નાસતા ફરતા મનોજ અરવિંદ મકવાણા (રહે, નવા થોરાળા, આરાધના સોસાયટી પાછળ) ને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# HMPV વાયરસનો વધુ એક કેસઃ પુંડુંચેરીમાં પાંચ વર્ષની બાળકી સંક્રમીત

દેશમાં એચએમપીવી વાયરસ ધીમી ગતિએ આગળ વધી રહ્યા છે. જેમાં હવે કેન્દ્રશાસીત પ્રદેશ પુંડુંચેરીમાં પાંચ વર્ષની એક બાળકીને તાવ-શરદી-ખાસી બાદ ટેસ્ટ રીપોર્ટમાં મોનેટરીંગ જાહેર કરાઈ છે.

# શરદી-ઉધરસ સહિત રોગચાળાના ૧૮૩૫ કેસ

### શિયાળામાં મચ્છરજન્ય ડેંગ્યુ, મેલેરીયા અને ચીકનગુનીયાના શૂન્ય કેસ હોવાનું જાહેર કરતી આરોગ્ય શાખા





રાજકોટ, તા. ૧૩

રાજકોટમાં શિયાળાની ઠંડી વચ્ચે મેલેરીયા, ડેંગ્યુ અને ચીકનગુનીયા ગાયબ થઇ ગયો છે. તો શરદી, ઉધરસ સહિત સીઝનલ રોગચાળાના ૧૮૩૫ જેટલા કેસ નોંધાયા છે.

મેલેરીયા શાખાએ આજે જાહેર કરાયેલા રીપોર્ટ મુજબ તા.૬-૧ થી ૧૨-૧ના સપ્તાહમાં શરદી-ઉધરસના ૯૪૩, સામાન્ય તાવના ૯૨૭, ઝાડા-ઉલ્ટીના ૧૬૩ અને ટાઇફોઇડના બે કેસ નોંધાયા છે. મેલેરીયા સહિત મચ્છરજન્ય રોગચાળાના કેસ શૂન્ય હોવાનું જાહેર કરવામાં આવ્યું છે.

આરોગ્ય તંત્ર દ્વારા રોગચાળા દ્વારા ઊભા થતા જાહેર આરોગ્ય પડકારને પહોંચી વળવા માટે વાહક નિયંત્રણની કામગીરી હેઠળ ૩૩,૬૯૮ ઘરોમાં પોરાનાશક તથા ફિલ્ડવર્કરો દ્વારા ૭૫૩ ઘરોમાં ફોગીંગ કામગીરી કરવામાં આવી હતી. શહેરી વિસ્તારમાં રહેણાક મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોર્મશિયલ કોમ્પલેક્સ, ઔધોગિક એકમો, વ્યાપાર ધંધાના સ્થળ તેમજ રહેણાંક મકાનની આસપાસના વિસ્તારોમાં મચ્છરોના ઉત્પતિ સ્થાનો અંગે તપાસ કરવામાં આવી રહી છે. આ કામગીરી હેઠળ રહેણાક સિવાય અન્ય ૫૬૯ પ્રીમાઇસીસમાં મચ્છર ઉત્પતિ સબબ તપાસ કરવામાં આવેલ છે. જેમાં મચ્છર ઉત્પતિ સબબ રહેણાંક માં ૨૬૭ અને કોર્મશીયલ ૧૩૭ આસામીને નોટીસ આપવામાં આવ્યાનું આરોગ્ય વિભાગે જણાવ્યું હતું.

**રોગચાળાના સપ્તાહના આંકડા**

| રોગ | સાપ્તાહિક કેસ |
|---|---|
| શરદી-ઉધરસ | ૯૪૩ |
| સામાન્ય તાવ | ૭૨૭ |
| ઝાડા-ઉલ્ટી | ૧૬૩ |
| ટાઇફોઇડ | ૨ |

# કાલે ગાયોના મોત બદલ ન્યાય માંગતી પતંગો આકાશમાં ચગાવાશે

### ૭૫૬ ગૌમાતાના મૃત્યુ માટે કોણ જવાબદાર? પદાધિકારીઓને પતંગો અર્પણ કરતા માલધારી આગેવાનો





(તસ્વીર : પંકજ શીશાંગીયા)

રાજકોટ, તા. ૧૩

રાજકોટમાં ઢોર ડબામાં ૭૫૬ ગાયના મોતના જવાબદાર કોણ? આવા લખાણ સાથેની પતંગો આજે કોંગ્રેસ આગેવાનોએ મનપા પદાધિકારીઓને આપી હતી.

મેયરને આવેદનપત્ર સાથે આ બનાવની તપાસની માંગ ફરી કરવામાં આવી છે. તો ચેરમેનની ચેમ્બરમાં ટેબલ પર આ પતંગોનો ઢગલો કરવામાં આવ્યો હતો. આવતીકાલે જ્યારે સંક્રાત આવી રહી હોય ગામે ગામની ગૌશાળા ના સંચાલકો અને ગૌ સેવકો ગાયના નામે શહેર ભરમાં લીલા ઘાસચારાના ફાળા એકત્રિત કરી રહ્યા હોય ત્યારે ભરવાડ સમાજે ગાયોના મૃત્યુ અંગેની વેદના આજે મનપામાં વ્યકત કરી હતી. આ સ્ટીકરો પતંગો પર ચોટાડી ગાયની વેદના લોકો સુધી પહોંચાડતા માલધારી આગેવાન આવતીકાલે સંક્રાત ના રોજ રાજકોટના આકાશમાં ભરવાડ સમાજના યુવાનો ગાયની ન્યાય માગતી પોસ્ટ પતંગ માં લખી રાજકોટના આકાશમાં ચગાવશે.

મેયર, સ્ટે. ચેરમેન, શાસક પક્ષના નેતાને પતંગ આપતી વખતે કોર્પોરેટર કોમલબેન ભારાઈ, રણજીત મુંધવા, હરેશભાઈ ભારાઈ, મહેશ બાંભવા, નિલેશભાઈ ગોહેલ, વિજયસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા.

# ૩૨ વર્ષિય યુવક સહિત ત્રણના હાર્ટએટેકથી મોત

રાજકોટ તા.૧૩

શહેરમાં વધુ ત્રણના હૃદય થંભી ગયા છે. ૩૨, વર્ષિય યુવક, પ્રૌઢ અને વૃદ્ધનું હાર્ટ એટેકથી મોત નિપજ્યું છે. બનાવ પગલે મૃતકના પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે.

પ્રથમ બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર કોઠારીયા રોડ નીલકંઠ સિનેમાની પાછળ ગોકુલનગર સોસાયટી શેરી નં-૨/૩ ના ખૂણે રહેતાં રાજેશભાઈ જેસીમભાઈ સિંધવ (ઉ.વ.૫૪) નામનાં પ્રૌઢ ગઈ કાલ રાત્રિના પોતાના ઘરે હતા ત્યારે અચાનક બેભાન થઈ જતાં તાકિદે તેઓને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવારમાં ફરજ પરનાં તબીબે મૃત જાહેર કર્યા હતા. મૃત્યુ પામનાર રાજેશભાઈને અગાઉ પણ હાર્ટ એટેક આવ્યો હોવાનું તેના પરિવારે જણાવ્યું હતું.

બીજા બનાવની વિગત મુજબ જય પ્રકાશ નગર મેઇન રોડ ભગવતી પરામાં રહેતા રામજીભાઈ મેઘજીભાઈ ખેતલીયા (ઉ.વ.૭૭) નામનાં વૃદ્ધ સવારે શાકભાજી લેવાં જયુબેલી શાકમાર્કેટમાં ગયા હતા. જ્યાં હૃદય રોગનો હુમલો આવતાં તાકિદે તેને બેભાન હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવારમાં ફરજ પરનાં તબીબે મૃત જાહેર કર્યા હતા. તેઓને સંતાનમાં એક પુત્ર અને ચાર પુત્રી હોવાનું મૃતકનાં પરિવારજનોએ જણાવ્યું હતું.

વધુ એક બનાવમાં શાપરમાં રહેતો દિવાકર રાજેન્દ્રભાઈ બગબય (ઉ. વ.૩૨) નામના યુવકને આજે સવારે હાર્ટ એટેક આવતાં મોત નિપજ્યું હતું. બનાવ અંગે મૃતકના પરિવારમાં કલ્પાંત છવાયો છે.

# રાજકોટ શહેર-જિલ્લામાં સરકારી જમીનને ફેન્સીંગથી સુરક્ષિત કરવા માટે રૂા. સવા કરોડની મંગાતી ગ્રાન્ટ

### કલેકટર દ્વારા રાજય સરકારમાં દરખાસ્ત



રાજકોટ, તા. ૧૩

રાજકોટ શહેર-જિલ્લામાં યુ.એલ.સી. ફાજલ જમીનને ફેન્સીંગથી સુરક્ષિત કરવા માટે કલેકટર તંત્ર દ્વારા રૂા. સવા કરોડની ગ્રાન્ટની માંગણી કરી આ અંગેની દરખાસ્ત રાજય સરકારમાં મોકલી દેવામાં આવી છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે રાજકોટ શહેર-જિલ્લામાં સરકારી અને યુ.એલ.સી. ફાજલ જમીન પર પેશકદમીનો સીલસીલો સતત શરૂ રહેવા પામેલ છે. આવી સરકારી જમીન પરથી દબાણ હટાવવા માટે કલેકટર તંત્ર દ્વારા ખાસ ઝુંબેશ શરૂ કરી દેવામાં આવી છે.

સરકારી-યુ.એલ.સી. જમીનના પ્લોટો અંગે કલેકટર તંત્ર દ્વારા સર્વે કરાયા બાદ આવા પ્લોટોને ફેન્સીંગ કરી સુરક્ષીત કરવા માટે કલેકટર પ્રભવ જોશી દ્વારા સરકાર પાસે ગ્રાંટ માંગવામાં આવી છે.

આ માટે રૂા. સવા કરોડની ગ્રાન્ટ ફાળવવા માટે કલેકટર પ્રભવ જોશી દ્વારા રાજય સરકારમાં દરખાસ્ત કરવામાં આવી છે.

# કોઠારીયા સોલવન્ટ વિસ્તારના કલ્પેશ રાઠોડનો આપઘાત

### ગત ૭ મીએ ઝેરી દવા પી લીધી હતીઃ સારવારમાં દમ તોડયોઃ આપઘાતનું કારણ અકળ

શહેરનાં કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં રહેતાં કલ્પેશ રાઠોડ નામના યુવાને ઝેરી દવા પી જીવન ટૂંકાવ્યું હતું. ગત ૭ મીએ ઝેરી દવા પી લીધી હતી. બનાવ અંગે મૃતકના પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ કોઠારીયા સોલવન્ટ ત્રણ માળીયા પાસે રામબાઇપરામાં રહેતાં કલ્પેશભાઈ ડાયાભાઈ રાઠોડ (ઉ.વ.૪૨) નામના યુવાને ગત ૭મીએ સાંજે પોતાના ઘરે ઉંદરડા મારવાની ઝેરી દવા પી લેતાં તાકિદે તેને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જય સારવારમાં આજે દમ તોડી દેતાં ગમગીની છવાઈ ગઈ હતી.મૃતક કલ્પેશભાઈ બે ભાઈમાં મોટા હતાં. ડ્રાઈવીંગ કામ કરતાં હતાં. તેને સંતાનમાં ત્રણ પુત્રી હોવાનું જાણવા મળ્યું હતું. યુવકનાં આપઘાતનું કારણ જાણવા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# અર્જૂન પાર્ટી પ્લોટ પાસે ચોરાઉ બાઈક સાથે અમરેલીનો શખ્સ ઝડપાયો

### છ દિવસ પહેલા ગોંડલ યાર્ડ પાસેથી બાઈક ઉઠાવ્યું હતું



રાજકોટ,તા.૧૩

રાજકોટ તાલુકા પોલીસે કરણ અર્જૂનને પાર્ટી પ્લોટ પાસેથી ચોરાઉ બાઈક સાથે અમરેલી પંથકનાં બી ડિવિઝન પોલીસ સ્ટેશનના બનાવનો ભેદ ઉકેલવામાં સફળતા મેળવી છે.

પી.આઈ.ડી.એમ.હરિપરાનાં માર્ગદર્શન હેઠળ રે.કોન્સ અજય ભુંડીયા, ઉગાભાઈ બાળાએ પેટ્રોલીંગ દરમિયાન ન્યુ ૧૫૦ ફુટ રીંગરોડ, કરણ અર્જુન પાર્ટી પ્લોટ આગળ શ્રીનાથજી ચોકમાં શંકમંદ હાલતમાં મુકેશ ગોરા પંચાળા (ઉ.વ.૩૭) રે-પ્રતાપપરા તા.જિ.અમરેલીને ઝડપી લઈ પુછપરછ કરતા બાઈક નં.જી.જે.૦૩ ડીકયુ ૯૦૧૪ છ દિવસ પહેલા ગોંડલ માર્કેટ યાર્ડ પાસેથી ચોરી કરેલ હોવાની કબુલાત આપતા અટકાયત કરી ગોંડલ બી ડિવિઝન પોલીસને હવાલે કરવા તજવીજ હાથ ધરી છે.પોલીસ ઈન્સ ડી.એમ.હરિપરા તથા પો.હેડ.કોન્સ કૌશેન્દ્રસિંહ રણજીતસિંહ ઝાલા તથા હરપાલસિંહ જશુભા જાડેજા તથા અજયભાઈ ભગવાનજીભાઈ ભુંડીયા તથા કુલદિપસિંહ મહીધરસિંહ જાડેજા તથા પો.કોન્સ સંજયભાઈ વિરજીભાઈ માંડાણી તથા નિકુંજભાઈ ધીરજલાલ મારવીયા તથા બળભદ્રસિંહ સુરૂભા જાડેજા તતા ઉગાભાઈ રવજીભાઈ બાળા તથા જયપાલસિંહ હરદેવસિંહ જાડેજા તથા મહાવિરસિંહ ધીરૂભા જાડેજા તથા અક્ષયભાઈ રાજેશભાઈએ કરી હતી.

# મકરસંક્રાંતિનું શાસ્ત્રોકત મહાત્મ્ય

રાજકોટ,તા.૧૩

શાસ્ત્રો પુરાણોનો વાતો જાણવી જોઈએ. કારણ કે શ્રી ભગવાનની સ્પષ્ટ આજ્ઞા છે કે જે મનુષ્ય શાસ્ત્રવિધી છોડી દઈ મનમાની રીતે કર્મ કરે છે તે સિધ્ધિ સુખ કે પરમગતિ પામતો નથી. (ભગવદ ગીતા ૧૬:૨૩) તેથી કરવા યોગ્ય અને ન કરવા યોગ્ય (કર્મ) નો નિર્ણય કરવામાં તારે માટે (આપણે માટે) શાસ્ત્ર જ પ્રમાણ છે. માટે શાસ્ત્રોએ જે કર્મો કરવાનું વિધાન કહેલુ હોય તે જાણીને તારે (આપણે) કર્મ કરવા એ જ યોગ્ય છે. (ભગવદ ગીતા ૧૬:૨૪)

નારદ મહાપુરાણ, પદ્મપુરાણ, શ્રીમદ ભગવતી ભાગવત, વરાહપુરાણ, તથા ભગવદગીતામાંથી થોડા સાર રૂપે સાવ થોડી માહિતી, અતિ સંક્ષેપમાં મકરસંક્રાંતિ અને તેમાં સ્નાન, દાન વગેરે ધર્મકર્મોના સંદર્ભે, ભગવદભકતો અને શ્રદ્ધાળુઓને અત્યંત ઉપયોગી થાય ફકત તે હેતુથી જ અમારી અલ્પ સમજણ મુજબ જ અહીં આપી છે.

વિક્રમ સંવત-૨૦૮૧ નું રાષ્ટ્રીય શાકે -૧૯૪૬ તા. ૧૪/૦૧/૨૦૨૫ મંગળવાર પોષ વદ-૧ ના રોજ સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરે છે આ સમયે બાલવ કરણ વિશ્વંભ યોગ પુર્નવસુ નક્ષત્ર તથા ચંદ્રમાં કર્ક રાશિમાં છે. મકરસંક્રાંતિનો પુણ્યકાળ તા. ૧૪ જાન્યુઆરી ૨૦૨૫ મંગળવારે સવારે ૦૯ ક. ૦૩ મિનિટ થી લઈને બપોરે ૦૩ ક. ૨૭ મિનિટ છે. તેથી આ સમય દરમ્યાન કરવામાં આવતુ દાન વિશેષ ફળદાયી થાય તેમ છે ત્યારપછી પણ આ દિવસે સૂર્યાસ્ત સુધી દાન કરવાનું ફળ લાભદાયી રહેશે.

| દાન | ફળ |
|---|---|
| અન્નદાનઃ | શ્રેષ્ઠદાન, અન્નના જેટલા રજકણો હોય તેટલા વર્ષો સુધી શિવલોકમાં પૂજાય, સર્વ દાનો કર્યાનું ફળ, દેશ-કાળ, પાત્ર-પરીક્ષાનો નિયમ હોતો નથી. |
| જળદાનઃ | શ્રેષ્ઠ દાન, તુષ્ટિ આપનાર |
| આસનનું દાનઃ | દશ હજાર વર્ષો સુધી વિષ્ણુલોકમાં પુજાય |
| દૂધ,દહીં, ઘી અને મધનું દાનઃ | દશ હજાર વર્ષો સુધી સ્વર્ગમાં પ્રતિષ્ઠિત થાય |
| શેરડીનું દાનઃ | બ્રહ્મલોકમાં સ્થાન પ્રાપ્ત કરે |
| દીવાનું દાનઃ | એક મન્વંતર સુધી અગ્નિલોકમાં પૂજાય |
| તલનું દાનઃ | આપેલા તલની સંખ્યા જેટલા વર્ષો શિવલોકમાં આનંદ કરે |
| સુંદર ફળનું દાનઃ | ફળના રજકણો જેટલી સંખ્યાના વર્ષો સુધી ઈન્દ્રલોકમાં પુજાય |
| ભકિત સહિત ઘી-ગુગળને ધુપ ભગવાન વિષ્ણુ ભગવાનને અર્પણ કરે તે :- સર્વપાપોથી મુકત થાય છે | |
| ભગવાન શંકર અથવા વિષ્ણુને ઘીનો દીવો અપર્ણ કરવાથીઃ- સર્વપાપોથી મુકત થઈ ગંગાસ્નાનનું ફળ પામે છે. | |

**મકરસંક્રાંતિ તથા અન્ય પુણ્ય કાળમાં મળતું દાનનું વિશેષ ફળ :-**

અમાસે કરેલ દાન દશ ગણુ, ક્ષય તિથિએ તેનાથી સો ગણું અને સંક્રાંતિએ તેનાથી સો ગણુ, તુલા અને મેષ સંક્રાંતિએ તેનાથી સો ગણુ, યુગના આરંભે તેનાથી સો ગણુ, ઉત્તરાયણ અને દક્ષિણાયાને તેનાથી સો ગણુ ધર્મ ક્રમ નું ફળ મળે છે. ઉતરાયણના આરંભમાં દાન આપવાથી અક્ષય ફળ મળે છે. શ્રી મહાભારત અશ્વમેધીક પર્વ વૈષ્ણવધર્મ પર્વ - અધ્યાય ૨૦ શ્લોક નં. ૩ માં શ્રીકૃષ્ણ ભગવાન યુધિષ્ઠિરને કહે છે કે હે રાજન વિષુવ કાળ નામના પુણ્યકાળે, ચંદ્રગ્રહણ - સૂર્યગ્રહણના સમયે વ્યતિપાતને દિવસે તથા ઉતરાયણના આરંભમાં દાન આપવાથી અક્ષય ફળ મળે છે.

આ સિવાય પરંપરાગત દાન- તલના લાડુ, ગાયને ઘાસ, વસ્ત્ર, સુવર્ણદાન વગેરે પણ શકિત મુજબ આપવા જોઈએ.દાન માટે શ્રી ભગવાનને પણ સ્પષ્ટ કહયુ છે

યજ્ઞ, તપ અને દાનમાં દંઢ રહેવુ એ પણ 'સત્ય' કહેવાય છે અને ઈશ્વર પ્રત્યે જે કર્મ હોય તેના પણ સત્ કહેવાય છે. (ભગવદ ગીતા ૧૭:૨૭)

હે પાર્થ ! અશ્રદ્ધાથી યજ્ઞ, દાન, તપ કે જે કંઈ કરવામાં આવે છે તે 'અસત' કહેવાય છે તે આ લોકમાં કે પરલોકમાં કલ્યાણકારક થતુ નથી. (ભગવદ ગીતા ૧૭:૨૮)

યજ્ઞ, દાન અને તપરૂપ કર્મ ત્યજવા યોગ્ય નથી પણ એ તો કરવા યોગ્ય જ છે. કારણ કે યજ્ઞ, દાન અને તપ બુદ્ધિમાન - નિષ્કામ મનુષ્યોને પવિત્ર કરનારા છે. (ભગવદ ગીતા ૧૮:૫)

હે પાર્થ ! પરંતુ આ કર્મો પણ આસકિત અને ફળની ઈચ્છાને છોડીને જ કરવા એવો મારો નિશ્ચિત અને ઉત્તમ મત છે. (ભગવદ ગીતા ૧૮:૬)(૩૭.૩)

# મકરસંક્રાંતિના પર્વ નિમિતે બાળકોને પતંગોનું વિતરણ





રાજકોટ તાલુકા પંચાયતના સદસ્ય નીશિતભાઈ ખૂંટ દ્વારા મકરસંક્રાંતિના પર્વને અનુલક્ષીને કસ્તુરબાધામ ખાતે તાલુકા શાળાના બાળકોને પતંગનું વિતરણ કરવામાં આવેલ હતું.આ પ્રસંગે ત્રંબાના સરપંચ ભાવેશ પીઠવા કોળી સમાજના આગેવાન વિનુભાઈ મેર, પંકજભાઈ નસિત, પ્રતાપભાઈ અસવાર, ભરતભાઈ સુરેલા, તાલુકા શાળાના આચાર્ય મકવાણા, તથા શાળા પરિવાર ઉપસ્થિત રહ્યો હતાં.

# રોઝરી સ્કૂલ દ્વારા મકરસંક્રાંતિના પર્વ નિમિત્તે ૨૨૦ જરૂરતમંદ પરિવારોને અનાજ વિતરણ કરાયું




રાજકોટ,તા.૧૩

પ્રવૃત્તિ પ્રેરક માનવ કલ્યાણ ટ્રસ્ટ અને રોઝરી સ્કૂલ, રાજકોટના સંયુક્ત ઉપક્રમે મકરસંક્રાંતિના પર્વ નિમિત્તે લગભગ ૨૨૦ જરૂરતમંદ પરિવારોને અનાજ વિતરણ કરવામાં આવ્યું હતું. શાળાના તમામ વિદ્યાર્થીઓના દ્વારા એકત્ર થયેલ. ત્યાર બાદ એકત્ર થયેલ ઘઉંમાં ઘટતા શાળા દ્વારા પૂર્તિ કરીને લાભાર્થી દીઠ ૫ કિલો ઘઉં તથા મમરાના લાડુનું પેકેટ લાભાર્થીઓને આપવામાં આવેલ. ટ્રસ્ટ દ્વારા ૫ કિલો બાજરો, તેલ ૧ લિટર, ખાંડ ૧ કિલો, ચા એક પેકેટ અને ૫૦૦ ગ્રામ ચીકી આપવામાં આવેલ. સમગ્ર વિતરણ પ્રક્રિયામાં શાળાના મેનેજિંગ ટ્રસ્ટી ડો. વિશાલભાઈ વારિયા અવિરતપણે સક્રિય રહે છે. આ અનાજ વિતરણમાં લગભગ ૬૦ થી વધુ શિક્ષકો, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ ઉત્સાભેર ઉપસ્થિત રહ્યા હતા.

# કાલે આનંદથી સંક્રાંત ઉજવજો ; પુરૂ દયાન રાખજો-પદાધિકારીઓની











રાજકોટ, તા. ૧૩

આવતીકાલે પુરા શહેરમાં મકરસંક્રાંતિ પર્વ ઉજવાશે ત્યારે રાજકોટ મહાપાલિકાના પદાધિકારીઓએ લોકોને આ ઉત્તરાયણ પર્વની ખુબ શુભેચ્છા પાઠવી છે. સાથે જ ચાઇનીઝ દોરી-તુક્કલનો ઉપયોગ ન કરવા, વીજ તારથી દુર રહેવા, રસ્તા પર મોં અને ગળુ ઢાંકીને પસાર થવા અને બાળકોનું ખાસ ધ્યાન રાખવા અપીલ કરી છે.

મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે.ચેરમેન જયમીનભાઈ ઠાકર, શાસક પક્ષ નેતા શ્રીમતી લીલુબેન જાદવ, દંડક મનીષભાઈ રાડિયાએ અવનવી-રંગબેરંગી પતંગ ચડાવતી વખતે ચાઈનીઝ દોરી તથા તુક્કલ ઉપયોગ ન કરવા, વિજ તારથી દૂર રહેવા, અગાસી પર કુદાકુદ ન કરવા, કપાયેલ પતંગ પકડવા માટે દોટ ન મુકવા, અગાસી પર સાથે રહેલ નાના બાળકોનું ખાસ ધ્યાન રાખવા, આ દિવસે ઘરની બહાર નીકળતી વખતે પતંગની દોરીથી ઇજા ન થાય તે માટે કપડાથી પોતાનું મો તથા ગળું ઢાંકીને નીકળવા અને દોરીથી ઘવાયેલા પક્ષીઓને તાત્કાલિક સારવાર મળે તે માટે એનિમલ હેલ્પલાઈનને તાત્કાલિક જાણ કરવા અપીલ કરેલ છે.